મોજ

યાને

સુધાહાસિનીનું અનુસંધાન.

પ્રકાશક,

વ્રજલાલ જાદવજી ઠક્કર.

મેનેજર, 'કૃપાકુંજ' કાર્યાલય–અમદાવાદ.

સમાજ

યાને

સુધાણાસિનીનું અનુસંધાન.

(સાંસારિક નવલકથા.)

અનુવાદક,

વ્રજલાલ જાદવજી ઠક્કર.

'કથાકુંજ' કાર્યાલય—અમદાવાદ.

પ્રકાશક,

વ્રજલાલ જાદવજી ઠક્કર—અમદાવાદ.

અને

ચીમનલાલ હલસુખરામ નાણાવટી—અમદાવાદ.

શ્રી 'સત્યપ્રકાશ' પ્રિન્ટીંગ પ્રેસમાં શા પ્રેમચંદ નહાલચંદ તથા ડાહ્યાભાઈ ચંદરાભાઈ ગાંધીએ છાપ્યું. ખાડીઆ, અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. | પ્રત 3000 | કિંમત. ૧-૦-૦ | ઇ. સ. ૧૯૧૪ મે.

સ્વર્ગસ્થ સાક્ષર રમેશચંદ્ર દત્ત

સી. આઈ. ઇ.

એમની સંક્ષિપ્ત જીવનરેખા

વડોદરા રાજ્યના માજી દિવાન સાહેબ તથા અનેક ઉત્તમ બંગાળી તથા ઇંગ્રેજી ગ્રંથોના કર્તા સ્વ. સાક્ષર શ્રી **રમેશચંદ્ર દત્ત**નો જન્મ કલકત્તાના એક પ્રતિષ્ઠિત અને કુલીન કુટુંબમાં ઇ. સ. ૧૮૪૮ ના ઑગસ્ટ માસની ૧૩ મી તારીખે થયો હતો. તેમના પિતા ડિસ્ટ્રિક્ટ કલેક્ટર હતા. બાલ્યાવસ્થામાં જ તેમના માતા પિતાના પરલોકવાસ થવાથી તેમને કાકા પાસે રહેવું પડયું હતું. શ્રીયુત દત્તને બાલ્યાવસ્થામાં પોતાના પિતા સાથે બહાર ગામ કરવાનો ઘણો શોખ હતો. તેમના કાકા શશીચંદ્રજી ઘણા વિદ્યાવિલાસી તથા આંગ્લભાષાના મહા વિદ્વાન્ હતા. રમેશચંદ્ર દત્ત પણ કુશાગ્ર બુદ્ધિના તથા ચતુર હોવાથી તેમણે પોતાના કાકાના સહવાસમાં રહીને ઇ. સ. ૧૮૬૪ ની સાલમાં મેટ્રીકની પરીક્ષા પસાર કરી ત્યાર પછી તેઓ ઇ. સ. ૧૮૬૬ માં **એફ. એ.** ની પરીક્ષામાં પસાર થઇ યુનિવર્સિટીમાં બીજે નંબરે આવ્યા—ત્યાર પશ્ચાત્ કાકાની પરવાનગી નહિ હોવા છતાં શ્રીયુત્ સુરેન્દ્રનાથ બેનર્જી અને બિહારીલાલ ગુપ્ત સાથે તેઓ વિલાયત ગયા અને ત્યાં ઇ. સ. ૧૮૬૯ માં તેઓ સિવિલ સર્વિસની પરીક્ષામાં ઉંચે નંબરે આવ્યા. તેઓ વિલાયતમાં હતા ત્યારે માત્ર અભ્યાસ જ કરતા હતા એમ નહોતું, ત્યાં રહીને તેમણે ત્યાંની રાજકીય પરિસ્થિતિનું સારૂં જ્ઞાન પ્રાપ્ત કર્યું. પછીથી તેઓ સ્કૉટલૅંડ, આયર્લૅંડ, ફ્રાન્સ, જર્મની વગેરે દેશોમાં પ્રવાસ કરીને

માતૃભૂમિમાં પાછા આવ્યા, તથા સરકારી નોકરીનો સ્વીકાર કર્યો. તેમણે આ નોકરી પર રહીને સરકારનું તથા જનસમાજનું અનેક પ્રકારે હિત કરી સર્વના તરફથી ધન્યવાદ પ્રાપ્ત કર્યો. તેમની યોગ્યતા જોઈને સરકારે તેમને ઓરિસ્સા પ્રાંતના કમિશનર નીમ્યા હતા. તે જગ્યા ઉપર નીમવામાં આવેલા માત્ર તેઓ જ એક હિંદી ગૃહસ્થ હતા. ઈ. સ. ૧૮૮૬ માં રજા મેળવીને તેઓ સહકુટુંબ વિલાયત ગયા. આ સમય દરમ્યાન તેમણે ઋગ્વેદનું ભાષાંતર કર્યું અને **સંસાર*** નામની એક ઉત્કૃષ્ટ નવલકથા લખી. આ નવલકથાના અનુસંધાન રૂપે સ્વર્ગસ્થે બીજી એક **સમાજ** નામની ઉત્તમ નવલકથા બંગાળીમાં લખી છે, જેનો અનુવાદ આજે ગુર્જર સાહિત્યશોખીન સજ્જનોની સેવામાં સાદર કરવામાં આવે છે.

લગભગ ૨૭ વર્ષ સુધી નોકરી કરીને ઈ. સ. ૧૮૯૮ ની સાલમાં સ્વર્ગસ્થે પેન્શન પ્રાપ્ત કર્યું. ત્યાર પછી ઈ. સ. ૧૮૯૯ થી ૧૯૦૪ સુધીનો સમય તેમણે દેશસેવામાં અને જનકલ્યાણ કરવામાં વ્યતીત કર્યો. આ મુદત દરમ્યાન તેમણે બંગાળી સાહિત્યને ભૂષણાસ્પદ થઈ પડે એવા ઘણા બંગાળી ગ્રંથો રચ્યા. તેઓ વિલાયતમાં હતા ત્યારે લંડન યુનિવર્સિટી કૉલેજમાં તેમને હિંદુસ્તાનના ઇતિહાસના પ્રૉફેસર તરીકે નીમ્યા હતા. તે સમયે ત્યાં આગળ તેમણે મહાભારત અને રામાયણનું અંગ્રેજીમાં કવિતારૂપે છંદોબદ્ધ

---

* આ નવલકથાનો અંગ્રેજી અનુવાદ પણ સ્વર્ગસ્થ શ્રીયુત દત્તે પોતે જ કરેલો છે, જે ઉપરથી તેનું ગુજરાતી ભાષાંતર શ્રીમતી બહેન વિદ્યાગૌરી તથા બહેન શારદાગૌરીએ **"સુધાહાસિની"** નામથી કર્યું છે; જે નવલકથા ગુજરાતી ભાષામાં ઘણી લોકપ્રિય નીવડી છે.

ભાષાન્તર કર્યું. આ ગ્રંથોની નકલો ઈંગ્લંડ અને **અમેરિકામાં** અનુક્રમે ૫ અને ૧૦ હજાર ખપી હતી.

સ્વર્ગસ્થના ગ્રંથો પૈકી વિશેષ મહત્ત્વનો ગ્રંથ ‘**ઇકૉનૉમી હિસ્ટરી ઑફ ઇન્ડીઆ**’ છે. ઇ. સ. ૧૮૯૯ માં લખનૌમાં એકત્ર થયેલી કૉંગ્રેસનું અધ્યક્ષસ્થાન સ્વર્ગસ્થેજ સુશોભિત કર્યું હતું. ઇ. સ. ૧૯૦૪ માં **વડોદરાના ગુણગ્રાહી મહારાજા નામદાર સયાજીરાવ ગાયકવાડ સરકારે** તેમને પોતાના રેવન્યુ મિનિસ્ટર [અમાત્ય] નીમ્યા હતા. આ જગ્યા ઉપર રહીને સ્વર્ગસ્થે રેવન્યુ ખાતામાં ઘણો સુધારો કર્યો. પછીથી તેઓ નામદાર બ્રિટિશ સરકારના ‘ડિસેંટ્રલાઇઝેશન’ કમિશનમાં સભાસદ હતા. ત્યાર બાદ તેઓ વડોદરાના મુખ્ય દિવાન સાહેબ થયા. **બનારસની કૉંગ્રેસ** સમયે તેઓ **નાગરી પ્રચારિણી** સભાના અધ્યક્ષ હતા. **વડોદરા** રાજ્યના દિવાન હતા ત્યારે તેમણે એ સંસ્થાનનું કેટલું બધું હિત કર્યું તે એ સર્વ કોઈ જાણે છે. અને નામદાર સર **સયાજીરાવ** મહારાજે ઉક્ત દત્તના જીવનચરિત્રની પ્રસ્તાવનામાં તે **સત્યનો** ઉદાર દિલથી સ્વીકાર પણ કર્યો છે. આ પ્રમાણે એકનિષ્ઠાથી દેશસેવા કરીને, તથા પોતાનું કર્તવ્ય પૂર્ણરીતે બજાવીને તેઓ અકાળે ઇ. સ. ૧૯૦૯ ના નવેમ્બરની ૩૦ મી તારીખે સ્વર્ગવાસ પામ્યા. તેમના અકાળે સ્વર્ગે જવાથી માત્ર **વડોદરા** રાજ્યને જ નહિં, પરંતુ હિંદને એક મહાન્ આત્માની કદાપિ નહિ પૂરી શકાય એવી ખોટ પડી છે. પ્રભુ મહજનના આત્માને શાન્તિ આપો.

—**અનુવાદક.**

નિવેદન.

સ્વર્ગસ્થ શ્રીયુત્ રમેશચન્દ્ર દત્ત, સી. આઈ. ઈ., એઓએ રચેલી સુન્દર સાંસારિક નવલકથાના આ અનુવાદને વાળી પ્રસ્તાવનાની જરૂર નથી. મહાશય રમેશ દત્તે સ્વદેશના અનેકરંગી જીવનમા બહુ ઉત્સાહથી તથા પ્રેમથી આગળ પડતો ભાગ લીધો હતો, અને દેશમૈયાના અગ્રગણ્ય સન્તાનોમા તેઓને સર્વાનુમતે જે ઉચ્ચ સ્થાન મળ્યુ છે, એ હેમની સમાજ–સાહિત્ય–લોક સેવાનુ જ ફળ છે ઓરિસ્સા પ્રાન્તના કમિશનર તરીકે, હિન્દી નેશનલ કૉન્ગ્રેસના પ્રમુખ તરીકે, વડોદરા રાજ્યના અમાત્ય અને દિવાન તરીકે, તથા તથા ડિસેન્ટ્રલાયઝેશનના બાદશાહી કમીશનના એક સભાસદ તરીકે જે કાર્યદક્ષતા, વિવેકશીલતા, સહૃદયતા, અને સતત ઉદ્યોગ હેમણે દર્શાવ્યા હતા, હેનાથી તદ્દન જૂદા અને નિરાળા કર્મક્ષેત્રો–જેવા કે કાવ્યો–નવલકથાઓનું લેખન, ઋગ્વેદનુ–મહાભારત અને રામાયણનુ ભાષાન્તર, લન્ડન યુનિવર્સિટીમા હિન્દી તવારીખનુ શિક્ષણ, અને પુરાણા હિન્દની પ્રગતિના ઇતિહાસનુ આલેખન—એવા વિવિધ ઉપયોગી માર્ગોમા પણ હેમણે હેવી જ અસરકારક રીતે અસાધારણ વિદ્વત્તા, પ્રાસાદિકતા, શોધકવૃત્તિ, ખંત અને શ્રદ્ધા બતાવ્યા હતા

સાંસારિક જીવનમાં તેઓ હમ્મેશા નિડરતાથી સત્ય માર્ગે ચાલનારા હતા, અને કૌટુમ્બિક જિંદગીમા પણ જે પ્રીતિ અને વત્સલતા હેમણે દર્શાવી છે તે ખરેખર હેમને માટે આપણને બહુ

સન્માન ઉત્પન્ન કરાવે છે. ત્હેમના જમાઇ શ્રીયુત્ જ્ઞાનેન્દ્રનાથ ગુપ્તે હાલમા ત્હેમનુ જે જીવનચરિત્ર પ્રકટ કર્યુ છે ત્હેમા આવા ગુણો પ્રકટ કરતા અનેક પ્રસંગો મળી આવે છે.

આવા એક મહાન્ દેશોદ્ધારક તથા સંસારસુધારક નરરત્નની ઉચ્ચ આદર્શથી ઝળકતી-રસપૂર્ણ કૃતિનો આપણી ભાષામા અનુવાદ થાય તે સર્વદા-સર્વથા આદરણીયજ ગણાય, એ નિઃશંક છે. આ અનુવાદ કરનાર રા. રા. વ્રજલાલ કાનદાસજી ઠક્કર એક ઉત્સાહી યુવાન છે, અને ત્હેમણે બંગાળી, હિન્દી, મરાઠી વગેરે ભાષાઓનો સારો પરિચય મેળવ્યો છે. હાલ સુધીમા ત્હેમણે લખેલી નવલકથાઓ* લોકોમા બહોળો ફેલાવો પામી છે, અને પામતી જાય છે, અને 'કથાકુંજ' નામની નવલકથામાળાની ત્હેમની યોજના કે જે દ્વારા 'સમાજ' જેવા આદર્શ નવલકથાના પુસ્તકો આપણને પ્રાપ્ત થાય છે, તેને માટે ત્હેમને અભિનન્દન ઘટે છે. હુ આશા રાખુ છુ કે ત્હેમની આવી લોકોપયોગી યોજનાઓ સર્વ રીતે સફળતા પામશે.

સુન્દરી સુબોધ મંદિર.
અમદાવાદ. તા. ૩૧-૫-૧૪ } રામમોહનરાય જશવંતરાય.

---

* ૧ પ્રેમની પ્રતિજ્ઞા, ૨ નિર્ભાગી કુસુમ, ૩ ગૃહિણી કે દેવી? ૪ નવીન સંન્યાસી, ૫ સુલતાન બહાદુરની ચીતોડ પર ચ્હડાઈ, ૬ ટુંકી વાર્તાઓ ભાગ ૨ જો, (પ્રકાશક—સસ્તુ સાહિત્ય વર્દ્ધક કાર્યાલય અમદાવાદ.)

સમર્પણ.

સ્વર્ગસ્થ બાબુ—

શ્રીયુત્ રમેશચંદ્ર દત્ત

સી. આઇ. ઈ.

એઓના અમર આત્મતત્વને;

અનુવાદકના નમ્ર પ્રીતિ વન્દન સહિત.

અનુવાદક.

સુધાહાસિની નવલકથાનો સંક્ષિપ્ત સાર.

બંગાળા પ્રાંતની વિશાળ ભૂમિમાં તાલપુખુર એટલે તાલ સરોવર નામનું એક ન્હાનું ગામડું આવેલું છે આ તાલપુખુર ગામમાં હરિદાસ મલ્લિક નામનો એક ગરીબ પુરૂષ રહેતો હતો હરિદાસની પત્ની ઘણી સુશીલા તેમ જ પતિવ્રતા સ્ત્રી હતી હરિદાસની પાસે માત્ર દશપંદર વીઘા જમીન હતી, પરંતુ કાયસ્થ લોકોથી ખેતરમાં મજુરી કરી શકાય તેમ નહિ હોવાથી હરિદાસ નોકરો રાખીને ખેતી કરતો હતો આ નોકરોની મજુરી તથા જમીનદારનું મહેસુલ ચુકવતાં હરિદાસને માત્ર દરરોજના ત્રણ-ચાર આના જ પ્રાપ્ત થતા હતા. આમાંથી તે મહા મુશીબતે, અનેક પ્રકારનાં કષ્ટો વેઠીને પોતાનો નિર્વાહ ચલાવતો હતો

હરિદાસને એક પિત્રાઇ ભાઇ હતા, જેનું નામ તારિણીપ્રસાદ હતું. આ તારિણીપ્રસાદ પાસે પુષ્કળ દ્રવ્ય હોવાથી ગામમાં તેમની સારી પ્રતિષ્ઠા હતી હરિદાસને જ્યારે જ્યારે બહુ જ અડચણ આવી પડતી હતી ત્યારે ત્યારે તે પોતાના આ પિત્રાઇ ભાઇ પાસેથી પાંચ-દશ રૂપિયા વ્યાજે લેઇ આવતો હતો આવી સ્થિતિ હોવા છતાં તે ઘણો સંતોષી હતો.

હરિદાસનું લગ્ન થયાને સોળ વર્ષ થયા હશે એવામાં તેને એક દેવાંગના જેવી પુત્રીની પ્રાપ્તિ થઇ. તેનું નામ

વિંધ્યવાસિની પાડ્યું હતું, પરંતુ સર્વે લોકો તેને બિંદુ કહીને બોલાવતા હતા બિંદુને તેના માતા પિતા તરફથી જે કાંઇ મળતું હોય તો તે દૈવીપ્રેમ માત્ર હતો હરિદાસના ભાઈ તથા બિંદુના કાકા તારિણીપ્રસાદ વર્દ્ધમાનની પોતાની નોકરી ઉપરથી રજાના પ્રસંગે જ્યારે ઘેર આવતા ત્યારે તેઓ પોતાની પુત્રી ઉમાને માટે અનેક પ્રકારની મોજ શોકની વસ્તુઓ લાવતા હતા, જે જોતાં જ હરિદાસ તથા તેની પ્રેમમય પત્નીને પોતાની ગરીબ અવસ્થા ઉપર ઘણું લાગી આવતું હતું

બિંદુ તથા ઉમા સરખી ઉમરની બાળિકાઓ હતી, તેથી તેઓ બન્ને એકઠી રમ્યા કરતી હતી ઉભય વચ્ચે ઘણો સ્નેહ હતો બિંદુ ચાર વર્ષની ઉમરની થઇ ત્યારે તેને એક ભગિનીની પ્રાપ્તિ થઇ બિંદુ ગૌરવર્ણી હતી પરંતુ આ નવી કુમારિકા તો સાક્ષાત્ પરીના જેવી સુંદર હતી આ બન્ને હસમુખી બાળિકાઓથી આ ગરીબ કુટુંબના ગૃહમાં દૈવી પ્રેમનો નિવાસ હતો, તથા તેમને કોઈ પણ પ્રકારની ન્યુનતા જણાતી નહોતી

આ સંસારમાં સુખ દુઃખનું ચક્ર રાત્રિ દિવસ તો શું પણ ક્ષણે ક્ષણે ફરતું જાય છે, અને એ ચક્રની અકળ ગતિના પરિણામે આ ગરીબ કુટુંબનો આધાર હરિદાસ પોતાની પાછળ પોતાની વિધવા પત્ની, બિંદુ અને ચાર વર્ષની કુમારિકા સુધાને આ સંસારમાં ઈશ્વરને ભરોસે મૂકી પરલોકવાસ કરી ગયો આ બનાવથી વિધવાના હૃદય પર સખ્ત આઘાત થયો.

હરિદાસના મૃત્યુને એક વર્ષ થઇ ગયું. તેની જમીનનો સઘળો વહિવટ તારિણીપ્રસાદ કરવા લાગ્યા, તથા તેદ્વારા જે આવક થવા લાગી તેમાંથી નહિ જેવી રકમ તે આ દુઃખી વિધવાના તથા તેના

એ પુત્રીઓના જીવન નિર્વાહ માટે આપવા લાગ્યા તારિણીપ્રસાદ ઘણા ચાલાક હતા, તથા સગાં સબંધીઓની અને ગરીબ વિધવાઓની સંપત્તિ પચાવી પાડવામા તેઓ બિલકુલ પાપ સ્હમજતા નહોતા

ત્યાર પછી અગીઆર વર્ષો વીતી ગયાં. જે બાળિકાઓને આપણે તેમની બાલ્યાવસ્થામા જોઇ હતી તેઓ હવે યુવાન્ બની છે. આ અગીઆર વર્ષની અંદર બિંદુને તેની માતાએ શરતચંદ્ર નામના એક ઉત્સાહી અને વિદ્યાવિલાસી યુવક સાથે પરણાવી.

પ્રથમ તો પતિના પરલોકગમનથી પોતાના જીવન-નિર્વાહનો એક પણ ઉપાય રહેલો નહિ હોવાથી તેણે પોતાની બન્ને પુત્રીઓ સાથે પોતાના જેઠને ત્યાં રહેવા માંડયુ, તથા ત્યાં રહીને જ તેણે બિંદુનુ લગ્ન કર્યું, અને ત્યાર પછી થોડી મુદ્દતે તેણે સુધાનુ પણ તેની માત્ર દશ વર્ષની ઉમરે લગ્ન કર્યું. સુધાનો પતિ તેના જેટલી જ ઉંમરનો હતો બન્ને પુત્રીઓને પરણાવી રહ્યા પછી તેમની માતા પોતાને મહા સુખી સ્હમજવા લાગી અને સુધાના લગ્ન પછી બે ત્રણ મહિને એ શાંત ચિત્તથી પરલોક પામી

બિંદુ તથા હેમચંદ્રનુ જીવન સુખપૂર્ણ હતુ હેમચંદ્ર જ્યારે તેની સાથે પરણ્યો ત્યારે તેની ઉમર બાર વર્ષની હતી. આ બાર વર્ષના ઉછરતા ભાવનામય પવિત્ર હૃદયને તેણે ઉત્તમ પ્રકારે કેળવ્યું તે બિંદુ ઉપર અપૂર્વ પ્રેમ રાખવા લાગ્યો, અને બિંદુ પણ પતિને પ્રભુ તુલ્ય પિછાનવા લાગી

પરંતુ બિચારી સુધાની સ્થિતિ તથા તેનુ ભાગ્ય કાંઈ વિચિત્ર જ પ્રકારનુ હતું. દશ વર્ષની ઉમરે તે પરણી અને બાર વર્ષની ઉમરે વિધવા થઇ. વિધવા થયા પછી તે પોતાની મ્હોટી બ્હેનના સમાગમમાં રહી બિલાડીના બચ્ચાને રમાડી, તથા પોતાનાથી બની

૫૨૦૬ (૧૧)

શકે તેટલું ગૃહકાર્ય કરી પોતાનુ નિર્દોષ જીવન વ્યતીત કરવા લાગી.

ત્યાર પછી બીજા ત્રણ ચાર વર્ષ ચાલ્યાં ગયાં. બિંદુ લગભગ વીસ વર્ષની ઉમરની થઈ, તથા તેને બે સતાનો થયાં.

તાલપુખુરમાં શરતચંદ્ર નામનો એક યુવક હતો તેનો પિતા તેને ન્હાનો મૂકીને જ સ્વર્ગે સિધારી ગયેલો હોવાથી તેની માતાએ જ તેને ઉછેરીને મ્હોટો કર્યો હતો; શરતચંદ્ર પણ વિદ્યાનો ઘણો વ્યાસંગી હતો. બાલ્યાવસ્થામા તે બિંદુની સાથે જ રમ્યા કરતો હતો અને બન્ને જણાં મળી ગામમા આવેલાં સઘળાં આબાનાં વૃક્ષોને ઉજ્જડ કરતા હતાં ! હમણાં શરતચંદ્ર કલકત્તાની અદર કૉલેજમા અભ્યાસ કરતો હતો. તે અંતઃકરણથી સુધા ઉપર ઘણો પ્રેમ રાખતો હતો અને નિર્દોષ સુધાને પણ શરતચંદ્રના મેળાપથી અપાર આનંદ થતો હતો. શરતચંદ્રને કાળીતારા નામની એક બ્હેન હતી, તેને વર્દ્ધમાનમાં રહેના જગતકિશોર નામના એક ધનાઢ્ય, કુળવાન્ બીજવર સાથે પરણાવી હતી. વર્દ્ધમાનમાં જગતકિશોર ઘણો આબરૂદાર ગણાતો હતો, ગાડી ઘોડાઓ દોડાવતો હતો અને એક પ્રભાવશાળી જાગીરદારના જેટલો દમામ રાખતો હતો.

તારિણીપ્રસાદની પુત્રી ઉમાનુ લગ્ન ધનપુરના મહા ધનાઢ્ય દિવાનને ત્યાં થયુ હતું. તેનો પતિ ધનજય ઘણો ઉડાઉ, લંપટ, મદ્યપાન કરનારો અને વ્યભીચારી હતો. આમ છતાં ઉમા ઘણી શાંત, રહમજુ અને સુશીલા બાળા હતી જો કે પતિનાં આચરણોથી તેને ઘણું લાગી આવતું હતુ પરતુ પતિના ઉપર તેની ઇશ્વર જેટલી મમતા હોવાથી તે પોતાના મનનુ દુઃખ કોઇને પણ કહેતી નહિ માત્ર પતિએ સળગાવેલા અગ્નિમાં તે જાતે જ બળીને ભસ્મ થઈ જતી હતી. આમ છતાં ઉમા જ્યારે જ્યારે બિંદુને મળતી

ત્યારે ત્યારે તે બિંદુની મુખમુદ્રા ઉપરથી તે દુઃખના મહાસાગરમાં ડુબી રહેલી હોય એવું ધારી શકતી હતી.

શરતચંદ્ર પ્રિવિયસમાં પસાર થઇ ગયા પછી એક વખત તાલપુખુર પોતાના સ્નેહી હેમચંદ્રને તથા બિંદુ અને સુધાને મળવા આવ્યો. તાલપુખુર આવી તેણે હેમચંદ્રને થોડા દિવસ સુધી સહકુટુંબ કલકત્તા રહેવા આવવાનું જણાવ્યું. કેટલીક આનાકાની પછી નોકરી પ્રાપ્ત કરવાની આશાથી હેમચંદ્ર બિંદુ, સુધા તથા પોતાના સંતાનો સાથે કલકત્તા ગયો અને ત્યાં આગળ એક મકાન ભાડે રાખી રહેવા લાગ્યો. શરતચંદ્ર પોતાનો અભ્યાસ કર્યા કરતો હતો અને દરરોજ સંધ્યાકાળે પોતાના સ્નેહી મિત્રને ત્યાં જઈ ઘણી રાત્રિ વીતી જાય સુધી વાર્ત્તાલાપ કરી આનંદ મેળવતો હતો. આ વિશેષ સમાગમનું પરિણામ એવું આવ્યું કે શરતચંદ્રનો સુધા ઉપર જે નિર્દોષ પ્રેમ હતો તે પરિવર્ત્તન પામવા લાગ્યો, અને પોતાને સુધાના જેવી સુશીલા વિદ્યાવિલાસી પત્ની મળે તો પોતાનું જીવન કેટલું બધું સુખમય બને તેના કાલ્પનિક વિચારો તેના મનને અસ્થિર કરી મૂકવા લાગ્યા.

શરતની માતાની હમ્મેશને માટે કાશીમાં જ અવશિષ્ટ જીવન વ્યતીત કરવાની જે ઈચ્છા હતી તે આ પ્રસંગે ઉત્કટ થઇ પડી. આથી શરતચંદ્ર પોતાની માતાને નહિ દુભવવાની ખાતર તેને કાશી મૂકી આવ્યો. પાછા ફરતી વખતે શરતને તેની માતાએ ઘણો બોધ આપી આશીર્વાદ આપ્યો.

શરત્ હવે એકલો પડ્યો. તે હવે ઘણા સમય સુધી હેમચંદ્રને ત્યાં બેસી રહેતો હતો અને ચાંદની રાત્રે સુધાની સાથે બેઠો બેઠો અગાસીમાં વાર્ત્તાલાપ કરતો હતો. પ્રકાર એવો બન્યો કે આવા એકાંત સમાગમથી ઉભયનું મન એક બીજાના તરફ ઘણું આકર્ષાયું.

ધનપુરનો ધનંજય પોતાની વિલાસમયી વાસનાઓને તૃપ્ત કરવા કલકત્તામા આવીને ગયો હતો. કલકત્તામા તેણે એક વિશાળ બંગલો ભાડે રાખ્યો હતો જેની અંદર બીજે ત્રીજે વેશ્યાઓનાં નાચતાન થતાં હતાં અનેક મનના ભોગી મિત્રો હમેશાં રાત્રિના સમયે ધનંજય પાસે આવીને બેસતા હતા હતા, તથા લાલ પાણીને પોતાના પેટમાં પધરાવતા હતા ઉમા બિચારી આ બધો પ્રકાર ધૈર્ય ધારણ કરી સહન કરતી હતી ધનંજયના ખાસ સ્નેહીઓમાં સુમતિચંદ્ર નામનો એક ચપળ મનુષ્ય હતો. લોકોને ઝુકાવવામાં તથા વિધવાઓની નરસી વાળવામા તેના જેવો બીજો કોઈ મનુષ્ય આ સંસારમા અસ્તિત્વ ધરાવતો હશે કે કેમ એ શંકાસ્પદ હતું. ધનંજયની પાસેથી તે ઘણું દ્રવ્ય મેળવતો હતો

હેમચંદ્ર એક વખત ધનંજય પાસે જઈ તેની સ્થિતિ રીતી જોઈ આવ્યો હતો અને તેથી ઉમાને માટે તેને ઘણી લાગણી થઇ આવી હતી, જેથી તેણે એક વખત બિંદુને ઉમા પાસે તેને આશ્વાસન આપવા મોકલી બિંદુ ઉમા પાસે ગઇ તો તેને તેની માનસિક અવસ્થા ઘણી જ નબળી માલૂમ પડી ઉમાને જોતાં જ તેને કપારી છુટી. છેવટે બિંદુએ ઉમાને અનેક પ્રકારે સમજાવી તેના હૃદયનું દુઃખ જાણી લીધુ, તથા ઉમાને અનેક પ્રકારે સાંત્વના આપી તેને નિરાશાના સમુદ્રમા ડુબી મરતાં આશા સંજીવિની આપી બચાવી.

શરતચંદ્રે છેવટે સુધાને પ્રાપ્ત કરવાનો કોઇ પણ માર્ગ નહિં જોવાથી તેણે બિંદુને સત્ય વાત કહી સંભળાવી, તથા પોતાના તરફથી કાંઈ અયોગ્ય આચરણ થયું હોય તો તે માટે માફી માગી. બિંદુએ શરતચંદ્રને આશા આપી, તથા હેમચંદ્રને પૃછી જોઇ ઉત્તર આપવાનું જણાવ્યું શરત ચોપાત્મપીને દિવસે પુનઃ આવવાનું કહી

ચાલ્યો ગયો. શરત્ચંદ્રે બિંદુને પોતાનો જે વિચાર જણાવ્યો હતો તે બિંદુના ઘરનું કામ કરનારી દાસીએ છુપાઇને સાભળ્યો હતો, તેથી તેણે શરતનો એ વિચાર સર્વત્ર પ્રસિદ્ધ કરી દીધો. આમ થવાથી આડોસીપાડોસીની તથા સગાં વ્હાલાંની સ્ત્રીઓની અંદર સુધા શરત્ચંદ્ર સાથે પુનર્વિવાહ કરશે એવી ચર્ચા ચાલવા લાગી. બિંદુએ હેમચંદ્રને શરતનો દૃઢ વિચાર જણાવ્યો ત્યારે હેમચંદ્રે શરત્ચંદ્રને મળી તેની પરીક્ષા કરી તો તેને ખાત્રી થઇ કે શરત્ચંદ્રના હૃદયમા જે પ્રેમ ઉત્પન્ન થયો છે તે માનસિક પ્રેમ છે, મોહાંધ પ્રેમ નથી, છતા તેણે જણાવ્યુ કે.—"તું વિધવાવિવાહ કરીશ તો તેથી ત્હારે ન્યાત બ્હાર રહેવુ પડશે, ત્હારાં બાળ બચ્ચાને કોઇ બોલાવશે નહિ. સગાં વ્હાલા ત્હારો તિરસ્કાર કરશે." હેમચંદ્રે આ પ્રમાણે તેને ઘણુ ય સમજાવ્યો પરંતુ શરત્ચંદ્ર પોતાના વિચાર ઉપર દૃઢ જ રહ્યો, તેથી હેમચંદ્રે તેને હા પાડી અને શરત્ચંદ્ર પ્રસન્નવદને સ્વગૃહે ચાલ્યો ગયો.

શરત્ચંદ્ર એક બાળ વિધવા સાથે વિવાહ કરનાર છે એવી વાત ઘણે સ્થળે થવા લાગી કેટલાક બૈરક મંડળમા આ સબંધની આલોચના થયા જ કરતી હતી. શરત્ચંદ્ર સુધા સાથે વિવાહ કરનાર છે એ વાત છેક કાશીમાં તેની માતાના કાન સુધી જઇ પહોચી, અને તેથી એ ગરીબ વિધવા સ્ત્રીએ પોતાના પુત્રને એક બોધક પત્ર લખ્યો, તથા સુધા સાથે તે વિવાહ કરે તેમાં પોતાની નામરજી દર્શાવી, એટલું જ નહિ પરતુ તેણે પોતે ત્રણ ચાર દિવસમાં કલકત્તા આવવાનુ લખી જણાવ્યું. શરત્ માતૃભક્ત હતો. તેને બીજા કોઇની નિંદાનો યા તો સમાજભયનો વિચાર જ નહોતો. પરંતુ પોતાની માતાની નામરજી છતાં પોતે સુધાની સાથે વિવાહ કરે એ તેને યોગ્ય લાગ્યુ નહિં, તેથી તેણે હેમચંદ્રને ત્યાં જવા

આવવાનું છોડી દીધુ અને ચિત્ત અસ્વસ્થ રહેવાથી અભ્યાસને પણ તિલાંજલિ આપી દીધી. શરત્ચંદ્રની મા માત્ર થોડા દિવસમા કલકત્તા આવી પહોંચી, પરંતુ આ જ અરસામા શરત્‌ની બ્હેન કાળીતારાના પતિ જગત્‌કિશોરની સખ્ત માંદગી સબધીનો પત્ર આવ્યો જગત્‌કિશોર પોતાના કુટુબ સાથે રાણીગંજ હવાફેર કરવાને માટે જઇને રહ્યો હતો. શરત્‌ને પણ કલકત્તાની જીદગીનો કંટાળો આવ્યો હતો, તેથી તે માતાની આજ્ઞા લેઇ રાણીગંજ તરફ ચાલ્યો ગયો

ઉમાને પણ પોતાનો પતિ વ્યસન સુધરતો નહિં હોવાથી પોતાના દુઃખી જીવન ઉપર કંટાળો આવ્યો. એક દિવસે તે પોતાના પતિના ઉપર એક પત્ર લખી કલકત્તામાના પોતાના ભવ્ય બંગલાનો ત્યાગ કરી ચાલી ગઈ મૂર્ખ પતિના હૃદયમાં કાંઇક જ્ઞાનનો સંચાર થયો, પરંતુ તે માત્ર થોડા સમયને માટે જ.

કર્તવ્યપરાયણ કાળીતારા રાત્રિ દિવસ પોતાના પતિની સેવા કર્યા કરતી હતી. રાણીગંજ કલકત્તાથી એકસોવીસ માઇલ દૂર આવેલુ છ. શરત્ પણ પોતાના ભગિની પાસે જઇ પહોચ્યો અનેક જૂના વિચારની તથા વ્હેમી સ્ત્રીઓએ જગન્નાથજી જવાની સલાહ આપી જગતકિશોરની માતાનો પણ એવો જ વિચાર થયો. માત્ર આ વિચારથી વિરૂદ્ધ મત દર્શાવનારો એકલો શરત્ હતો તેને ડૉક્ટરે સ્હમજાવ્યો એટલે સર્વે જગન્નાથપુરીની યાત્રાએ નીકળ્યાં, અને અનેક સ્થળોએ મુકામ કરતા ફરતાં, તથા અનેક પ્રકારના અનુભવ લેતા લેતા કેટલાક દિવસોની મુસાફરી કરી સર્વે જગન્નાથ જઇ પહોચ્યાં. પ્રવાસ કર્યાને લીધે હવાફેર થવાથી જગતકિશોરની શારીરિક સ્થિતિ સુધરી ગઇ. છેવટે સર્વેએ જગન્નાથજીથી પાછા વળવાનો નિશ્ચય કર્યો, પરંતુ જગતકિશોરની માતાએ તો હમ્મેશાને માટે જગ

ન્નાથજીમાં જ રહેવાનો વિચાર કર્યો, અને તે પોતાના વિચાર પ્રમાણે ત્યાં જ રહી, તથા અન્ય સર્વ જનો સ્વગૃહ પ્રત્યે પાછાં ફર્યા.

કલકત્તામા શરતચંદ્રની માતા કેટલીક વખત સુધા, બિંદુ અને હેમચંદ્રને મળી આવતી હતી. જ્યારે જ્યારે તે સુધાને જોતી ત્યારે ત્યારે તેનુ હૃદય પણ ભરાઇ આવતુ હતુ છેવટે શરતચંદ્રની માતાએ પોતાના ગુરૂદેવની સલાહ લીધી તો ગુરૂદેવે પણ એવી સલાહ આપી કે:—"બાળવિધવા સાથે લગ્ન કરવુ એ કોઇ પણ રીતે પાપકર્મ ગણાતું જ નથી. એ તો શાસ્ત્રસમ્મત વાત છે"

ગુરૂદેવના વચનોથી શરતચંદ્રની માતાને ઘણો આનંદ થયો પુત્ર પાછો આવ્યો કે તરત તેણે પોતાની ઇચ્છાથી તેનુ સુધા સાથે લગ્ન કરી નાખ્યું શરતચંદ્રનુ વૈરાગી જીવન આજે રાગી બન્યુ. તેના મનોરથ સફળ થયા. શરતચંદ્રે પુનઃ પોતાનો અભ્યાસ ચાલુ કર્યો, તથા તે ક્રમે ક્રમે યશસ્વી યુવક બન્યો કાળીતારા પણ પોતાની ભાભી સુધા ઉપર ઘણી મમતા રાખતી હતી, અને પ્રસંગાનુસાર ભાઇ તથા ભાભીને મળી જતી હતી શરતચંદ્રની માતા પછીથી જગન્નાથજી ચાલી ગઇ, અને પોતાના અવશિષ્ટ દિવસો ઇશ્વર આરાધનામાં વ્યતીત કરવા લાગી

સૂચના—"સુધાહાસિની" નવલકથામા સ્વ શ્રીયુત્ દત્ત ધનંજયની પત્ની હેમાતારાને તથા કાળીતારાના પતિ જગન્કિશોરને જીવતા રાખ્યા છે, પરંતુ બીજા ભાગમા સ્વર્ગસ્થે એ બન્નેને પરલોકધામ પહોચાડયા છે, એટલે પ્રથમથી જ એ પ્રમાણે ધારી લેઈ વાર્તા-પ્રવાહમા આગળ વધવા પ્રાર્થના છે અનુવાદક.

॥ ओ३म् ॥

સમાજ

પ્રથમ પરિચ્છેદ.

નણંદ ભોજાઇ.

માતા પોતાના ન્હાના પુત્રને પોતાની પાસે બેસાડીને તેને બોલતા શીખવાડતી હતી, તથા તેની કાલી બોલી સાભળીને મનમાને મનમાં આનંદ પામતી હતી.

માતાએ વાત્સલ્યપૂર્ણ દૃષ્ટિથી પુત્ર પ્રતિ નજર કરી કહ્યું - "ભાઇ મ્હારા!"

બાળક કાંઇ પણ અર્થ સ્હમજ્યા વિના બોલ્યો - "ભાઇ મ્હારા."

માતા —"હોશિયાર."

બાળક —"હોસ્છયાલ."

માતાઃ—"માશીને ઘેર જઇશું,"

બાળકઃ—"ઘેર જઇશું."

માતા —"માશી તને ખોળામાં લેઈ દૂધ પાશે."

બાળક —"દૂધ પાશે."

માતા—"મેવા મીઠાઇ ખૂબ ખવડાવશે."

બાળક.—"ખૂબ ખવડાવશે."

માતા —" ત્હારા પિતાજી. '

બાળક —" પિતાજી "

માતા —" આજે ઘેર આવશે, ત્હારે માટે ખાવાનુ લાવશે "

બાળક —' ખાવાનુ લાવશે. '

માતા —" તને ખોળામા બેસાડશે '

બાળક —' બેસાડશે "

માતા —' ત્હારા ગળામા માળા પહેરાવશે "

બાળક —" પહેરાવશે "

માતા —' તેઓ તને ચુબન કરશે "

જે સમયે માતા પુત્ર વચ્ચે આ પ્રમાણે મિષ્ટ વાર્તાલાપ ચાલી રહ્યો હતો તે સમયે ' કોને ચુબન કરશે ? " કહેતી એક યુવતીએ એકાએક ત્યા આગળ આવી પહોચી હસતા હસતા પૂછ્યુ —" ને પ્રથમ કોને ચુબન કરશે ? બાળકને કે બાળકની માતાને ? અરે ! આજે તો કાંઈ ઘણી તૈયારી ચાલી ગઈ છે ને ' શૃગાર સમુદ્રમા ભરતી આવી હોય એમ જણાય છે. "

બાળકની માતાએ શરમાઇ જઇ પોતાનુ શિર નીચુ નમાવ્યુ તેણે પોતાના નેત્રો બધ કરી દીધા. તેના બન્ને ઓષ્ઠ લજ્જાથી હાલવા લાગ્યા.

બરોબર આજે શૃગારની પણ સપૂર્ણ બહાર જામી હતી. બાળકની માતા ગૃહની અદર એક બાજુએ બેસી સામે એક મ્હોટો આરસો રાખી પોતાના કેશને વ્યવસ્થિત કરતી હતી. એક બાજુએ પાનની મ્હોટી પેટી રાખેલી હતી. આ સિવાય બીજી પણ શૃગારની અનેક વસ્તુઓ એ ઓરડામાં વ્યવસ્થિત પડી રહી હતી. અમને એ બધી ચીજોના નામ ઠામ બરોબર યાદ નથી. જે યૌવનમદગર્વિતા રસિક સ્ત્રીઓ છે તેજ એ સઘળી ચીજોનાં નામ સારી રીતે જાણે છે.

બાળકની માતા ઉતાવળી ઉતાવળી પોતાના કેશકલાપ પર કાંસકી ફરવતી હતી. કમળનાળથી પણ વિશેષ કોમળ હાથોની ચુડીઓ ચમકી રહી હતી. સોનાનો સુંદર ચંદ્રહાર છાતી ઉપર ઝુલી રહ્યો હતો. વારંવાર તેના રક્તવર્ણના અધરોષ્ઠ ઉપર સ્મિત પ્રકાશી નીકળતું હતું. અપ્સરા જેવી પોતાની સુંદર મુર્તિના પ્રતિબિંબનું આરસામાંથી દર્શન કરતાં કરતાં તે સ્વત પોતાના ઉપર મુગ્ધ થઇ જતી હતી. દીવાલ ઉપર અનેક દેવતાઓની છબીઓ ટાંગેલી હતી, જે સર્વે છબીઓમાં રામચંદ્રજીનું ચિત્ર અપૂર્વ શોભા આપી રહ્યું હતું. તેઓ સીતાજીની સાથે એક સિંહાસન ઉપર વિરાજમાન થયા હતા. આ સિવાય સાવિત્રી સત્યવાન તથા દમયંતી અને રાજા નળ વિગેરે પ્રાત સ્મરણીય સ્ત્રી પુરુષોની છબીઓ શોભી રહી હતી.

બાળક એક ચટાઇ ઉપર બેઠો બેઠો રમતો હતો. માતા તેને વાત કરતાં શીખવતી હતી, તથા તેમ કરતાં કરતાં કેટલીક વખત આનંદમાંને આનંદમાં બે ચાર લીટી ગાઇ પણ લેતી હતી. આવો પ્રકાર જોતાં જ ઉપરોક્ત યુવતીએ ગૃહમાં પ્રવેશ કરી પુન પ્રશ્ન કર્યો.–
" બાળકના પિતા પ્રથમ કોને ચુંબન કરશે ? "

બાળકની માતાએ કેટલાક સમય સુધી શરમને લીધે શિર નીચું નમાવી રાખી પછી સ્મિત કરતાં કહ્યું –" બ્હેન ! તમને દરેક વાતમાં ઠઠ્ઠા મશ્કરી જ સુઝે છે. "

નણંદે કહ્યું –" ના બ્હેન ! હું ઠઠ્ઠા મશ્કરી કરતી નથી; તું ત્હારા મનની વાત સાચે સાચી કહી દે. આજે આટલી બધી આયોજના કેમ થઇ રહી છે. ? "

ભાભીએ ઉત્તર આપ્યો.–"આયોજના તો કાંઇ નથી થઇ. સ્ત્રીઓ શું ચોટલો નથી બાંધતી ? "

નણંદે કહ્યું-"શા માટે ના બાંધે ? પરંતુ આજે વસ્ત્રાલંકારોની બહાર કાંઇ વિચિત્ર પ્રકારની જોવામાં આવે છે, તેથી જ હું પૂછું છું."

ભાભીએ પ્રશ્ન કર્યો-"શું સ્ત્રીઓ આભુષણ અલંકારો પહેરતી નથી ?"

નણંદે જણાવ્યું-"હું અલંકારોની વાત ક્યાં કાઢું છું ? પરંતુ આજે આ પુષ્પાલંકારો જોઇ મ્હને આશ્ચર્ય ઉત્પન્ન થાય છે"

ભાભી-"ત્યારે શું પુષ્પાલંકારો પહેરવાની સ્ત્રીને માટે મના છે ?"

નણંદ-"મના તો નથી, વળી તું ગણગણ કરતી કાંઇ ગાતી પણ હતી વળી સ્મિત સાથે તું ત્હારા ઉમંગને રોકી શકતી નહોતી"

ભાભી-"ઠીક; એનું કારણ કહું છું. નાટકનાં ગાયનો કે જે થોડા ઘણા હું તમારી પાસે શીખી છું, તે જ હું ગાતી હતી શું સ્ત્રીઓ ગાતી નહિં હોય ? તેઓ રાત્રિ દિવસ રૂદન કર્યા કરતી હશે કે ?"

ભાભી-"શા માટે ના હસે ? વિશેષ આનંદ થવાથી સ્ત્રીયા તો પુરુષ સર્વે હસે છે, આ હસવાની સાથે તેમના હૃદયનો આનંદ પણ ઉછળી પડ્યા સિવાય શાંત રહેતો નથી, કેમ ખરૂં કે નહિ ?"

ભાભી શાંત થઇ ગઇ. લજ્જાથી તેનું મસ્તક અવનત થઇ ગયું કેટલાક સમય પછી સ્મિત કરી તેણે કહ્યું:—"હું તમારે પગે પડું-છું; કૃપા કરી મ્હારી મશ્કરી ના કરો. લ્યો, હું વાળ બાંધવાનું માંડી વાળું છું.

નણંદે કહ્યું—"વાહ ! વાળ બાંધવાનું માંડી શા માટે વાળે-છે ? વાળ બાંધવાની હજુ ત્હારી અવસ્થા છે. તું અલંકારો નહિં પહેરે તો કોણ પહેરશે ? ત્હારા મુખ ઉપર સ્મિતનો પ્રકાશ જોતા મ્હારૂં હૃદય ઘણું જ શીતળ થાય છે. બ્હેન ! ઉદાસ ના થઇશ. આજ,

મ્હારી પાસે આવીને બેસ. હુ ત્હારી વેણી એવી બાંધી આપીશ કે જેવી હજુ સુધી ત્હારા જોવામાં પણ ના આવી હોય."

ભ્રાતૃવધૂ સુધાના વારવાર ના કહેવા છતા પણ નણંદ કાળી-તારાએ અતિ યત્નથી તેની વેણી બાંધવાની શરૂઆત કરી. વેણી બાધવામા ઘણો સમય લાગ્યો. સધ્યા થઇ ગઈ, તો પણ વેણી બાધવાનું કાર્ય સમાપ્ત થયુ નહિં.

પાઠકગણ ! ચાલો ત્યાગે, ત્યા સુધી આપણે એક વખત ગામનુ દર્શન કરી આવીએ તથા ગામના નવીન રીતરીવાજોનુ કાંઇક જ્ઞાન પ્રાપ્ત કરી લેઇએ.

દ્વિતીય પરિચ્છેદ.

વિવાહની વ્યવસ્થા.

આજે આઠ વર્ષ પછી સુધાનો પુનર્વિવાહ થઈ ગયો છે.* વિધવાનો વિવાહ થવો એ સાધારણ વાત નથી તેમ થતા ઘણા ટટાઓ ઉપસ્થિત થાય છે. વિવાહ થઇ ગયા પછી પણ આ ટટાઓની પૂર્ણાહુતિ લાવે એવો આપણો સમાજ નથી. શરત્ચંદ્રની માતાએ બ્રાહ્મણોને કાંઈ આપી લેઇને રાજી કર્યા, તથા તેમને પોતાને ત્યાં જમાડયા. સુધાના કાકા તારિણી પ્રસાદે પોતાના બંધુ બાન્ધવો-

*જેમની સુધાના વિવાહની વાત તથા તેનુ પૂર્વ વૃત્તાંત જાણવાની ઇચ્છા હોય તેમણે આ નવલકથામા આપેલો 'સુભ્રાહાસિની' નવલકથાનો સક્ષિપ્ત સાર વાંચવો. ગ્રંથકર્તા.

નો ઘણો સત્કાર કર્યો. સ્વદેશહિતૈષી શરતચંદ્રે પણ ગામના લોકો પર ઘણા ઉપકાર કર્યા અત્યંત દયામયી સુધા ગામના ગરીબ બંધુઓને તેમના રોગ, શોક તથા વિપત્તિમાં એક ભગિની પ્રમાણે સહાયતા કરવા લાગી. આવી કરીને સર્વે લોકો મુક્તકંઠથી સુધા અને શરતચંદ્રની સુજનતા પરોપકારિતા અને દેશહિતૈષિતાની પ્રશંસા કરવા લાગ્યા આપણા પ્રાચીન કાળમા સદાચારથી જાતિની રક્ષા થાય છે અને દુરાચારથી જાતિનો વિનાશ થાય છે એવો જે નિયમ હતો તે આમણાના સભ્ય સમાજમા રહ્યો નથી. તાલપુખુર તથા તેની આસપાસના ગ્રામ્યજનો કે જેઓ સનાતનધર્મના પક્ષપાતી તથા સમાજના મુખ્ય પુરુષો હતા તેઓ બગડી ગયા. તેમણે કહ્યું—"વિધવાવિવાહ થવાથી હિંદુધર્મનું શું રક્ષણ થઈ શકે છે ?

સામાજિક પંડિતો એક સ્વરે બોલી ઉઠ્યા—" વિધવાવિવાહની પ્રથા ઘણી જ તિરસ્કારયુક્ત અને શાસ્ત્રવિરુદ્ધ છે '

હેમચંદ્ર તથા શરતચંદ્ર ઉક્ત સમાજના નેતા તથા વિધવાવાહના વિરોધી પંડિતો સાથે સંબંધ સાધવાની ઇચ્છા રાખતા નહોતા. તથા તેમના મતામતની કાંઇ અપેક્ષા રાખતા નહોતા હેમચંદ્રને પોતાની ખેતીમાંથી જે થોડા ઘણો લાભ થતો હતો તેમાથી તે પોતાની જીવિકા તાલપુખુર ગામમા નિવાસ કરીને સુખમા ચલાવતો હતો. શરતચંદ્ર સરળહૃદયા સ્નેહમયી સુધા જેવી સુશીલા સ્ત્રીને પ્રાપ્ત કરીને, મહા આનંદથી કલકત્તા રહીને તથા કૉલેજની પ્રત્યેક પરીક્ષામા પસાર થઇને સભ્ય સમાજમા માન મેળવવા લાગ્યો. શરતચંદ્રના શ્વશુર તારિણીપ્રસાદ મહા સંકટમા આવી પડ્યા. તે ઘણા ચતુર અને દેશકાળને સમજનાર હતા. તેઓ પોતાના સ્નેહી સ્વ-

સ્વજનોનો ત્યાગ કરવાનું ઇચ્છતા નહોતા. એટલું જ નહિં પરંતુ સમાજની સાથે વિરોધ કરવાની પણ તેમની ઇચ્છા નહોતી. સુધા તથા બિંદુ સિવાય તેમનું કોઇ નહોતું, આથી તેઓ તેમને છોડી પણ શકતા નહોતા બુદ્ધિમાન્ સામાજિક લોકો જેવા આચાર વિચારથી ચાલે છે તેવા જ આચાર વિચારથી બુદ્ધિમાન્ તારિણીપ્રસાદ ચાલવા લાગ્યા તેમણે ગુપ્ત રીતે બિંદુ તથા સુધા સાથે સ્નેહ સબંધ રાખ્યો, પરંતુ બહારથી આ વાત કોઇને જણાવા દીધી નહિ તેમણે બિંદુ તથા સુધાને માટે જુદા મકાનમાં રહેવાનો ઉત્તમ પ્રકારનો પ્રબંધ કરી આપ્યો.

સુધાનો વિવાહ થઇ ગયા પછી ત્રણ માસે તેના કાકા તારિણી-પ્રસાદ એક સમયે ત્રણ માસની રજા મેળવી ઘેર આવ્યા. તેમના આગમનથી તેમના દિવાનખાનાની શોભા વધી ગઇ તેઓ ઘરના સર્વ પ્રકારના કાર્યો ઉપર દેખરેખ રાખવા લાગ્યા થોડા જ દિવસોમાં તેમનો કારોબાર ઘણો વધી ગયો સવારથી તે દ્વિપ્રહર સુધી તેમના દ્વાર ઉપર લોકોની ભીડ એકઠી થઇ રહેતી હતી કોઇ ભેટ કરવા, કોઇ ચુકતે હિસાબ લેવા, કોઇ કર્જ લેવા તો કોઇ વ્યાજે આપવા આવતું હતું. ગામના કેટલાક લોકો કે જે સમાજમાં મુખ્ય ગણાતા હતા તેઓ સર્વે તારિણીપ્રસાદ પાસે આવીને બેસતા તથા ગેરહાજર રહેલા બંધુ બાંધવોના ચરિત્રની સમાલોચના તથા તે સાથે તેમની નિંદા પણ કર્યા કરતા હતા પોતાને પંડિત સમજતા કેટલાક આત્માભિમાની પુરુષો પણ આ સમાજમાં આવીને સમાજની વિરુદ્ધ ચાલનારાઓને દોષિત ઠરાવી તેમને શું સજા કરવી એ નક્કી કરતા હતા, તથા હિંદુધર્મની રક્ષા કરવાનો ઢોંગ રચીને પોતાના પાપી

પેટનો નિર્વાહ ચલાવતા હતા. કોઇ કોઇ કન્યાદાનના રૂણમાથી મુક્ત થવાને માટે તેમની સલાહ લેવા આવતા હતા તથા જે લોકો કચેરીનાં કાર્યો પાછળ રાત્રિ દિવસ હેરાન થયા કરતા હતા તેઓ સઘળા પણ વર્દ્ધમાનના આ પ્રતિષ્ઠિત ગણાતા **સમાજનો** ઉપદેશ મેળવી પોતાને કૃતાર્થ માનતા હતા. સારાંશ એ છે કે તારિણીપ્રસાદ સર્વ પ્રકારે જ્ઞાની, માની અને સભ્ય સમાજમા આદરણીય ગણાવા લાગ્યા સર્વે લોકો તેમને સન્માન આપવા લાગ્યા તથા તેમના આચાર વિચારની પ્રશસા કરવા લાગ્યા.

જનસમાજ તરફથી આ પ્રમાણે માનપાન મળવા છતા પણ વૃદ્ધ તારિણીપ્રસાદના હૃદયમા શાતિ સુખ નહોતું. તેઓ ઘણી ચિતામા નિમગ્ન રહેતા હતા. તેમની એક જ પુત્રી કે જેનુ નામ ઉમા હતું તેના મૃત્યુનો શોક તેમના મનમા ઘણા દિવસ સુધી રહ્યો નહિ, પરંતુ પુત્રીના મૃત્યુથી તાલપુખુરનો મલ્લિક વશ લુપ્ત થઇ જવાની ચિંતાથી તેમનુ મન રાત્રિ દિવસ ચિતાના અગ્નિમા બળવા લાગ્યુ. તેમને સલાહ આપનારાઓની પણ ખોટ નહોતી.

સમાજના સુધારક અને હિંદુ ધર્મનુ રક્ષણ કરનારાઓ કહ્યા કરતા કે:—"હજુ તારિણીપ્રસાદ તો યુવાન્ પુરૂષ છે. ફક્ત કેશ સફેદ થઇ જવાથી તથા દાંત પડી જવાથી કાંઈ પુરૂષ વૃદ્ધ થઈ ગયો છે એમ કહી શકાય નહિ. હજુ તો તેમની પુનર્વિવાહ કરવાની ઉમર છે. તેમના જેવું કુળવાન્, ધનવાન્, અને પ્રતિષ્ઠાવાન્ બીજુ છે જ કોણ? જે કન્યાને તેમના જેવો વર મળે તેનું મહાભાગ્ય સમજવું જોઇએ. આપણી તો એવી જ ઇચ્છા છે કે તારિણીપ્રસાદ કોઇ કુમારિકાની સાથે પુનર્વિવાહ કરી તેની જીંદગી સફળ કરે. ઇ-

શ્વરની કૃપા હશે તો થોડા જ સમયમા તેઓ પુત્રવાન્ થશે તથા તે સાથે તેમના વંશની રક્ષા થશે અહિં આપણા એક સ્નેહીને ત્યા નવ વર્ષની કન્યા છે. હમણા જ તેમને ત્યાં વિવાહનો સંદેશો મોકલીએ. ભાગ્યવતી બાળિકા સિવાય તારિણીપ્રસાદ જેવા વરની પ્રાપ્તિ કયાથી થાય ? આ સંબધનુ સધાન થવાથી કન્યાના પિતૃકુળનો ઉદ્ધાર થઇ જશે."

ગામનો કોઇ પુરૂષ એમ કહેતો કે—"તારિણીપ્રસાદ વિવાહ કરવાને માટે જ સ્વગૃહે આવ્યા છે."

જો કોઈ વિવાહની વાત કાઢતું અને તારિણીપ્રસાદ શાંત રહેતા તો એમ કહેતુ કે—"**मौनं स्वीकार लक्षणं**" મૌન એ સમતિનુ લક્ષણ છે."

કેટલાક પુરોહિતો તારિણીપ્રસાદ પાસે વારંવાર આવીને કહેતા હતા કે—"એ તો ઉત્તમ કાર્ય છે. પ્રથમ પત્નીથી જો સંતાન સુખ ના મળે તો પુનર્વિવાહ કરવો જ જોઇએ શાસ્ત્રમા આવી સ્પષ્ટ આજ્ઞા છે. આ સંબંધે આપનો મત ઘણોજ ઉત્તમ પ્રકારનો છે. નવ વર્ષની કન્યા રોહિણી સમાન છે. પુરૂષની ઉમરના સંબંધી શાસ્ત્રમા બિલકુલ ઉલ્લેખ નથી. પુરૂષની ઉમર ગમે તેટલી હોય તો પણ તે સદા સર્વદા વિવાહ કરવાને યોગ્ય જ ગણી શકાય છે. વળી હજુ તો આપની ઉમર કયાં એટલી બધી વીતી ગઇ છે ? હજુ તો આપ બળવાન્ દેખાઓ છો. આ શુભ કાર્ય કરવામા હવે બિલકુલ વિલંબ કરશો નહિ. આપ ધાર્મિક, વિચારવાન્, અને દીર્ઘદર્શી પુરૂષ છો. પુત્રની કામના માટે અને વંશરક્ષા માટે આપ પુનર્વિવાહ કરવાનુ જ્વલંત ઉદાહરણ સર્વેને દેખાડો.

તારિણીપ્રસાદ ઉપર્યુક્ત વચનોનો પ્રકાશમા કાંઇપણ ઉત્તર આપતા નહિ, પરંતુ નવ વર્ષની વધુના પ્રેમ રહસ્યના માધુર્યનો વિચાર કરતા કરતાં તેમનુ હૃદય આનન્દથી પુલકિત થઇ જતુ હતુ. બ્રાહ્મણોને તથા પુરોહિત પંડિતોને એક દિવસે તારિણીપ્રસાદ તરફથી પ્રસન્નતાસૂચક વિશેષ પુરસ્કાર પ્રાપ્ત થયો

તારિણીપ્રસાદના જે અંગત સ્નેહીઓ હતા તેઓ પણ આવા પ્રકારની સલાહ આપતા હતા. તારિણીપ્રસાદ જ્યારે પોતાના હૃદયનો ઉમંગ રોકી શકતા નહોતા ત્યારે તેઓ કાંઇક અસમ્મતિનો ભાવ દર્શાવી કહેતા હતા કે—"તમે સર્વે મ્હને શાન્ત બેસી રહેલા જોઇ એમ ધારતા હશો કે, આ કાર્યમાં મ્હારી સમ્મતિ નથી શુ કરવુ તેનો મ્હને વારંવાર વિચાર થયા કરે છે. જો આ મહાન કાર્ય કરવા હુ તત્પર થતો નથી તો મલ્લિક વંશ નિર્વંશ થઇ જાય તેમ છે. મહા ધર્મસંકટ આવી પડયુ છે હરિ ! હરિ !!"

આવા સમયે તેમના સ્નેહીઓ કહેતા હતા કે-"આપનો વિચાર ઉત્તમ છે આપના જેવા નિસ્પૃહ અને નિસ્વાર્થ આ તાલપુકુરમા બીજા કોઇ નથી વંશરક્ષા કરવી એવુ ધર્મમા પણ સૂચન થયેલુ છે. કર્તવ્યપાલન કરવાને માટે આપે તત્પર થવુ જ જોઇએ આપને અમે અમારા ન્હાના મુખે વિશેષ શુ કહીએ ?"

ઘરના ખુણામા પાડોસીનો એક વૃત્ત છોકરો બેસી રહેતો હતો, તે તારિણીપ્રસાદના આ પુનર્વિવાહ સંબંધીની વાતચીત સાંભળી મનમા ને મનમાં ઘણુ હસતો, તથા હસવાને જ્યારે રોકી શકતો નહિ ત્યારે તે ઘરમાથી બહાર નીકળી મ્હોટેથી "ખડ ખડ" હસી દેતો હતો.

તારિણીપ્રસાદ કહેતા કે—"ભાઇ ! વળી તમે એ વાત પણ જાણો છો કે, મ્હેં મારી બે ભગિનીઓનુ પ્રતિપાલન કરી તેમને

મ્હોટી કરી છે. એ બન્નેને થોડુ ઘણુ આપી દેવાનો મ્હે વિચાર કર્યો હતો, પરંતુ આજકાલની છોકરીઓ ઘણે ભાગે સ્વેચ્છાચારિણી થાય છે. ધર્મ માર્ગ ઉપર કોઇ છોકરી ચાલતી નથી જે જેની મરજીમા જેમ આવે છે તેમ કર્યે જાય છે."

સ્નેહી જનો કહેતા કે—"એ કહેવાની કાંઇ જરૂર નથી. શું અમે તે સઘળુ કાંઈ નથી જાણતા કે? આપે બિંદુ તથા સુધાને માટે જો કાંઈ કર્યુ ના હોત તો કોણ જાણે કે આજે તેમની કેવી દશા થઇ ગઇ હોત? કોણ તેમને ખાનપાનની સામગ્રી પૂરી પાડત? કોણ તેમનું ભરણ પોષણ કરત? આપનુ હૃદય ઘણું જ કોમળ છે, તેથી જ આપે આટલો બધો ઉપકાર કર્યો નુ મર્વે લોકો આ પ્રમાણે કરે છે કે? અરેરે! એ બાળિકાઓ તે માનવી હશે કે રાક્ષસી? આપના જેવા દયાળુ વડિલના વચનોનો તિરસ્કાર કરી, જે કામ નહોતુ કરવા જેવુ તે કરી બેઠા વિધવાવિવાહ? રામ! રામ!! આ ધર્મ વિપ્લવની વાત શ્રવણ કરવાથી શરીરમા રોમાચ થઈ આવે છે આપ એ બન્નેનુ નામ પણ શા માટે લ્યો છો? એ પાપિષ્ઠાઓનું નામ લેવામા પણ પાપ છે આપ ઘણા ઉદાર છો તેથી જ એ બન્નેને આ ગામમા રહેવા દીધી છે; જો તમારે સ્થળે બીજું કોઇ હોત તો એ બન્નેના માથાના વાળ મુડાવી તેમને ગામ બહાર હાકી કાઢી હોત."

તારિણીપ્રસાદ જણાવતા કે—"તમે લોકો સઘળી વાત જાણુતા નથી. હું મ્હારા મનની સર્વે વાતો તમને ખુલ્લા દિલથી કહી દઉં છુ. તમને નહિ કહુ તો પછી બીજા કોને કહીશ? મ્હારી ગૃહિણી હાય રોગથી દિવસે દિવસે દુબળી થતી જાય છે. તેનો રોગ દિન

પ્રતિદિન વધતોજ જાય છે. તેની સેવા કરવાને માટે એક મનુષ્યની ખાસ આવશ્યક્તા છે. હું ઘણો ખરો સમય વર્દ્ધમાનમાં નોકરી ઉપર કાઢતો હોવાથી તેની બરોબર દેખરેખ રાખી શકતો નથી. આમ વિચારી મ્હે આ કાર્યમા મ મતિ આપી છે, નહિ તો આવી વૃદ્ધાવસ્થામાં હું કદાપિ પુનર્વિવાહ કરવાને તૈયાર થાઉ નહિં, કારણ કે વૃદ્ધાવસ્થામા તો મનુષ્યે ઇશ્વરના ગુણાનુવાદ ગાયા કરી તેના જ ધ્યાનમા નિમગ્ન રહેવું જોઈએ. ”

સ્નેહીઓ આ વાકયોના ઉત્તરમા જણાવતા કે'—“ શું અમે કાંઈ આપના નિસ્પૃહ અને દયાળુ સ્વભાવને જાણુતા નથી કે? આજકાલનો કયો પુરૂષ આપના પ્રમાણે પોતાની ગૃહિણીની ચિકિત્સા તથા આરામનો યત્ન કરે છે? શાસ્ત્રમા લખેલું છે કે, જો સ્ત્રી પુત્ર પ્રસવ ના કરે તો તેનો ત્યાગ કરી દેવો જોઈએ. તેને ઘરમા રાખવાથી પણ શું લાભ? આમ છતાં આપ આપના ગૃહિણીને પોતાના ગૃહમા રાખી તેમની સેવા ચાકરી સબધી જે વ્યવસ્થા કરો છો તે એક પ્રકારની આપની ઉદારતા જ કહી શકાય; તેથી વિશેષ ઉદારતા કેવી હોઇ શકે' હમણાં આપશ્રી તેમની સેવા અર્થે પુનર્વિવાહ કરવામાં સંમતિ દર્શાવોછો તે એક પ્રકારની દયાજ દર્શાવો છો એમ નિષ્પક્ષપાત રીતે અમારે કહેવું જોઇએ. ”

પોતાના સ્નેહીઓ સાથે ઘણા સમય સુધી આ પ્રમાણે વાર્ત્તાલાપ ચાલ્યા કર્યો; છેવટે શું નિશ્ચય થયો તે કહેવાની કાંઇ વિશેષ આવશ્યક્તા રહેતી હોય એમ લાગતુ નથી. કાર્યકર્ત્તા જ્યારે પોતાનો વિચાર નક્કી કરીને જ સ્વગૃહે આવ્યા છે, ત્યારે સલાહની વાત ફક્ત વિડબનાજ છે.

તારિણીપ્રસાદના ગૃહમાં તેમના કેટલાક દૂરના સગાની સ્ત્રીઓ પણ હતી, કે જેઓ ઉમાની માતાની સદા સર્વદા સેવા કરતી હતી. બહારના દિવાનખાનામાં બંધુવર્ગની સાથે તારિણીપ્રસાદની જે વાતચીત થઇ તે એ સ્ત્રીઓથી ગુપ્ત રહી નહિ, તથા તેમણે પોતાના સ્ત્રી સ્વભાવ પ્રમાણે એ સઘળી વાતો ઉમાની માતાના કાન સુધી વિના વિલંબે પહોંચાડી દીધી.

રોગિણીના નેત્રોમા અશ્રુજળ ભરાઇ આવ્યુ તેણે કહ્યું -“ જ્યારે હુ ઉમાને ખોઇ બેઠી છુ, ત્યારે મ્હમજી લ્યો કે હુ મારૂ સર્વસ્વ ખોઇ ચુકી છુ. આ જીવનમા હવે મ્હારે માટે લેશ માત્ર સુખ અવશેષ રહ્યુ નથી. જો તેઓની ઇચ્છા હોય તો ભલે એ પુનર્વિવાહ કરે. મ્હારાથી એમને કોઇ પણ પ્રકારનુ સુખ મળ્યુ નથી, ઉલટું પુનર્વિવાહ કર્યાથી જો તેઓ સુખી થશે તો એના જેવી બીજી આનંદની વાત મ્હારે માટે કયી હોઇ શકે ?

તૃતીય પરિચ્છેદ.

વિવાહ માટે કન્યા.

તાલપુખુરના મિત્ર વંશની પૂર્વે સારી અવસ્થા હતી, પરંતુ કાળક્રમે તેની હવે સારી અવસ્થા ટકી રહી નહિં. દિન પ્રતિદિન આ વંશની અધોગતિ થવા લાગી. જે કાંઇ જમીનદારી હતી તે પણ થોડી ઘણી વેચાઇ ગઇ, અને બાકી જે રહી તેમાંથી મિત્ર મહાશય કોઇ પણ પ્રકારે પોતાનો નિર્વાહ ચલાવતા હતા. જે વર્ષે ઉમાનું મૃત્યુ થયું

તે જ વર્ષે મિત્ર મહાશયે પણ પોતાની અનાથ પત્ની તથા બન્ને બાળિકાઓનો પરિત્યાગ કરી સ્વર્ગ પ્રત્યે પ્રયાણ કર્યું. સતાનોમા એક પુત્ર હતો તેનુ નામ ગોકુળચદ્ર હતુ; બીજી એક કન્યા હતી કે જેનુ નામ ગોપબાળા હતુ.

મિત્ર મહાશયનુ મૃત્યુ થવાથી તેમની વિધવા સ્ત્રી અને બન્ને સંતાનો મહા કષ્ટ ભોગવવા લાગ્યા. તે સર્વેને પોતાનો નિર્વાહ ચલાવવાનુ કઠિન થઇ પડયુ ગામના કેટલાક દયાર્દ્ર મનુષ્યો તેમને યથાશક્તિ મદદ કરતા હતા. બિંદુ જ્યારે કલકત્તાથી ઘેર આવી ત્યારે તેણે મિત્ર મહાશયના કુટુબીઓને ઘણી સાહાય્ય કરી તેમની જે થોડી ઘણી જમીન બચી રહી હતી તેનો તેણે એવો સારો બંદોબસ્ત કરી આપ્યો કે જેથી કરીને વર્ષ દિવસે થોડી ઘણી આવક થવા લાગી કોઇ કોઇ સમયે તો તે ચોખા, દાળ, શાક વિગેરે ભોજનના પદાર્થો તેમને મોકલી આપતી. વર્ષાના દિવસમા તે તેમના ઘર આગળ રીગણા ભીડા વિગેરે અનેક પ્રકારના શાક ભાજી લાવી આપતી હતી શિયાળામા ગોકુળચદ્ર તથા ગોપબાળા માટે પોતાના હાથથી ગરમ કપડા તૈયાર કરતી હતી, તથા પહેરણો, ટોપીઓ વિગેરે સીવી આપતી હતી. રાત્રિ દિવસ બિંદુ એ નિરાધાર કુટુબની સભાળ લેતી હતી; વળી બિંદુનો એ મિત્ર કુટુબ સાથે અતિશય પરિચય થઇ જવાનુ કારણ એ હતુ કે, ગોપબાળા હરહમેશા બિંદુને ત્યા રમવા આવતી હતી.

ગોકુળચદ્ર ગામની નિશાળમા અભ્યાસ કરતો હતો, પરંતુ પોતાના પિતાનો દેહાત થઇ જવાથી તેણે અભ્યાસ કરવાનું માંડી વાળી કોઈ પણ પ્રકારની નોકરીની શોધમાં તે આમતેમ ભટકવા લાગ્યો. બી-

ચારા સોળ વર્ષની ઉંમરના અશિક્ષિત બાળકને શું કામ મળે ? આમ છતાં એ બુદ્ધિમાન્ હતો. મહા મુસીબતે તેણે આઠ દશ રૂપિયાના માસિક પગારની એક નોકરી પ્રાપ્ત કરી, ધીમે ધીમે પોતાના પાસે થોડી રકમ એકઠી થતાં તેણે સડકો તૈયાર કરાવવાનો કૉન્ટ્રાક્ટ લીધો અને કૉન્ટ્રાક્ટના ધંધામાંથી તે ઘણો પૈસો પેદા કરવા લાગ્યો પોતાની માતાના ખર્ચાદિને માટે તે થોડી ઘણી રકમ મોકલતો હતો તે ઘણો વિચારવાન્ તથા ચતુર હતો. પૈસા કેમ બચાવવા તે એ સારી રીતે જાણતો હતો

તામ્રપુખુરમાં ગોકુળની માતા તથા ભગિની પોતાની ખેતીના આવકમાંથી તથા બિંદુની સહાયતાથી પોતાનો નિર્વાહ સારી રીતે ચલાવતા હતા. બિંદુની કન્યા સુશીલાની ઉંમર જ્યારે સાત વર્ષની હતી ત્યારે ગોપબાળા નવ વર્ષની હતી, આથી કરીને બન્ને બાળસખીઓ બિંદુને ત્યાં સાથે જ રમ્યા કરતી હતી. સુશીલાના શરીરનો રંગ શ્યામ વર્ણનો હતો તેના બન્ને નેત્રો વિશાળ હતા તે પોતાના માતાના જેવી જ નમ્ર, સુશીલા અને શાણી હતી પરંતુ ખાસ કરીને સુંદરી નહોતી. ગોપબાળા ગોરી, ઘણી ચતુર, તથા દેખાવમાં પણ સુંદરી હતી તેના શરીરમાંથી લાવણ્ય ટપકી પડતું હતુ. તેના મુખ ઉપરથી તેની બુદ્ધિની કલ્પના કરી શકાતી હતી તેનો રંગ તપાવેલા સુવર્ણના જેવો સુંદર હતો. તામ્રપુખુર ગામમાં આવી રૂપવતી બાળિકા બીજી એક પણ નહોતી. જ્યારે તે કોઇ વિશાળ ઉદ્યાનમાં તથા પુષ્પવાડીમાં સાહેલીઓની સાથે આમ તેમ દોડતી રમતી હતી ત્યારે એમ માલૂમ પડતું હતું કે, જાણે કોઇ દેવકન્યા નંદનવનમાં વિચરી રહી છે. જ્યારે ખેડૂત લોકો ખેતરમાં જતી વ-

અને એ બાળિકાને જોતા ત્યારે તેના મુખેથી બે ચાર મધુર શબ્દો શ્રવણ કરવાને તેઓ તેની પાસે આવતા, અને તેની સાથે વાર્ત્તાલાપ કરી આનંદ મેળવતા હતા. સ્ત્રીઓ વાટ ઉપરથી પાણી લેઇ આવતી વખતે પોતાના હાથમાંના ઘડાને ભોય ઉપર મૂકી આ બાળિકાને એક વખત પોતાની કમર ઉપર લેતી હતી, તથા તેમ કરી તેને ચુંબન કરતી હતી.

ગોપબાળા જે પ્રમાણે સુંદરી હતી તે જ પ્રમાણે ચતુર હતી નવ વર્ષની બાળિકામા આટલી બધી બુદ્ધિ જોઇ ગામની વૃદ્ધ સ્ત્રીઓ અતિ આશ્ચર્ય પામતી હતી. ગોપબાળા એકલી જ ગૃહનુ સઘળુ કામકાજ કરતી હતી. તે સુશીલા સાથે રમતી હતી પરંતુ સુશીલા ભોળી બાળિકા હતી; તે ગોપબાળના હૃદયના ગંભીર ભાવ કેવી રીતે સમજી શકે? ગોપબાળા સુશીલાને પ્રસન્ન રાખવાની ઇચ્છાથી તેની રમવાની સામગ્રી શોધીને એકત્ર કરતી હતી તે બિંદુ તથા સુધાને મા કહીને બોલાવતી હતી બિંદુ વારવાર લોકોને કહ્યા કરતી હતી કે:—" અહા! આ છોકરી કેવી શાંત, નમ્ર અને બુદ્ધિમતી છે. તેને જોતાં જ નેત્રો શીતળ થાય છે."

મલ્લિક મહાશયને ત્યાથી એક સ્ત્રી ગોપબાળાની માતા પાસે વિવાહનો સંદેશો લેઇ આવી. ગોપબાળાની માતાએ ગાળો દઇને કહ્યું—" અરે રાંડ! ચંડાલિની! તને આમ બોલતા શરમ નથી આવતી? શુ હું મ્હારી પુત્રીને દુખના દરિયામા ડુબાવી દેઉં? પચાસ વર્ષની ઉંમરના ઘરડા ધુવડ સાથે હું મ્હારી કોમળ કન્યાનો વિવાહ કરૂં? રૂપિયા મેળવીને શું મ્હારી પુત્રી તેને ચાટ્યા કરશે? શું વસ્ત્રાલંકાર પહેરવાથી જ તેના મનના

સકળ મનોરથ પૂર્ણ થશે? ભલે અમે ગરીબ છીએ તો ગરીબ જ રહીશું. રૂપિયા લેઇ કદાપિ હું મ્હારી પુત્રીને વેચીશ નહિં. કન્યા-વિક્રય જેવું મહાપાપ બીજું એક પણ નથી દુષ્ટા! તું શું કહે છે? એ વૃદ્ધ તો મ્હારી ગોપબાળાના પિતા કરતા પણ મ્હોટી ઉમરનો હશે અને તેમને કોઇ સંતાન હોત તો તે અત્યારે મ્હારી ગોપીની ઉમરના જેટલું હોત. જાણતી નથી? બિંદુની કન્યા મ્હારી ગોપીની બરાબર છે એ બિંદુના કાકા મ્હારી ગોપીની સાથે વિવાહ કરવાની ઇચ્છા રાખે છે? શું યમ રાજા એ વૃદ્ધની ખબર લેવાનું ભૂલી ગયો છે કે? આજકાલના વૃદ્ધ પુરૂષની વૃત્તિઓ પણ સંસાર વાસનાથી વિમુક્ત થતી નથી એ કેવા આશ્ચર્યની વાત છે! અરેરે! ભયંકર કળિકાળ ચાલે છે એમાં લેશ પણ સંદેહ નથી. પોતાની પૌત્રીના જેટલી ન્હાની ઉમરની બાળિકા સાથે વિવાહ કરવા એ ઉદ્યુક્ત થયો છે! એના મ્હોમાં ધુળ પડો ખબરદાર! જો ફરીથી મ્હારી આગળ આવી વાત કાઢી છે તો! આ કાળીની માતાએ પોતાની પુત્રીનો વિવાહ એક વૃદ્ધના સાથે કર્યો હતો. એ વિવાહનું કેવું પરિણામ આવ્યું તે શું તું જાણતી નથી કે? તું જાણી જોઇને પુન: એવા પ્રકારની વાત મ્હારી આગળ કરવાને માટે કેમ આવી? હું કદાપિ આ વાતનો સ્વીકાર કરીશ નહિ. અમારા સુખ દુ:ખના સાથી અમને રડતા કકળતા મૂકી આ અસાર સંસારનો ત્યાગ કરી ચાલ્યા ગયા છે. જો હું પણ તેમની સાથે ચાલી ગઇ હોત તો સારૂં થાત. હવે મ્હારાથી આ દુ:ખ સહન કરી શકાતું નથી."

આ પ્રમાણે પોતાની અવસ્થા ઉપર દુ:ખ પ્રકટ કરીને તે વિધવા સ્ત્રી સ્વામીના ગુણ ગાતી ગાતી રૂદન કરવા લાગી.

જે સ્ત્રી વિવાહનો સંદેશો લઈને આવી હતી તે તરત જ પાછી ચાલી ગઇ. ગોપબાળાએ ગુપ્ત રીતે આ સર્વ વાતચીત સાભળી હતી. તે પોતાના મન સાથે વિચાર કરવા લાગી—"હું મ્હોટા ઘરની વહુ થઇશ તોપછી માતા આ પ્રકારમાં પોતાની નામરજી કેમ પ્રકટ કરે છે ? માતા બિલકુલ અયોગ્ય કહે છે."

તારિણીપ્રમાદ જ્યારે કામ વાતનો પોતાના મન સાથે નિશ્ચય કરતા હતા ત્યારે તે સદમા પોતાના નિશ્ચયથી વિમુખ થતા નહોતા બીજે દિવસે ઉપરોક્ત સ્ત્રી પુન બિંદુ પાસે આવી તેણે પોતાના પાસેથી એક ચીઠ્ઠી કાઢી તે બિંદુના હાથમા મૂકી આ ચીઠ્ઠી બિંદુની કાકીએ લખેલી હતી તેમા લખ્યુ હતુ કે —"**વ્હાલી બિંદુ !** ત્હારા કાકાને એક પણ સતાન નહિ હોવાથી તેઓ પુનર્વિવાહ કરવાની ઇચ્છા રાખે છે તેમના આ કાર્યમાં મ્હારી અતઃકરણ પૂર્વક સમતિ છે મિત્ર કુટુબમા ગોપબાળા નામની એક કન્યા છે. એ બાળકીને ત્હારા કાકાએ પસદ કરી છે સાભળ્યુ છે કે, એ બાળિકા ઘણી નમ્ર છે તેની માતા ત્હારી આશ્રિતા છે, તથા ત્હારુ કહેવુ કબુલ કરે તેમ છે આમ હોવાથી તે આ કાર્યમા સમત થાય તે પ્રમાણે કરજે. હુ આશા રાખુ છુ કે, તું મ્હારા કહેવા પ્રમાણે કરીશ જ. મ્હારી ઉમાનો જ્યારથી પરલોકવાસ થયો છે ત્યારથી હું તને મ્હારી ઉમા સમાન ગણતી છુ. જો ત્હારી આ માતા દુઃખને આધીન થઇ પડે તો તુ તેની સેવા કરવા ચુકીશ નહિ.

બિંદુ પત્ર વાંચી હસી પડી, પરતુ છેવટની બે લીટીઓ વાચતા તેના નેત્રોમાં અશ્રુજળ ભરાઇ આવ્યુ પોતાની કાકીનો આ વિવાહ સંબંધે કેવા પ્રકારનો મત છે તેની કલ્પના બિંદુ પત્રમાંની છેવટની બે લીટીઓ ઉપરથી કરી શકી. તેણે પત્રનો ઉત્તર લખ્યો કેઃ—

"**પરમપૂજ્ય કાકી !** મ્હારા કાકાની બુદ્ધિ ભ્રમિત થઇ ગઇ છે, પરંતુ શું તેમની સાથે તમારી બુદ્ધિ પણ ભ્રમિત થઇ ગઇ છે કે ? કાળી-તારાની અવસ્થા જોવા છતા પણ તમે એક અનાથ બાળિકાના ગળામા ફાંસો નાખવા ઇચ્છો છો ? કાકી ! હુ અબોધ બાળિકા તમને શુ લખી શકુ ? તમે બરોબર વિચાર કરી જુઓ. કાકા શું આ વિવાહથી સુખી થશે ? તમે જેવી રીતે પોતાના શરીરનો કાંઈ મોહ ન કરતા મ્હારા કાકાની સેવા કરો છો તેવી સેવા શુ એક બાળિકા કરી શકશે ? યદાકદાચિત્ જો તે આ દુઃખદાયિની થઇ પડી તો કાકાજીની વૃદ્ધાવસ્થામાં એ કલેશ તમારે તમારા નેત્રોએ જોવા પડશે. આ કામ તમે કદાપિ થવા દેશો નહિ હુ પણ તમને આ કાર્યમા લેશ માત્ર પણ સહાયતા કરી શકુ તેમ નથી"

બિંદુએ લખેલો પત્ર બે ત્રણ વખત વાચી તેને પાકીટમા બંધ કરી તેને આવેલી સ્ત્રી સાથે મોકલી આપ્યો

તે સ્ત્રી પત્ર લેઇ ચાલી ગઇ આ પ્રકાર બની ગયા પછી થોડા સમયે એક બાળિકા પડદાની આડથી ધીમે ધીમે હટી ગઇ. એક બાળાએ છુપાઇને બન્ને પત્રો આદિથી અંત સુધી વાચી લીધા ઘણા સમય સુધી તે ક્રોધથી બળી જવા લાગી. ને સ્વત. બોલી:—"હુ મ્હોટા ઘરની વહુ થાઉ તે સુશીલાની માતાને પણ ગમતું નથી ! ગમે તેમ હોય પરંતુ ધણિ ધણિયાણી રાજી તો કયા કરેગા મીયાં કાજી ?"

સંધ્યા સમયે સુધા બિંદુને મળવા આવી. સુધા દૃષ્ટિએ પડતાં જ બિંદુએ હસીને પૂછયું:—"કહે જોઇએ સુધા ! નવાં કાકીને ત્હેં જોયાં છે કે ?"

સુધાએ આશ્ચર્ય પામી પ્રશ્ન કર્યો:—"ના બ્હેન! નવા કાકી વળી કોણ છે?"

બિંદુએ પૂર્વ પ્રમાણે હાસ્ય કરતાં કરતાં કહ્યું.—"તું નથી ઓળખતી તો પુષ્પવાડીમાં જઈને સુશીલા સાથે કોણ રમે છે તે જોઈ આવ જોઉં."

સુધાએ તરત જણાવ્યું કે—"આમાં શું રહસ્ય છે? એ તો ગોપબાળા છે, તેની સાથે તેં કાકીનો સંબંધ કેવી રીતે જોડ્યો?"

બિંદુ—"હું કેવી રીતે જોડું? પરંતુ આ સંબંધનું સંધાન થયા સિવાય રહેનાર નથી. જેને સંબંધ જોડવાની ગરજ છે તે તો જોડશે જ."

સુધા—"બ્હેન! શું તું મ્હારી સાથે હસતી તો નથી ને? હું તો હજુ સુધી આ વાતનો કંઈ પણ મર્મ સમજી શકી નથી. ત્હારું હસવું પણ કેમ બંધ પડતું નથી? તું સાચે સાચી વાત ના કહી દે તો તને મારા સોગન છે, શું થયું છે, કહે જલદીએ વારૂ?"

બિંદુ—"થયું તો કાંઈ નથી, પરંતુ એક બાબતમાં થઈ જવાનો સંભવ છે."

સુધા—"શું થઈ જવાનો સંભવ છે? સ્પષ્ટ રીતે કેમ કાંઈ કહેતી નથી?"

બિંદુ—"ઠીક ત્યારે કહું છું જો સાંભળ, આ જે ગોપબાળા છે તે થોડા જ દિવસોની અંદર આપણી કાકી થનાર છે. કાકા તેની સાથે પુનર્વિવાહ કરવાની ઇચ્છા રાખે છે. વિવાહ સંબંધીની ચળવળ ચાલી રહી છે."

બિંદુએ ગોપબાળાને બોલાવી, ગોપબાળાએ ત્વરિત ગતિથી બિંદુ પાસે આવી પૂછ્યું—"કેમ બા! મ્હને શા માટે બોલાવી?"

બિંદુએ કહ્યું —"આવ તું અહીં આવીને મારા ખોળામાં બેસ હું તને એક વાત પૂછવાની છું"

બિંદુએ ગોપબાળાને પોતાના ખોળામાં બેસાડીને તેના કમળ કરતા પણ અધિક સુંદર મુખ ઉપર વારંવાર ચુંબન કરીને અતિશય પ્રેમપૂર્વક પ્રશ્ન કર્યો—"કેમ બહેન ગોપી ! તેં કદાપિ નાગર કાકાને જોયા છે ?"

ગોપબાળાએ ઉત્તર આપ્યો—"હા માજી ! મેં તેમને જોયા છે.'

બિંદુ —'ક્યારે ?'

ગોપબાળા:—" કાલે પાછલા પહોરના જ્યારે હું પુષ્કરિણીના ઘાટ ઉપર રમતી હતી ત્યારે તેઓ ત્યાં ફરતા ફરતા આવી ચડયા હતા."

સુધા વચ્ચે બોલી ઉઠી—'ત્યારે તો પરમેશ્વરની કૃપાથી વર કન્યાનાં અરસ્પરસ દર્શન પણ થઈ ગયા ઠીક, ગોપી ! કાકાએ તને કાંઈ કહ્યું હતું કે ?"

ગોપબાળાએ ઉત્તર આપ્યો:— હા ન્હાની મા ! તારિણી-પ્રસાદે એક વખત ચારે દિશા પ્રતિ દૃષ્ટિ કરી તથા આજુબાજુમાં કોઈ નથી એવી જ્યારે તેમને ખાત્રી થઈ ત્યારે તેમણે મ્હને ખોળામા બેસાડી મ્હારા ઉપર ઘણો પ્રેમ કર્યો."

આ વચનો સાભળતા જ બિંદુ પોતાના હાસ્યને ગળી શક્યા નહિ. હસતા હસતા તેનું પેટ પણ દુખી આવ્યું ઝટ કાંઈક શાંત થઈ તેણે સુધાને કહ્યું—"જોયું ? ગઈ કાલે વર કન્યાનો અરસ્પરસ પ્રેમાલાપ પણ થઈ ગયો ગોપબાળાની ઉમર તેમની પૌત્રી જેટલી ગણી શકાય છતા એવી નિર્દોષ અને અજ્ઞાન્ બાલિકા સાથે તેમનો પ્રેમાલાપ ? અરેરે ! સમાજમા જ્યારે આ વાત લોકોના જાણવામા આવશે ત્યારે લોકો શું કહેશે ! આપણે તેમને કાંઈ પૂછીશુ તો

તેઓ શુ ઉત્તર આપશે ? શુ કાકાજી પોતાની વૃદ્ધાવસ્થામા આવું મૂર્ખામી ભરેલું કાર્ય કરી પોતાની સમાજમા હાંસી કરાવશે ? અલી ગોપી ! કહે જોઇએ કે તને મ્હારા કાકાજી ગમે છે કે ?”

“ હા.” કહીને ગોપબાળા ત્યાંથી પલાયન કરી ગઇ.

બિંદુ સ્વતઃ કહેવા લાગી–“કેવી નિર્દોષ બાળિકા છે ! વિવાહ કોને કહે છે તે પણ એ બિચારી જાણતી નથી હજુ સુધી તેને સંસારનું યત્કિંચિત્ પણ જ્ઞાન નથી. કાકાએ ગઇ કાલે તેને પોતાના ખોળામાં બેસાડી તેની સાથે જે અણઘટતા લાડ કર્યાં છે તેથી આ ભોળી બાળિકા તેમના ઉપર પ્રસન્ન થઇ ગઇ છે. બાળિકા અજ્ઞાન્ છે, પરંતુ કાકા તો અજ્ઞાન્ નથીને ? તેઓ શા માટે આ ભલી ભોળી બાળિકાને દુઃખના અગાધ સમુદ્રમાં ડુબાવી દેવાનુ ઇચ્છે છે ? ઇશ્વર તેમને સદ્બુદ્ધિ અર્પો.

બિંદુએ બાળિકાના સ્વભાવ ઉપર જે કલ્પના કરી તે કાંઇક અંશે ભુલ ભરેલી હતી. તે વિવાહ શું છે એ કાંઇક જાણે છે તેને ધન સંપત્તિ પ્રાપ્ત કરવાની ઘણો લાલસા છે. ઉત્તમ પ્રકારના વસ્ત્રાલંકારો પહેરવાની તેની મહત્વાકાંક્ષા છે. તે દરિદ્રતામાંથી મુક્ત થઇ મ્હોટા ઘરની ગૃહિણી થવાની અભિલાષા રાખે છે.

ચતુર્થ પરિચ્છેદ.

વિવાહ નક્કી થયો.

અમે આગળ જણાવી દીધુ છે કે, તારિણીપ્રસાદ પોતાના મન સાથે જે કાર્ય કરવાનો નિશ્ચય કરતા હતા તે કાર્યથી એકાએક વિમુખ થતા નહિ. તેમણે વર્દ્ધમાનમાં ગોકુલચંદ્રની પાસે એક માણસને મોકલ્યો ગોકુલચંદ્ર પણ તારિણિપ્રસાદ પોતાના ઉપર ગુસ્સે થયા છે એ સિવાય વિશેષ કાંઈ જાણી શકયો નહિ. તે બિચારો તારિણીપ્રસાદને પોતાના ઉપર નારાજ થયેલા જાણી ચિંતાતુર થઈ ગયો તારિણીપ્રસાદ વર્દ્ધમાનની મોટી કચેરીના નાજિર હતા. ગોકુલચંદ્ર તેમની આજ્ઞામાં રહીને કામ કરતો હતો તારિણિપ્રસાદ વર્દ્ધમાનમા ઘણા પ્રસિદ્ધ હતા પોતાના તાબાના માણસોનું ભલું થાય એવી તેઓ રાત્રિ દિવસ ચિંતા રાખ્યા કરતા હતા, જો તારિણીપ્રસાદ ચાહે તો ગોકુલચંદ્રના કોન્ટ્રાકટનુ કામ બીજાને અપાવી શકે તેમ હતું આથી કરીને બીજે જ દિવસે સવારે એક ગાડી ભાડે કરીને ગોકુલચંદ્ર તાલપુખુર જવા નીકળ્યો, તથા પોતાને ત્યા ન જતાં તે ગાંગાબાર તારિણીપ્રસાદને ત્યા ગયા તારિણીપ્રસાદ પાસે જઈ તેમને પ્રણામ કરી તે જાણે કે એક મહા અપરાધી કેમ ન હોય તેવી રીતે નાનિથી હાથ જોડીને ઉભા રહ્યા

તારિણીપ્રસાદે ગોકુલચંદ્રને પોતાની પાસે આવેલા જોઈને ક્રોધથી પોતાનુ મુખ બીજી દિશા પ્રતિ ફેરવ્યુ, અને તેની સાથે બિલકુલ વાત કરીનહિ. ગોકુળચંદ્ર ઘણા સમય સુધી ઉભા રહ્યા, પછી તે વિનિત

સ્વરે કહેવા લાગ્યો–" કૃપાનિધાન ! હું ચિરકાલથી આપની આજ્ઞાને આધીન છું. આપની જ કૃપાને લીધે હું કાંઈક ઉન્નત દશામાં આવી શક્યો છું. આપની જ ભલામણથી મ્હને આ ધંધો મળ્યો છે. હું આપનો ઉપકાર કદાપિ ભૂલી જઉં કે ? આ આજ્ઞાકારી સેવકનો શું અપરાધ થયો છે કે જેથી કરીને આપ આટલા બધા અપ્રસન્ન થયા છો ? એક વખત કૃપા કરીને મ્હને સર્વ વાત કહો. મ્હને જે આજ્ઞા કરશો તે આજ્ઞા હું અવશ્ય પાળીશ. આ દાસ કદાપિ આપના વચનોથી વિરુદ્ધ વર્તન ચલાવશે નહિ એમ ખાત્રીથી સમજજો.

તારિણીપ્રસાદ બોલ્યા –' નહિ બાપ ! હવે તું કોઈને પણ આધીન નથી. હમણાં ત્હારી પાસે કોન્ટ્રાક્ટનું ઘણું કામ પડ્યું છે. તું રૂપિયા પણ ઘણા કમાય છે. તો પછી હવે તું મ્હારૂં કહેવું કેમ કરીને માન્ય કરીશ ? મ્હારી વાત શી રીતે સાંભળીશ ? ઠીક છે, જોઈ લેવાશે. સાહેબને ભલામણ કરાવી તને કોણે આ કોન્ટ્રાક્ટનું કાર્ય અપાવ્યું છે તે તો તું જાણે છે. પરંતુ ભવિષ્યમાં તું તે કાર્ય કેવી રીતે કરે છે તે પણ થોડા જ સમયમાં જોઈ લેજે. '

ગોકુળચંદ્રે નમ્ર સ્વરે કહ્યું –" આપના જ અનુગ્રહ તથા દયાને લીધે મ્હને સફળ કાર્ય મળ્યું છે. આપ મ્હારા માલિક છો. શું આ બધું હું નથી જાણતો ? વર્દ્ધમાનમાં આ વાત કોણ નથી જાણતું ? હું આપનું અપમાન કરૂં એમ બની શકે ખરું કે ? આપની પાદુકાઓને નિત ઉંચકી લેવાનો અવસર પ્રાપ્ત થાય તો પણ હું મ્હને પોતાને કૃતાર્થ થયેલો સમજું. હું આપની વાત નહિ સાંભળું તો બીજા કોની સાંભળીશ ? "

તારિણીપ્રસાદ બોલ્યા—"નહિ નહિ, મ્હારી વાત તને પસંદ પડશે નહિ. તું તારે ઘેર ચાલ્યો જા. ત્હારી માતાએ મ્હારૂં અપમાન કર્યું છે તે વાત તું જ્યારે ત્હારે ત્યાં જઈશ ત્યારે જાણીશ. તેણે મ્હારા માણસને પણ ન કહેવાના વચનો કહ્યા છે આથી વિશેષ મ્હારૂં અપમાન શું હોઈ શકે વારૂ? ત્હારા પિતા મિત્ર મહાશય મ્હારૂં સન્માન કરવાનું જાણતા હતા; પરંતુ તેમની વિધવા તેવું કાંઈ જાણતી નથી વિપત્તિ પ્રસંગે અન્ન વસ્ત્રાદિ આપી મેં જેના પ્રાણનું રક્ષણ કર્યું તે જ મ્હારૂં અપમાન કરે? ઠીક છે, હું પણ બતાવી આપીશ કે મ્હારા કરેલા અપમાનનો બદલો તેમને કેવો મળે છે? સર્પનું રક્ષણ કરવાથી તે મોટાપણે પણ પોતાનો ડંખવાનો સ્વભાવ છોડતો નથી એ સત્ય જ છે."

ગોકુળચંદ્રે પૂછ્યું—"આપ આ શું કહો છો? મ્હારી માતા મહા દરિદ્રી છે તે ધનાઢ્ય મહિક વર્ગનું અપમાન કેવી રીતે કરી શકે? શું પ્રકાર છે તે કાંઈક સ્પષ્ટ રીતે કૃપા ભાવે કહેશો?"

તારિણીપ્રસાદ પર્વવત્ સ્વરે બોલ્યા—"શું સ્પષ્ટ રીતે આ મ્હારે ત્હારાથી પણ અપમાનિત થવું છે? નહિ નહિ, હવે એ વાત જવા દે કહેવાથી શું થવાનું છે? તું હવે મોટો માણસ થયો. ત્હારી આબરૂ પણ હવે વધી ગઈ છે હું તો રહ્યો એક સાધારણ મનુષ્ય. શું તું હવે મ્હારી તરફ દ્રષ્ટિ ઉંચી કરીને જોઈશ પણ ખરો કે? અગર મ્હારી સાથે સમ્બન્ધ રાખીશ કે?"

ગોકુળચંદ્રે આશ્ચર્ય પામી પૂછ્યું—"શું કહ્યું! આપની સાથે સમ્બન્ધ! એથી વિશેષ મ્હારૂં બીજું સૌભાગ્ય શું હોઈ શકે? આ દરિદ્ર જીવ આપના હાથથી એક મુઠી ભિક્ષા પ્રાપ્ત કરવામાં પણ

પોતાની પ્રતિષ્ઠા સમજે છે. શુ એવા શુભ અવસર પ્રાપ્ત થવાનો છે કે જેથી આપણે ઉભય સંબંધીઓ થઇ શકીએ ?"

મિષ્ટ વચનોથી દેવતા પણ સંતુષ્ટ થાય છે. તારિણીપ્રસાદનું હૃદય સ્ફટિક દ્રવિત થયું. તેમણે પોતાના નોકરને બોલાવી કહ્યું—"અરે હરિઆ ! તમાકુ આપી જા"

ત્યાર પછી તારિણીપ્રસાદે ગોકુળચંદ્રના પ્રતિ દૃષ્ટિ કરી કહ્યું - 'બેસ ભાઇ બેસ. ઘણે દૂરથી આવ્યો છે મ્હને એમ લાગે છે કે, હજુ તું ત્હારે ઘેર સુદ્ધા ગયો નથી ત્હારા જેવા નમ્ર અને શાંત બાળકને જોઇ મ્હારૂં મન ઘણું પ્રસન્ન થાય છે."

ગોકુળ—"જી નહિ, જ્યાં સુધી આપ આજ્ઞા કરશો નહિ તથા જ્યાં સુધી હું આપની આજ્ઞાનું પ્રતિપાલન કરી શકીશ નહિ, ત્યાં સુધી હું નહિં બેસું, તથા અન્ન જળ પણ નહિ લેઉં"

ગોકુળચંદ્રનાં આ વચનોથી તારિણીપ્રસાદના આનંદની સીમા રહી નહિં તેમણે ગોકુળના હાથ પકડી તેને પોતાની પાસે બેસાડ્યો તથા કહ્યું—"તું ચિંતા કરીશ નહિ, વાત કાંઇ જ નથી. ત્હારા પિતાની સાથે મ્હારો કેવો પ્રેમ તથા સબંધ હતો તેનો તું સારી રીતે જાણે છે ?"

ગોકુળ—"જી હા, સારી રીતે જાણું છું"

તારિણી—"વિપત્તિ પ્રસંગે તેમને સહાયતા કરે એવું આ ગામમાં કોઇ પણ નહોતું તે કોઇ પણ કાર્ય પ્રસંગે મ્હારી પાસે જ આવતા હતા, એ પણ તું જાણે છે ?"

ગોકુળ—"હા, શા માટે નહિ ?"

તારિણી—"તેમના મૃત્યુ પછી ત્હારી માતાને સમયાનુસાર સહાયતા કરીને તથા વર્દ્ધમાનમા સાહેબોની આગળ સિફારશો કરીને

નને ધંધે લગાડયો છે. મ્હારી ન્હાની બેનને વસ્ત્રાલંકારો આપવામાં પણ મ્હેં સંકોચ કર્યો નથી, એ સઘળું તું જાણે છે. મ્હારે મુખે મ્હારી પ્રશંસા થવી યોગ્ય નથી, પરંતુ મ્હેં મિત્ર વંશને માટે શું નથી કર્યું તે કહે જોઇએ !"

ગોકુળ—"ઘણું કર્યું છે."

તારિણી—"વળી હું તમને શા માટે સહાયતા ન કરૂં ? તમારો વંશ પવિત્ર છે, તમારા આચાર વિચાર ઉત્તમ છે, તમારો સ્વભાવ શાંત અને નમ્ર છે. તમને સહાયતા નહિ કરૂં તો શું હું મ્હારા નાસ્તિક ભાઇના જમાઇને કરીશ ? ના કદાપિ નહિ. આમ છતાં પણ આવા ઘોર કળિકાળમાંથી ધર્મનો નાશ થયો નથી. હજુ પણ સૂર્ય પૂર્વ દિશામાં ઉદય થાય છે. તમારા જેવા સદ્‌વંશની ઉન્નતિ થવી જરૂરની છે."

ગોકુળચંદ્ર બોલ્યો—"આ આપની કૃપા જ છે."

તારિણીપ્રસાદ આગળ બોલ્યા—"મ્હારા મનમાં એ બાબતની મ્હોટી ચિંતા હતી કે મ્હેં જે કાંઈ થોડી ઘણી ધન સંપત્તિ એકઠી કરી છે, તથા જે જમીન મ્હારી સત્તામાં છે તે બધી હું કોને આપી જઇશ. મ્હારી પુત્રી ઉમા અમને સર્વેને રડતાં કકળતાં મૂકી ચાલી ગઇ. મ્હારી પત્ની પણ પુત્રીના વિયોગ શોકથી મરણ શય્યા ઉપર સૂતી છે. મ્હેં વિચાર કરી જોયો કે તાલપુખુરમાં માન, મર્યાદા, દયા, શીળ વિગેરેમાં મિત્ર વંશ જ શ્રેષ્ઠ છે. આથી કરીને જો મિત્ર વંશ સાથે જો કોઇ સંબંધનું સંધાન થઇ જાય તો જે કાંઇ હું મૂકી જઇશ તે બધું તમારા જ હાથમાં આવશે. તમે ભાઇ ભગિની વચ્ચે ક્યાં જૂદાઇ છે ?"

ગોકુળચંદ્ર બુદ્ધિમાન્ હતો. તે વાતચીત ઉપરથી તારિણીપ્રસાદના અંતરની ઇચ્છા જાણી શક્યો. તેણે મનમાં ને મનમાં વિચાર કર્યો—"છોકરીને પસંદ હોય યા ન હોય તેથી શું? પુરૂષના વંશની ઉન્નતિ માટે તથા પુરૂષના સુખને માટે જ છોકરીનો જન્મ થાય છે છોકરીઓને સુખ થાઓ કે ન થાઓ તેના ઉપર કોણ ધ્યાન આપે છે? જો ભગિનીને મલ્લિક વંશમાં આપવાથી તે વંશની રક્ષા થાય તો એ ઘણું મંગળજનક છે" પ્રકટમાં ગોકુળચંદ્રે કહ્યું—'મહાશય' આપ જે આજ્ઞા કરો છો એ તો માત્ર આપની કૃપા છે. આથી વિશેષ અમારા સન્માનનો વિષય બીજો શું હોઇ શકે? અમે સર્વ મહા દુઃખી છીએ. આપની સાથે સંબંધ સંધાવાથી અમારે માટે આ સંસાર સ્વર્ગ સમ થઇ જશે"

તારિણીપ્રસાદે અતિ પ્રસન્ન થઇ કહ્યું- 'અહા! ત્હારા જેવા વિનિત, મિષ્ટ વચનો બોલનારો છોકરો આજકાલ ભાગ્યે જ જોવામાં આવે છે હું ત્હારા ઉપર અંતઃકરણપૂર્વક પ્રેમ રાખું છું મ્હારી પાસે જે કાંઈ ધન સંપત્તિ છે, તે સઘળી તમારી જ છે મેં સઘળું ધન તમને આપી દેવાનો સંકલ્પ કરી મકયો છે તમારા વંશની ઉન્નતિ થાઓ ત્હારી ભગિની મ્હારા ગૃહની ગૃહલક્ષ્મી બનીને મ્હારા ઘરની શોભામાં વધારો કરે, ત્હારી માતા ચીરંજીવિની થાઓ અને તું પણ વિવાહ કરીને ત્હારા વેરાન ગૃહને ફરીથી સ્વજન મંડળથી પરિપૂર્ણ કર.'

ગોકુળચંદે કહ્યું—"હું તો આપનો દાસ છું જ્યારે આપની આજ્ઞા થશે ત્યારે મ્હારી ભગિની આપની દાસી થશે, પરંતુ અમારી એવી અવસ્થા ક્યાથી કે આપ અમારી સાથે સંબંધ સાધો. પિતાના તુટેલા ઘરમાં અમે રહીએ છીએ. તેમાં સુધારો નહિં કરી શકવાથી એ મકાનનું અસ્તિત્વ હવે નામનું થઇ જવા આવ્યું છે. આવા ઘરને

સુધારી તેમા પૂર્ણ પ્રમાણે આનંદનો ઉપભોગ કરવાનુ આપની સહાયતા સિવાય કેવી રીતે બની શકે તેમ છે? જ્યારે આપે દીનજનો પ્રતિ દયાદૃષ્ટિ કરીને સબંધની વાતનો સ્વીકાર કર્યો છે, ત્યારે મ્હારા પુરાણા ઘરનો જીર્ણોદ્ધાર કરાવી આપવાની કૃપા પણ આપ અવશ્ય કરશો એવી આશા છે."

બુદ્ધિમાન્ તારિણિપ્રસાદે જોયુ કે, ગોકુલચંદ્રે આટલા દિવસ સુધી વર્દ્ધમાનમા રહીને ફક્ત ધધો જ કર્યો નથી, પરંતુ તે સાથે ચતુરાઈ પણ પ્રાપ્ત કરી છે સાંસારિક વ્યવહારમા તે ઘણો ચતુર બની ગયો છે બળિનીને વેચીને તે રૂપિયા પ્રાપ્ત કરવાનુ ઇચ્છે છે. રૂપિયાની વાત નીકળતા જ તારિણીપ્રસાદની છાતી કપવા લાગી તે સાથે ગોપબાળાનુ સુંદર મુખ પણ તેમને યાદ આવ્યુ. એ બાળિકાના અધરામૃત પાનને માટે વૃદ્ધની જીભેથી લાળ ટપકવા લાગી. તેમણે હાસ્યપૂર્ણ વદને કહ્યું–" કહે, કહે, ત્હારી જે ઇચ્છા હોય તે સ્પષ્ટ કહી દે. જ્યારે હુ મ્હારૂં સર્વસ્વ તમને આપવા બેઠો છું ત્યારે પછી આપ્યા સિવાય ઓછો જ રહેવાનો છુ? આજ લ્યો કે દશ દિવસ પછીથી લ્યો તેમાં મ્હને શુ વાંધો છે?"

ગોકુળચદ્રે નમ્ર સ્વરે કહ્યું:—" આજ્ઞા હોય તો દાસ કાંઈ વિનતિ કરે. આપનાથી મ્હારી હાલત કાંઈ છુપી નથી. મ્હારૂં ઈંટોનું ઘર ચારે તરફથી પડી ગયુ છે. આપના ચરણકમળની ધૂળથી એ પવિત્ર થશે–આપની સહાયતાથી તેનો પુનરોદ્ધાર થશે–એવી દૃઢ આશા છે. વળી મ્હારા ગૃહમાં કાંઇ પણ સામગ્રી નથી, ખુરસી, ખાટ કે એવું કશું જ નથી. જાનને માટે જે જે વસ્તુઓ જોઇએ તે સકળ વસ્તુઓ પૈકીની એક પણ નથી. બીજું આપના જેવા જામાતૃને

મ્હારી માતા પિત્તળના વાસણોમાં કેવી રીતે ભોજન કરાવી શકે ? તે માટે તો ખાસ ચાંદીના જ વાસણો જોઇશે. આપની સાથે સંબંધનું સંધાન થાય એટલે અરસ્પરસની પ્રતિષ્ઠા તો સચવાવી જ જોઇએને ? કર્ત્તવ્યપાલન પર પણ વિશેષ ધ્યાન રાખવું પડશે. મ્હારા જેટલા બંધુ બાંધવો છે તે સર્વેને સંતુષ્ટ કરવા પડશે આ મારી વાતો આપના જેવા દીર્ઘદર્શી વિજ્ઞ પુરૂષને મ્હારા જેવા અજ્ઞાની બાળકના મુખેથી શ્રવણ કરવી ખારી લાગે છે ? આપ ક્યા વ્યવહારની વાતમા મ્હારા કરતા ઓછા નિપુણ છો ? આપ જાતે જ વિચાર કરી જુઓ. હું શું કહું ? પાચ હજાર રૂપિયાથી ઓછી રકમમા આ સર્વ કાર્યો પાર પડી જાય એમ લાગતુ નથી "

વૈજ્ઞાનિક લોકો કહે છે કે, પૃથ્વીના ગર્ભમા દ્રવ પદાર્થ ભરેલા છે, જ્યારે તેના માપમા વિશેષતા થઇ પડે છે ત્યારે જ્વાળામુખી પર્વતમાંથી ફૂટીને તે બહાર નીકળી જાય છે. રૂપિયાની વાત નિકળતાંજ તારિણીપ્રસાદ ક્રોધે તો ભરાયા હતા પરંતુ તેમણે પોતાના ક્રોધને અત્યાર સુધી મહા મુશીબત સમાવી રાખ્યો હતો. તેમણે એમ ધાર્યું હતું કે ફક્ત ૧૫૦૦ રૂપિયામાં જ આ કાર્ય સંપન્ન થઇ જશે. ગરીબ માણસોને માટે શું એટલા રૂપિયા થોડા છે ? એટલી રકમ ઉપર તો તેઓ ખુશીથી '**કન્યાવિક્રય**' કરશે, પરંતુ જ્યારે ગોકુલચંદ્રે પાંચ હજાર રૂપિયાની વાત કહી સંભળાવી ત્યારે તો તારિણીપ્રસાદનો ક્રોધ પુનઃ સતેજ થયો. તેમણે કઠોર સ્વરે કહ્યું–"શું કહ્યું ? પાંચ હજાર રૂપિયા ! ન્હાનુ મુખ અને મ્હોટી વાત ! વાત એવી કરવી જોઇયે કે જે સર્વેને રૂચે. શુ હું તમારા વંશને જાણતો નથી, ત્હારા દાદા ભીખ માગીને મરી ગયા છે. ત્હારા પિતાની પણ જન્મથી તે મૃત્યુપર્યંત તેવી જ દયાજનક અવસ્થા હતી હવે તું પણ ભીખ માગવા લાગ્યો છે. પાંચ હજાર રૂપિયા તમારે

માટે કેટલા બધા થઈ પડે તેમ છે તેનો કાંઈ ખ્યાલ કર્યો ? એટલા રૂપિયા ત્હારા જોવામાં કદાપિ આવ્યા છે ખરા કે ? તું એક ન્હાનો હરખો છોકરો, મ્હેં જ તને પાળી પોષીને મ્હોટો કર્યો છે, તેજ તું આજે મ્હને પણ ઠગાવવા માગે છે ? આ પ્રમાણે બોલતા તેને લજ્જા કે ભય ઉત્પન્ન થતા નથી ? આવા સ્વાર્થીઓની સાથે સબંધ બાંધવો એનો નર્ક ભોગવવા જેવું છે ત્હારા જેવા કુલાંગારનું મુખ જોવામાં પણ પાપ છે.'

તારિણીપ્રસાદને અતિશય ક્રોધમાં આવી ગયેલા જોઈ ગોકુલચંદ્ર શાંતભાવથી તેમને પ્રણામ કરી કાંઈ પણ બોલ્યા ચાલ્યા સિવાય ત્યાંથી ચાલ્યો ગયો.

તારિણીપ્રસાદ ઉમ્મરે થયેલા હોવા છતાં વૃદ્ધાવસ્થામાં બાળિકા વિવાહની લાલસાનો ત્યાગ કરી શકતા નહોતા તેઓ પુષ્કરિણીના ઘાટ ઉપર વારંવાર ગોપબાળાનાં દર્શન કરવાને જતા હતા. ગોપબાળાનાં દર્શન થતા જ તેમનું હૃદય અનુરાગથી પરિપૂર્ણ થઈ જતું હતું, ગોપબાળાના વિશાળ નેત્ર, લાલ અધરોષ્ઠ, વાંકી કમર તથા કાળા કેશ જોતાં તેમનું ધૈર્ય લુપ્ત થઈ જતુ હતું, એ સૌન્દર્યમયી બાળિકાનું સ્વરૂપ તેમના અંતઃકરણમાં અંકિત થઈ ગયું. તેની મૂર્તિથી મોહિત થઈ જઈ તેમણે પોતાના મન સાથે નિશ્ચય કર્યો કેઃ—" રૂપિયા જો કે મ્હારા શરીરનું લોહી છે તોપણ લોહી આપીને પણ હું એ કન્યારત્નને મેળવીશ, વળી કોઈ પણ પ્રકારે હું એ કન્યાને મ્હારા ઘરમાં લાવીશ એટલે પછી એ કંગાલ લોકો પાસેથી મ્હારા રૂપિયા હું વ્યાજ સાથે વસુલ કરી લેઈશ. મિત્ર કુટુંબની એક એક ઈંટ સુદ્ધાં ના વેચાવી દઉં તો મ્હારૂં નામ તારિણીપ્રસાદ નહિ.

કેટલાક દિવસ સુધી લેણુ દેણુ ની વાત ચાલ્યા કરી તારિણી-પ્રસાદે, બે હજાર, અઢી હજાર, તથા છેવટે ત્રણ હજાર રૂપિયા સુધી આપવાનુ સ્વીકાર્યું, પરંતુ ગોકુળચન્દ્રે કહ્યુ —" અમે ઘણા ગરીબ છીએ તારિણીપ્રસાદ અમારા ઉપર દયા નહિ કરે તો બીજુ કોણ કરશે ? "

આમ કહી તેણે મનમાં વિચાર્યું—" બુઢ્ઢાને પોતાની અવસ્થાનુ પણ જ્ઞાન નથી. થોડાજ દીવસમા તે કાળના કરાળ મુખમા પડવાનો છે. વૃદ્ધાવસ્થામા જ્યારે વરરાજા બનવાનો આતુર થઇ ગયો છે ત્યારે પછી રૂપિયા કેમ નહિ આપે? જેમ થાય તેમ ખરૂ, પરંતુ પાંચ હજાર રૂપિયાથી એક પાઇ પણ ઓછી લેનાર નથી જ્યારે બુઢ્ઢો વિવાહ કરવાને તૈયાર થયો છે પછી તો નાક ઘસીને રૂપીયા આપશે "

છેવટે તારિણીપ્રસાદે પોતાના માણસને એવુ કહ્યુ કે —"જો છેવટમા પણ ચાર હજાર રૂપિયા લેવાની તેમની ઇચ્છા ના હોય તો પછી તું સનાતનપુર ગામના અમુ મહાશયના ગૃહે જઇ તેમને ત્યા જે કન્યા છે તેની સાથેનો સબંધ નક્કી કરી આવજે તે કન્યા ઘણીજ સ્વરૂપવતી હોવા ઉપરાત દશબાર વર્ષની છે ગમે તે પ્રકારે આ મહિનામા લગ્ન સ્થળે નક્કી થઇ જવુ જ જોઇએ. "

ગોકુળચન્દ્રે વિચાર્યું કે —' તારિણીપ્રસાદ ચાર હજાર રૂપિયા સુધીની રકમ આપવા તૈયાર થયા છે. હવે તેમનુ માન રાખવાને માટે તેમની ઇચ્છાનો પણ કાંઇક સ્વીકાર કરવો જોઇએ. "

આમ વિચારી તેણે ચાર હજાર રૂપિયા લેવાનો સ્વીકાર કર્યો પરંતુ વિધિ વિવાહનું તથા બીજુ અનેક પ્રકારનુ નિમિત્ત દર્શાવી તેણે પાંચ પચાસ કરતા કરતાં બીજા પાંચસે રૂપિયા માગી લીધા. તારિણીપ્રસાદે સાડાચાર હજાર રૂપિયા નગદ ગણી

આખરે ગોકુળચંદ્રે ફક્ત પાંચસો રૂપિયામાં જ વિવાહ સંબંધીની સઘળી વ્યવસ્થા નક્કી કરી નાખી, તથા ચાર હજાર રૂપિયા તેણે પોતાના નામથી એક પ્રતિષ્ઠિત સ્થળે જમા કરાવી દીધા

પંચમ પરિચ્છેદ.

વિવાહનો ઉદ્યોગ.

તાલપુકુરમાં ચારે દિશાએ ધામધૂમ મચી રહી. સર્વ જનો તારિણીપ્રસાદના પુનર્વિવાહ સંબંધીની જ વાતચીત કરતા હતા કે કન્યા સર્વથી વિશેષ સ્વરૂપવતી છે તેને તેઓ પોતાની પ્રાણેશ્વરી બનાવશે મિત્રવંશની પ્રતિષ્ઠા વધારશે મલ્લિકવંશને ઉજ્વળ કરશે દેશભરના મનુષ્યો એકત્ર થશે દીન દુખી મનુષ્યોને ખાનપાન તથા વસ્ત્રાદિ વસ્તુઓ મળશે આવા પ્રકારની વાતચીત ઘરમાં, બજાર, ગલીમાં, રસ્તામાં અર્થાત્ સર્વ સ્થળે થવા લાગી

અદ્ભુત લોકો મલ્લિકજીના ઘરની પાસે થઇને જતી વખતે ત્યાં આગળ ઉભા રહી એક બે શુભ વાક્યો શ્રવણ કરી લેતા હતા અને પછીથી આગળ ચાલ્યા જતા હતા. સ્ત્રીઓ ઘાટ ઉપરથી પાણી લેઈ આવતી વખતે મિત્ર મહાશયના ઘરની પાસે ઘડો રાખીને એક વખત કન્યાને અવશ્ય જોઈ લેતી.

તારિણીપ્રસાદનું દિવાનખાનું સવારથી તે દ્વિપ્રહર સુધી અને દ્વિપ્રહરથી તે રાત્રિના પ્રથમ પ્રહર સુધી મનુષ્યોથી પરિપૂર્ણ

રહેતુ હતુ ત્યા કેટલાક સગાસંબંધીઓ, કેટલાક સલાહ આપનારાઓ, સમાજના પ્રધાન વ્યક્તિઓ અને ગુણવાન્ પડિતો આવીને એમના હતા રાત્રિ દિવસ ખુશામતી લોકોના સાધુવાદથી તારિણીપ્રસાદનુ દિવાનખાનુ ગુંજારવ કરી રહેતુ હતુ, તથા તારિણીપ્રસાદની પ્રશસા થવાનુ કાર્ય એક મિનિટને માટે પણ અટકતુ નહોતું સમાજના નેતાઓ કહેતા હતા કે—"આ કાર્ય તારિણીપ્રસાદે ઘણો જ વિચાર કરીને કયુ છે એમના જેવુ વિન, દૂરદર્શી મનુષ્ય અન્ય એક પણ જોવામા આવતુ નથી લક્ષ્મી અને સરસ્વતી ઉભયની એમના ઉપર કૃપા છે વિદ્યા બુદ્ધિથી તેમનુ સર્વત્ર જેટલુ સન્માન થાય છે તેટલુ કોઇ નૃપતિનુ પણ ભાગ્યે જ થતુ હશે આથી વિશેષ તેમની મોટાઇ શુ હોઇ શકે ? તાલપુખરના દીન દરિદ્રી જનો ઉપર જ્યારે કોઇ કોઇ સમયે કાઈ આપદા આવી પડે છે ત્યારે તારિણીપ્રસાદ સિવાય બીજુ કોણ તેમને સહાયતા કરે છે ? તારિણીપ્રસાદ ચિરંજીવી થાઓ, આપણા **'સમાજ'**ને કાયમ રાખો, તથા પુત્રનુ મુખ જોવા ભાગ્યશાળી બની પરમ સુખનો ઉપભોગ ભોગવો

પડિતોએ સત્યની સાક્ષી આપીને કહ્યુ.—"તારિણીપ્રસાદની બુદ્ધિ સદા સર્વદા ધર્મમા જ રહે છે તેઓ ઘણા જ ધર્મનીષ્ટ છે, આ કાર્ય પણ તેમણે યોગ્ય જ કર્યુ છે, સારૂ કુળ શોધી કાઢી, તથા સુલક્ષણ કન્યા જોઇ કાઢી તેમણે વિવાહની વાત નક્કી કરી છે શાસ્ત્રને અનુકુળ કાર્ય કરી હિદુ ધર્મની રક્ષા કરી છે, આજકાલના સમયમા વિધર્મી લોક શુ નથી કરતા ? કોઈ યુવતી કન્યાની તપાસ કર્યા કરે છે, કોઈ વિધવાની સાથે વિવાહ કરવાની ઇચ્છા રાખે છે કોઇ પોતાની જાતિની કન્યાનો ત્યાગ કરી પરજાતિની કન્યાનુ પાણી-

ગ્રહણ કરે છે રામ ! રામ ! એવા પતિત સમાજે તારિણીપ્રસાદનાં ધર્માચરણો જોઇ શિક્ષણ ગ્રહણ કરવું જોઇએ. તેમણે ફક્ત પુત્ર પ્રાપ્તિની ઇચ્છાને લીધે જ નવ વર્ષની ગોપબાળાનો સ્વીકાર કરીને આજે પોતાની જાતિનું નામ ઉજ્વળ કર્યું, તથા **'સમાજ'**ના ગૌરવમાં વૃદ્ધિ કરી '

તારિણીપ્રસાદના બંધુઓએ કહ્યું —'શા માટે તેઓ નવ વર્ષની કન્યાનો સ્વીકાર ના કરે ? હજુ તેમની એવી તે શું અવસ્થા થઇ ગઇ છે ! હજુ તો ચાળીસમું વર્ષ પણ પૂર્ણ થયું નથી આ અવસ્થા તો વિવાહ કરવાને યોગ્ય છે એમનું સુંદર મુખ તથા સુંદર શરીર જોઇને કોની આંખો તૃપ્ત ના થાય ? તેમના સ્વરૂપની સરખામણી કોઇ યુવકના સ્વરૂપ સાથે તો કરી જુઓ ? ઘણા સમય સુધી પૂર્વ જન્મમાં તપસ્યા કરી હશે તેથી જ ગોપબાળાને તારિણીપ્રસાદ જેવા પતિની પ્રાપ્તિ થાય છે ”

આ સર્વ વાતો શ્રવણ કરતા જ તારિણીપ્રસાદનું મુખ પ્રફુલ્લિત થઇ ગયું. તેમનું સમગ્ર શરીર આનંદથી પુલકિત થઇ ગયું તેઓ ફુલાઇને વારંવાર પોતાના મુખનું દર્પણમાં અવલોકન કરવા લાગ્યા કુલફ લગાવવાને લીધે તેમના સફેદ વાળ તદ્દન કાળા થઇ ગયા હતા, હવે તેમના માથામાંથી કોઇ એક વાળ પણ સફેદ કાઢી શકે તેમ નહોતું. તેઓ હજામને રોજ બમણા પૈસા આપીને હજામત કરાવતા હતા આથી કરીને એવું જ માલૂમ પડતું હતું કે, જાણે હજુ સુધી દાઢી મુછ ઉગ્યાં જ નથી !

સોની હમેશાં બે ત્રણ વખત તારિણીપ્રસાદને ત્યાં આંટા મારતો હતો, જૂનાં ઘરેણાંઓને ભાંગી નાંખીને તેનાં નવાં ઘરેણાં બના-

વવાની તેને આજ્ઞા કરવામા આવી છે એ નવા વરેણાથી વૃદ્ધ તારિણીપ્રસાદ નવવધૂનુ અંગ વિભુષિત કરશે જ્યારે આ વાત તે વૃદ્ધના મનમા આવે છે ત્યારે વૃદ્ધનુ હૃદય આનન્દથી નાચવા લાગે છે ખરેખર, વૃદ્ધ તારિણીપ્રસાદ પ્રેમથી ગાડા બની ગયા છે !

આજે તારિણીપ્રસાદને ત્યા લોકોની ઘણી ભીંડ થયેલી છે સગા વ્હાલાથી કોઈ પણ જગ્યા ખાલી રહી નથી નોકર ચાકર લાલ કપડા પહેરી દોડાદોડ કરી રહ્યા છે બજારમાંથી ગાડા ભરીને શાક ભાજી મગાવવામા આવે છે વર્દ્ધમાનથી જાત જાતની મીઠાઈઓ મગાવવામાં આવે છે કલકત્તાથી ફળ તથા મેવા મગાવવામા આવે-છે. ઘરની અંદર આવા પ્રકારની ચીજોના સંગ્રહ કરવામા આવે છે આગણામા રાત્રિ દિવસ વાજા વાગ્યા કરે છે, અને તમાશા કરનારાઓની ભીંડ ભાગ્યે જ ઓછી થાય છે સમગ્ર ગામમા આનન્દાનન્દ દેખાય છે

બિન્દુ તથા સુધાએ એક બીજીને ગળે વળગીને ઘણુ રુદન કર્યુ એક દિવસે સંધ્યા સમયે બિન્દુ છુપાતી છુપાતી કાકીને ત્યા ગઈ તથા પોતાની કાકીને મૃત્યુશય્યા ઉપર સુતેલી જોઈ ને પોતાના હૃદયાવેગને રોકી શકી નહિ આમ છતા આજે આનન્દનો દિવસ છે સર્વ લોક આનંદમા નિમગ્ન છે, દુખિનીનુ રુદન કોણ સાંભળે તેમ છે ? કોણ તેના તરફ નજર સુદ્ધા કરે તેમ છે ? ઘણા જોરથી ઢોલ વાગે છે ! દારૂખાનુ કાડવામા બિલકુલ કચાશ રાખવામા આવતી નથી ! ખુબ હસાય છે ! ખુબ કુદાય છે ! આજે મહા આનંદનો દિવસ છે ! આજે મહા માન્યવર '**સમાજ**'ના નેતા તારિણીપ્રસાદનો શુભવિવાહ થનાર છે !

બીજી બાજુ કન્યાના ઘરમા પણ લોકોની અપાર ભીડ થઇ ગઇ છે મિત્રવંશ પૂર્વે ગામના મ્હોટા લોકમા ગણાતો હતો તાલપુખુરમાં તથા તેની આસપાસનાં ગામોમા તેમના સગા વ્હાલાનો બિલકુલ અભાવ નહોતો. બંધુ બાંધવોની ખોટ નહોતી, પરંતુ સંધ્યા થઈ જવાથી જે પ્રમાણે પક્ષિઓ પોત પોતાના માળામા છુપાઈ જાય છે તે જ પ્રમાણે મિત્રવંશમાં દરિદ્રતા તથા દુરવસ્થાએ પ્રવેશ કરવાથી–મિત્રવંશની અવનતિ થવાથી–બંધુ બાંધવો પોતપોતાના ઘરમા જઈને છુપાઈ ગયા. સગાવ્હાલાઓ સ્નેહ સંબંધનો ત્યાગ કરી મિત્રવંશને વિસ્મૃત કરી બેઠા, પરંતુ પુન સૂર્યનો ઉદય થવાથી જે પ્રમાણે પક્ષિઓ અતિ આનંદથી કલરવ કરતા આકાશને ઢાંકી દે છે તે જ પ્રમાણે મિત્રવંશની પુનઃ ઉન્નતિ થયેલી નજરે જોવામા આવતા સર્વે સગા વ્હાલાઓ તથા બંધુ બાંધવોએ ચારે દિશાએથી આવીને ગોપબાળાની માતાના જીર્ણ ઘરને ઢાંકી દીધુ.

ચારૂની માતા સંબંધમા ગોપ બાળાની માશી થતી હતી મહા ધનવાનને ત્યા તેનો સંબંધ સાધવામા આવ્યો હતો તેના સ્થૂળ શરીર ઉપર સોના તથા ચાંદીના બોજો લાદવામા આવ્યો હતો. તેના મુખ ઉપર પ્રસન્નતા પ્રકાશી રહી હતી આટલા બધા દિવસ પછી આજે તેને ભગિનીનુ ઘર યાદ આવ્યુ છે. તે પાલખીમાં બેસી ભગિનિને ત્યા આવી છે ઘરની અંદર પ્રવેશ કરીને હસતા હસતા તે બોલીઃ–" બ્હેન ! મ્હારે મન તો જેવો ચારૂચંદ્ર છે તેવી જ મ્હારી ગોપબાળા છે. અત્યાર સુધી ઘણુંય કર્યુ, પરંતુ ગોપીને જોવાનો પ્રસંગ પ્રાપ્ત થયો નહિ. હરહમેશા હુ અહિ આવવાને આકુળ વ્યાકુળ રહેતી હતી, પરંતુ મ્હારા ઘરમાં કામનુ પ્રમાણ એટલુ બધુ

છે કે તેનો સુમાર જ નથી. આજે હું ઘરના સકળ કાર્યોનો ત્યાગ કરી ગોપબાળાને જોવા આવી છું ભગવાન્ તેને દીર્ઘાયુષી કરો. તે શ્વસુરપક્ષમા ગૃહલક્ષ્મી થઇને રહો ત્વરાથી તેને પુત્ર રત્નની પ્રાપ્તિ થાઓ મત્રિકઇને ત્યા મારૂ વારવાર જવુ આવવુ થાય છે. તેથી હુ તેની સભાળ પણ લેતી રહીશ હુ એની સભાળ નહિ રાખુ તો બીજુ કોણ રાખશે? મા અને મારી બન્નેની સગાઈ સરખી જ છે અને જ્યારે મા આગર મારી પુત્રીની ખબર અતર પ્રતિ ધ્યાન નહિ આપે તો બીજુ કોણ આપશે? '

હરિની માતા સબધમા ગોપબાળાની ફોઈ થતી હતી તેનો વિવાહ એક સામાન્ય ગૃહસ્થના વગ્મા થયો હતો તે શરીરે દુર્બળ હતી તેનો સ્વભાવ ઘણો એકલપેટો હતો પોતાના ભાઇનુ મૃત્યુ થઇ ગયા પછી તે કદાપિ ભત્રીજીને ત્યા આવી નહોતી, તો પણ ગોપબાળાની માતાએ અન્ન વસ્ત્રના કષ્ટથી એક પ્રસગે અતિ દુખી થઈ જવાથી તેની પાસેથી પાચ રૂપિયા ઉછીના લીધા હતા આ રૂપિયા તેણે વ્યાજ સાથે પાછા કટાવ્યા હતા આજે એ જ ફોઇના રૂવે રૂવેથી સ્નેહ ટપકી પડતો હતો તે અતિ ઉત્સાહથી ગોપબાળાની વેણી બાધી રહી છે આભુષણ અલકારો પહેરાવી રહી છે તથા બીજા પણ અનેક કાર્યો કરી રહી છે. તેણે કહ્યુ — " જો હુ તમારૂ કામ નહિ કરૂ તો બીજુ કોણ કરશે? અરેરે! જો આજે મ્હારા ભાઇ હયાત હોત તો તેમને કેટલો બધો આનદ થાત? તેઓ જ્યારે કોઈ પણ કાર્ય કરવા તૈયાર થતા ત્યારે મ્હને બોલાવતા તથા મ્હારી સલાહ લેતા હતા મ્હારી સલાહ સિવાય તેમનું એક પણ કાર્ય થતું નહિ. ભાઇ જેવા ધર્માત્મા હતા તેવી જ ગોપબાળા

પણ ધર્માત્મા થઈ. ગોપી જેવી ભોળી છોકરી કોઇક જ જોવામાં આવે છે એનો વિવાહ મ્હોટે ઘેર નહિ થાય તો બીજે ક્યાં થશે ? જો પુત્રી જીવતી રહેશે તો તેને કોઇ પણ પ્રકારનુ દુ ખ પડશે નહિ જાત જાતના અલકારો પહેરશે, પાલખીમા બેસીને હરશે ફરશે ભગવાન્ તેના સુખમા દિન પ્રતિદિન વૃદ્ધિ કરશે સ્ત્રીઓને આથી વધારે બીજુ કયુ સુખ હોઈ શકે ? પુત્રી ગોપબાળાને સુખી જોઈને આપણે સર્વે સુખી થઇશુ.

શ્યામની માતા ગોપબાળાની કાકી થતી હતી તેના પિતાની સાથે ગોપબાળાના પિતાને જમીન સબધી ઘણા દિવસથી ટટો ચાલતો હતો શ્યામની માતાએ ગોપબાળાના પિતાના પરલોકવાસ પછીથી એ ટટાનુ બરોબર વેર લીધુ ફરિયાદ કરી તેણે ગોપબાળાની માતા સોદામિનીના ઘરની પ્રત્યેક્ વસ્તુને હરરાજ કરાવી દીધી તે પોતાનાં બાળકોના હાથમા મિઠાઇ આપી વારવાર કહેતી કે –' ગોપીને બતાવતા બતાવતા ખાજો."

સોદામિની ઘણી જ ધૈર્યશીલા હતી તે શ્યામની માતાનો સઘળો અત્યાચાર શાતિથી સહન કરી લેતી, તથા પોતાના દુર્દૈવ ઉપર રૂદન કરતી હતી.

જ્યારે સૌદામિનીના સુખ સૂર્યને ઉદય થયેલો જોવામા આવ્યો ત્યારે શ્યામની માતા દુશ્મનાવટને ભૂલી જઇ પુનઃ તે સૌદામિની ઉપર મોહ માયા રાખવા લાગી. તેણે ત્યાં આગળ આવીને કહ્યુઃ— "બ્હેન ! પૂર્વની વાત કાંઈ ઓછી જ ભૂલી શકાય તેમ છે ? તમારો અને મ્હારો વિવાહ એક જ વર્ષે થયો હતો. હું તથા તમે સગી બ્હેનોની માફક રહેતાં હતાં અહા ! તે વખતની શુ વાત કરવી !

મ્હારૂં તથા તમારૂં મન એક હતું. પ્રાણ પણ એક જ હતો જે સમયે ગોકુળચંદ્ર ગર્ભાવસ્થામાં હતો તે જ સમયે મ્હારા શ્યામલાલનો જન્મ થયો. મ્હારી આગળ જેવો શ્યામ તેવો જ ગોકુળ હું બન્નેને સમાન જ ગણુંછું ભગવાન્ ગોકુળને ચિરંજીવી કરે. તે ભણી-ગણીને ઘણો ચતુર થઈ ગયો છે ચાર પૈસાની પ્રાપ્તિ કરતા પણ શીખ્યો છે એ મિત્ર વંશના નામને અમર કરશે એવી મ્હારી ખાત્રી છે. બ્હેન ગોપીનો મ્હોટે ઘેર વિવાહ થાય છે તે ધનવાન્ તથા પ્રતિષ્ઠાવાન્ પુરૂષની ગૃહિણી થશે. તેને કાંઇ પણ પ્રકારનું કષ્ટ પડશે નહિ. તેને સુખી જોઈ મ્હારો આત્મા પણ શીતળ થશે "

આવા પ્રકારના સગા સબધીઓનાં વચનોથી, આશીર્વાદથી અને મંગળ કામનાથી ગોપબાળાની માતા ઘણી પ્રસન્ન થઈ બન્ધુ-બાંધવોથી તેનું ઘર ભરાઇ ગયું કેટલાક લોકોએ તો વગર આમંત્રણે પધારવાની કૃપા કરી ! અત્યારે એ સગા વ્હાલા જેટલી કૃપા દર્શાવતા હતા એ કૃપાનો ચોથો ભાગ પણ જો તેમણે પૂર્વે દર્શાવ્યો હોત તો સૌદામિનીને અન્ન વસ્ત્રાદિને માટે ગુમા અને સિંદુને ઘેર જઇને પ્રાર્થના કરવી પડત નહિં ગોપબાળા પોતાની માતા કરતા વિશેષ ચતુર હતી તેની બુદ્ધિ તેના પિતાના જેવી હતી તે વૃદ્ધા સ્ત્રીઓ સમક્ષ કાંઈ બોલતી નહિ ઉપરોક્ત વૃદ્ધા સ્ત્રીઓના વચનોથી, માયાથી અને મમતાથી તેની આંખો ભરાઈ આવતી હતી દિવસે તે પુષ્કરિણીના ઘાટ ઉપર ફરવા ગઇ હતી કે જ્યાં તે પોતાની સખી સાહેલીઓની પાસે ઘણું જ હસી પડી. સખીઓએ પૂછ્યું:—" કેમ રે ! મ્હોટા ઘરમાં વિવાહ થવાનો છે તેથી આટલા બધા આનંદમા દેખાય છે કે ? આનંદનુ હસવું રોકી શકાતું નથી કે ? "

ગોપબાળાએ ઉત્તર આપ્યો —" ના સખીઓ, હું એટલા માટે નથી હસતી.

સખીઓએ પ્રશ્ન કર્યો –' તો પછી શા માટે ' ખડખડ ' હસે છે ? સ્પષ્ટ કેમ નથી કહેતી ? "

ગોપબાળા બોલી —" ઠીક કહું છું ત્યારે સાંભળો–આજે મ્હારાં માશી, ફોઇ, કાકી વગેરે આવ્યા છે તેમનો મ્હારા પ્રત્યેનો અપૂર્વ પ્રેમ જોઈને હું હસુ છું."

સખી—" એમા હસવા જેવુ શુ છે ? તુ અમને બધીઓને હિડાવે છે કેમ ? ।"

ગોપી—" ના, ના, માશી, ફોઇ કાકી વગેરેનો પ્રેમ જોઇ મ્હને એક જૂની વાત યાદ આવી છે, તેથી જ હુ એકાએક હસી પડી એ વાત હુ તમને કહુ છુ, સાભળો: —

"એક ગામમા બે ભાઇ રહેતા હતા મ્હોટો ભાઇ શ્રીમત હતો ત્યારે ન્હાનો ગરીબ હતો. આથી કરીને મ્હોટા ભાઇની સ્ત્રીના વ-ર્તણુક શ્રીમતાઇથી ભરેલી હતી ને ગરીબ દેરાણીને બોલાવતી ન-હોતી તથા તેને કોઇ પણ વાત પુછતી નહોતી. એક બીજીની મુલા-કાત થતા ને પોતાની આખો ઉચી કરીને તેના મ્હામુ જોતી પણ નહિ તેનો ગરીબ દિયર અતિ દુખમા પોતાનો સમય વ્યતીત ક-રતો હતો, તથા પોતાનાં બાળ બચ્ચાને દુખી જોઇને રાત્રિ દિવસ રુદન કર્યા કરતો હતો. જ્યારે તેનાથી બાળ બચ્ચાની દુઃખજનક સ્થિતિનુ દર્શન કરી શકાયુ નહિ ત્યારે તે સ્વગૃહનો ત્યાગ કરી નોકરીની શોધમા ચાલી નીકળ્યો.

"કોઈ એક શહેરમા જઈ નોકરી ધધો કરીને તેણે પુષ્કળ દોલત પ્રાપ્ત કરી સાત વર્ષ પછી પુન તેણે સ્વગૃહે આવીને એક પાકુ ઘર બધાવ્યુ, એક સુદર તળાવ ખોદાવ્યુ, તથા થોડી ઘણી જમીન ખરીદ કરી થોડા જ દિવસોમા તે શ્રીમત બની ગયો, તથા પોતાના બાળ બચ્ચાની સાથે સુખમા રહેવા લાગ્યો

"તેમની દશાને ઉન્નત થયેલી જોઇને જેઠાણીએ પોતાની દેરાણીને બોલાવી મગાવવા માટે પાલખી મોકલી જ્યારે દેરાણી જેઠાણીને ત્યા ગઈ ત્યારે જેઠાણીએ તેને દૃઢ આલિગન કર્યું બેસવાને માટે એક ઉત્તમ આસન આપ્યુ એક દાસીએ આવીને તેના પગ ધોયા જ્યારે દેરાણીએ પોતાના હાથ તથા મુખને ધોયું ત્યારે જેઠાણીએ જાતે ચાદીની થાળી તથા વાડકીમા ઉત્તમ પ્રકારનુ સ્વાદિષ્ટ ભોજન તેની આગળ લાવીને મૂક્યુ સુવાસિત જળથી ભરેલા ચાદીના લોટા અને પ્યાલો તેની આગળ મૂક્યા

"દેરાણી ભોજનની સઘળી સામગ્રીના ચાર ભાગ કરીને હાથ મુખ ધોઈ આસન ઉપરથી ઉઠી દૂર જઈને બેઠી"

જેઠાણીએ પ્રશ્ન કર્યો—"આ શુ? તમે કેમ કાઈ ખાધુ નહિ? વળી આ ચાર ભાગ શા માટે કર્યા?"

દેરાણીએ કહ્યું—'બહેન! જેને માટે તમે ભોજનની સામગ્રી પીરસી લાવ્યા છો, તે ચારે જણના ભાગ મ્હે બરોબર કરી નાખ્યા છે આ ભોજન કાઈ તમે મ્હારે એકલીને માટે નથી લાવ્યા'"

જેઠાણીએ આશ્ચર્યથી પ્રશ્ન કર્યો—'તમારે માટે નહિં તો પછી બીજા કોને માટે લાવી હતી?"

દેરાણીએ હાવકુ મ્હો રાખી ઉત્તર આપ્યો—"આ એક ભાગ મ્હારા નવા મકાનને માટે, એક ભાગ મ્હારા ધનને માટે, એક ભાગ મ્હારી જમીનને માટે અને એક ભાગ મ્હારા સુખના સાથીઓને માટે લાવ્યા હતાં તમે એ સર્વેને જોઈને જ આજે આ સ્વાદિષ્ટ ખાદ્ય પદાર્થો તૈયાર કરાવ્યા છે, તો પછી એ સર્વેને આ ચાર ભાગ વહેંચી આપો. જો તમારી ઇચ્છા મ્હને જ ખવડાવવાની હતી તો પછી જ્યારે હુ મારી ગરીબાઇ વખતે એક એક દાણાને માટે વલખા મારતી હતી, મ્હારાં બાળબચ્ચા ક્ષુધાની વેદનાથી આકુળ વ્યાકુળ બની જતાં હતા ત્યારે તમે એક પણ દિવસે મ્હને તથા મ્હારા બાળકોને શા માટે ના ખવડાવ્યુ ?"

આટલે સુધી કહીને ગોપબાળા પુન ખડખડ હસવા લાગી

સૂર્યાસ્ત થયો, દીપકો સળગી ઉઠયા, મંગળવાદ્યોના ધ્વનિથી ગગન ગાજી ઉઠવા લાગ્યુ વૃદ્ધા સ્ત્રીઓના આગમનથી આગણુ ભરાઇ ગયુ યુવતી સ્ત્રીઓ એક બાજુએ એકત્ર થઇ હાસ પરિહાસની વાતો કરવા લાગી આજે ગોપબાળાના ઘરમા અપૂર્વ શોભા જણાય છે. કન્યાનો વડિલ ભ્રાતા ગોકુલચન્દ્ર બહાર મંડપની તૈયારી કરી રહ્યો છે. એક વિશાળ મડપ ઉભો કરવામા આવ્યો છે ગાલીચા બિછાવવામા આવેલા છે દીપકોથી સર્વત્ર પ્રકાશ પ્રકાશી રહ્યો છે ગોકુળચન્દ્ર એક મુખ્ય પુરૂષની પ્રમાણે સકળ પ્રકારો પ્રતિ લક્ષ્ય આપે છે. વિવાહ મડપની અન્દર વિવાહની સર્વ સામગ્રી એકઠી કરવામા આવી છે કોઇ ગોપબાળાને વિવાહ સમયના વસ્ત્રોથી વિભુષિત કરે છે તો કોઇ તેને અલકારો પહેરાવી અલકૃત કરે છે. કુમારિકા ગભીર મુખે અવનત મસ્તકે બેઠી છે. તેનું હૃદય ભાવિ સુખની કલ્પનાઓથી આનન્દસાગરમા સ્નાન કરી રહ્યુ છે.

ષષ્ઠ પરિચ્છેદ.

શુભ-વિવાહ !

તારિણીપ્રસાદ માથા ઉપર ખુપ નાખી પોતાના વિશાળ હૃષ્ટ-પુષ્ટ દેહને લીધે હિમાલય પર્વતની પ્રમાણે સ્થિરતા ધારણ કરી વિવાહ મંડપમાં બેઠા છે. પત્થરના કાયલા કરતા પણ અધિક રૂપાળા તેમના દેહ ઉપર લાલ જામો અપૂર્વ શોભા આપી રહ્યો છે. ક્યાં ગયા કવિવર કાળીદાસ! એ જ આવીને આ અદ્‌ભુત રૂપનું વર્ણન કરે, અમે આ વર્ણન કરવા માટે અસમર્થ છીએ.

ગૃહની અંદર લોકોની અતિશય મેદની થઈ રહી છે. ગામમાંના કેટલાક લોકો આમંત્રણ પર તો કેટલાક વિના આમ-આમંત્રણે પધારી મંડપની શોભામાં વૃદ્ધિ કરી રહ્યા છે. કાયસ્થ જાતિનું ભાગ્યે એક પણ મનુષ્ય ગેરહાજર રહ્યું હશે. ગૃહની અંદર ઘણી ભીડ સ્ત્રીઓની છે. તેમનાં મંગળગાનોથી તથા હાસ્ય-ધ્વનિથી ગૃહ આનંદમય થઈ ગયું છે.

એક નવયુવતી પોતાની પાસે બેઠેલી સખીને કુણી મારીને કહી રહી છે કે—'સખી! અહિં આવ જો, પેલા કોણ વરરાજા છે કે? ઓ બાપ, એ તો કોઈ કાળાપહાડ જેવો જણાય છે ને!"

બીજી સખી બોલી:—'ચુપ રહે, વિવાહની રાત્રે વરરાજાને આવું બોલાય કે? એ શું દેખાવમાં ખરાબ છે? ફક્ત રંગ કાળો છે તેથી શું થઈ ગયું?"

પ્રથમ સખીએ હસતા હસતા કહ્યુ:—"હુ એટલા રંગ માટે ક્યા કહુ છુ? જોને તેના બન્ને ગાલો સુકાઇ ગયેલા રીંગણાના જેવા ફિક્કા અને પીળા પડી ગયા છે."

બીજી સખીએ કહ્યુ—"ત્હારાથી દૂર બેઠે બેઠે બરોબર જોઈ શકાતુ નથી. જો ગોપબાળાના સાંભળવામા ત્હારા વચનો આવશે તો તે ગુસ્સે ભરાશે તુ જાણતી નથી. આવુ ભવ્ય શરીર જોઇને આપણી ગોપબાળા સર્વ ભૂલી જશે, અને આ રૂપ રૂપના ટુકડા ઉપર મુગ્ધ બની જશે!"

પ્રથમ સખીઃ—"બ્હેન! તુ શુ કહે છે? તને સૂઝતુ નથી? વરરાજાના પગમા હાડકા સિવાય બીજુ કાંઈ દેખાતું નથી. પેટ માટલાની માફક ઉચુ થયુ તેથી શુ બળવાન્ છે એમ કહેવાય કે? આ ઘરડા ડચરાને આવી જરાવસ્થામા તે વિવાહ કરવાનુ ક્યા સૂઝ્યુ! હવે તો તેણે મ્યુનિસિપાલિટીની ગટરમા તણાઈ જવુ જોઇએ. એને શરમ પણ નથી આવતી?!"

બીજી સખી—"થોડા જ દિવસમા તને માલૂમ પડશે કે, હાલ તુ જેની નિંદા કરે છે તે જ ઘરડા બુઢ્ઢાની ગોપબાળા તન મનથી સેવા કરશે, તેના ચરણો ચાપશે, પવન નાખશે અને અનેક પ્રકારની શુશ્રૂષાથી પોતાના જીવનને સાર્થક કરશે."

પ્રથમ સખી.—"એમ કદાપિ બનશે નહિ. હુ ગોપબાળાને સારી રીતે પિછાનુ છુ. તે આ પરલોકમા પહોચી જવાને માટે તૈયાર થઇ રહેલા ડચરાને પોતાની હથેળીમાં રમાડશે. જો કે ગોપબાળા બહારથી ઘણી સાદી અને ભોળી માલૂમ પડે છે, પરંતુ તેનું હૃદય છુરી જેવું છે કે જે દેખીતું સુંદર પણ પ્રાણઘાતક છે."

એટલામા વરરાજા ઉઠીને ઉભા થયા ધારો કે જાણે લોઢાનો પહાડ જ ઉભો થયો. સ્ત્રીઓ વિવાહ સમયનો વ્યવહાર કરવા લાગી આ સમયનુ વર્ણન અમારા કરતા પણ એ સ્ત્રીઓ વધારે સારૂં જાણે છે વરરાજાની ચારે બાજુએ તેઓ એકઠી થઈ ગઇ તથા તેમની સાથે હાસ પરિહાસની વાતો કરવા લાગી, તે સાથે અટક્યાળા કરવાનુ પણ ચુકતી નહિ

થોડા સમય પછી વિવાહના બીજા પણ રીત રીવાજો થવા લાગ્યા. તારિણીપ્રસાદનુ હૃદય આનદથી નૃત્ય કરવા લાગ્યુ જ્યારે એવો પ્રશ્ન પૂછવામા આવ્યો કે વર અને કન્યામાથી અધિક સ્વરૂપ-વાન્ કોણ? ત્યારે ગોપબાળાની પક્ષવાળા મનુષ્યોએ સ્વીકાર્યુ કે વરરાજા જ સાક્ષાત્ ચદ્ર સમાન સ્વરૂપવાન્ છે સમય સમીપ આવી પહોચતા વર કન્યા સાથે બેઠા પુરોહિત મત્રોચ્ચાર કરવા લાગ્યો તારિણીપ્રસાદની મ્હોટી હથેળી ઉપર જ્યારે કન્યાનો અતિ કોમળ અને સુદર હસ્ત સ્થાપિત કરીને મત્રોચ્ચારથી કન્યાદાનની વિધિ થવા લાગી ત્યારે તારિણીપ્રસાદનુ સમગ્ર શરીર કટકિત થઈ ગયુ. એ સમયે વધૂનુ મનહર મુખમડળ, મોતીઓની માળાથી સુશોભિત થઈ રહેલો તેનો વક્ષપ્રદેશ તથા તાબુલથી આકર્ષક થઇ પડેલા અધર એ સર્વેનુ દર્શન કરતા કરતા વૃદ્ધના હોશ ઉડી ગયા.

વિવાહ થઈ ગયા પછી થોડા જ સમયે સકળ સ્ત્રીઓ તારિણીપ્રસાદને અદર લેઈ ગઇ તાલપુખુરની રમણિઓને અત્યાર સુધીમા વરરાજાના વેષમા આવા વૃદ્ધ વરને જોવાનો પ્રસગ પ્રાપ્ત થયો નહોતો. આવી કરીને આજે સ્ત્રીઓની સખ્યાની ગણના થઇ શકે તેમ નથી.

રસિક તારિણીપ્રસાદે એક વખત પોતાની દૃષ્ટિ ઉચી કરી

ચારે તરફ નજર ફેરવી તો મેકડો યુવતીઓ આશ્ચર્યથી પોતાનું દર્શન કરતી હોય એમ તેમને માલૂમ પડયુ

કૌતુકાગારના રંગ રહસ્યનુ વર્ણન અમે શુ કરી શકીએ ? તે સબંધી અમે તદ્દન અજ્ઞાત્ છીએ એ રહસ્યનુ વર્ણન તો રસિક સુન્દરીઓ જ સારી રીતે જાણે છે હે સુન્દરીઓ ! તમે જ વરકન્યાના પરસ્પર મિલનની સઘળી હકિકત સારી રીતે જાણો છો તમને જે ઉચિત લાગે તે કરો ગોવર્દ્ધન પર્વતના જેવા કોમળ શરીરવાળા તારિણીપ્રસાદના ખોળાના મેના પક્ષી જેવી ન્હાની કોમળ ગોપબાળાને બેસાડો અમે રજા લઇએ છીએ !

સપ્તમ પરિચ્છેદ.

દંપતિ પ્રેમ!

સુખ-સમની પ્રમાણે તારિણીપ્રસાદની રજાઓ પૂર્ણ થઇ ગઇ. તે પુનઃ મહામુરશીબને પોતાનુ કાર્ય સભાળવાને વર્દ્ધમાન ચાલ્યા ગયા. વચ્ચે વચ્ચે કેટલીક વખતે તેઓ ગામ ઉપર આવી નવવધૂના દર્શન કરી પોતાના નેત્રોને તૃપ્ત કરતા હતા, તથા પોતાના જીવનને સાર્થક થયુ સમજતા હતા

આ પ્રમાણે ત્રણ ચાર વર્ષ વીતી ગયા. હવે તારિણીપ્રસાદથી કચેરીનુ કામ બરોબર કરી શકાતું નથી. વૃદ્ધાવસ્થા આવી જવાના કારણથી તેમનું શરીર દુર્બળ થઇ ગયુ, મન નિસ્તેજ થઇ ગયું.

તેમના પ્રત્યેક કાર્યમા અનેક ભૂલો થઇ જવા લાગી તેમના ઉપરી તેમની ભૂલોને લીધે વારવાર કહ્યા કરતા હતા કે–" તારિણીપ્રસાદ ! હવે તો તમારી ઉમર પચાસ વર્ષ સુધીની થઇ જવા આવી છે, માટે પેન્શન લેઇ લેવુ એ જ તમારે માટે વધારે યોગ્ય છે "

કેટલાક આજુબાજુના નોકરો તો પોતપોતાનામા એવી વાત કરતા હતા કે–" તારિણીપ્રસાદનુ મન તો નવી લગ્નામા લાગી રહ્યુ છે, એટલે પછી તેઓ કેવી રીતે બરોબર ધ્યાન આપીને કામ કરી શકે ? "

તારિણીપ્રસાદ નોકરીની આવકનો લોભ છોડી શક્યા નહિ અનેક પ્રકારની નિંદા સહન કરીને તેમણે બીજુ એક વર્ષ કાઢી નાખ્યુ. છેવટે નિરૂપાયે પેન્શન લેઈ તેઓ ઘેર આવીને બેઠા આ સમયે ગોપબાળાની ઉમર ચૌદ વર્ષની હતી તેના અગ પ્રત્યગમા નવી યુવાનીનો બહાર શોભી રહ્યો હતો રોમ રોમથી યૌવનનો મદ ઝરી પડતો હતો તેના સ્વરૂપથી સમગ્ર ઘર દેદીપ્યમાન થઈ ગયુ હતુ સુવર્ણના અલકારોથી તેનુ સર્વાંગ સુવર્ણમય બની ગયુ હતુ આસમાની રગની સાડી પહેરીને તે રૂપસુદરી ઘરમા બેઠી હતી તેને જોઈ રૂપના પ્યાસી તારિણીપ્રસાદે પોતાના મનમા વિચાર્યુ કે–" નોકરી ગઈ ચુલામા હવે હુ આ નવી અગનાના સહવાસમા રહીને મ્હારા અવશેષ રહેલા જીવનને સાર્થક કરીશ "

નવવધૂએ વિચાર્યુ કે—' ઠીક થયુ કે આ ડચરો ઘેર આવીને બેઠા હવે હુ તેને જે પ્રમાણે કહીશ તે પ્રમાણે તે કરશે તેને હવે હુ મ્હારી હથેળીમા નચાવીશ, એટલુ જ નહિ પરતુ તેના નાકમા નાથ બાધી તેને ઘાચીના બળદની માફક ફેરવીશ હવે આ ડચરો મ્હારા હાથમાંથી ક્યાં જવાનો છે ? "

ઉમાની માતાને રોગ થયેલો હોવાથી તે ઘરના કોઇ પણ પ્રકારના કામકાજ પ્રતિ લક્ષ્ય આપી શકતી નહોતી. બન્ને સમય રૂચી પ્રમાણે ભોજન કરતી હતી, તથા પોતાના ઓરડામાં શય્યા ઉપર પડી રહેતી હતી બિંદુ ખાસ કરીને દરરોજ એક વખત પોતાની નાકીની સ્થિતિ જોવાને આવતી હતી આ પ્રકાર નવવધૂ ગોપબાળાને બિલકુલ પસંદ નહોતો તે બિંદુને આવતી જોતા જ પોતાનુ મુખ બીજી દિશા પ્રતિ ફેરવી નાખતી હતી તથા અન્ય જનોને કહેતી કે–"તે જ્ઞાતિ બહાર થઇ ગઇ છે એના આચાર વ્યવહાર બદલાઇ ગયા છે તે જો વારંવાર અહિં આવજા કરશે તો તેથી "**સમાજ**"મા આપણી નિંદા થશે"

જે દરિદ્ર બાળિકા થોડા દિવસ પૂર્વે અન્નવસ્ત્રાદિના અભાવથી થોડી ઘણી પ્રાપ્તિ થવાની આશાથી બિંદુને ત્યા જતી આવતી હતી જે એક દિવસે એક એક દાણાને માટે તલસતી હતી તે હમણાં મોટા ઘરની લક્ષ્મી થઇ બેઠી છે સબંધમા પણ તે બિંદુ કરતા વધી પડી છે ગોપબાળાના આવા અભિમાનસૂચક વચનો પોતાના શ્રવણે આવી પડતા બિંદુ મનમા ને મનમા ગણું હસી તેણે કાકીને ત્યા જવા આવવાનુ છોડી દીધુ જ્યારે તેની કાકી ખાસ તેને બોલાવવાને માટે કોઇ સમયે માણસ મોકલતી હતી ત્યારે જ તે તેમની પાસે જતી હતી.

ઉમાની માતાની સેવામા એક જૂની દાસી હતી આ દાસી રાત્રિ દિવસ પોતાની શેઠાણીની સેવા શુશ્રુષા કર્યા કરતી હતી પોતાની શોક્ય ઉપર એ દાસીની આટલી બધી ભક્તિ જોઇને નવવધૂ ગોપબાળાના ગુસ્સાની સીમા રહી નહિ. તેણે ક્રોધકંપિત શરીરે રક્તવર્ણ નયનો કરી સ્વામી પાસે જઇને રૂદન કરતા કરતા કહ્યુ–

"મ્હારાથી હવે આપના ઘરનું કામ કરી શકાશે નહિ. કામ કરતાં કરતાં મ્હારાં હાડકાં પણ સુકાઇ ગયાં. તમારી પટ્ટરાણી આખો દિવસ અને રાત પથારીમાં પડી રહે છે. સેવા ચાકરી કરાવ્યા સિવાય તેમને એક ક્ષણ પણ ચાલતું નથી, અને મ્હારે દાસીની માફક આખા ઘરનું ગદ્ધાવૈતરૂં કરવું પડે છે. તમે તમારી પટ્ટરાણીને પાસે રાખી સુખી થાઓ. એજ તમારા ઘરની સંભાળ રાખશે. હું મ્હારે પિયર જાઉં છું. વિધાતાએ જ્યારે મ્હારા ભાગ્યમાં દુઃખ ભોગવવાનું જ નિર્માણ કર્યું છે, ત્યારે પછી તમે મને કેવી રીતે સુખી કરી શકશો?"

આ વચનો શ્રવણ કરવાની સાથે જ વૃદ્ધ તારિણીપ્રસાદે તેજ દિવસે પેલી જૂની દાસીને વિદાય કરી દીધી. બિચારી ઉમાની માતાને કાંઇ જળ પાનાર પણ રહ્યું નહિ.

આડોસ પાડોસની સ્ત્રીઓ હમેશાં ઉમાની માતાની અવસ્થા જોવા આવતી હતી, પરંતુ નવી વહૂનો મિજાજ જોઈને ધીમે ધીમે તેમણે સર્વેએ આવવાનું બંધ કરી દીધું. તારિણીપ્રસાદ પોતાની મોટી વહૂને તેની દવાદારૂ માટે દરેક મહિને થોડી ઘણી રકમ આપતા હતા, પરંતુ તે માટે નવવધૂએ પ્રતિબંધ કર્યાથી તારિણીપ્રસાદે રૂપિયા આપવાનું પણ માંડી વાળ્યું.

આમ છતાં પણ તારિણીપ્રસાદ નવવધૂના મનને પોતાને સ્વાધીન કરી શક્યા નહિ. ગોપબાળા સમગ્ર રાત્રિ દિવસ પોતાનું મુખ ચ્હડાવી રાખતી હતી. કદાપિ તે પોતાના વૃદ્ધ પતિ પાસે આનંદથી બેસી વાત કરતી નહિ. યુવતી સ્ત્રીના ગર્વાસ્ત્રનો પ્રભાવ તે સારી રીતે સ્હમજતી હતી તેથી બુદ્ધિમતિ ગોપબાળાએ સુયોગ પ્રાપ્ત થતાં જ એ અસ્ત્રનો પ્રયોગ કર્યો.

એ જાણવુ કે વર્દ્ધમાનમા ઉપરી અધિકારીની તાબેદારી ઉઠાવવા કરતા તરુણી ભાર્યાની તાબેદારી ઉઠાવી તેનુ મન સાચવવાનુ કામ વિશેષ કઠિન છે. વૃદ્ધ તારિણીપ્રસાદ રાત્રિ દિવસ નવવધૂની ઈચ્છાને વશ કે આજ્ઞાને વશ, આધીન રહેતા હતા. તો પણ તેઓ પત્નીના આત્માને પ્રસન્ન કરી શકતા નહોતા. પત્નીના માનનો ભંગ થતો જ નહિ. તારિણીપ્રસાદ પોતાની નવવધૂને ખુશી કરવાને માટે હમેશા નવા નવા કપડા, નવા નવા ઘરેણા તથા અનેક પ્રકારની શૃંગાર સામગ્રી લાવી આપતા હતા, તથા પત્નીના ચરણોમા રગડાવતા હતા. પરંતુ તેઓ કમળના પરાગરૂપી પ્રસાદને પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થતા નહિ. રૂપિયા આપવામા પણ તેઓ બિલકુલ સંકોચ રાખતા નહિ. જ્યારે તારિણીપ્રસાદ પોતાની નવવધૂને રૂપિયા આપતા હતા ત્યારે તે રૂપિયા લેઈ તેને પોતાના વસ્ત્રમા છુપાવી પછીથી પોતાના મુખને બીજી દિશા તરફ ફેરવી નાખતી હતી. જ્યારે તારિણીપ્રસાદ પત્નીનુ સમાધાન કરવાનો યત્ન કરતા ત્યારે તે બોલી ઉઠતી —

તમે શા માટે વિના કારણ વ્હાલ દર્શાવો છો? મ્હારૂ નસીબ જ બગડયુ છે તેમા કોઇ શુ કરે? મ્હારા ઉપર તમારો યતકિંચિત પણ પ્રેમ નથી, તમે તો તમારી જૂની પત્નીને જ અંતઃકરણપૂર્વક ચ્હાઓ છો. તેના જ ઉપર તમારો પૂર્ણ પ્રેમ છે. હુ ગરીબની કન્યા છુ, તેથી જ મ્હારૂ આવુ અપમાન થાય છે!' આ પ્રમાણે કહીને તે મ્હોટથી રૂદન કરતી હતી.

વૃદ્ધ તારિણીપ્રસાદ પત્નીના આંસુ સાફ કરી કહેતા હતા કે—

પ્રાણેશ્વરી! તું આ શુ બોલે છે? હુ તને મ્હારા શિર ઉપર રાખીશ. તુ જેમ કહીશ તેમ કરીશ. તુ જે પ્રમાણે કહે તે સઘળુ મ્હારે કબુલ છે. હુ સોગન ખાઇને કહુ છુ કે ત્હારા સિવાય બીજી

કોઈ પણ સ્ત્રી ઉપર મ્હારો અધિક સ્નેહ નથી. પ્યારી ! હું ત્હારો ગુલામ છું. મ્હારાથી શા માટે રિસાય છે ?"

ગોપબાળા રૂદન કરતી કહેતી હતી કે—"હું અબળા સ્ત્રી છું. શું કરવાથી મ્હારૂં કલ્યાણ થશે તે કોણ જાણે ? આપણા મ્હોલ્લામાં રહેતા કૃષ્ણચંદ્રની વાત તમે જાણો જ છો વૃદ્ધાવસ્થામાં તેમણે પુનર્વિવાહ કર્યો આમ કર્યા પછી તેઓ થોડા જ દિવસોમાં પોતાની આલોકની યાત્રા પૂર્ણ કરી પરલોક પ્રતિ પ્રયાણ કરી ગયા ન્હાની વહૂને મ્હોટી વહૂના હાથમાં સોંપી ગયા. હમણાં બિચારી ન્હાની વહૂની અવસ્થા એવી છે કે, જૂની વહૂ તેને હમેશા અનેક પ્રકારની ગાળો દેછે વાતવાતમાં તે બિચારીનો તિરસ્કાર કરે છે. નવી વહૂને જ ઘરનું સકળ કામકાજ મજુરણની પેઠે કરવું પડે છે. જૂની વહુ તેને પેટ પુરતુ અન્ન પણ આપતી નથી. બિચારી વહૂના શરીરમાંથી લોહી માંસ ઉડી ગયા છે હમણાં તો તે બરોબર હાડકાંના માળા જેવી જ દેખાય છે મ્હારો જન્મ ગરીબને ત્યા થયો છે. હું જન્મથી જ દુઃખિણી છું હું ઘેર ઘેર ભીખ નહિ માગુ તો બીજું કોણ માગશે ? મ્હારૂં ભવિષ્ય જ બગડયું છે, તમારો શું દોષ ?"

તારિણીપ્રસાદ બોલતા કે—"તું વિના કારણ શા માટે આટલી બધી ચિંતા કરે છે ? ઉમાની માતાનામાં શું સત્તા છે કે, તે તને એક શબ્દ પણ કહી શકે ? તું એનો ભય શા માટે રાખે છે ?"

ગોપબાળા પૂર્વવત્ સ્વરે કહેતી કે—"તમારૂં મન સરળ છે, તેથી જ મ્હને આ પ્રમાણે કહો છો ! ઉમાની માતાને તમે કેવી રીતે ઓળખી શકો ? તે તો મ્હને જોઇ પણ શકતી નથી, તથા

જ્યારે અત્યારથી જ તે મ્હારા પ્રત્યે આવો દ્વેષ ભાવ રાખે છે તો પછી થોડા દિવસ પછી શું કરશે એની કોને ખબર ?"

આ પ્રમાણે ગોપબાળા એક વખત નહિં પરંતુ વારંવાર પોતાનું દુખ પતિને રૂદન કરતાં કરતાં નિવેદન કરતી હતી તારિણીપ્રસાદ પણ નવવધૂની ખુશામદ કરતા કરતા તથા તેના હુકમો ઉઠાવતા ઉઠાવતા થાકી જતા, પરંતુ નવવધૂનો કર્કશ સ્વભાવ દૂર થતો નહિં. તારિણીપ્રસાદનો સઘળો સમય પત્નીને મનાવવામાં જ વીતી જતો હતો, પરંતુ તે સહજમાં રાજી થાય તેમ નહોતું. છેવટે પોતાની નવવધૂની વાતચીત ઉપરથી તેઓ સ્હમજી ગયા કે, તેમની નવવધૂ ભવિષ્યને માટે કાંઈ અર્થ સચય કરવાની ઇચ્છા રાખે છે. આટલી ન્હાની ઉમરની બાળિકાના હૃદયમાં આ જ્ઞાન ક્યાંથી આવ્યું એ તેઓ સ્હમજી શક્યા નહિ. બિચારા તારિણીપ્રસાદ જાણતા નહોતા કે તેમની નવવધૂને સલાહ આપનાર દીર્ઘદર્શી પરમ ચતુર ગોકુળચંદ્ર હતો. તે વર્દ્ધમાનથી છાનો માનો પોતાની બ્હેન પાસે આવતો હતો, તથા તેને યોગ્ય સલાહ અને બોધ આપતો હતો.

યૌવનના અભિમાનમાં તણાતી નવવધૂનું અભિમાન તથા તેનાં સજળ નેત્રો જોઈ મનમાં ધૈર્ય ધરી શકે—એવા પુરૂષો સંસારમાં ઘણા થોડા જ હોય છે. તારિણીપ્રસાદનું મન ધીમે ધીમે દ્રવિત થતું ચાલ્યું. તેઓ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યાઃ—"આ જીંદગીનું શું ઠેકાણું! ન કરે નારાયણ ને હું હતો ન હતો થઇ જાઉં તો એવે પ્રસંગે મ્હારી નવવધૂ પાસે થોડી ઘણી સંપત્તિ રહે એવી વ્યવસ્થા થવી જોઇએ. હું એને મ્હારી સંપત્તિ નહિં આપું તો બીજા કોને આપીશ ? શું અંત સમયે મ્હારી સકળ સપત્તિ મ્હારા મૂર્ખ

જમાતના હાથમાં જશે? નહિ, નહિં, હુ તેમ કદાપિ થવા દઈશ નહિ. હુ મ્હારી પ્રાણપ્રિયા ગોપબાળાને માટે અવશ્ય કોઇ પણ પ્રકારની વ્યવસ્થા કરી નાખીશ યદાકદાચિત્ જો ઇશ્વરના અનુગ્રહથી મ્હારી નવવધૂને પુત્ર થશે તો મ્હારૂં સકળ ધન તેને જ મળશે છોકરાને મળે કે તેની માને મળે તે બધુ સરખુ જ છે."

આ પ્રમાણે વિચાર કરી વૃદ્ધ તારિણીપ્રસાદ વર્દ્ધમાન ગયા ત્યાં આગળ વકીલ વિગેરેની સહાય લેઇને તેમણે એક વસીઅતનામુ લખ્યુ તથા તેને રજીસ્ટર કરાવી ઘેર આવ્યા ઘેર પાછા આવતાની સાથે જ તેમણે નવવધૂના ચરણ કમળો પર પૂજા ચડાવવાની ઇચ્છાથી બાળપત્નીને હર્ષપૂર્ણ સ્વરે બોલાવીને તેના હાથમાં વસિઅતનામુ આપ્યુ અને વિચાર્યુ—"હવે તે મ્હારી ઇચ્છાને આધીન થશે, પક્ષિ પ્રેમપિંજરમા સપડાશે. આ સમયનો અન્તિમ પ્રયત્નનો તો વિફળ નહિ જ થાય. જોઉં શું હવે પણ તેના આત્મા દ્રવિત થાય છે કે નહિં ?"

વસિઅતનામુ પ્રાપ્ત થયા પછી નવવધૂએ પોતાના વૃદ્ધ પતિ એક વખત પણ ઉંચી દૃષ્ટિ કરીને જોયુ નહિ.

તારિણીપ્રસાદ બોલ્યાઃ—"વ્હાલી ! કેમ કાંઈ બોલતી નથી ? શા માટે શાંત થઇને ઉભી રહી છે ?"

ગોપબાળાએ નીચી નજર રાખી ઉત્તર આપ્યો.—"મને શુ બોલાવો છો ?"

તારિણીપ્રસાદઃ—"ત્હારા હાથમા શુ છે તે તુ જાણે છે ?"

ગોપબાળા—"ના."

તારિણીપ્રસાદ—"એ વસીયતનામું છે."

ગોપબાળા.—"જાણ્યુ એ તો !"

તારિણીપ્રસાદ.—"એ ઘણું કિંમતી છે."

ગોપબાળાઃ—"ત્યારે તો તેને તમારા જ ખિસ્સામાં રાખો !"

તારિણીપ્રસાદ—મ્હારા મૃત્યુ પશ્ચાત્ આપણો વિજયપુર તાલુકો ત્હારો થશે."

ગોપબાળાઃ—"મ્હારે તો કાંઈ તમારો તાલુકો નથી જોઈતો" આમ કહી તેણે વસીઅતનામુ વૃદ્ધ પતિની આગળ ફેંકી દીધુ.

તારિણીપ્રસાદ.—આમ કેમ? આટલી બધી ગુસ્સે શા માટે થઈ જાય છે ?"

ગોપબાળા.—"ગુસ્સે શા માટે થાઉં? જેવી રીતે તમે મને રાખો છો તે મ્હારે માટે હું યથોચિત સમજુ છું તમે આ પ્રમાણે ઉપરનું વ્હાલ દર્શાવી શા માટે મ્હારો આત્મા બાળો છો ? હું વસીઅતનામાની ભૂખી નથી."

તારિણીપ્રસાદ અવાક્ બની ગયા. નવવધુ આંખો સાફ કરવા લાગી વૃદ્ધ પતિએ વસીઅતનામુ ઉપાડી લેઇ બળપૂર્વક નવવધૂના હાથમા મૂક્યુ. નવવધૂએ એ વસીઅતનામાના હજારો ટુકડા કરી નાખી તેને પોતાના પગની ઝાપટથી ઉડાવી દીધા, તથા ક્રોધાવિર્ભાવમાં ઇચ્છાનુસાર વાક્યોનો મંદ મંદ ઉચ્ચાર કરતી ત્યાંથી ચાલી ગઈ.

રાત્રે ગોપબાળાએ કાંઈ ખાધુ નહિં તે પોતાના શયનાલયનાં દ્વાર બંધ કરીને સૂઈ રહી. તારિણીપ્રસાદના હૃદય ઉપર વજ્રાઘાત થયો હોય એવી તેમની સ્થિતિ થઈ ગઈ. તેઓ દ્વાર આગળ બહાર ઉભા રહી એક ભિખારીની માફક અનેક પ્રકારની આજીજી કરવા લાગ્યા બરોબર એક કલાક સુધી જ્યારે તેમણે આજીજી કરી ત્યારે દયાળુ નવવધૂએ દ્વારને ઉઘાડી નાખી કહ્યુ:—"પુનઃ શા માટે મ્હારો જીવ બાળવાને આવ્યા ?"

તારિણીપ્રસાદે ગોપબાળાના બન્ને હાથ પકડી નમ્ર સ્વરે કહ્યું:— "વ્હાલી ! મ્હારાથી એવો તે શું મ્હોટો ભયંકર અપરાધ થયો છે?"

ગોપબાળા—"અપરાધ શાનો ?"

તારિણીપ્રસાદ—"તો પછી ત્હેં વસીઅતનામું શા માટે ફાડી નાખ્યું ?"

ગોપબાળા—"વસીઅતનામુ કેવુ ?"

તારિણીપ્રસાદ—"કેવુ તે મ્હેં જેમાં મ્હારો મુખ્ય તાલુકો ત્હારા નામ ઉપર કરાવી આપ્યો હતો એવું."

ગોપબાળા—"ત્યારે તો હું ધારૂં છું કે તમે હમણા જે જમીન ખરીદી છે તે તમારાં માનીતાંને આપવાના હશો ! શા માટે ના આપો? એ તો તમારાં નયનોની પૂતળી છે, તે તમારા હૃદયની અધિષ્ઠાત્રી છે. તેને તમે તમારૂં સર્વસ્વ આપી દેજો. હુ ગરીબની પુત્રી છું. હું એક કાટાની માફક તમારાં નેત્રોમા ખુચી રહી છુ. મ્હને ભિખારણની માફક ઘરમાથી બ્હાર કાઢી મૂકજો. હુ મ્હારી દરિદ્રી માતા પાસે ચાલી જઇશ. હું પાડોશીઓને ત્યા ચાકરડીનુ કામ કરીને મ્હારા દુઃખના દિવસો કાઢીશ, પરંતુ આ ઘરમા નહિ રહુ ! આટલુ બધુ અપમાન ! આટલી બધી દગાઇ !! આટલો બધો ક્લેશ !!! હવે મ્હારાથી સહન કરી શકાય તેમ નથી" આ પ્રમાણે કહી તે રૂદન કરવા લાગી.

તારિણીપ્રસાદને ઘણું આશ્ચર્ય થયુ. હમણાં થોડા સમયથી તેમણે હરરાજીમાંથી થોડી જમીન ખરીદ કરી હતી, પરંતુ આ વાત તેમણે પોતાની નવવધૂને નિવેદન કરી નહોતી; તો પછી ગોપબાળાના જાણવામાં એ હકીકત આવી કયાંથી ? એવો વિચાર તેમના મનમાં

આવ્યો. આવા પ્રકારની અનેક ચિંતાઓથી તારિણીપ્રસાદનુ દુર્બળ શરીર વિશેષ દુર્બળ થતું ચાલ્યું.

ચતુર ગોપબાળા સ્વામીના મનની વાત સ્હમજી જઇ વિશેષ ઉચ્ચ સ્વરે રૂદન કરવા લાગી, તથા ગદગદ્ કંઠે વૃદ્ધ પતિને કહેવા લાગીઃ—" મ્હને છોડી દ્યો, હું ભિખ માગીને ખાઇશ. જ્યારે મ્હારા ઉપર તમને વિશ્વાસ નથી તો પછી હું આ ઘરમા રહીશ નહિ. જેના ઉપર તમારો વિશ્વાસ છે, જેના ઉપર તમે રાત્રિ દિવસ અપૂર્વ પ્રેમ રાખો છો, તે જ પ્રાણેશ્વરી પાસે તમે જાઓ. મ્હને છોડી દ્યો. મ્હને નિરપરાધિનીને શા માટે બાળી મૂકો છો ?" આમ કહી તે છિન્ન થયેલી વેલીની માફક ધરણી ઉપર ઢળી પડી, તથા હાથ પગ પછાડવા લાગી. તેની અવસ્થા જોતાં તેને હિસ્ટીરીઆનો રોગ થયો હોય એમ જણાતું હતું. ગોપબાળા જરૂરના સમયે અનેક પ્રકારના ઢોંગ નાટકના એક કુશળ એક્ટર કરતાં પણ ઉત્તમ પ્રકારે કરી દર્શાવતી હતી.

એ રાતની વાતોનુ વિશેષ વર્ણન કરવા અમે અશક્ત છીએ. એક બાજુએ વિષયભોગી તારિણીપ્રસાદની વિનય પ્રાર્થના અને બીજી બાજુએ તરૂણી ભાર્યાનો નિષ્ઠુર ભયંકર વ્યવહાર ! આજે જો રસ્તે-રખડતો ભિખારી પણ તારિણીપ્રસાદની અવસ્થાનુ અવલોકન કરત તો તેના નેત્રોમાંથી અશ્રુબિંદુઓ ટપક્યા સિવાય રહેત નહિ. કપટપૂર્ણ ચાલાકી ચલાવતી ગોપબાળાએ અશ્રુબાણ, અભિમાનબાણ, રૂદનબાણ, હિસ્ટીરીઆબાણ, વિનયબાણ તથા પ્રેમબાણના એકત્ર પ્રહારથી વૃદ્ધના હૃદયને વીંધી નાંખ્યું. તેના આત્માના ટુકડે ટુકડા કરી નાખ્યા. કોઇ સમયે ક્રોધ દર્શાવીને, કોઈ સમયે મિષ્ટ વચન સંભ-

ળાનીને તો કોઇ સમયે તે હાથ જોડીને પોતાનુ કામ સફળ કર્યે જવા લાગી.

સમગ્ર રાત્રિ આવા પ્રકારના સ્વાર્થની લ્હડાઇ ચાલ્યા કરી. જ્યારે પ્રભાત થતાં પૂર્વે પૂર્વાકાશમા થોડી ઘણી લાલાશ દેખાવા લાગી ત્યારે વિષયભોગી તારિણીપ્રસાદની હાર થઇ તેમણે કહ્યુ—"પ્રિયતમે! તું જ મ્હારા હૃદયની સંપત્તિ છે આ તુચ્છ ધન હુ તને નહિ આપુ તો બીજા કોને આપીશ? મ્હારી પાસે જે કાંઇ ધન સંપત્તિ છે તે બધી હુ તને જ લખી આપીશ શુ ત્હારા કરતા એ વધારે છે?"

વૃદ્ધ પતિના વચનો શ્રવણ કરી રહ્યા પછી સમરવિજયિણી ગોપબાળાએ નેત્રજળને સાફ કરી નાખી પતિના હાથ પકડી તેમને જમીન ઉપરથી ઉભા કરીને દૃઢ આલિંગન આપ્યુ, તથા તે બોલી—"આપ જ મ્હારૂ સર્વસ્વ છો, ધન સંપત્તિ શુ ચીજ છે? જ્યારે હુ આપના પ્રેમને પ્રાપ્ત કરી શકવાને સમર્થ થઈ છુ ત્યારે પછી મ્હને બીજી ચીજની શુ જરૂર છે?"

તરૂણી ગોપબાળાનાં નેત્રોમા આસુ તથા હૃદયમા હાસ્ય હતુ. તે સ્વતઃ વિચાર કરી રહી હતી કે—"મિત્રવંશની કન્યા કેવી હોય છે તેની ખબર આ ડચરાને આજે જ પડી! શું મ્હારા બંધુએ આ બુઢ્ઢાનુ રૂપ જોઇને તેની સાથે મ્હારો વિવાહ કર્યો છે? જે હેતુથી વિવાહ કર્યો છે તે હેતુ આજે સિદ્ધ થયો છે."

એક અઠવાડીઆની અંદર સઘળું કાર્ય સમાપ્ત થઈ ગયુ તારિણીપ્રસાદે પોતાના જીવનભરમા નોકરી કરીને, અથવા ન્યાય કે અન્યાય કરીને જે સંપત્તિ મેળવી હતી, તેમના બાપદાદાની જે

થોડી ઘણી સંપત્તિ હતી, બિંદુ તથા સુધાના પિતા . પાસેથી જે થોડું ઘણું ધન લુચ્ચાઇ કરીને લઈ લીધું હતું, ગામના લોકો ઉપર દાવા કાવા ચલાવી જે જમીન પોતાની સત્તામાં લીધી હતી તે સઘળુ આજે તેમણે પોતાની નવવધૂના નામ ઉપર કરાવી વીલને રજીસ્ટર કરાવી નાખ્યું ! અરેરે ! અમને લખતાં ઘણી દિલગિરી થાય-છે કે, "**સમાજના નાયક**" ગામમાં પ્રતિષ્ઠાવાન્, ધર્મવાન્, અને કુળવાન્ ગણાતા તારિણીપ્રસાદે પોતાની જૂની ચિરપતિવ્રતા, શોક-ગ્રસ્તા, રોગિણી પત્નીને તેમણે નવવધૂની દયા ઉપર છોડી દીધી !! તેમણે બિંદુ તથા સુધાની દીનતા પ્રતિ પણ બિલકુલ લક્ષ્ય આપ્યું નહિ!!!

ઉમાની માતાને આ સમાચાર મળતાં જ તે સ્હમજી ગઈ કે થોડા સમય પછી તેને શૉકચની દાસી થઇને રહેવું પડશે, તેની સેવા કરીને જીવનનુ પ્રતિપાલન કરવું પડશે. આ મર્મવ્યથા તે વિશેષ સમય સુધી સહન કરી શકી નહિં થોડા જ દિવસોમા તેણે પોતાની આલોકની દુ:ખપૂર્ણ યાત્રાને સંપૂર્ણ કરી પરલોક પ્રત્યે પ્રયાણ કર્યું. કાકીના અંતકાળ સમયે બિંદુ તથા સુધાએ સેવા શુશ્રુષા કરવામાં સહજ પણ પાછી પ્હાની કરી નહિ. કાકીના પરલોકવાસ પછી બન્ને બ્હેનો એક બીજીને ગળે વળગી પડીને ઘણુ રડી.

શૉકચની અંત્યેષ્ટિ ક્રિયા થઇ ગયા પછી ગોપબાળા નિશ્ચિંત થઇને ઘરનુ કામકાજ કરવા લાગી હવે તેના મનમાં કોઈ પણ પ્રકારની ચિંતા રહી નહિ. તે પોતાના પતિની જીવિત અવસ્થામાં પણ તેમની સમસ્ત સંપત્તિ ઉપર પોતાનો અધિકાર ચલાવવા લાગી. તારિણીપ્રસાદનો આ સંબંધી કોઇ પણ પ્રકારનો પ્રતિબંધ નહોતો. તેઓ પ્રત્યેક ફળિઆમાં જઈ ફરતા હતા અને લોકોની સાથે લ્હડતા હતા, પરંતુ ગૃહે આવતાં જ તેઓ નાશી આવેલી બિલાડીની માફક

એક ખુણામા ભરાઇ બેસતા હતા. પોતાની સકળ સંપત્તિ આપી દેવા છતાં પણ તેઓ તરૂણીના હૃદયમાં સ્થાન મેળવી શક્યા નહિ, તેના અભિમાનનો ભંગ કરી શક્યા નહિં.

ઘરનાં તથા બહારનાં દરેક કાર્યોમાં ગોપબાળા જાતે દેખરેખ રાખવા લાગી. તેનો મંત્રી ગોકુળચંદ્ર હતો. તારિણીપ્રસાદ માત્ર બે વખત આહાર કરી તેમના નિરાનંદ દિવાનખાનામાં બેસી રહેતા હતા. કોઈ તેમને એક પણ વાત પૂછવા આવતું નહોતું. દિવાનખાનામાં બેસી રહીને જ્યારે તેઓ ઘણા જ કંટાળી જતા હતા ત્યારે ઉમાની માતાના ઓરડામાં જઇને એકાંતે રૂદન કર્યા કરતા હતા. તેમના દુર્દૈવને લીધે આજે તેમનું અશ્રુજળ સાફ કરનાર ઉમાની માતા આલોકમાં નહોતી. આવો પ્રકાર જોઇ કોઇ કહેતું કે—" આટલા બધા દિવસો વીતી ગયા પછી તથા બાજી બગડયા પછી હવે આ વૃદ્ધને પશ્ચાત્તાપ થાય છે."

કોઈ એમ પણ કહેતું કેઃ—' ચિરદુઃખિણી બિંદુને કાંઈ નહિ આપતાં તારિણીપ્રસાદે પોતાની સકળ સંપત્તિ પોતાની નવવધૂને આપી દીધી છે, તેથી જ હવે તેમના મનને પસ્તાવો થાય છે "

કોઈ વળી એમ કહેતું કે—" ના ના, એમ નથી. તારિણીપ્રસાદ હવે વૃદ્ધ થયા છે, તેમના મનમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો છે તેથી કરીને હવે સાંસારિક કાર્યોમાં તેમનો જીવ લાગતો નથી."

તારિણીપ્રસાદને સંસારથી બિલકુલ વૈરાગ્ય થયો નહોતો. તેઓ પોતાના ઉપર વીતી ગયેલી વાતનો વિચાર કરી રહ્યા હતા, તથા મનમાં ને મનમાં કોઈ પ્રકારનો નિશ્ચય નક્કી કરતા હતા.

અષ્ટમ પરિચ્છેદ.

તાલપુખુરનો ઇતિહાસ.

અત્યાર સુધી અમે તારિણીપ્રસાદનીજ હકીકત લખ્યા કરી, પરતુ અમે તે શા માટે ના લખીએ ? તાલપુખુરમાં તેમની બરાબરી કરે એવુ બીજુ કોઇ નહોતું. મુખ્ય પુરૂષોમા તે પહેલા ગણાતા હતા મ્હોટા પુરૂષોની સકળ વાતો પણ મ્હોટી જ હોય છે. તાલપુખુરમાં બધા મ્હોટા જ નહિ, પરતુ કેટલાક સામાન્ય માણસો પણ રહેતા હતા, તેમના સબધી પણ આ સ્થળે એક બે વાતો લખવી આવશ્યક છે

બિદુ જન્મથી જ દુઃખી હતી, પરતુ પોતાની આવી દુઃખદાવસ્થામાં તે પોતાનુ ગૃહકાર્ય ઘણા આનંદથી કરતી હતી, તથા પોતાના બન્ને બાળકોનુ ઉત્તમ પ્રકારે પ્રતિપાલન કરતી હતી. કન્યા સુશીલાની ઉંમર એ સમયે બાર વર્ષની હતી. તેનો રગ કાળો પરંતુ લાવણ્યયુક્ત હતો. ચક્ષુ વિશાળ હતાં. સ્વરૂપ શાંત તથા સુદર હતું. પુત્ર સુબોધની ઉંમર નવ વર્ષની હતી. તે પાસે જ આવેલા સનાતનપુર ગામની ઇંગ્રેજી શાળામાં અભ્યાસ કરવા જતો હતો. સુબોધ યથાર્થ રીતે સુબોધ તથા પોતાના પિતાના જેવો શાત તેમ જ સુશીલ હતો. બિંદુને આ બે સતાનો હતાં.

બિંદુનો પતિ હેમચંદ્ર ગામમાં રહીને ખેતીવાડીના કામકાજ ઉપર દેખરેખ રાખતો હતો તથા ઘેર બેસીને પુસ્તકો વાંચતો હતો. બાલ્યાવસ્થાથી જ તેને પોતાના ધર્મ ઉપર નિષ્ઠા હતી, પરંતુ આપણે સર્વે શાળામાં જે વિદ્યા ભણીએ છીએ તે વિદ્યાથી આપણને

આપણા શાસ્ત્રોનુ બિલકુલ જ્ઞાન મળતું નથી, આથી જ આપણે આપણા શાસ્ત્રધર્મથી અજ્ઞાન રહ્યા છીએ.

હેમચંદ્રને માટે શાળામાં જઇને શાસ્ત્રનો અભ્યાસ કરવાનુ કાર્ય ઘણું કઠિન હતુ; પરંતુ ભાગ્યક્રમે શાસ્ત્રનું શિક્ષણ પ્રાપ્ત કરવાનો તેને એક ઉત્તમ સુયોગ મળી આવ્યો. સનાતનપુરમા કેટલાક દિવસથી રમાપ્રસાદ સરસ્વતી નામનો એક અનેક શાસ્ત્રવિશારદ પડિત આવીને વાસ કરતો હતો અનેક વિદ્યાર્થી સસ્કૃત શિક્ષણ મેળવવાને માટે હમેશા તેની પાસે જતા આવતા હતા. હેમચદ્ર પણ પોતાની પાત્રીસ વર્ષની ઉંમર થયેલી હોવા છતા એ પડિતદ્વારા સસ્કૃત શીખવા લાગ્યો પડિત સાથે સસ્કૃત વિદ્યાની આલોચના કરવાનુ હેમચદ્રને ઘણુ ગમતુ હતુ

હેમચદ્રની સાથે રમાનાથને ઘણી મિત્રતા થઇ રમાનાથની ઉમર પીસ્તાળીશ વર્ષ કરતા કાંઈક વિશેષ હતી. તેણે કાશીમા રહીને ઘણા દિવસ સુધી વિદ્યાભ્યાસ કર્યો હતો, તથા અનેક તીર્થોની યાત્રા કરી હતી. તેનુ શરીર તેજસ્વી તથા બલિષ્ટ હતું. તેના મસ્તક ઉપર લાંબી જટા તથા લાબી દાઢી હતી. તે પીળા વસ્ત્ર પહેરતો હતો, તથા વિદ્યાર્થીઓને પ્રાચીન શાસ્ત્રોનું જ્ઞાન આપીને પોતાનો સમય વ્યતીત કરતો. તેને દેવીપ્રસાદ નામનો એક પદર વર્ષનો પુત્ર હતો. દેવીપ્રસાદે પિતાની સાથે અનેક દેશો જોયા હતા. તે પણ તેના પિતાના જેવો જ તેજસ્વી અને ઉદાર હતો. કેટલાક દિવસથી તે સનાતનપુરની ઇંગ્રેજી નિશાળમાં અભ્યાસ કરતો હતો, તથા પિતા પાસે સસ્કૃત શીખતો હતો. તે સુબોધ પર અંતઃકરણપૂર્વક પ્રેમ રાખતો હતો, તે તેને પોતાને ત્યાં લેઈ જતો હતો, તથા કોઇ કોઈ સમયે તે તાલપુખુર આવીને સુબોધ તથા સુશીલાની સાથે આમોદ પ્રમોદ કરતો હતો.

સુધા પોતાનો વિવાહ થઈ જતાની સાથે જ પોતાના પતિ શરતચંદ્ર સાથે કલકત્તામાં રહેવા લાગી. કોઇ કોઈ સમયે તે અવસર પ્રાપ્ત થતા પોતાને ગામ આવતી હતી. શરતચંદ્ર એક પછી એક વિશ્વવિદ્યાલયની સફળ પરીક્ષાઓમા પસાર થઇ ગયો ત્યાર પછી તે કોઈ સારી નોકરીની શોધ કરવા લાગ્યો. તેની ઇચ્છા વિલાયત જઇ આવીને કોઈ મોટો હોદ્દો મેળવવાની હતી, પરંતુ વિલાયત જવા જેટલુ તથા ત્યા થોડા વર્ષ સુધી સુખમા રહી શકાય એટલુ ધન તેની પાસે નહોતુ જ્યારે તેના સાંભળવામા એમ આવ્યું કે સ્વદેશમા પણ ઉચી પરીક્ષા પસાર કર્યા પછી સારો હોદ્દો મળી શકે છે, ત્યારે તે ઉચ્ચ પરીક્ષા આપવાની તૈયારી કરવા લાગ્યો.

શરતચંદ્ર ઘણો જ ઉત્સાહી અને બુદ્ધિમાન્ હતો તેનો પ્રયત્ન વ્યર્થ થઇ પડયો નહિ. થોડા દિવસ સુસતત મહેનત કર્યાથી તે "**સ્ટૈટુટરી સિવિલ સર્વિસ**" ની પરીક્ષામા પસાર થયો તે જ વર્ષે સુધાએ તાલપુખુર ગામમા એક પુત્રરત્નને જન્મ આપ્યો. સુધા પુત્રનુ મુખ જોઈ અતિ પ્રસન્ન થઇ. પુત્રની સ્નેહમયી માશી પણ અતિ પ્રેમથી તેનું પ્રતિપાલન કરવા લાગી. પિતા પુત્ર પ્રાપ્તિ થવાથી પોતાને કૃતાર્થ માની નોકરી કરવાના હેતુથી પરદેશમાં ચાલ્યો ગયો.

શરતચંદ્ર બે વર્ષ સુધી પરદેશમાં રહ્યો. આ બે વર્ષોમાં તેને એક પણ વખત પોતાને ઘેર આવવાનો અવસર મળ્યો નહિ. આટલા બધા દિવસ સુધી સ્વામીનો વિયોગ થવાથી સુધાને પણ ઘણું કષ્ટ થયુ. પતિનો વિયોગ સહન કરી શકવા માટે તે અસમર્થ બની ગઈ. તે પતિને વારંવાર પત્ર લખી એક વખત આવી જવા માટે વિનંતિ કરતી હતી. ભગિનીની પાસે બેસી રુદન કરતી હતી. વળી કોઇ કોઇ વખતે જ્યારે વિયોગ દુઃખ ઘણું જ અસહ્ય થઇ

પડતું ત્યારે પુત્રના મુખને ચુંબન કરી પોતાના આત્માને શાંત કરતી હતી. છેવટે શરતચંદ્રના આગમનના સમાચાર આવ્યા. તે સુધાને તથા પોતાના પુત્રરત્નને પોતાની સાથે તેડી જવાને આવનાર હતો. આથી કરીને જ આજે સુધાના હર્ષની સીમા નહોતી. પ્રથમ પરિચ્છેદમાં એ સંબંધીનો સઘળો ઉલ્લેખ આવી ગયો છે.

નવમ પરિચ્છેદ.

માજી.

બિંદુ:—"કેમ રે સુધા! આજે ત્હારી વેણી બાંધવાનું પૂર્ણ થયું કે નહિં? સંધ્યા થઈ ગઇ. આવી વેણી બાંધવાનું તો મ્હેં જન્મભરમાં જોયું નથી."

સુધાએ કહ્યું:—"બ્હેન જુઓ! હું ક્યારની તેમને કહ્યા કરું છું. મ્હોટી બ્હેન અત્યાર સુધી શું કરે છે તે સ્હમજી શકાતું નથી.

કાળીતારા વચમાં બોલી ઉઠી:—"હાસ્તોને! તમારી નણંદને જ પોતાના મનોરથ પૂર્ણ કરવાના હતા કેમ?' તમારે શું લેવા દેવા છે? ભાભી સાહેબ! એમ કહો કે, મ્હારે લીધે જ તમારો શૃંગાર સંપૂર્ણ થઇ જવા આવ્યો, નહિ તો મધ્ય રાત્રિ થઇ જતા સુધીમાં પણ તમે એકલાં કાંઇ કરી શકત નહિં. લ્યો, આ તમારી વેણી બંધાઇ ગઇ. હવે સુવર્ણ ફૂલ લાવો, હું વેણીમાં ખોસી દેઉં."

સુધા—"નહિ બ્હેન! ફૂલનું કાંઈ કામ નથી. હવે મ્હને છોડી દ્યો; હું તમારે પગે પડું છું."

કાળીતારાઃ—" આજે આટલા બધા ચાળા ચસકાં શાનાં કરે-છે. ? ફૂલ તો અહિં જ પડયું છે, લાવો મ્હને આપો; હું હમણાં જ માથામાં બેસાડી આપીશ બિંદુ બ્હેન! તમે ગુલાબજળ લેઇ આવો. હું સુધા ભાભીનું મ્હોં સાફ કરી પછીથી તેમને અલંકારો પહેરાવું."

કાળીતારાનો સ્વભાવ હઠીલો હતો. તેણે સુધાનું મુખ બરોબર સાફ કરી તેના ગળામાં ચંદ્રહાર, હાથમાં કંકણ તથા પગમાં અપ ટુ ડેઇટ ફેશનનાં સાંકળા પહેરાવ્યાં. ત્યાર પછી સુધાના સુંદર સર્વાંગ પર પહાડની રંગીન સાડી પહેરાવી. તેની આગળ એક મ્હોટો આરસો ગોઠવી કાળીતારા બોલીઃ—" હવે શરતચંદ્રભાઇ ઘેર આવીને જુએ કે એમની પત્નીનું રૂપ કેવુ છે ? કહો બિંદુ બ્હેન ! કે શું ઇંદ્રની અપ્સરા પણ આ કરતાં વિશેષ સુંદર હોઇ શકે ખરી કે ? "

સુધા શરમાતી શરમાતી ત્યાંથી ઉઠીને ચાલી ગઇ. બિંદુ તથા કાળીતારા હસવા લાગી

સુધા સંકોચથી નાશી તો ગઇ, પરંતુ હજુ તેને ઘણું કામ બાકી રહ્યું હતું. તેણે શયનગૃહમાં જઇ બત્તી સળગાવી, પ્રસન્નમને ઉત્તમ પ્રકારની શય્યા સજ્જિત કરી, તકીઆની પાસે ચાદરની નીચે એક બે પુષ્પોના ગજરા છુપાવી રાખ્યા. આ પ્રમાણે સુસજ્જિત થઇને કોઇનાં પગલાંનો અવાજ શ્રવણ કરવાની આતુરતાથી વારંવાર દ્વાર આગળ જઇને તે ઉભી રહેતી હતી. કાળીતારા હાજર હોય ત્યારે રસો-ડાનું કાર્ય કોઇને તપાસવુ પડતું નહોતું, તથાપિ શરતચંદ્રને જે જે ખાદ્ય પદાર્થો અતિપ્રિય હતા તે સઘળા સુધાએ સ્વહસ્તે બનાવી રાખ્યા હતા.

જે સમયે સુધા થાળમાં ભોજનની વસ્તુઓ સજ્જ કરતી હતી તે સમયે માજીને સાથે લેઇને બિંદુ ત્યાં આગળ જઇ પહોંચી.

માજી સુધાને જોતાંની સાથે જ બોલી ઉઠયાંઃ—"બેટા ! આજે તો કાંઈ તું બણી તૈયારી કરતી હોઉં એમ જણાય છે."

સુધાએ શરમાઇ જઇ પોતાનું શિર નીચું નમાવી રાખ્યું.

આ સ્થળે પાઠકો સાથે માજીની ઓળખાણ કરાવવી જરૂરનો છે. બિંદુ તથા સુધા સાથે તેમનો કોઇ પણ પ્રકારનો સબંધ હતો કે નહિ તે અમે જાણતા નથી; વળી ગામમાંના કયા કુટુંબ સાથે તેમનો શું સંબંધ છે તે પણ અમે જાણતા નથી. અમે તો માત્ર એટલું જ જાણીએ છીએ કે, એ વૃદ્ધ વિધવાને ગામનાં ન્હાનાં મ્હોટાં અર્થાત્ સર્વ મનુષ્યો માજી કહીને બોલાવતાં હતાં. આથી કરીને જ સંબંધમાં તેઓ સર્વેના માજી થતાં હતાં. તેઓ બાલ્યાવસ્થામાંથી જ વિધવા થઇ ગયાં હતાં, તેથી તેમણે કદાપિ પોતાના સ્વામીનું ઘર જોયું નહોતું. તેમનું મન સ્વચ્છ હતું તથા હૃદય મમતાથી ભરેલું હતું.

કોઇનું પણ સંતાન નજરે પડતા તેને તેઓ ઉચકી લેતા હતા અને પોતાના ખોળામાં બેસાડી તેને ચુંબન કરી પોતાના આત્માને તૃપ્ત કરતાં હતાં. તેઓ સર્વને ત્યાં જતાં હતાં, તથા સર્વે ઘરના બાળકો તેમને ચ્હાતાં હતાં. સર્વે ઘરની સ્ત્રીઓ પણ તેમની પાસે બેસી બેચાર વાતો કરતી હતી, આમ છતાં પણ માજી કાંઇક રસિક હતાં. તેમની વાતમાં સહજ મિઠાશ પણ હતી; છતાં આ મિઠાશ હદ બહારની નહોતી.

આજે ઘણા દિવસ પછી શરત્ચંદ્ર સ્વગૃહે આવશે. શરત્ચંદ્રના ઉપર તેની બાલ્યાવસ્થાથી માજી અતિશય પ્રેમ રાખતાં હતાં, આથી કરીને તેના આગમનના સમાચાર શ્રવણ કરી તેઓ તેને મળવાને આવ્યાં છે. શરત્ચંદ્રને ગામના લોકોએ સમાજથી અલગ કરી

નાખ્યો છે, પરંતુ માજી તેના ઉપરની પોતાની મમતાનો ત્યાગ કરી શકતાં નહિં.

માજીએ હસતાં હસતાં કહ્યું કે:—"આજે ઘણી જ તૈયાર થઇ રહી છે! શું બીજી કોઇ સ્ત્રીનો પતિ પરદેશમાં નોકરી નથી કરતો કે? અગર તો વિદેશથી કોઇ સ્વગૃહે નથી આવતો કે? આ કોઇ નવો પ્રકાર નથી, આટલા બધા આડંબરની શું જરૂર છે! હું ત્હારે ઘેર આવી છુ છતાં તું મ્હારા તરફ દૃષ્ટિ સુદ્ધાં કરતી નથી!"

સુધાએ નમ્ર સ્વરે કહ્યું:—"ના માજી, આપ આવ્યાં છો તેની મ્હને ખબર નહોતી, વળી મ્હેં શું આડંબર કર્યો છે? ખાન-પાનની થોડી ઘણી વસ્તુઓ બનાવી રાખી છે. તમે જ તેને થાળી-માં વ્યવસ્થિત રીતે મૂકો."

માજી બોલ્યાં:—"જોઉં જોઉં, શુ શુ છે? ઓહો! ત્હેં તો ઘણી જ વસ્તુઓ બનાવી છે ને!"

બિંદુ:—"શરત્ચંદ્ર પ્રસન્ન થઇને આ સર્વે વસ્તુઓનો આ-સ્વાદ લેશે."

માજી:—"વારૂં, આ પ્યાલામા શું છે? બરોબર! આ તો બાસુદી છે; પણ બ્હેન! એ મિષ્ટ થઈ છે. મ્હને લાગે છે કે ત્હે ત્હારા હાથે જ બનાવી છે. ત્હેં મહેનત તો ઘણી કરી છે, પરંતુ આજે ખાનપાન કરાવીને મ્હારા શરત્ચંદ્ર સાથે કલહ કરીશ નહિં!"

બિંદુએ પ્રશ્ન કર્યો.—"કેમ માજી! એ શરત્ચંદ્ર સાથે શા માટે કલહ કરે? ઘણા દિવસે આજે શરત્ચંદ્ર ઘેર આવે છે. આજે તો સુધા એમની સેવા ચાકરી કરશે."

માજી:—"હા સત્ય છે, સેવા ચાકરી કરવી જ જોઇએ. સુભટ ઘણી જ શાણી, સ્હમજુ અને સુશીલા છે. શરત્ચંદ્રની સેવા કરવામાં તે કદાપિ આળસ કરે તેમ નથી. પરંતુ તું હજુ એક વાત જાણતી નથી. આજકાલ એવો સમય છે કે, પુરૂષની વિશેષ સેવા કરવાથી તે સ્ત્રી ઉપર પ્યાર થઈ જાય છે. મ્હને લાગે છે કે તું આ પ્રકાર જાણતી નથી ! '

બિંદુ:—"સત્ય છે માજી, યથાર્થ રીતે હું આ પ્રકાર બિલકુલ જાણુતી નથી. તમે જ મ્હને એ સ્હમજાવોને"

માજી:—"સ્હમજાવવાથી શું થશે ? જ્યારે ત્હારી ઉમર મ્હારા જેટલી થશે ત્યારે તું ત્હારી પોતાની જાતે બધું જાણી શકીશ. હું સર્વેને ત્યાં જાઉં છું. અનેક પ્રકારોનું દર્શન કરૂં છું. અને આના પરિણામે જ મ્હને કાંઈક નવીન શિક્ષણ મળ્યું છે."

બિંદુ:—"જે શિક્ષણ તમને મળ્યું છે તે શિક્ષણ તમે અમને પણ આપો. તમે નહિ આપો તો પછી બીજું કોણ આપશે ?"

માજી:—"ઠીક સાભળો ત્યારે. તમે સર્વે બાળક બાળકીઓનો વિવાહ કરી દેવામાં ગાંડા બની જાઓ છો. ન્હાની ઉમરે બાળકીનો વિવાહ કરી દેવામાં મહા આનંદ સ્હમજો છો. આ સંબંધમા હું એક વાત પૂછવા ઇચ્છું છું; તે વાત એ જ છે કે, જે અબોધ બાળિકા વિવાહ કોને કહે છે તે સ્હમજતી નથી તે બિચારી વરરાજાને પ્રેમપાસમાં ફસાવવાનું ક્યાંથી જાણે ? જો વરરાજા શાણો હોય છે તો તે નવવધૂની સાથે બિલાડી માફક લાડ કરે છે. જુઓ તમે આ વૃદ્ધાની વાત સાભળી હસો છો ! લ્યો, ત્યારે તો હું જાઉં છું."

બિંદુઃ—"નહિં માજી ! હવે નહિં હસું, સાચુ કહુ છું. હું તમારે પગે પડું છું. જે વાત તમે કહેતાં હતાં તે કહો."

માજીઃ—"શું કહેતી હતી ? બાળક બાળિકાના વિવાહની વાત ! બાળિકા જ્યારે જ્ઞાની થાય ત્યારે જ તેનો વિવાહ કરવો જોઇએ. જો તે જીવતી હોય તો આજે નહિ ને કાલે પણ તેનો વિવાહ થશે જ. તો પછી તેને માટે તમારે આટલી બધી આતુરતા રાખવાનું કાંઈ પ્રયોજન ? સાંભળો, આજકાલનો વખત વિચિત્ર છે. ક્રોધ દર્શાવ્યા સિવાય યા તો રકઝક કર્યા સિવાય અર્વાચીન અવસ્થામાં કોઇ પણ સ્ત્રીનો નિર્વાહ કોઇને પણ ઘેર સારી રીતે ચાલે છે કે ? જે સ્ત્રી જેટલા પ્રમાણમાં સરળ સ્વભાવની રહે છે તે સ્ત્રી તેટલા જ પ્રમાણમાં પુરૂષથી અપમાન પામે છે. આ સંસારમાં સાત્વિક લોકોનો નિર્વાહ થવો એ મુશ્કેલી ભર્યું છે. મ્હારા મહોલ્લામાં રહેતા ગીરજાપ્રસાદ શાસ્ત્રીને ઓળખે છે ને ? તેમના પુત્રને બે પુત્રો થયા છે. ગીરજાપ્રસાદ શાસ્ત્રીની પુત્રવધૂ ઘણી જ બીમાર રહે છે, આમ છતાં બન્ને બાળકોને બગલમાં દબાવી રાખી તે ઘરનું સકળ કામકાજ કરે છે. ઘરમાં તથા આંગણામાં પૂંજો વાળવો, લીપવું ગુંપવું, સીવવું ગુંથવું, પાણી ભરવું તથા રસોઇ બનાવવી વિગેરે સકળ પ્રકારનું કાર્ય તેને કરવું પડે છે. આમ છતાં પણ તેને દરરોજ બે ચાર ગાળો સાંભળવી પડે છે જો શાસ્ત્રીજીના પુત્રને ગરમ દૂધ મળતાં સહજ વિલંબ થાય છે તો તે પોતાની ગરીબ પત્ની ઉપર ગાળોની વૃષ્ટિ મુક્તકંઠે કરે છે. અને તે ગાળો પણ જેવી તેવી નહિં. એ સાંભળતાની સાથે જ અમારે સર્વેને કાનોમાં આંગળીઓ ઘાલવી પડે છે. તેમની સ્ત્રી ઘણી જ સુશીલા તથા પતિવ્રતા છે; રાત્રિ દિવસ પતિની સેવામાં ઉપસ્થિત રહે છે; છતાં

તેને ઉઠતા બેસતાં ગાળો સાંભળવી પડે છે, સમજી? ભોળપણુ રાખવાનું પરિણામ અંતે આવું જ આવે છે. પુરૂપ સ્ત્રીનો જીવ લેવાને જ યમનું સ્વરૂપ ધારણ કરે છે. આથી કરીને જ કહું છું કે ઘણી સરળ ના બનો. ઘણી સરળતા શું કામની? સહજ ભપકો રાખતાં શીખો અને બાળકીનો વિવાહ તેની બાલ્યાવસ્થામાં ના કરો, નહિં તો વર અને વધૂનો અવતાર બિલાડો તથા બિલાડીના જેવો જ થઈ જશે!"

માજીની વાત શ્રવણ કરીને પુનઃ સર્વે હસવા લાગ્યાં. બિંદુએ કહ્યું:—"માજી શું સઘળા પુરૂષો એવા જ હોતા હશે કે?"

માજી:—"ના મ્હારૂં એમ નથી કહેવાનુ કે, સર્વે પુરૂષો એવા જ પ્રકારના હોય છે. તથા સર્વે સ્ત્રીઓ પણ કાંઇ સરળ સ્વભાવની હોતી નથી. આ ઉદયેશ્વર શર્માની સ્ત્રી કેવી ચાલાક છે? તે પોતાના સ્વામી ઉપર પોતાની સંપૂર્ણ સત્તા ચલાવી રહી છે. જેમ તે કહે છે તેમ તેના પતિને કરવું પડે છે. તે ઉભા થવાનુ કહે છે તે. શર્માને ઉભા થવું પડે છે, અને બેસવાનું કહે છે તો બેસવું પડે છે તેની વાત જ શું કરવી? પત્નીના ભયથી શર્મા થરથર કંપે છે. કંપતા કંપતા પત્નીનો હુકમ શિર ઉપર ચ્હડાવે છે, અને ઘાંચીના બળદની માફક આંખ તથા કાન ઉપર પાટા બાંધી વહુના કહ્યા પ્રમાણે કર્યા કરે છે સ્ત્રી તે એનું જ નામ. જોતી નથી? તે પતિને કેવી રીતે પોતાની મુઠીમાં રાખે છે! કેવી ચતુરાઇથી તેણે પતિને વશ કરી લીધો છે. તેની આજ્ઞા સિવાય તેના પતિથી કાંઇ કરી શકાતું નથી."

બિંદુઃ—"ત્યારે શું આ પ્રમાણે સ્વામીને પોતાના સેવક બનાવવા એ યોગ્ય છે કે ? એમાં શું સુખ છે ? જ્યારે પતિ અને પત્નીનું મન એક ના થાય તો પછી શું સુખ ? જુઓને, કાકાના ઘરની સ્થિતિ કેવી થઈ ગઇ છે ?"

ભાભીઃ—"હા બ્હેન ! સત્ય છે. તારિણીપ્રસાદનુ ઘર તો ઘર જ હતું. તેમણે પોતાના સોનાના ઘરને સળગાવી મૂક્યું છે. ઉમાની માતાએ તેમને કદાપિ એક પણ કડવો શબ્દ કહ્યો નહોતો. આવી ઉત્તમ પ્રકારની પત્ની મળવા છતાં પણ ત્હારા કાકાએ તેનો ત્યાગ કર્યો. અરેરે ! વૃદ્ધ તારિણીપ્રસાદે તેની દુર્દશા કરી નાખવામાં બિલકુલ કચાશ રાખી નહિં. દુઃખાગ્નિની આગમાં જ તેને જીવતી સળગાવી દીધી. તે બિચારી દુઃખાગ્નિની જ્વાળા સહન કરી નહિં શકવાથી પરલોક પ્રયાણ કરી ગઇ. પતિના ત્યજી દેવાથી સતી સ્ત્રી કદાપિ જીવતી રહે ખરી કે ? નિર્બળની હાર અને બળવાનની જીત થવી એ સર્વ સાધારણ નિયમ છે. હવે હું ધારૂં છું કે, તારિણીપ્રસાદને ઘણો અનુતાપ થાય છે. આ જ તારિણીપ્રસાદ પૂર્વે પ્રત્યેક મહોલ્લામાં સાંઢની માફક અક્કડ થઇને ફરતા હતા, સર્વે જનો ઉપર હુકમ ચલાવતા હતા, પરંતુ હવે તેઓ પોતાની નવવધૂ ઉપર હુકમ કેમ ચલાવી શકતા નથી ? આ વહુથી પણ એકકે પુત્ર પ્રાપ્ત થયો નહિ. હવે પુનઃ તેઓ શા માટે વિવાહ નથી કરતા ? એનો ઉત્તર શોધવા જઇએ તો તેમની નવવધૂ ઘણી ચતુર તથા સ્વાર્થપરાયણા છે. તેણે તારિણીપ્રસાદની સકળ સંપત્તિ પોતાના નામ ઉપર લખાવી લઇ પતિને પોતાના આશ્રિત બનાવ્યા છે. તેણે ઠીક કર્યું, એ શું કાંઈ જેવી તેવી સ્ત્રી છે ? તેની ખૂબીને એ વૃદ્ધ કેવી રીતે સમજી શકે ? આવી સ્ત્રી મળ્યા સિવાય પુરૂષ સરળ સ્વભાવના થઇ શકે ખરો કે ?"

બિંદુએ હસતાં હસતાં પ્રશ્ન કર્યો:—"માજી! ન્હાની કાળી ગોપબાળાએ જે કામ કર્યું છે તે સારૂં કર્યું છે કે? એવું કામ કરવાથી શું સુખ? પતિ-પત્નીના આવા ભાવ શું કામના?"

માજી:—"ગોપબાળાએ સારૂં કર્યું કે ખોટું એ હું શું કહું? એ કામને સારૂં કામ કોણ કહી શકે તેમ છે? વૃદ્ધાવસ્થામાં જ્યારે તેમને એક ઉપર બીજી પત્ની કરવાનું મન થયું ત્યાર પછી બીજુ જે કાંઇ ન થાય તે ઓછું જ સ્હમજવું! સંસારની રીત જ આવા પ્રકારની છે. ચિરકાળથી આ પ્રમાણે થતું આવ્યું છે. સુખની વાત શું પૂછે છે? સુખ કશામાં નથી. સ્વામીને આધીન થઇ રહેવામા સુખ નથી તે પ્રમાણે સ્વામીને આધીન બનાવવામા પણ સુખ નથી તાત્પર્ય એટલું જ છે કે આ સંસારમાં જે કોઇ જેટલું બળવાન છે તેટલું તેનું માન છે. હું મ્હારી બાલ્યાવસ્થાથી તે આજે વૃદ્ધાવસ્થા સુધી આવું જ જોતી આવી છુ. તમે સર્વે ભણેલી ગણેલીઓ છો. તમારી સ્હમજ કેવી છે તે હું શું જાણું?"

સુધા સ્મિત કરી બોલી:—"માજી! મ્હારી બગિની હેમચન્દ્રની સેવા શુશ્રષા કરી તેમના ઉપર અપૂર્વ પ્રેમ રાખે છે, અને તેઓ પણ મ્હારી બગિનીના ઉપર પ્રાણાધિક સ્નેહ કરે છે. મ્હારી બગિની તો કદાપિ એવાં નખરાં કરતી નથી."

માજી:—"વાહ! તું એની વાત શા માટે કાઢે છે? હેમચન્દ્ર તો સાધુ પુરૂષ છે. બિંદુ પણ સરળ સ્વભાવની સ્રી છે. એ બન્નેની વાત છોડી દે. વારૂ કહે જોઇએ કે, એવાં સરળ સ્વભાવવાળાં મનુષ્યોની સંખ્યા સંસારમાં કેટલી હશે? મ્હારા અનુભવ પ્રમાણે તો હું એમજ નિશ્ચય કરી બેઠી છું કે, સંસારમાં દુર્જળ મનુષ્યોની સંખ્યા જ વધારે છે. જે સજ્જન છે તેની આસપાસ જ દુઃખનો

દાવાનળ સળગી ઉઠે છે. તું પુરૂષોની વાત શા માટે પૂછે છે? એ લોકો ધન સંચય કરે છે, બાપદાદાની ધન સપત્તિના તેઓ માલિક છે. આવક ખર્ચ વિગેરેનો હિસાબ તેમના જ હાથમાં છે. તેઓ પગ ઉપર પગ ગોઠવી બેસી રહે છે, અને સ્ત્રીઓદ્વારા હમેશાં દાસીના જેવું કામ લેવાની અભિલાષા રાખે છે. એમજ ધારો ને કે જાણે સ્ત્રી તેમની વેચાતી લીધેલી ચાકરડી કેમ ના હોય! આથી કરીને વહૂ સહજ બપકાબંધ ના હોય, તારી કાકી ગોપબાળાના જેવી ચતુર અને ભવિષ્યનો વિચાર પૂર્વેથી કરનારી ના હોય તો આખો દિવસ ઘરનું કામ કરતાં કરતાં તથા પતિનાં રોષદર્શક વચનો શ્રવણ કરતાં કરતા તે કંટાળી જાય છે, અને છેવટે ચિંતાની ચિત્તામાં તે જીવતી જાગતી બળીને ભસ્મ થઇ જાય છે. આથી કરીને જ કહું કે, બ્હેન! કાંઈક રૉફ રાખ, કાંઈક કઠોર હૃદયની થા, કાંઈક ચતુરાઇ વાપર. તે સિવાય ત્હારૂ સન્માન થશે નહિ ત્હારૂં ધાર્યું કરવાનું શીખીશ, ઉત્તમ વસ્ત્રાલંકારો તથા ધન દોલતને ત્હારી મત્તા નીચે રાખતાં શીખીશ, ત્હારા પતિ ઉપર હુકમ ચલાવતાં શીખીશ ત્યારે જ હું તને ખરી સ્ત્રી સ્હમજીશ. જ્યારે અવતાર ધારણ કરીને તું ત્હારો સ્વાર્થ સાધવાનું ના શીખે ત્યારે પછી સ્ત્રીનો જન્મ લીધાનું સાર્થક શું?"

બિંદુએ પૂછ્યું:—"અને ધારો કે કદાચ મતલબ કાઢવા જતાં સકળ વાત બગડી જાય તો?"

માજી:—"જેને રસોઇ બરોબર બનાવતાં આવડે છે તેને હાથે રસોઇ બગડે જ નહિ."

બિંદુ:—"માજી! તમે ભૂલો છો. મ્હેં મ્હારી આટલી ઉમરમાં ઘણાં નુકશાન થતાં જોયાં છે. આવી સ્વાર્થવૃત્તિને લીધે અનેક

ગૃહો વેરાન શ્મશાન જેવાં બની ગયાં છે. પતિ અગર તો પત્ની એ બન્નેમાંથી જેકોઇનામાં પણ સહનશીલતાનો ગુણ હોય છે તો તેમના ઘરનો આનંદ કદાપિ દૂર થતો નથી; પરંતુ બન્નેનો સ્વભાવ ઉચ્છૃંખલ હોય છે તો તેમનો ગૃહસ્થાશ્રમ ઘણો બગડી જાય છે. વિશેષ પ્રપંચ કરવાનું પરિણામ ઘણું દુઃખજનક આવે છે."

માજી બોલ્યાં:—"એ તો રસોઇ બનાવનારનો જ દોષ છે; દાળમાં જેટલું મીઠું યોગ્ય થઇ પડે તેટલું જ નાખવું જોઇએ, વિશેષ નાખવાથી તો તે ઉલટી બગડી જાય. આમ બને છે તેથી શું દાળ રાંધવી જ ના જોઇએ કે ? તું તો એક ઉત્તમ રસોઇ બનાવનારી છે. યોગ્ય પ્રમાણમા મીઠું મસાલો નાખીને દાળ રાંધ, પછી જો કે તે કેવી સ્વાદિષ્ટ બને છે !"

દશમ પરિચ્છેદ.

સ્નેહી સુહૃદોનો સમાગમ.

રાત્રે લગભગ આઠ વાગ્યાના સુમારે શરત્ચંદ્ર ઘેર આવી પહોંચ્યો. બે વર્ષ વીતી ગયા પછી આજ તે ઘેર આવ્યો છે, તેથી તેને તેનાં દર્શન કરવાને માટે આજે મહોલ્લાનાં સર્વ મનુષ્યો એકઠા થયાં છે. તેનુ ઘર લોકોથી ભરાઇ ગયું છે. હેમચંદ્ર આટલા બધા દિવસ પછી પોતાના સાઢુ શરત્ચંદ્રને જોઇ ઘણો જ પ્રસન્ન થયો બીજા સ્નેહી મંડળે પણ શરત્ચંદ્રને અભિનંદન આપ્યું. આમના વૃદ્ધ લોકો કે જેમણે શરત્ચંદ્રને સમાજથી બહિષ્કૃત કર્યો હતો,

તેમણે પણ આજે ઉચ્ચ અધિકાર પર પ્રતિષ્ઠિત થયેલા શરત્ચંદ્રને ઘણું માન આપ્યું. શરત્ચંદ્ર સર્વેને યથાયોગ્ય સન્માન આપી માતાને ઘેર આવ્યો તથા માતાને સાષ્ટાંગ પ્રણામ કર્યા, અને તેમની ચરણરજ પોતાના મસ્તક પર ચ્હડાવી. માતાએ પુત્રના મસ્તક ઉપર બન્ને હાથ રાખી પ્રેમાશ્રુથી ભરેલી આંખોએ તેમણે આશીર્વાદ અર્પણ કર્યો,

શરત્ચંદ્રે માતાની પાસે ઘણા સમય સુધી બેસી રહી તેમના કુશળ વર્તમાન પૂછ્યા. શરત્ચંદ્રની માતા વૃદ્ધાવસ્થા ભોગવતી હોવાથી તે ઘરનું કાંઈ કામકાજ કરી શકતી નહોતી. તે હમેશાં પ્રાતઃસ્નાન કરીને દ્વિપ્રહર સુધી પૂજાપાઠ કરતી હતી. ત્યાર પછી સાયંકાળનું નિત્યકર્મ કરીને સાત્વિક પદાર્થનું ભોજન કર્યા પછી પરમેશ્વરનું નામ લઇને સૂઇ રહેતી હતી.

શરત્ચંદ્રને જ્યારે **સમાજ**માથી બહિષ્કૃત કરી દીધો હતો ત્યારે તેની માતાના હૃદયમાં અપાર દુઃખ થયુ હતું, પરંતુ તેના ગુરૂએ સાંત્વના આપીને કહ્યું હતું કેઃ—" તમે કોઇ પણ પ્રકારની ચિંતા કરશો નહિં. બ્રાહ્મણ પૂજારી તમારે ત્યાં આવે કે ના આવે તો પણ તેથી તમને કોઇ જાતનું નુકશાન થવાનું નથી. તમે જે પ્રમાણે વ્રતનિયમાદિથી ઇશ્વરની સેવા કર્યા કરો છો તે પ્રમાણે જ કરતાં રહો. પુજારીની સહાયતાની કાંઈ જરૂર નથી. એકાગ્રચિત્તથી ભગવાનના ગુણ તથા રૂપનું ધ્યાન ધરવુ એ જ એની યથાર્થ પૂજા છે. ચિત્ત જો બીજા વિષયમાં લાગેલું હોય તો પછી અક્ષત પુષ્પાદિ ચ્હડાવવાથી શું થયું ?"

શરત્ચંદ્રની માતાએ ગુરૂદેવની સલાહ પ્રમાણે કરવા માંડ્યું, તથા તે તેજ પ્રમાણે ઇશ્વરની આરાધના કરવા લાગી. તેના જ પુણ્ય

પ્રતાપથી શરતચંદ્રે સફળ પરીક્ષામાં પસાર થઇને સારી નોકરી પ્રાપ્ત કરી આજે વિદેશથી આવીને માતાના ચરણોમાં મસ્તક નમાવી પ્રણામ કર્યા.

બિંદુ તથા કાળીતારાએ શરતચંદ્રની પાસે બેસીને સ્નેહપૂર્ણ કંઠે અનેક વાતો પૂછી પોતાના મનના સર્વ પ્રકારના વિચારો જણાવ્યા. શરતચંદ્રે પણ એ સર્વ વાતોનો યથાયોગ્ય ઉત્તર આપ્યો પાસે જ સુધા પોતાના પ્રાણાધાર બાળકને કેડમાં લઈ ઉભી હતી. શરતચંદ્રે અતિ પ્રેમપૂર્વક તેના હાથમાંથી પુત્રને પોતાની પાસે લેઇ ચુંબન કર્યું. સુધાનાં નેત્રોમાંથી આનંદાશ્રુઓ ટપકવા લાગ્યા

રાજા મહારાજાઓના સ્વાગત માટે શહેરે શહેરમાં તથા ગામે ગામમાં ધામધૂમ મચી રહે છે, ઘેર ઘેર ઉત્સવ માનવામાં આવે છે, પરંતુ સચ્ચરિત્ર ધર્માત્મા શરતચંદ્રના સ્વાગતને માટે આજે તેના ન્હાના ઘરમાં જે આનંદ તથા સ્નેહના તરંગો ઉછળી રહ્યા હતા તેની સરખામણી શું એ મહોત્સવો કરી શકે તેમ હતું ? આવો સાચો સ્નેહ, પવિત્ર પ્રીતિ આ સંસારમાં સંયોગથી જ અનુભવી શકાય છે.

શરતચંદ્રે ઘણા સમય પશ્ચાત્ પોતાના હાથ તથા મ્હોં ધોયું સુધાએ તુરત જ સ્વચ્છ શીતળ જળ પતિ દેવતાની પાસે લાવીને મૂક્યું. જળપાન કરીને શરતચંદ્ર હેમચંદ્રની સાથે પુનઃ દિવાનખાનામાં ગયો તથા એકત્રિત થએલા સ્નેહી મંડળ તથા બંધુ-વર્ગ સાથે વાતચીત કરવા લાગ્યો. તેણે ગામના સર્વે લોકોના કુશળ વર્તમાન પૂછ્યા. ગરીબાઇ તથા દુઃખમાં દબાઇ પડેલા બંધુઓ પ્રતિ દયાદૃષ્ટિ દર્શાવીને પોતાથી બની શકે તેટલી સહાયતા તેમને કરવાની તેણે પોતાના મન સાથે પ્રતિજ્ઞા કરી. સાર્વજનિકના લાભ

માટે જ્યાં કૂવાઓ તથા તળાવો ખોદાવવા જેવું હતું ત્યા તળાવો તથા કૂવાઓ ખોદાવવા માટે સંકલ્પ કર્યો. ત્યાર પછી સડક અને ઘાટમાં સુધારો કરાવવાનો વિચાર પ્રકટ કર્યો. રોગી લોકોને માટે એક ધર્માદા દવાખાનું સ્થાપન કરવાનો નિશ્ચય કર્યો. જે દરિદ્ર બાળકોએ પોતાની ફી ભરી શકાય તેવી પોતાની શક્તિ નહિ હોવાથી પોતાનો અભ્યાસ છોડી દીધો હતો તેમને પોતાની પાસેથી ફી વિગેરેની સહાયતા આપવાનું જાહેર કર્યું. આ સિવાય અનેક મનુષ્યોએ શરત્ચંદ્રની પાસે આવીને પણ અનેક પ્રકારની માગણીઓ કરી. કોઇએ પિતૃશ્રાદ્ધ કરવામાં સહાયતા માગી, કોઇએ કન્યાદાન કરવામાં મદદ માગી. શરત્ચંદ્ર આજે લગભગ બે વર્ષે ઘેર આવેલો હોવાથી તેણે કોઇની ઇચ્છાનો અસ્વીકાર કર્યો નહિં. સર્વેને પોતાનાથી બની શકે તેટલી સહાયતા કરવાનું વચન આપી તેણે સંતુષ્ટ કર્યા.

રાત્રિનો દોઢ પ્રહર વીતી ગયો હતો. ભોજનની સર્વ સામગ્રી તૈયાર હતી. હેમચંદ્ર તથા શરત્ચંદ્ર ભોજન કરવા બેઠા. બિંદુ હાથમાં પંખો લેઇને એ બન્નેની આગળ બેઠી. કાળીતારા રસોઇ બનાવવામાં ઘણી પ્રવીણ હતી. તેણે બાઇને યથેચ્છ ભોજન કરાવી તૃપ્ત કર્યો

ત્યાર પછી સ્ત્રીઓએ ભોજન કર્યું. અર્દ્ધ રાત્રિ વીતી ગઇ ત્યારે હેમચંદ્ર અને બિંદુ તેમના શયનાલયમાં ગયાં. બિંદુએ સુવા જતાં પહેલાં શરત્ચંદ્રનો હાથ પકડી તેને તેના શયનગૃહના દ્વાર સુધી પહોંચાડીને કહ્યું:—"જાઓ હવે તમે તમારી સંપત્તિને સંભાળો. હું જાઉં છું."

શરચ્ચંદ્રે પોતાના શયનાલયમાં પ્રવેશ કરીને જોયું કે, તેનો પ્રાણાધિક પુત્ર પલંગ ઉપર પડયો પડયો નિદ્રાસુખ ભોગવતો હતો. પાસે જ એક ટેબલ ઉપર પડેલા વૉલસિટમાં ઝીણબત્તી સળગી રહી હતી. પલંગ ઉપર બેસી નીચુ મુખ રાખી સુધા શરમાતી શરમાતી સ્વામીની રાહ જોતી બેઠી હતી.

શરચન્દ્રે કેટલાક સમય સુધી આ અપૂર્વ શોભાનું દર્શન કર્યા કર્યું. દીપકના સ્વચ્છ પ્રકાશમાં તેણે નિર્નિમેષ નયનોથી હૃદયના સર્વસ્વને નિહાળ્યું. ત્યાર પછી સુધા પાસે જઇને એ કોમળાંગી પ્રેમવિહ્વળા બાળાને પોતાની છાતી સાથે ચાપી તેણે ઘણા જ પ્રેમથી તેના બન્ને ઓષ્ઠને ચુંબન કર્યું.

સુધાએ પોતાનાં નેત્રો મીંચી દીધાં. આનંદથી બેહોશ બની જઇને એ કોમળ બાહુલતા પતિના ગળામાં નાખીને પ્રેમપૂર્વક બાઝી પડી. તેણે પતિ દેવતાને ગાઢ આલિંગન કરીને ઘણા દિવસની પોતાની વિરહવ્યથાને શાંત કરી. સુધાનું હૃદય આનંદથી પ્રફુલ્લિત બની ગયું. તેનાં બન્ને નેત્રોમાંથી આનંદાશ્રુઓ ઉભરાઇ જવા લાગ્યા.

શરત્ચંદ્રે રેશમી રૂમાલથી પત્નીના આંસુ સાફ કરીને તેનાં કમળ સમાન સુંદર નયનો ઉપર વારંવાર ચુંબન કરીને કહ્યું:—"હું ત્હારા જેવા રમણી રત્નને પ્રાપ્ત કરી શકયો છું એથી મ્હને પોતાને મહાભાગ્યવાન્ સમજું છું. ત્હારા જેવી પતિપ્રાણા સ્ત્રી પ્રાપ્ત થવાથી મ્હારૂં જીવન સાર્થક થયું છે. જે ઘરમાં ત્હારા જેવી પ્રેમભક્તા સ્ત્રી હોય છે તે ઘર દિપક સિવાય પ્રકાશિત રહે છે. સ્વદેશ, વિદેશ, સુખ, દુઃખ, શોક, સંતાપ સર્વેમાં તું મ્હારા

હૃદયના હીરા સમાન છે, તું મ્હારાં નયનોની કીકી છે, તુ જ મ્હારી ગૃહલક્ષ્મી છે."

સુધા કાંઇ ઉત્તર આપી શકી નહિ. તેણે સ્વામીના પ્રેમ-પુલકિત મુખ તરફ પ્રેમાશ્રુભરી દૃષ્ટિથી જોયું, તથા સ્વામીના હૃદય પર મુખ રાખી તે આંસુ સારવા લાગી.

પ્રતિપ્રાણા સુધાનામાં જો મનની વાત શબ્દોદ્વારા પ્રકટ કર-વાનુ સામર્થ્ય હોત તો તે અવશ્ય પોતાના પ્રાણનાથને કહેત કેઃ—"પ્રાણનાથ ! આપે મ્હને દરિદ્રિણીને આપના ઘરમાં સ્થાન આપ્યુ છે, આ દુઃખિણીને માટે આપે ઘણી નિંદા તથા ઘણું દુઃખ સહન કર્યું છે. હુ આપનું રત્ન કયાંથી? હું જ્યાં સુધી જીવીશ ત્યાં સુધી આપની દાસી થઇ રહીશ, તથા પ્રત્યેક જન્મે આપના ચર-ણોની સેવા કરીશ."

એકાદશ પરિચ્છેદ.

દાદા મહાશય.

માજીઃ—"કેમરે સુધા ! તુ હજુ સુધી સૂઇ રહી છે કે?"

સુધાઃ—"ના માજી ! હું તો ઉઠી છું, પરંતુ આજે તમે આટલાં બધાં વહેલાં કેમ?"

માજીઃ—"હા, હમણાં હું શરતને મળવા આવીશું. વારું, આ લે; કાલે રાત્રે એક ગોવાળણ આટલું દહીં આપી ગઇ હતી તે હું શરતને માટે લેઇ આવી છું."

સુધાઃ—"આ શું માજી ! વિશેષ પ્રેમ દર્શાવવાથી પુરૂષ માથા ઉપર ન્હડી બેસેછે ને ?"

કાળીતારાઃ—"માજીનો સ્વભાવ જ એવો છે. બીજી સ્રીને માનિની થવાનું શીખવે છે અને પોતે અન્ય જનોને સુખ શાંતિ આપવાની પ્રવૃત્તિમાં જ રહે છે. આવા પરોપકારવ્રતમાં તેમણે પોતાની આટલી બધી જીંદગી વીતાડી દીધી છે. અન્ય જનોનું દુઃખ તેમનાથી સહન કરી શકાતું નથી. જો શાસ્ત્રીજીની પુત્રવધુની તેમણે સભાળ ના લીધી હોત તો તે અત્યાર સુધી જીવત કે કેમ એ શકાયુક્ત હતું. તેના ઘરનું થોડું ઘણું કામ તો માજી જાતે જઇને કરી આવે છે. પ્રત્યેક મનુષ્ય પર માજી આવા ઉપકારો કરવાને સદા સર્વદા તત્પર રહે છે. મહોલ્લાનાં બાળકો તો માજીને જોતાં જ આનંદથી નાચવા માંડે છે."

માજીઃ—" શુ કરૂ બ્હેન ! જ્યારે કોઇને બીમાર જોઉ છુ ત્યારે તેની સેવા મ્હારે કરવી જ પડે છે. કહે સુધા ! કાલે રાત્રે કાંઈ માનપમાનનું નાટક ભજવ્યું હતું કે ? પતિ વિદેશથી ઘેર આવે ત્યારે તો પત્નીએ " પ્રિયા પ્રકોપ ' 'રોષ દર્શિકા આખ્યાન' એવાં એવાં નાટકો ભજવવાં જોઇએ. ત્હે પણ હું ધારૂ છુ કે 'પ્રિયાપ્રકોપ' નુ નાટક ભજવ્યું જ હશે !"

સુધાઃ—"ના માજી ! એમ કરવાનું તો હુ ભૂલી ગઇ."

માજીઃ—"અરે ! તું તે કેવા પ્રકારની સ્રી છે ? થોડા સમય સુધી મ્હોં ફેરવીને બેસી રહી હોત તો બે ત્રણ અલંકારો તને મળી જાત. આ પ્રમાણે ત્હારાથી બની શક્યું નહિં. વારૂં, પરંતુ કહે તો ખરી કે ત્હારા પતિ ત્હારે માટે કાંઈ આભુષણ અલંકારો લાવ્યા છે કે.!"

સુધાઃ—"માજી હું એ સંબંધી કશુ જાણુતી નથી; કારણ કે એ સંબંધી મ્હેં તેમને કાંઈ પૂછ્યું જ નથી."

માજી—'અરે રામ! તું કાંઇ એવી અજ્ઞાન્ નથી તેમ જ બાળિકા પણ નથી; હવે તો તું એક પુત્રની માતા થઇ છે છતાં હજુ સુધી તને સંસારના પ્રીતિ વ્યવહાર આવડયા નહિં. શું આવી રીતે તું પતિને. પ્રેમ પ્રાપ્ત કરી શકીશ? આટલા બધા દિવસો સુધી વિદેશમાં રહીને નોકરી કરી, ઘણા પૈસા પ્રાપ્ત કર્યા, એ બધાનું તેણે કર્યું શું? એ સબંધી તો ત્હારે તપાસ કરવી'તી. ત્હારા નામ ઉપર થોડા રૂપિયા બેંકમાં જમા મૂકવાનું ત્હે તેમને કહ્યું હતું?"

સુધા સ્મિત કરતી બોલીઃ—"માજી, હું એ કહેવાનું પણ ભૂલી ગઇ."

માજીઃ—બ્હેન! તુ બધુ ભૂલી જઇશ નહિ. જ્યાં સુધી માનિની બનીશ નહિ ત્યા સુધી તને કાંઇ મળશે નહિ. હવે હું ત્હારી નવી કાકીને ત્યાં જાઉં છુ. એ તો પોતાનો સ્વાર્થ સાધવામાં ઘણી જ ચતુર છે."

આ પ્રમાણે વાર્તાલાપ ચાલી રહ્યો હતો એવા સમયે શરત્-ચંદ્ર ત્યાં આગળ આવી પ્હોંચ્યો. માજીને જોતાં જ કાંઇ વિચાર કરી તે બોલ્યોઃ—"માજી! તમે આજે કાંઇ બહુ વહેલાં આવ્યાં છોને? હું આજે તમારે ત્યાં જ આવવાનો વિચાર કરતો હતો; એટલું જ નહિ પરંતુ આજે તમારાં દર્શન કરવાનો મ્હેં નિશ્ચય જ કર્યો હતો, એટલામાં તો **યાદૃશી ભાવના યસ્ય સિદ્ધિર્ભવતિ તાદૃશી** એ સુત્રના આધારે મ્હારી ભાવના સિદ્ધ થઇ છે."

માજીઃ—"ભાઇ! ત્હારાથી ક્હાય ના અવાય તો પણ શું થઇ ગયું! હું હમેશાં આવીને તને જોઇ જઇશ, કામે સ્હેંપા

સમયે હું આવી હતી, પરંતુ તને આવવાને અધિક વિલંબ લાગ્યો તેથી હું ચાલી ગઇ. ભગવાન્ તને દીર્ઘાયુ કરો. મ્હારા શિર પર જેટલા વાળ છે એટલાં વર્ષ તું જીવો. ત્હારી મનોકામના સફળ થાઓ. પ્રભુ ત્હારૂં કલ્યાણ કરો. અહા ! આજે ભાગ્યવશાત્ જો કદાચિત્ ત્હારી સાસુ જીવતાં હોત તો શરદ્ ઋતુના પૂર્ણ ચંદ્ર સમાન જામાતૃનાં દર્શન થતાં જ તેનાં નેત્રો તૃપ્ત થાત.”

માજીએ વસ્ત્રના પાલવથી પોતાનું ચક્ષુજળ સાફ કર્યું. કેટલાક સમય પછી તે હસીને બોલ્યાં:--“વારૂ પણ ભાઇ, કહે જોઇએ કે, તું આટલા બધા દિવસે ઘેર આવ્યો છે તેથી મ્હારી સુધાને માટે શું શું અલંકારો લાવ્યો છે? મ્હારી સુધા બિચારી બહુ સરળ છે; છળ પ્રપંચ કેમ કરવો એ તેને આવડતું નથી. આમ હોવાથી તેને ઠગી લેવી યોગ્ય નથી. શું એ બિચારી કાંઇ બોલે નહિં માટે તેને કાંઈ આપવું પણ નહિ કે? હું એને માટે કમર કસીને ત્હારી આગળ લ્હડવા આવી છું.”

શરતચંદ્રે સ્મિત કરી કહ્યું:--પ્રથમ તમે કે પ્રથમ પત્ની ? ’ આમ કહીને શરતચંદ્ર માજીને માટે જે એક સાડી લઇ આવ્યો હતો તે તેણે તેમના હાથમાં મૂકી.

માજીનાં નેત્રોમાં પુનઃ જળ ભરાઇ આવ્યું. તેઓ બોલ્યાં:-- “ભાઇ આ શું ? મ્હારે માટે આવું વસ્ત્ર લાવવાની શું જરૂર હતી ? હું તો હવે વૃદ્ધા થઇ ગઇ છું. ત્રણ અવસ્થા વીતી ગઇ છે. માત્ર ચોથી અવસ્થા બાકી રહી છે. મ્હારે હવે કેટલા દિવસ આ સંસારમાં રહેવું છે ? હું આવી કિમતી સાડી લેઇને શું કરૂં ? તને આજની યાદદાસ્ત કાયમ રહી હતી તે માટે માજી પ્રસન્ન થઇને

તને આશીર્વાદ આપે છે. ભગવાન્ તને સુખી કરો; પરંતુ જો જોઇ શરત્! પુનઃ કદાપિ મ્હારે માટે આવુ ગેરવ્યાજબી ખર્ચ કરીશ નહિં."

શરત્ચંદ્રે ઓરડામાં પ્રવેશ કરતા જ જોયુ કે, સુધા દોઢ હાથનો ઘુમટો ખેંચીને ખુણામાં ઉભી રહી હતી. તેણે કાળીતારાના કાનમાં કોણ જાણે કાંઈ કહ્યું. કાળીતારાએ હસી પડીને માજીને સંબોધી કહ્યુ:–"ભાભી કહે છે કે, માજી આ સાડીને લેઇ લ્યો. માથાં ખાળ ફેલાવીને જો વિશેષ કાંઈ લેઇ શકાય તો તે પણ લેઇ લ્યો નહિ તો પુરૂષો આગળ તેમની બિલકુલ કદર થશે નહિં.'

શરત્ચંદ્રે હસીને કહ્યું:–"શું માજીને કોઇએ માયા મંત્રનુ શિક્ષણ આપ્યુ હતુ કે? માજી પ્રમાણે જો સર્વ મનુષ્યો સર્વની પ્રતિ પ્રેમ ભાવના દર્શાવે, સુખ દુઃખમાં સહાનુભુતિ પ્રકટ કરે તો આ સંસાર સ્વર્ગ સમાન બની જાય."

માજીના ગયા પછી ગામમાં જેટલી વૃદ્ધા સ્ત્રીઓ હતી તે સર્વ શરત્ચંદ્રને આશીર્વાદ આપવા આવી. ત્યાર પછી સુધાની કાકી, માશી, દાદી વગેરે શરત્ચંદ્રને મળવા આવી. સમાજના નિયમ પ્રમાણે એ સર્વેએ સુધા તથા શરત્ સાથેના આહાર વ્યવહારનો ત્યાગ કર્યો હતો, પરંતુ એમનુ નિષ્કલંક નિર્મળ ચરિત્ર એમની અસીમ લોકોપકારિતા, એમની ઉદારતા અને સત્કાર્યકારિતા કોઇનાથી ગુપ્ત નહોતી. ગામનાં આબાલ વૃદ્ધ–સર્વ જનો તેમની મુક્ત કંઠે પ્રશંસા કરતાં હતાં. આજે શરત્ચંદ્રની સ્થિતિ રીતી તેના આચાર વ્યવહાર તથા તેનુ ધાર્મિક જીવન જોઇ સર્વે બાળકો, વૃદ્ધો તથા વનિતાઓ સમાજ બંધનને તોડી નાખી તાલસુખપુરના ગૌરવસ્વરૂપ શરત્ચંદ્રને જોવા આવી. શરત્ચંદ્રે પણ

એ સર્વેના પ્રત્યે અપૂર્વ માયા અને મમતા દર્શાવી. તેણે પ્રિય વચનોથી સકળ જનોના આત્માને સંતુષ્ટ કર્યાં. વૃદ્ધ જનોને પ્રણામ કરીને ધોતીઆં, ચાદરો વિગેરે વસ્ત્રાદિ આપીને, તથા બાળકોને મિઠાઇ તથા અભ્યાસનાં પુસ્તકો આપીને પ્રસન્ન કર્યાં. બંધુ બાંધવોને કુશળ સમાચાર પૂછી મુખવાસની વસ્તુઓ આપવામાં આવી. ન્હાની ન્હાની બાળિકાઓના હાથમાં એકંએક રૂપીઓ મૂકયો. જે જે લોકો શરતચંદ્રને મળવા આવ્યા તે સર્વેએ તેના શિષ્ટાચારથી પ્રસન્ન થઇ તેને ધન્યવાદ આપી પોતપોતાને ઘેર ચાલ્યા ગયા.

ભોજન કરી રહ્યા પછી શરતચંદ્રે આખો દિવસ એક બીજાને ત્યાં જવામાં તથા સ્વજન પરિજનોની મુલાકાત કરવામાં જ કાઢી નાખ્યો. તેણે શત્રુ મિત્રનો બિલકુલ વિચાર કર્યો નહિં. સર્વેની સાથે તેણે ખુલ્લા મને વાતચીત કરી. સંધ્યા સમયે તે તારિણી-પ્રસાદ પાસે પણ ગયો, જ્યારે તે ત્યાં ગયો ત્યારે તારિણીપ્રસાદની ગર્વિષ્ઠ નવયૌવના ગૃહિણીએ મ્હોં ફુલાવીને કહ્યું:—"એ વળી જાતિ-ભ્રષ્ટ થઇ ગયેલો મ્હારે ત્યાં શા માટે આવ્યો ? જે પોતાની જાતિથી અલગ થઇ ગયો છે, જેણે પોતાના કુળધર્મનો ત્યાગ કર્યો છે તેનાં દુષિત પગલાંથી મ્હારૂં ઘર અપવિત્ર થઇ જશે. એવા વિધર્મીઓની સાથે સબંધ જોડવાની મ્હારી બિલકુલ ઇચ્છા નથી."

સંધ્યા સમયે ઘેર આવીને શરતચંદ્ર થોડું જળપાન કરી દાદા મહાશયને ત્યાં ગયો. તેઓ ગામમાં મ્હોટા વૃદ્ધ પુરૂષ હતા, પરંતુ અદ્યાપિ તેમનું શરીર બલિષ્ઠ હતું. હાથમાં ડંગોરો લેઇ તેઓ મહોલ્લે મહોલ્લે ફરતા હતા, તથા દરેક ઘરની નવાજૂનીની ખબર રાખતા હતા. તેમનો ચ્હેરો પણ ભવ્ય હતો, પરંતુ તેઓ ઘણા હાસ્યપ્રિય હતા. ગામની સ્ત્રીઓ તેમનો ઘણો સંકોચ રાખતી

કતી, તથા ડરતી હતી. તેઓ જે તરફ ફરવા જતા તે તરફ બાળકો એકત્ર થઇ જતાં હતાં, પરંતુ સ્ત્રીઓ તો તેમને જોતાં જ ત્વરિતપદે પલાયન કરી જતી હતી. દાદા મહાશયના ક્રોધથી પ્રત્યેક મનુષ્ય કંપી ઉઠતું હતું.

દાદા મહાશય શરતચંદ્રના ઉપર તેની બાલ્યાવસ્થાથી જ ઘણી પ્રીતિ રાખતા હતા. જ્યારે જ્યારે શરતચંદ્ર ગામ પર આવતો હતો ત્યારે તેમને જોવાને જતો હતો.

ઉનાળાના દિવસ હતા. સંધ્યા સમય હતો. બહાર ઓટલા ઉપર એક ખુરસી નાખીને તેના ઉપર દાદા મહાશય બેઠા હતા. મનમાં ને મનમાં તે પૂર્વના વૃત્તાંતનો વિચાર કરી રહ્યા હતા. તેમનું હૃદય ઘણું સ્વચ્છ હતું.

શરતચંદ્રને જોતાં જ દાદામહાશય પુલકિત હૃદયે બોલ્યાઃ—"આવ ભાઇ, આવ. આજે ઘણા દિવસે ત્હારાં દર્શન થયાં; કહે જોઇએ ત્હારી પ્રકૃતિ તો સારી છેને ?"

શરતઃ—"જી હા! આપની કૃપાથી સારો છું."

દાદામહાશયઃ—"ત્હારી માતા તો કુશળ છેને ? કાળીતારા કેમ છે! વળી વહુ દીકરો પણ આનંદમા છે ને ?"

શરતઃ—"આપના આશીર્વાદથી સર્વે સારાં છે."

દાદા મહાશયઃ—"આટલા દિવસ સુધી તું પશ્ચિમ પ્રાંતમાં શું કરતો હતો ? એ દેશનાં હવા પાણી કેવાં છે ?"

શરતઃ—"હું નોકરી કરતો હતો. વિહારનાં હવા પાણી ઘણાં સારાં છે; છતાં આ દેશની માફક ત્યાં પણ મેલેરિયા જ્વર ફેલાયો છે. આ બૂરી બિમારીથી દેશની ઘણી દુર્દશા થઇ રહી છે."

દાદા મહાશયઃ—"હું પણ જાણું છું કે પશ્ચિમ પ્રદેશ ઘણો સારો છે કાશી તથા પ્રયાગ જેવાં ધાર્મિક સ્થાનો છે તેવાં જ હવા પાણીને માટે પણ ઉત્તમ સ્થાનો છે."

શરતઃ—"મ્હારા સાંભળવામાં આવ્યું છે કે, કાશી, પ્રયાગ, દિલ્હી અને આગ્રા સુધી મેલેરિયા ફેલાઇ ગયો છે. કોણ જાણે કદાચ પંજાબ સુધી પણ આ બીમારી જઇ પહોંચી હશે આમ છતાં હું બે વર્ષ સુધી વિહારમાં રહ્યો તો પણ મ્હને એકકે દિવસે તાવ આવ્યો નહિ."

આ પ્રમાણે દાદા મહાશયની સાથે ઘણા સમય સુધી શરતચંદ્રે વાતચીત કરી. પશ્ચિમ દેશ સંબંધી, નોકરી સંબંધી તથા તાલપુ-ખુર ગામ સંબંધી એમ અનેક વિષયો સંબંધી વાતચીત ચાલી. દાદા મહાશયે પ્રાચીનકાળની નોકરી સંબંધી પુષ્કળ વાતો કરી. પૂર્વકાળના કેટલાક આચાર વ્યવહારો સંબંધી પણ આલોચના કરી, કેવી રીતે નોકરોને પોતાને તાબે રાખવા ? કેવી રીતે પત્નીને પોતાની આજ્ઞામા રાખવી ? એ સુદ્ધાં કહ્યું. આ સકળ વાતો કહેતાં કહેતાં તેમણે પ્રશ્ન કર્યો—"તું ઘેર શા માટે આવ્યો છે ? શું વહૂ દીકરાને સાથે લેઇ જવાની ત્હારી ઇચ્છા છે ? હું તેમને હમણાં ત્હારી સાથે આવવા દેઇશ નહિ."

શરતઃ—"ત્યારે જ્યાં સુધી આપ આજ્ઞા નહિં આપો ત્યાં સુધી હું મ્હારા કુટુંબને કેવી રીતે લેઇ જઇ શકીશ ?"

દાદા મહાશયઃ—"હું કેવી રીતે આજ્ઞા આપું ? તું કૉલેજમાં ભણ્યો છે એટલે વહૂને માથે ચ્હડાવી રાખીશ, અને બૈરીનો ગુલામ થવાથી તું ત્હારી નોકરી ગુમાવી બેસીશ, તથા આમ થવાથી ત્હારી દુર્ગતી થશે"

શરદઃ—" ફજેતી, કેવી-રીતે થશે ? "

દાદા મહાશયઃ—" ફજેતી નહિં થાય તો બીજું શું થશે ? શું વહૂના વિના ત્હારૂં કોઇ કાર્ય અટકી પડવાનું છે કે ? તમે આજકાલના છોકરાઓ વહૂ આગળ ઘણા ઘેલા ગાંડા બની જાઓ-છો. પૂર્વે આવી અવસ્થા નહોતી. તે દિવસોનો વ્યવહાર જૂદા જ પ્રકારનો હતો. "

શરતઃ—ત્યારે શું વ્યવહાર હતો તે કહોને ? હું પણ એક બે જૂના જમાનાની વાતો સાંભળી લેઉં, થોડી ઘણી જૂની રીતભાત શીખી લેઉં. "

દાદા મહાશયઃ—" સાંભળ, જ્યારે ત્હારી ઇચ્છા છે તો હું કહું-છું. પૂર્વે વહૂઓ પગ ઉપર પગ ચ્હડાવીને બેસી શકતાં નહિં. એમ-ને જ ઘરનું સકળ કામકાજ કરવુ પડતું હતું. મળસ્કે ઉઠી પૂંજો વાળવો, વાસણો સાફ કરવાં, દળવુ, ખાંડવું, રસોઇ બનાવી પુરૂષોને ભોજન કરાવવુ, બાળ બચ્ચાને ખવડાવવું પીવડાવવું આ સર્વે કાર્યો વહૂ કર્યા કરતી હતી. કામકાજ કર્યા વિના વહૂને ઉત્તમ ગૃહિણી કહેવાય જ કેમ ? તે સમયની સાસુઓ પણ વહૂને કેવી રીતે ઉત્તમ ગૃહિણી બનાવવી એ સારી રીતે જાણતી હતી તું વિશ્વવિદ્યાલયની કેળવણી પામેલો એ જમાનાની વાતો શું જાણે ? "

શરતઃ—" વળી એમ સાંભળવામાં આવ્યુ છે કે, જૂના જમા-નામા સાસુ વહૂને ચૌદમા રત્નનું દાન કરીને તેને ઘરનું કામ શીખ-વતી હતી. બબ્બે દિવસ સુધી અન્ન જળ આપ્યા સિવાય ઘરમાં પૂરી રાખતી હતી. "

દાદા મહાશયઃ—" હા. હા, એ કાંઇ ખોટી વાત નથી, થોડી

મણી શિક્ષા કરવી જ જોઈએ. શાસન સિવાય શું સંસારનું એક પણ કાર્ય બરોબર ચાલી શકે કે? ધારો કે એક ગાડીવાન ઘોડાગાડી હાંકે છે; હવે જો ગાડી હાંકતી વખતે તે ઘોડાનો દોર સહજ જોરથી ખેંચે તો ઘોડો કેવો ત્વરાથી ચાલે? દોર ઢીલો થતા જ ઘોડો જ્યાં જવાનું નથી હોતું ત્યાં ચાલ્યો જાય છે. ત્હારા હાથમાંનો દોર ઢીલો જોઉ છુ તેથી મ્હને શંકા ઉત્પન્ન થાય છે કે, રખેને વહૂ સરળ તથા સીધા માર્ગનો ત્યાગ કરી કદાચ કુમાર્ગ પ્રત્યે પ્રયાણ કરે."

શરત્ચંદ્રે સ્મિત કરી કહ્યું:—"શુ એ ઘોડા છે? શુ તે પોતાનુ કર્ત્તવ્ય નથી જાણતી? એને શુ ઘોડાની માફક તેના મૂખમાં દોર નાખીને ફેરવવી જોઇએ?"

દાદા મહાશયઃ—"હા ભાઇ પોતપોતાનુ કર્ત્તવ્ય સર્વે મનુષ્યો જાણે છે, પરંતુ એ કર્ત્તવ્ય વિસારે પડે નહિં એ હેતુથી જ આ દોર ખેંચી રાખવાની જરૂર છે. તુ સરકારી નોકરી કરે છે તે કેવી નિયમવાળી છે? જો સરકાર સહજ પણ અસાવધાનતા રાખે તો તેમનું સકળ કાર્ય બગડયા સિવાય રહે નહિ, પરંતુ તેઓ પોતાના હાથમાની દોરરૂપી સત્તાને કદી પણ ઢીલી પડવા દેતા નથી."

શરત્ચંદ્રઃ—"સરકારે અમને સર્વેને પગાર આપીને નોકર રાખ્યા છે તેથી જ તેઓ નોકર પ્રમાણે અમારી પાસેથી કામ લે છે વહૂ શુ આપણા ઘરની ચાકરડી-દાસી કહેવાય કે? કામ તો સર્વેએ કરવું જોઇએ. અમે સર્વે બહારનું કામ કરીએ છીએ, એ ઘરનું કામ કરે છે, આથી કરીને શું એની સાથે એક દાસીના જેવો વ્યવહાર ચલાવવો યોગ્ય છે કે?"

દાદા મહાશયઃ—" અરે! આ તો આજકાલના વેદીઆ શિક્ષણના પરિણામે જ તું આમ બોલે છે! ભાર દેવાથી જેવું કામ થાય છે તેવું કામ સ્વતંત્રતા આપવાથી થતું નથી. સર્વે લોકો સ્વતંત્રતા ઇચ્છે છે. સંસારની રીત જ એવી છે. જો તમે કોઇને તમારૂં કામ કરવા સોંપશો અને તેના ઉપર થોડી ઘણી સખ્તાઇ રાખશો તો એ તમારૂં કામ સારી રીતે કરી આપશે, પરંતુ જો ભલમનસાઇ બતાવવા જશો તો એ નિર્ભયતાથી સ્વેચ્છાનુસાર જેમ ફાવે તેમ કરશે."

શરતઃ—" સખ્તાઇ બતાવ્યા સિવાય જો કામ કાંઈક સારૂ થાય અને પ્રેમની પ્રાપ્તિ થાય તો પછી શું હરકત છે?"

દાદા મહાશયઃ—"આ પણ પાશ્ચિમાત્ય શિક્ષણના જ વિચારો કહી શકાય! ભાઇ! તું હજુ બાળક છે. સંસારના વ્યવહારોથી બિલકુલ અજ્ઞાત્ છે. ત્હારા જેવા યુવકોનું એમ ધારવું છે કે, સ્ત્રીઓને મેના પક્ષીની પ્રમાણે સોનાની દોરીથી બાંધી રાખવાથી એની આબરૂ વધે છે અને એમ કરવાથી અધિક પ્રેમની પ્રાપ્તિ થાય છે, પરંતુ વાસ્તવિક રીતે આ વિચાર ભૂલ ભરેલો છે. તું બરોબર વિચાર કરીને જો. જે ઘરની સ્ત્રી પગ ઉપર પગ ચ્હડાવીને બેસી રહે છે, તે ઘરનું કોઇ પણ કામ સારી રીતે થતું નથી. જે ઘરનો પુરૂષ સ્વભાવે કડક હોય છે, જે ઘરનો પુરૂષ ઘરનાં દરેક કાર્ય ઉપર દેખરેખ રાખે છે, અતિશય કામ કરાવવાનું સારી રીતે સ્હમજે છે, કોઇ પણ કામમાં સહજ નુકશાન થતાં તે સ્ત્રીને ચૌદમા રત્નનું દાન દે છે, એવા ઘરની સ્ત્રી અર્થાત્ એવા પતિનીપત્ની કામ કરવામાં ઘણી સાવચેત રહે છે, એવા પુરૂષની સ્ત્રી સકળ કાર્યો સમયાનુસાર કરે છે.

રસોઇ ઉત્તમ પ્રકારની બનાવે છે. એવી સ્ત્રી પતિભક્તિ કરવાનું સારી રીતે જાણે છે. સ્ત્રીનો પ્રેમ પાકી કેરી પ્રમાણે કોઇ પણ પક્ષમાં ફળતો નથી. જે પુરૂષ કાંઇક શાસન કરી શકે છે, કડક સ્વભાવ રાખે છે, કાંઇક સ્વાર્થી હોય છે, તેની તરફ સ્વભાવતઃ સ્ત્રીઓનાં ચિત્ત નરમ બને છે, કારણ કે આ પણ એક "વશીકરણ મંત્ર" છે! હાં, પણ વહૂને રસોઇ બનાવતાં આવડે છે કે?"

શરતઃ—"હા જી, તેને રસોઇ બનાવતાં સારી પેઠે આવડે છે. મ્હારી બ્હેને જ તેને રસોઇ બનાવતા શીખવ્યુ છે."

દાદા મહાશયઃ—" સારી વાત છે, એને બીજા કામ પણ શીખવો. બન્ને વખત તેની જ પાસે ઘરનું બધુ કામકાજ કરાવો. આમ કરવાથી જ તે વિશેષ ચાલાક થશે. મિજાજ કડક રાખવાથી તે ઘણો ભય રાખશે આંખ દેખાડતા રહેવાથી વહૂ સેવા ચાકરી કરતાં શીખશે. જોતો નથી કે કડક સ્વભાવના પુરૂષને નિંદ્રા આવતી નથી તો તેની પત્ની તેના ચરણો દબાવતાં શીખે છે, તથા ઉદરરોગી પુરૂષની સ્ત્રી ઉત્તમ રસોઇ બનાવે છે."

શરતઃ—" દાદાજી! વહૂને આપણા ચરણોની સેવા કરાવવાનું શીખવવા માટે નિદ્રા રોકવી, અને રસોઇ શીખવવાને માટે ઉદરરોગી બનવું એ તો ઘણું મુશ્કેલ છે. વળી આમ કરવાથી સ્ત્રીની પતિના પ્રત્યેની પ્રીતિ કાંઇક અંશે ઓછી થાય છે, જેથી કરીને પતિ તેમજ પત્ની—બન્નેમાંથી કોઇને સુખ મળતું નથી."

દાદા મહાશયઃ—"ભાઇ! તું ભૂલે છે. સ્ત્રીને માટે પતિનું શાસન એજ મહા સુખ સમાન છે. આ પ્રમાણે વહૂને સુશિક્ષિત કરવાથી કેવા પ્રકારનું સુખ મળે છે તેની શું વાત કહું? શાસ્ત્રી-

જીના છોકરાને માટે તે પથારીમાંથી ઉઠે તે પૂર્વે તો દૂધ તૈયાર હોય છે. સ્નાન થતાં ન થતામાં તો રસોઇ પણ તૈયાર થઇ જાય છે. એટલું તો શું પરંતુ પાન લાવવામાં, શય્યા પાથરવામાં વહૂ એટલી બધી ચાલાકી વાપરે છે કે ન પુછો વાત. પતિના ભયથી વિલંબ કરવાનુ તો તેનામાં સામર્થ્ય જ રહેતું નથી. જો કોઇ દિવસે કોઇ કાર્ય કરતાં સહજ વિલંબ થાય તો સ્હમજી લેવું તે સાથે જ તેની સાતે પેઢીઓનો ઉદ્ધાર થઇ જવાનો. તે દિવસે વહૂને નિર્જળા એકાદશીનું ફળ પ્રાપ્ત થયા સિવાય રહે જ નહિં. એક દિવસે વહુનું શરીર સારૂં નહોતું તેથી રસોઇ બનાવવામાં થોડો વિલંબ થયો. એટલે શાસ્ત્રીજીના પુત્રે ગુસ્સે થઇ જઇને કહ્યું કે—:"જ્યારે એકલાં મહારાણી સાહેબથી ઘરનું કામ સમય પ્રમાણે સંભાળાતું નથી તો પછી એક બીજા મહારાણી લાવવાની વ્યવસ્થા કરવી પડશે. આ સાંભળી વહૂ મૂર્છિત થઇ ઢળી પડી અને રૂદન કરવા લાગી. બિચારીએ ભયને લીધે બે ઘડી રાત્રિ રહેતાં પહેલાં રસોઇ બનાવવા માંડી. સ્હમજ્યો બાઇ! વહુને આવી રીતે ચાલાક ગૃહિણી બનાવી શકાય છે. તમે આજકાલના ઉચ્છૃંખલ યુવાનીઆઓ આ સકળ રીત રીવાજને ક્યાંથી જાણો?"

શરતઃ—"શાસ્ત્રીજીની પુત્રવધૂ એકલી હોવા છતાં ઘરનું આટલું બધું કામ કરીને તથા આવા પ્રકારે સ્વામીની સેવા કરીને હજુ સુધી જીવતી રહી છે એથી વિશેષ તેનું શું સૌભાગ્ય હોઇ શકે?"

દાદા મહાશયઃ—"ગમે તેમ હોય, તેણે કામ કરવું જ જોઇએ. સાંભળ્યું છે કે, વહૂ સુકાઇ ગઇ છે. હમેશાં બીમાર રહ્યા કરે છે.

એક દિવસે કૂવેથી પાણી લાવતાં તેને ચક્કર આવવાથી પડી ગઇ હતી. દાદર ઉપર ચ્હડતાં ચ્હડતાં તે હાંફવા લાગે છે. એક દિવસે રસોઇ બનાવતાં બનાવતાં તેને મુર્છા આવી ગઇ હતી, આમ છતાં તેનુ કામ તો નિત્ય નિયમ પ્રમાણે ચાલ્યા જ કરતું હતુ, કારણ જો તે બિચારી કામ કરવાનું બંધ કરે તો શાસ્ત્રીજીનો પુત્ર બીજી સ્ત્રી લાવવા તૈયાર થયો છે. તે જો આ વહૂ મરી જશે તો બીજી વહૂ લાવશે અને પાંચ છ માસમાં તો તેને પણ બરોબર ગૃહ કામ કરતા શીખવાડી દેશે. ”

શરતચંદ્ર દાદાજીની સાથે આનંદજનક વાતચીત કરવા તથા સાંભળવા આવ્યો હતો, પરંતુ શાસ્ત્રીજીની ગૃહસ્થિતિ જાણવામા આવતાં જ તેનાં નેત્રોમાં અશ્રુજળ ભરાઇ આવ્યું. તેણે રૂમાલથી પોતાનાં નેત્રો સાફ કરી નાખ્યાં. તે શાસ્ત્રીજીની પુત્ર-વધૂને ન્હાનપણથી જ ઓળખતો હતો; કારણ પોતાની બાલ્યા-વસ્થામાં તે એની સાથે રમત ગમત કરતો હતો. તેનો વિવાહ થયેલો તેણે જોયો હતો. ત્યાર પછી તેને બે સંતાન થયાની વાત પણ તેના સાંભળવામાં આવી હતી, પરંતુ એ બે વર્ષ સુધી વિદેશ ગયેલો હોવાથી પછીથી શું શું બનવા પામ્યું એ તેની જાણ બહાર હતું. આજે દાદા મહાશયના મુખેથી સકળ સમાચાર પોતા-ની જાણમા આવતાં જ શરતને અપાર દુઃખ થયું. ઘણા સમય સુધી તે શાંત બેશી રહ્યો. ત્યાર પછી ધીમે ધીમે બોલ્યોઃ—“દાદાજી ! શું આપ નથી જાણતા કે **यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः** જ્યાં નારી જાતનું સન્માન થાય છે ત્યાં જ દેવતાઓ આનંદથી નિવાસ કરે છે. સ્ત્રીનો અનાદર કરવો અથવા તેને દુઃખ દેવું એ હિંદુ ધર્મ નથી, હિંદુ રીવાજ નથી. આજકાલના સ્વાર્થી લોકો

સ્વાર્થસુખની લાલસાથી હિંદુધર્મને વગોવે છે. હૃદયશૂન્ય નિર્દય લોકો સ્ત્રીઓના પ્રત્યે કઠોર આચાર વ્યવહાર ચલાવીને હિંદુ-ધર્મ ઉપર પદાઘાત કરે છે. જે લોકો સ્વાર્થસુખને માટે દેશાચારને ડૂબાવી દે છે, વિલાસપરાયણ થઇને ધર્મશાસ્ત્રનો અનાદર કરે છે. તથા આત્મસુખને માટે અબળા કોમળાંગી સ્ત્રીઓના પ્રતિ નિર્દયતા દર્શાવે છે, નિષ્ઠુર આચાર વ્યહવાર ચલાવે છે તેઓ આર્ય નથી તેમ જ હિંદુઓ પણ નથી. તેમનાં જ પાપી પગલાથી ભારત માતા દિન પ્રતિદિન ઉન્નતિને બદલે અવનતિના ઉંડા સમુદ્રમાં ડુબતી જાય છે. સ્વાર્થવૃત્તિ, નિર્દયતા એ કાંઇ હિંદુ આચાર નથી; એ તો માત્ર અનેક કહેવાતા કુલીન, જાત્યભિમાની દુષ્ટ દુરાચારીઓએ સ્વાર્થસુખને માટે સનાતનધર્મનો ઢોંગ ચલાવી સાચા હિંદુ-ધર્મને કલંકિત કર્યો છે. આથી કરીને જે સાચા હિંદુઓ છે, જેઓ હૃદયપૂર્વક હિંદુ ધર્મનું રક્ષણ કરવા ઇચ્છે છે તેમનું મુખ્ય કર્તવ્ય એ છે કે, સામાજિક દોષો દૂર કરીને હિંદુધર્મને નિષ્કલંક કરવો.”

શરતચંદ્રનાં વચનો શ્રવણ કરી દાદા મહાશય કાંઈ બોલ્યા નહિં. તેઓ મનમાં ને મનમાં હિંદુ ધર્મની આલોચના કરવા લાગ્યા. શરતચંદ્ર તેમને પ્રણામ કરી સ્વગૃહે આવી પહોંચ્યો

દ્વાદશ પરિચ્છેદ.

સનાતનપુરનો જમીનદાર વંશ.

તાલપુખુરની પાસે સનાતનપુર નામનું એક વિસ્તૃત ગામ આવેલું છે. પૂર્વે ત્યાં હજારો મનુષ્યો નિવાસ કરતાં હતાં, પરંતુ વર્દ્ધમાનના મેલેરિયા તાવથી ગામ ઉજ્જડ બની ગયું છે. આમ છતાં હજુ પણ ગામમાં પાંચસેં છસેં ઘર વિદ્યમાન રહ્યાં છે. આ પાંચસે છસેં ઘરો પૈકી સો ઘર ઉચી કોમનાં પ્રતિષ્ઠિત મનુષ્યોનાં છે, તથા બાકીનાં ઘાંચી, મોચી, તેલી, તબોળી વિગેરે જૂદી જૂદી કોમના ધંધાદારીઓનાં છે. કેટલાક ગરીબ ખેડૂતો પણ આ ગામમાં નિવાસ કરે છે. પ્રત્યેક દિવસે સ્હવારે ગામમાં બજાર બજાર ભરાય છે, જ્યાં અનેક પ્રકારની વસ્તુઓ વેચાવા આવે છે. આ સિવાય ગામમાં કેટલીક સ્થાયી દુકાનો પણ છે. એક ઈંગ્રેજી નિશાળ છે કે જેમાં સીત્તેર એંશી વિદ્યાર્થિઓ અભ્યાસ કરે છે. આ સિવાય એક સ્વદેશી ભાષા શીખવાની નિશાળ છે. તેમાં સેંકડો બાળકો વિદ્યાભ્યાસ કરે છે.

સનાતનપુરના જમીનદાર મુખોપાધ્યાયનું કુટુંબ પુરાતન છે. પાંચ છ પેઢીઓથી તેમની જમીનદારી ચાલી આવે છે, પરંતુ વંશ વિપુલ હોવાથી એ જમીનદારી વહેંચાઇ ગઈ છે. જર, જોરૂ અને જમીનને કલહ કંકાસનાં કારણો દર્શાવ્યાં છે એ સત્ય છે. જમીનની તકરારો થવાથી એક બીજા કુટુંબીઓ વચ્ચે દ્વેષભાવની તથા વૈરની

લાગણી ઉપસ્થિત થઇ. અને આ કલહ કંકાસોની સહજમાં પૂર્ણાહુતિ નહિ લાવતાં તેઓ ઠેઠ કચેરી સુધી પહોંચ્યા. આ તકરારોમાં કેટલાક પાસે જે થોડીઘણી જમીનદારી હતી તે કચેરીના ખર્ચ વગેરેમાં સ્વાહા થઈ ગઇ. કેટલાકની જમીનની હરરાજી થઇ ગઈ. કેટલાક એકાએક દરિદ્ર થઇ જવાના કારણથી ગામનો ત્યાગ કરી અન્યત્ર જઇ વસ્યા, તથા વર્દ્ધમાન અને કલકત્તામાં નોકરી કરી પોતાના કુટુમ્બનું પ્રતિપાલન કરવા લાગ્યા. જેઓ નોકરી કરવા અસમર્થ હતા તેઓ દરિદ્ર થઇ જવા છતાં પણ સનાતનપુરમાં જ રહી મહા મુશિબતે પોતાનો નિર્વાહ ચલાવવા લાગ્યા. જેમની પાસે પોતાની જમીનદારીનો થોડો ઘણો ભાગ વકિલ, કચેરી વિગેરેના ખર્ચ કરતાં બચ્યો છે તેઓ પણ હવે સુખે પોતાનો નિર્વાહ ચલાવ્યે જાય છે. જો કદાચિત્ તેમના ઉપર વચ્ચે વચ્ચે કોઈ કેસ ચાલે છે તો તેની તેઓ પરવા કરતા નથી હવે તેઓ ખાસ કરીને અરસપરસના કલહ કંકાસો તથા તકરારોનો નિકાલ પંચાયતદ્વારા જ કરાવી લેવાનુ યોગ્ય સમજે છે વંશજોની જેવી અવસ્થા થઇ ગઇ છે, તેવી જ અવસ્થા જૂની જમીનદારી તથા ભવ્ય ઇમારતની થઇ ગઇ છે. વિશાળ પ્રાચીન ઇમારત કેટલેક ઠેકાણેથી તૂટી પડી છે, કેટલેક ઠેકાણેથી તેને પુનઃ ઠીક કરવામાં આવે છે. મુખ્યદ્વાર રાત્રિ દિવસ ખુલ્લુ જ રહે છે. પૂર્વની માફક હવે પહેરો બસાડવામાં આવતો નથી. દરવાનની જગ્યા ખાલી પડી ગઈ છે. ઇમારતની આગળ આવેલા પુષ્પોદ્યાનમાં અત્યારે પુષ્પોને બદલે અનેક પ્રકારની જંગલી સુગંધશૂન્ય વનસ્પતી ઉગી નીકળી છે.

આ જૂની ઇમારતને સુધરાવતાં પુષ્કળ વ્યય કરવો પડે તેમ હોવાથી કોઇ તેને સુધરાવવા પ્રતિ લક્ષ્ય આપતું નહિં હોવાથી જ

ઇમારતની આવી શોચનીય અવસ્થા થઇ પડી છે. ઘણા બાગીદારોએ પોતાના નિવાસ માટે નવીન મકાનો બંધાવ્યાં છે. જેની પાસે જેટલો વૈભવ હતો તે પ્રમાણે તેમણે પોતાનું નવું મકાન તથા નવું દિવાનખાનું બનાવી લીધું છે. આ નવાં ગૃહો પૈકી કેટલાંક ઘણાં સામાન્ય છે ત્યારે કેટલાંક નવ્યગૃહ પ્રાસાદના સમાન શોભી રહ્યાં છે.

આ પ્રમાણે સનાતનપુરની જમીનદારીના અનેક ભાગ પડી ગયા. એ અનેક ભાગના અનેક બાગીદારો થઇ ગયા, તથા એ બાગીદારોની અવસ્થા પણ ભિન્ન ભિન્ન થઇ ગઈ; આમ થઇ જવા છતાં પ્રત્યેકના ઘરની માન મર્યાદા હજુ સુધી પૂર્વેના જેવી જ અચળ રહી છે. સર્વે મનુષ્યો મુખોપાધ્યાયના વંશજો તરફ પ્રેમદૃષ્ટિથી જુએ છે. એ સર્વે સનાતનપુરના જમીનદારો તરિકે સર્વત્ર પ્રસિદ્ધ છે. અને આ જમીનદારોમાના ધનિકને કે પૈસાદારને સર્વેને સરખુ સન્માન પ્રાપ્ત થાય છે છોકરા છોકરીઓ મળીને લગભગ સો મનુષ્યોની સંખ્યા એ પુરાતન પ્રાસાદમાં વાસ કરે છે. કોઇ દરિદ્ર થઇ ગયેલાં મનુષ્યો તૂટી પડેલી જગ્યામાં પોતાના કુટુંબ સાથે પડયાં રહે છે તો કોઇ પોતાના નવા તૈયાર કરાવેલા મકાનમા સ્વર્ગાધિક સુખનો ઉપભોગ ભોગવે છે. કોઇ પ્રજાના તરફ નીતિપૂર્ણ વ્યવહાર ચલાવે છે તો કોઇ અતિશય અત્યાચાર ચલાવે છે. કોઈ કોઇ સ્ત્રીઓ પોતાને માથે પાણી ભરી લાવે છે અને બન્ને સમયે વાસણ અજવાળે છે તો કોઇ કોઇ સ્ત્રીઓ હિરા મોતીથી જડેલા સુવર્ણાલંકારોથી અલંકૃત થઇ રાત્રિ દિવસ પોતાના પતિને આનંદમાં રાખવાનો યત્ન કર્યા કરે છે. આવા પ્રકારની એક બીજા બાઇભાંડુઓની ભિન્ન ભિન્ન પ્રકારની અવસ્થા હોવા છતાં દેશ વિદેશ અર્થાત્ સર્વત્ર સ-

નાતનપુરના કહેવાતા જમીનદારોનું સન્માન થાય છે. તેમનું પ્રતિષ્ઠિત કુટુંબ હજુ પણ પૂર્વ પ્રમાણે આદરણીય મનાય છે.

આ અનેક વંશજો પૈકી આજકાલ કામિનીકાંત બાબુ સર્વથી મુખ્ય તરિકે ગણાય છે. તેનો પિતા ઘણો બુદ્ધિમાન હતો. તેણે છળ, બળ તથા કળા કૌશલ્યથી કેટલાક ગરીબ લોકોને ઠગીને, તેમને દુઃખી તથા પાયમાલ કરી નાખીને ઘણી જમીન પોતાને સ્વાધીન કરી હતી. છેવટે તેની સંપત્તિનો ચોથો ભાગ તેના અંતકાળ સમયે કામિની-કાંતના હાથમાં આવ્યો. કામિનીકાંતે પોતાની બુદ્ધિ તથા ચાલાકીથી તેમાં પુષ્કળ જમીનની વૃદ્ધિ કરી; અર્થાત્ એકંદરે સાત આની ભા-ગનો માલિક કામિનીકાંત થયો. તેના પિતાએ તેને કલકત્તામાં વિદ્યા-ભ્યાસ કરાવ્યો હતો. ધનાઢ્ય જમીનદારોના પુત્રો જેવા પ્રકારનો અભ્યાસ કરે છે તેવા જ પ્રકારનો અભ્યાસ કામિનીકાંતે કર્યો. એ સાથે તેણે અમીરી રીતભાતનું તથા આચાર વ્યવહારનું શિક્ષણ પણ પ્રાપ્ત કર્યું. પિતાના મૃત્યુ પછીથી તેણે પોતાના હિસ્સાના મકા-નની તથા દિવાનખાનાની શોભામાં કોઇ પણ પ્રકારનું ઓછાપણું રાખ્યું નહિં. ચંદરવા, પડદા, ફાનસો, લેંપો, તસ્વીરો, પંખાઓ, આરસપહાણનાં ટેબલો, આરામ ખુરસીઓ, અનેકાસનો વિગેરે અનેક પ્રકારની સામગ્રીથી તેના મકાનની તથા દિવાનખાનાની શોભા એટલી બધી વધી ગઇ કે પ્રત્યેક મનુષ્યનું મન તે શોભાનું દર્શન કરતાં થોડા સમય સુધી આકર્ષાતું હતું. મકાનની આગળ એક ન્હાનો બગીચો બનાવવામાં આવ્યો. આ બગીચાની અંદર એક ન્હાનું તળાવ ખોદાવ્યું; જેની ચારે બાજુના ઘાટને પત્થરથી બંધાવ્યો. ચારે બાજુના ઘાટ ઉપર આવેલી સંગેમરમરની મૂર્તિઓ દર્શકોના ચિત્તને આકર્ષિત કરતી હતી. બાગની અંદર એક ગાનતાન કરાવવાનું મકાન

પણ તૈયાર કરાવ્યું. એ મકાનમાં કેટલીક વખત સાહેબ લોકોને પાર્ટી આપવામાં આવતી હતી અને કેટલીક વખત કલકત્તાની પ્રખ્યાત વેશ્યા મુનાજાનને બોલાવી ત્યાં નચાવવામાં આવતી હતી. આ વેશ્યા મુસલમાન જાતની હતી. કામિનીકાંતને વારંવાર કલકત્તા જવું પડતુ હોવાથી ત્યાં તેના સ્નેહીઓની ખોટ નહોતી; આ સ્નેહીઓ વારંવાર કામિનીકાંતના ઈંદ્રભવનમાં આવીને સ્વર્ગીય સુખનો ઉપભોગ ભોગવી જતા હતા.

કામિનીકાંત જેટલો વિલાસી હતો તેટલો જ પ્રતાપી પણ હતો. સર્વ પ્રજા તેનું નામ સાંભળતાં જ કંપતી હતી. અનેક વિધવાઓ કે જેમણે પોતાની માલમિલકતને સહિસલામત રાખવા માટે કામિનીકાંતને સોંપી હતી તે સર્વે ઘરના ખુણામાં બેસી પશ્ચાત્તાપનાં આંસુઓ વરસાવતી હતી. આસપાસમાં રહેતાં કુટુંબનાં બાળકો કામિનીકાંતને જોતાં જ પલાયન કરી જતાં હતાં. અનેક અમલદારો કામિનીકાંત સાથ પોતાનો સ્નેહ બંધાય એમાં મ્હોટું માન સમજતા હતા. પોલિસ સિપાઇઓ તેનાથી ધ્રૂજતા હતા. ગામના વૃદ્ધ લોકો કહેતા હતા કેઃ—" કેટલાંક વર્ષો ઉપર આપસઆપસમાં તકરાર થવાના કારણને લીધે જમીનદાર વંશમાંના કોઇ એક છોકરાનું ખૂન થયુ હતું, પરંતુ લાશ મળી આવી નહોતી. પોલીસ શોધ કરતાં કરતાં થાકી ગઇ પરંતુ ખૂનનો પત્તો લાગ્યો નહિ."

આ પરિચ્છેદની અંતે એટલું કહેવું જરૂરનું છે કે, કામિનીકાંતની ઉમર આ સમયે લગભગ પચાસ વર્ષની હતી; આમ હોવા છતાં તેના શરીરનું તેજ તથા કાંતિ હજુ યૌવનાવસ્થાના જેવી જ અવિચલિત રહી હતી.

ત્રયોદશ પરિચ્છેદ.

જટાધારી.

એક દિવસે સંધ્યા સમયે કામિનીકાંત બાગ એકલો બાગમાં ફરતો હતો. એવા સમયે એકાએક એક લાંબો જટાધારી તેની આગળ આવી ઉપસ્થિત થયો. જટાધારીએ કામિનીકાંતને આશીર્વાદ અર્પણ કર્યો.

કામિનીકાંતે પૂછ્યુ:—"આપ કોણ છો ?"

જટાધારીએ ઉત્તર આપ્યો:—"હું એક વિદ્વાન્ બ્રાહ્મણ છું. કાશી તથા નવદ્વિપ વગેરે સ્થાનોમાં કેટલાંક વર્ષો સુધી મ્હેં સંસ્કૃતનો અભ્યાસ કર્યો છે અને હમણાં હું આ મ્હારા પુત્રને સાથે લઇને ફરતો ફરતો અત્રે આવી પહોંચ્યો છું. મ્હારૂં નામ પંડિત રમાનાથ સરસ્વતી છે."

કામિનીકાંત:—"અહિં આપ ક્યારના આવ્યા છો? તથા અત્રે આવવાનો આપનો શું ઉદ્દેશ છે?"

રમાનાથ:—"હું આ ગામમાં આજે જ આવ્યો છું. થોડા દિવસ સુધી હું આપને ત્યાં રહીને વિદ્યાર્થીઓને શિક્ષણ આપીશ. મ્હારો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાનો જ છે. મ્હેં સાંભળ્યું છે કે, આ પ્રસિદ્ધ રાજભુવનમાં અનેક અતિથિ અભ્યા-

જતોને આશ્રય મળે છે, એથી કરીને જો આપની આજ્ઞા હોય તો હું પણ કોઈ ભાંગી તૂટી ઓરડીમાં આપનો આશ્રયવર્તી થઈને થોડા દિવસ વિશ્રામ કરૂં ?"

કામિનીકાંતઃ—"આપનાં વચનોથી મ્હને ઘણો જ આનંદ થયો છે: વિદ્વાનોને આશ્રય આપવો એ અમારો સૌથી મહાન્ ધર્મ છે, તથા એ માટે મ્હારો વંશ પ્રખ્યાત છે."

રમાનાથ—"આપના સ્વર્ગીય પિતા પણ પંડિતો પ્રત્યે અપાર પ્રેમ રાખતા હતા.'

કામિનીકાંતઃ—"આપ મ્હારા સ્વર્ગીય પિતાને ક્યાંથી ઓળખો ?"

રમાનાથઃ—"તેમને કોણ ઓળખતું નથી ? તેઓ ઘણું ખર્ચ વેઠીને સદાવ્રત આપતા હતા. દીન દુઃખી જનો ઉપર દયા, પ્રેમ રાખતા હતા. કાશીમાં પણ કાંઇ તેમની કીર્તિ ઓછી નથી '

કામિનીકાંતઃ—"આપની સાથેની વાતચીતથી મ્હને અપૂર્વ આનંદ થયો છે. જ્યારે આપ આ ગામમાં પધાર્યા છો, તો હું આશા રાખું છું કે આ ક્ષુદ્ર સેવકના ગૃહને આપના પવિત્ર ચરણોના સ્પર્શથી પાવન કરશો."

રમાનાથઃ—"ખાસ રહેવાની ઇચ્છાથી તો હું આવ્યો છું; જ્યાં તમે જે માયા પ્રીતિ દર્શાવો છો તે માટે તમારો તેમ જ શ્રીનારાયણનો અંતઃકરણપૂર્વક આભાર માનુંછું."

કામિનીકાંતઃ—"આપ આપને અનુકૂળ થઈ પડે તેવો એક ઓરડો પસંદ કરી લ્યો. તથા તેમાં આપના પુત્ર સાથે આનંદથી નિવાસ કરો. એથી હું મ્હને પોતાને કૃતાર્થ થયો સમજીશ. મ્હારો

એક નોકર આપને આપના નિવાસ સંબંધીની સકળ વ્યવસ્થા કરી આપશે.”

રમાનાથ તથા તેના પુત્ર દેવીપ્રસાદે એ વિશાળ પ્રાચીન ભુવનની નીચે એક સાધારણ ઓરડામાં રહેવાનું નક્કી કર્યું, તથા થોડું જળપાન કરીને પૃથ્વી ઉપર કામળ બિછાવી પિતા પુત્ર સુઇ ગયા.

બીજે દિવસે સ્હવારે પ્રાસાદમાંના સર્વે મનુષ્યોના જાણવામાં આવ્યું કે કાશી તરફથી એક મહાન્ સાધુ મહાત્મા આવ્યા છે. આથી કરીને પ્રત્યેક મનુષ્ય રમાનાથનાં દર્શન કરવાને આવ્યું. રમાનાથે સર્વેને આશીર્વાદ આપ્યા. સ્ત્રીઓ તળાવથી પાણી ભરીને આવતી વખતે ઘડાને બગલમાં દબાવી થોડો સમય ઉભી રહીને રમાનાથ મહાત્માનાં દર્શન કરી જઈ. સર્વ બાળકો દૂરથી જ જટાધારી મહાત્માનાં દર્શન કરીને ભયથી બ્હીનાં ઇચ્છામાં આવે તે માર્ગે નાશી જવા લાગ્યાં. રાત્રિ દિવસ દર્શનની ભીડ ઘણી જામવા લાગી; પરંતુ આ ભીંડ એક બે દિવસમાં જ ઓછી થઈ ગઇ.

સ્ત્રીઓ આપસઆપસમાં વાત કરવા લાગી કેઃ—“ એ તો સાધુ નથી તેમ સંન્યાસી પણ નથી. તેને હાથ જોતાં આવડતું નથી, એથી એ જ્યોતિષી હોય એમ ધારી શકાતું નથી, પરંતુ એમ સાંભળવામાં આવ્યું છે કે, તે કાશી તરફનો પંડિત છે. તે એક પાઠશાળા સ્થાપન કરવાના ઉદ્દેશથી અહિં આવ્યો છે. રાત્રિ દિવસ પોથી લઇને બેસી રહે છે, તથા છોકરાંને અભ્યાસ કરાવે છે. અહા ! છોકરાનું મુખ કેવું સુંદર છે ? જાણે સાક્ષાત ચંદ્રમા કેમ ના હોય !”

એ જમીનદાર કુટુંબમાં યોગમાયા નામની એક પ્રૌઢા વિધવા હતી; તે ઘણુંખરો સમય પંડિતજીની સેવા ચાકરી કર્યા કરતી હતી. તેનો શ્વસુર આ જમીનદારીનો મુખ્ય ભાગીદાર હતો. લોકો કહે છે કે યોગમાયાનો વિવાહ થઇ ગયા પછી થોડા જ કાળના અંતરે તેનો શ્વસુર મૃત્યુ પામ્યો. ત્યાર પછી થોડા દિવસે એ હતભાગિનીનો પતિ પરલોક પ્રત્યે પ્રયાણ કરી ગયો. નિરાધાર વિધવાની જમીનદારી બીજા ભાગીદારો પચાવી પડયા. એથી એ બિચારી વિધવા આટલા મ્હોટા વિસ્તિર્ણ શ્વસુરાલયમાં દાસીની પ્રમાણે કામ કરવા લાગી. એ વખત તેને પેટ પૂરતું ભોજન મળતું હતું, પરંતુ એ અપમાન ભરેલું ભોજન તેને વિષ સમાન લાગતું હતું. લોકોની અસત્ય નિંદા તે શાંતિથી સહન કરી લેતી હતી. કોઇને કાંઇ કહેતી નહિ, જ્યારે કોઇ તેને કાંઇ કામ સૂચવતું તો તે તેનું કામ કરી આપતી હતી. વાસણ માંજી આપતી હતી. આવી રીતે વૈધવ્ય અવસ્થામાં તેણે ત્રીસ વર્ષ પસાર કર્યાં. તેનું શરીર દુર્બળ હતું, પરંતુ તેના મુખની શોભા અદ્યાપિ મ્લાન થઇ ગઇ નહોતી. બન્ને નેત્રો હજુ પણ પૂર્વવત્ કોમળ અને શાંતિભાવથી ભરેલાં છે. હજુ પણ તેના સર્વાંગમાં કુળશીળનું માધુર્ય ભરેલું છે. તેણે પોતાના જીવનનાં ત્રીસ વર્ષો દુઃખમાં કાઢ્યા છે અને કોણ જાણે હજુ પણ કેટલાં ય વર્ષે આ અપાર દુઃખમાંથી તેનો આત્મા મુક્ત થશે! તે પોતાની મુક્તિ કરવાને માટે રાત્રિ દિવસ ઇશ્વરને અભ્યર્થના કર્યા કરતી હતી.

જે દિવસે સંધ્યા સમયે રમાનાથ પંડિત એ જમીનદારને ત્યાં આવ્યો હતો તે જ દિવસે યોગમાયા તેનાં દર્શન કરી આવી હતી.

રમાનાથનું દયાળુ તથા શાંત અને તેના પુત્ર દેવીપ્રસાદનું અત્યંત સુંદર પ્રશાંત તથા તેજસ્વી મુખ જોઇને યોગમાયાના હૃદયમાં તેમને માટે મમતા ઉત્પન્ન થઇ. તેણે આનંદથી રમાનાથના નિવાસનો ઓરડો સાફ કરી નાખ્યો. પાણી આણી આપ્યું, તથા જરૂરી વસ્તુઓની વ્યવસ્થા પણ કરી આપી. પંડિત રમાનાથ ઘણા સમય સુધી એ દુર્બળ દુઃખિણી વિધવા તરફ જોઇ રહયો. તેની દીન અવસ્થા જોઇને તેનાં નેત્રોમાંથી આસુઓ ટપકી પડયાં. તેણે તેને પૂછ્યું:—
"દેવી ! તું ઘણી જ દયાળુ દેખાય છે. દરિદ્રના પ્રતિ ત્હારૂં હૃદય અત્યંત દયાદ્રષ્ટિ દર્શાવે છે. ત્હેં મ્હારી ઘણી સેવા કરી છે. ભગવાન્ ત્હારૂં કલ્યાણ કરશે. આ જીવનમાં ત્હેં ઘણું દુઃખ સહન કર્યું છે, પરંતુ પરમકૃપાળુ પરમાત્મા હવે ત્વરાથી ત્હારા દુઃખને દૂર કરશે. ત્હારી દુઃખરાત્રિનો અંત થઇને હવે વિના વિલંબે સુખસૂર્યનો ઉદય થશે."

રમાનાથનાં વચનો શ્રવણ કરતાં જ યોગમાયાની તેના પ્રત્યેની મમતા વધી પડી. તે રાત્રિ દિવસ પંડિતની સેવા કરવા લાગી. પિતા પુત્રના આહારની વ્યવસ્થા તે જાતે જ કરતી હતી. રાત્રે આહારાદિ કરી રહ્યા પશ્ચાત્ પિતા પુત્ર કામળ બિછાવી સૂઇ રહેતા હતા. તેઓ પલંગ પર સૂતા નહોતા તેમજ અન્ય કોઇનું બિછાનું પોતાના ઉપયોગમાં લેતા નહોતા.

ચતુર્દશ પરિચ્છેદ.

શાસ્ત્રપ્રચાર.

થોડા જ દિવસોમાં સનાતનપુર તથા તેની આસપાસનાં ગામોમાં રમાનાથ પંડિત ઘણો પ્રસિદ્ધ થઇ પડયો. તે યોગી નથી, સંન્યાસી નથી, જ્યોતિષી નથી, તંત્રવિદ્યા જાણતો નથી, છતાં હિંદુ શાસ્ત્રમાં તેની યોગ્યતા અસાધારણ છે. વિદ્યાપ્રચાર કરવાનો તેને ઘણો ઉત્સાહ છે. શાસ્ત્રની વ્યાખ્યા કરવામાં તે બૃહસ્પતિના જેવા પંડિત છે. પ્રાતઃકાળે સ્નાન કરતી વખતે જ્યારે તે ઉચ્ચસ્વરથી વેદગાન કરે છે ત્યારે સ્ત્રીઓ માથા ઉપરથી ઘડો ઉતારી તેને કોઇ સાક્ષાત દેવતાનો અવતાર ધારી પ્રણામ કરી ચાલી જાય છે. દ્વિપ્રહરે જ્યારે વિદ્યાર્થીઓની વચ્ચે એક વિશાળ વૃક્ષના છાયા નીચે બેસીને તે વેદ વેદાંત અને ન્યાયશાસ્ત્ર વિગેરેની વ્યાખ્યા કરે છે ત્યારે નિશાળના છોકરાઓ પોતાનો પાઠ છોડી દઇને વ્યાખ્યા સાંભળવા આવે છે. સંધ્યા સમયે જ્યારે તે પોતાના જીર્ણ ઓરડામાં બેસીને મહાભારત, રામાયણ તથા પુરાણની ઉચ્ચ પ્રકારનું શિક્ષણ આપે એવી વાતો કહે છે ત્યારે ગામના વૃદ્ધ જનો એ અમૃતધારાનું પાન કરીને પોતાના જીવનને ધન્ય માને છે તથા પોતાના અંતઃકરણને પવિત્ર માને છે.

આસપાસના ગામના લોકો જ્યારે અવસર મળી આવતો હતો ત્યારે પંડિત રમાનાથનાં વચનામૃતનું પાન કરવા આવતા હતા. હેમચંદ્ર હમેશાં સંધ્યા સમયે તાલપુખુરથી સનાતનપુરના

પંડિત પાસે આવતો-હતો. શરત્ચંદ્ર જ્યારે ઘેર આવ્યો ત્યારે તેને એક દિવસે સંધ્યા સમયે તે પંડિત પાસે લેઇ આવ્યો.

પંડિત રમાનાથ પોતાના ઓરડાની સામે આવેલા એક વિશાળ વૃક્ષ નીચે કામળ બિછાવી બેઠો છે. તેના કેટલાક શિષ્યો તથા સ્નેહીઓ તેની પાસેથી શાસ્ત્રની વાતો સાંભળી રહ્યા છે. પ્રથમ તેણે બે એક વેદમંત્રો ઉચ્ચ સ્વરે ગાયા. ગામના પ્રત્યેક ઘરમા એ મંત્રોચ્ચાર જઇ પહોંચ્યો. માતાના ખોળામાં સૂતેલાં બાળકો પણ એ મંત્રોચ્ચાર શ્રવણ કરતાં જ માતાના સામું જોઈ સ્મિત કરવા લાગ્યાં.

ત્યાર પછી વેદાંતની વ્યાખ્યા, વેદાંતના ગંભીર અર્થનું તેણે કાશીમાં જે પ્રમાણે જ્ઞાન મેળવ્યું હતું, વેદાંતના ઉપાસ્યદેવ પરબ્રહ્મનું અચિંત્ય રૂપ તથા તત્વ જે પ્રમાણે સમજવામાં આવ્યું હતું, ઉપાખ્યાનોના સરળ અર્થ વિગેરે જે કાંઈ તે શીખ્યો હતો તે પ્રમાણે તે તેની વ્યાખ્યા કરવા લાગ્યો. આવાં અનેક બોધનાયક ઉપાખ્યાનોના અર્થ કહેતાં તથા તે સમજાવતાં સમજાવતાં પ્રહર રાત્રિ વીતી ગઇ. શ્રોતાજનો એકાગ્રમનથી એ અમૃતકથા શ્રવણ કરવા લાગ્યા. પંડિત રમાનાથની અમૃતમય વાણિથી સકળ મનુષ્યોનાં હૃદયો ધર્મજ્ઞાનથી તથા પવિત્ર ભાવથી પરિપૂર્ણ થઇ ગયાં.

ત્યાર પછી સર્વેએ એક સ્વરે વેદના ઉત્પાદક ઈશ્વર અને ઉપનિષદ્‌ના પ્રતિપાદ્ય પરબ્રહ્મની પ્રાર્થના કરી. પ્રાર્થના પૂર્ણ થઇ ગયા પછી સકળ જનો ધીમે ધીમે સ્વગૃહ તરફ ચાલ્યા ગયા.

શરત્ચંદ્ર ઘણા સમય સુધી શાંતિથી બેસી રહ્યો. એકત્ર થએલા સર્વ લોકોના ચાલ્યા ગયા પછી તે રમાનાથ પંડિતના ચર-

ણોમાં પોતાનું મસ્તક નમાવી બોલ્યો:—"ગુરૂદેવ! આજે આપના મુખેથી મ્હેં જે બોધ વચનો સાંભળ્યા છે, તે પિતાના મુખથી પણ સાંભળ્યા નથી. એટલું જ નહિં પરંતુ મ્હને આવા પ્રકારનો બોધ પાઠશાળામાં નથી મળ્યો, તેમ જ કાર્યક્ષેત્રમાં સુદ્ધા નથી મળ્યો. આપણા દેશમાં આવી વિદ્યા આવી ઉચ્ચ શિક્ષા હોવા છતાં પણ આપણે સર્વે વિદેશીઓથી શાસ્ત્રનું શિક્ષણ પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખીએ છીએ! કૃપા કરીને આપ થોડા દિવસ અત્રે નિશ્ચિંત થઇને રહો, તથા આપના સદુપદેશથી લોકોને ઉત્સાહિત કરો; એટલુ જ નહિં પરંતુ કુરીતિ તથા અવિદ્યાના અંધકારને દૂર કરીને આપણા સાચા સનાતન ધર્મને પ્રકાશિત કરો. સનાતન વિદ્યાનો પ્રચાર કરી, સનાતન નીતિ ધર્મની શિક્ષા આપી સર્વને સુશિક્ષિત કરો. આપ ઉત્સાહનો ત્યાગ કરશો નહિં. આપનો પ્રયત્ન અવશ્ય ફળીભૂત થશે. કુપ્રથાથી પીડિત મ્રિયમાણ જાતિ આપની સંજીવની કથાથી પુનઃ સચેત થશે."

યુવકનો ઉત્સાહ જોઇ રમાનાથનાં નેત્રોમાં જળ ભરાઇ આવ્યુ. તેણે શરતચંદ્રનો હાથ પકડી કહ્યું—શરત્! તું મ્હને ઓળખતો નથી, પરંતુ હુ તને ઓળખું છુ, ત્હેં જે સકળ ધર્મ કાર્યો કર્યાં છે તે મ્હારા જાણવામાં છે ત્હારા જેવા યુવકો જ દેશની ઉન્નતિના આધારસ્તંભ છે."

ત્યાર પછી પંડિત રમાનાથ હેમચંદ્ર તથા શરતચંદ્રને પોતાના ઓરડામાં લેઇ ગયા.

યોગમાયા પંડિતના ઓરડામાં આંટા ફરતી હતી. બહારથી બે મનુષ્યોને અંદર આવતા જોઇ તે દૂર ખસી ગઇ. રમા-

નાથે કહ્યું:—"દેવી ! દૂર ખસી જવાની કાંઇ જરૂર જેવું નથી. હેમચંદ્ર તથા શરત્ચંદ્ર–ઉભય મ્હારા કનિષ્ટ બંધુ સમાન છે. થોડા દિવસોમાં જ તું એમને સારી રીતે ઓળખી શકીશ. આજે તેઓ અત્રે જ ભોજન કરનાર છે. ત્રણ સ્થળે આસન અને પાણી મૂકો."

યોગમાયાએ રમાનાથ પંડિતના કહેવા પ્રમાણે કર્યું.

પંચદશ: પરિચ્છેદ.

શાસ્ત્ર–શિક્ષા.

શરત્ચંદ્ર—"આજે આપે કહેલી શાસ્ત્રની વ્યાખ્યા સાંભળીને મ્હારા હૃદયમાં નવી આશાનો સંચાર થયો છે. આ નવી શિક્ષાનો દેશમાં ક્યારે પ્રચાર થશે ?"

રમાનાથ:—"શરત્ચંદ્ર ! આ શિક્ષા નવી નથી. આપણાં શાસ્ત્ર જેટલાં જૂનાં છે, વેદ જેટલો જૂનો છે, તેટલીજ જૂની આ શિક્ષા છે. અર્વાચીન સમયમાં સાધારણ મનુષ્યોએ અજ્ઞાનતાને લીધે સ્વેચ્છાચારથી વર્ત્તી કુમાર્ગ પર ચાલવા માંડયું છે. જો કદાચિત્ તું કાશીપુરીમાં જાય તો ત્યાં અસંખ્ય પંડિતોને વેદપાઠ કરતા જોઇ શકે. વેદના શ્રવણથી જ પાપનો નાશ થાય છે અને પુણ્યનો ઉદય થાય છે."

શરત્ચંદ્ર:—"હું હજુ સુધી કાશી ગયો નથી; મ્હેં સાંભળ્યું છે કે, અદ્યાપિ ત્યાં વેદ વેદાંગની ઘણી ચર્ચા ચાલે છે; આમ છતાં શાસ્ત્ર

સ્હમજનારાઓની સખ્યા થોડી છે. આપ જ કહો કે આપણા દેશમાં શાસ્ત્રને સ્હમજનારા કેટલા પંડિતો છે ?"

રમાનાથઃ—"ઘણાજ થોડા. આથી કરીને આપણા પ્રાચીન આચાર વિચાર, ધર્મ, નીતિ વિગેરેએ વિકૃત રૂપ ધારણ કર્યું છે. તું તો જૂદા જૂદા દેશનો ઇતિહાસ જાણે છે. શું તું નથી જાણતો કે જે દેશમાં અજ્ઞાની અને મૂર્ખોની સંખ્યા વધારે હોય છે તે દેશના આચાર વિચાર પણ બગડે છે, અને પુનઃ જ્ઞાનનો વિકાશ થતાં ધીમે ધીમે દેશાચારમાં સુધારો થતો જાય છે."

શરતૂચંદ્ર—"હું એમ જાણું છું કે, સંસારમાં આવા પ્રકારની અવનતિ ઉન્નતિની ઘટમાળ દરેક દેશમાં ચાલ્યા કરે છે, પરંતુ શું આપણા દેશના બગડેલા આચારોમાં પુનઃ સુધારો થશે ? આપણા દેશમાં જૂનાં શાસ્ત્રોના પ્રચાર કોણ કરશે ? આપણા હતભાગ્ય દેશમા શાસ્ત્રનો પ્રચાર થઇ શકે એવો કોઇ ઉપાય છે ?"

રમાનાથઃ—"શા માટે નથી. આ સંબંધમાં શાસ્ત્રવેત્તા રાજા રામમોહનરાયે, વિદ્યાવિશારદ પંડિત ઇશ્વરચંદ્રે તથા વેદનો પ્રચાર કરનાર સ્વામીશ્રી દયાનંદે આપણા દેશ પર અપાર ઉપકારો કર્યા છે, જેની તુલના થઇ શકે તેમ નથી. વળી એવા ઇશ્વરતુલ્ય મહાત્માઓ ખાસ કરીને દેશનો ઉદ્ધાર કરવાને જન્મે છે અને હાલની આપણા દેશની જે અધોગતિ આપણી અજ્ઞાનતાને લીધે થઇ છે તે અજ્ઞાનતાને દૂર કરનાર મહાત્માઓ સમય પરત્વે પેદા થતા જ જશે અને પુનઃ આ પર્વની પુણ્યભૂમિ ભારત જ્ઞાનરૂપી તેજસ્વી સૂર્યથી પ્રકાશિત થઇ અન્ય દેશોને પોતાના તેજમાં આંજી નાખશે. ઉત્સાહી

યુવક ! આપણે પણ સ્વદેશની ઉન્નતિ કરવાને માટે અથાગ શ્રમ ઉઠાવવો આવશ્યક છે. સનાતન શાસ્ત્રોનો પ્રચાર કરવો એ પ્રત્યેક હિંદુ શાસ્ત્રજ્ઞનું કર્ત્તવ્ય છે."

શરતચંદ્રઃ—"પરંતુ શું આપની એવી ધારણા છે કે માત્ર શાસ્ત્રના પ્રચારથી જ આપણા દેશબંધુઓનાં જ્ઞાનમાં વૃદ્ધિ થશે, તથા તેમના આચારવિચાર સુધરશે ?"

રમાનાથઃ—"હા શાસ્ત્રનો પ્રચાર થયા સિવાય આપણી ઉન્નતિ થવી છેક જ અસંભવિત છે આપણી ઉન્નતિનો શાસ્ત્રપ્રચાર સિવાય બીજો એક પણ ઉપાય નથી, વળી શાસ્ત્રનું શિક્ષણ પ્રાપ્ત કરવાનો સર્વે જાતિને અધિકાર છે. પૂર્વે સર્વ જાતિ શાસ્ત્રજ્ઞ હતી, પરંતુ ક્રમે ક્રમે શાસ્ત્રજ્ઞાનનો વિનાશ થવાથીજ ક્ષત્રિય, વૈશ્ય વિગેરે પોતાનાં કર્તવ્યને ભૂલી ગયા છે. આ ક્ષત્રિય તથા વૈશ્ય જાતિને ત્રોડી નાખીને આપણા સમાજના મૂર્ખ અને સ્વાર્થી પરંતુ કહેવાતા મુખ્ય પુરૂષોએ અનેક જાતિ ભેદ કર્યા છે, તથા માત્ર બ્રાહ્મણોને જ શાસ્ત્ર જાણવાનો અધિકાર છે એવું સ્પુરિંગુ ફુંક્યું છે, પરંતુ એકંદર રીતે વિચાર કરી જોતાં આ એક પ્રકારની સંકુચિત વૃત્તિ છે. જ્યાં સુધી આપણા દેશબંધુઓની ભેદાભેદની કલ્પના દૂર નહિ થાય ત્યાં સુધી તો આપણે ઉન્નત દશાને પ્રાપ્ત કરી શકીએ તેમ નથી જ. પ્રભુ! આપણા અજ્ઞાન બંધુઓને સદ્બુદ્ધિ આપી આપણા દેશનું કલ્યાણ કરો, તથા અજ્ઞાન અંધકારને વિદુરિત કરો."

શરતચંદ્રઃ—"આપનાં વચનો શ્રવણ કરી મ્હારૂં હૃદય આનંદથી ઉભરાઈ ગયું છે. આપની આ ભારતહિતૈષિણી વાસના પૂર્ણ થાઓ. સર્વે પ્રદેશના સર્વે હિંદુઓ જ્યારે એકત્ર થઇને

આચાર્ય પુરોહિતના શિક્ષણથી એક ઇશ્વરની ઉપાસના ઠરશે ત્યારે જ આપણો સર્વેનો અરસ્પરસ પ્રત્યેનો ભેદાભેદ દૂર થશે, આપણું સર્વેનું બળ સંપને લીધે વધશે, તથા સાહસ પણ વધશે. પ્રભુ ! આપે આવું અપૂર્વ જ્ઞાન ક્યાંથી પ્રાપ્ત કર્યું, કોણે આપને શીખવ્યું ? કૃપા કરીને આ દાસને કહેશો ? કેટલાક માસથી આપનો યશ ચારે દિશાએ ફેલાઈ રહ્યો હતો; પરંતુ આજે આપનો જે પવિત્ર ઉદ્દેશ મ્હારા જાણવામાં આવ્યો તેથી હું ઘણો આશ્ચર્ય પામું છું. હું આપનું જીવનવૃત્તાંત જાણવા માગુ છું. દયાળુ દેવા ! દાસ ઉપર દયા કરીને આપ મ્હને આપના જીવનામૃતનું પાન કરાવશો ?"

રમાનાથ:—"મ્હારા જીવનનું વૃત્તાંત ઘણું સાધારણ છે, છતાં જ્યારે તમારી સાંભળવાની જ ઇચ્છા છે તો પછી ભોજન કરી રહ્યા પછી સાંભળી લેજો."

વિના વિલંબે યોગમાયાએ એ ત્રણેના ભોજનાર્થ આસન પાણી મૂકી દીધુ, અને સઘળો સામાન વ્યવસ્થિત કરી મૂક્યો. દેવીપ્રસાદે જે સાધારણ પ્રકારનું ભોજન બનાવ્યું હતું તે લેઇને યોગમાયાએ ત્રણે જણની આગળ પીરસી દીધું. જ્યારે ત્રણે વ્યક્તિ ભોજન કરી રહી ત્યારે દેવીપ્રસાદ પિતાના જ પનરાળામાં થોડું ઘણું ખાઇ લેઇ અભ્યાસ કરવા માટે પાસે આવેલી બીજી ઓરડીમાં ચાલ્યો ગયો.

ષોડશ પરિચ્છેદ.

રમાપ્રસાદનું જીવનવૃત્તાંત.

ભોજન કરી રહ્યા પછી પંડિત રમાનાથે પોતાનું જીવનવૃત્તાંત કહેવાની શરૂઆત કરીઃ—"હું એક ધનાઢ્યનો પુત્ર હતો, પરંતુ મ્હારી અઢાર વર્ષની ઉમરે હું એક મહાસંકટમાં આવી પડયો, તેથી કરીને હું સઘળું છોડી દેઇ તીર્થભ્રમણ કરવા ચાલી નીકળ્યો. અનેક તીર્થોનાં દર્શન કરતો કરતો હું કાશી જઇ પહોંચ્યો, તથા ત્યાં વેદ વેદાંતનો અભ્યાસ કરવાની ઇચ્છાથી ઘણા દિવસ સુધી રહ્યો.

"કાશીમાં ઘણા વેદવિદ્ પંડિતો છે. એ સર્વેમાં મ્હારા જે ગુરૂ હતા તેમને સકળ પંડિતો પોતાના મુખ્ય ગુરૂ જેટલું માન આપતા હતા. વેદાભ્યાસ કરવો તથા વેદનું શિક્ષણ આપવું એ જ તેમનું મુખ્ય કામ હતું. આથી કરીને દૂર દૂર દેશથી અર્થાત્ દ્રાવિડ, મહારાષ્ટ્ર, રાજપૂતાના અને કાશ્મિરથી અનેક શિષ્યો તેમની પાસે વેદનું શિક્ષણ મેળવવા આવતા હતા. આ ગુરૂદેવે મ્હને પણ શિષ્ય ભાવથી ગ્રહણ કર્યો. આમ બનવાનું કારણ મ્હારા ગુણો નહિં, પરંતુ ગુરૂદેવનો મહાન્ અનુગ્રહ જ હતો, એમ મ્હારૂં ધાર્યું છે.

"નવ વર્ષ સુધી મ્હેં એ ગુરૂદેવ પાસે વેદનો અભ્યાસ કર્યો. આ દિવસો દરમ્યાન કાશીપુરીના અનેક ધનાઢ્ય વણિક વ્યાપારીઓ સાથે મ્હારે ઓળખાણ થઇ. તેઓ સર્વે મ્હને અનાથ, દરિદ્ર વિદ્યાર્થી સમજી મ્હારા ઉપર દયાભાવ રાખતા હતા. હું અ-

નેકને ત્યાં જવા આવવા લાગ્યો, અનેક લોકોનો કૃપાભાજન બન્યો. તથા અનેક લોકો મ્હારા તરફ એક આત્મિયના જેવો સ્નેહભાવ દર્શાવવા લાગ્યા.

"પંજાબ દેશનો કૃપાળસિંહ નામનો એક ક્ષત્રિય પોતાના કુટુંબીઓ સાથે કાશીપુરીમા નિવાસ કરતો હતો, અને મ્હારા ઉપર કૃપાળસિંહ તથા તેમની પત્ની પુત્રવત્ પ્રેમ રાખતાં હતાં. મ્હારા ઉપર તેઓ દયાદષ્ટિ રાખી મ્હને જે જે વસ્તુઓની જરૂર પડતી હતી તે તે વસ્તુઓ જ્યારે હુ બ્રહ્મચારીના વેશમાં તેમને ત્યાં જતો હતો ત્યારે તેઓ આપતાં હતાં. તેમની ન્હાની પુત્રી પણ મ્હારાં ઉપર ઘણો પ્રેમ રાખતી હતી.

"કાળક્રમને લીધે કૃપાળસિંહ પોતાની એકની એક પુત્રીને આ અસાર સંસારમાં તેની માતાના આશ્રય ઉપર મુકી પરલોક પ્રતિ પ્રયાણ કરી ગયા. આ સમયે મ્હારો અભ્યાસ પણ પૂર્ણ થયો હતો મ્હેં એક ખાનગી પાઠશાળા સ્થાપન કરી કેટલાક વિદ્યાર્થીઓ એકઠા કર્યા. કાશીમાં કૃપાળસિંહનુ કોઇ સગું વ્હાલું નહોતું. તેમનાં વિધવા પત્ની મ્હારા જ મકાનમાં આવી રહેવા લાગ્યાં. તેમની પાસે જે થોડું ઘણું ધન હતુ તે તેમણે મ્હને સોંપી દીધુ આવી રીતે એક વર્ષ વીતી ગયું.

"કૃપાળસિંહની જે એક પુત્રી હતી તે મ્હારા ઉપર અંતઃકરણપૂર્વક પ્રેમ કરવા લાગી. તેનો મ્હારા ઉપરનો પ્રેમ દિવસે દિવસે વધતો જ ચાલ્યો. તેની નિરાશ્રય અવસ્થા, શાંત મૂર્ત્તિ અને નિશ્ચળ સ્નેહ જોઇને મ્હારો પણ તેના ઉપર અનુરાગ ઉત્પન્ન થયો. હવે હું મ્હારા મનનો ભાવ ગુપ્ત રાખી શકયો નહિં. મ્હેં એ બા-

ળિકા સાથે વિવાહ કરવાની વાત પ્રકાશમાં મૂકી. આ સમયે મ્હારી ઉંમર અઠ્ઠાવીસ વર્ષની અને તે બાળિકાની ઉંમર તેર વર્ષની હતી."

પંડિત રમાનાથ થોડા સમય સુધી શાંત રહ્યો. શરતચંદ્રે પ્રશ્ન કર્યોઃ—"આપે બ્રાહ્મણ થઇને ક્ષત્રિય બાળિકાની સાથે વિવાહ કરવાની વાત શા માટે પ્રકાશમાં મૂકી?"

રમાનાથ—"આ રીત કાંઇ આપણાં પ્રાચીન શાસ્ત્રોથી વિરૂદ્ધ નથી. શું આને તમે નીતિ વિરૂદ્ધ સ્હમજો છો?"

શરતચંદ્રઃ—"ના પ્રભુ! હું એવું સ્હમજતો નથી. મ્હેં જાતે વિધવાની સાથે વિવાહ કર્યો છે હું ધારૂં છું કે કદાચિત્ એ પ્રકાર આપ જાણતા નહિ હશો?"

રમાનાથઃ—"ના ના, હું સઘળા પ્રકાર જાણું છું. તું ત્હારી માતાને પુછી જો જે. રમાનાથ સરસ્વતીએ જ એ વિવાહની વ્યવસ્થા કરી હતી. હું કાશીપુરીથી કોઇ કોઇ સમયે બંગદેશમાં આવતો હતો. તમારૂં સર્વેનું વૃત્તાંત હું થોડું ઘણું જાણું છું."

શરતચંદ્ર વિસ્મિત બની ગયો. તેણે પૂછ્યુઃ—"એ રમાનાથ કોણ છે?"

રમાનાથ પુનઃ પોતાનું વૃત્તાન્ત કહેવા લાગ્યોઃ—"કૃપાળસિંહની વિધવા મ્હને ધર્મપરાયણ તથા વિદ્વાન્ સ્હમજતાં હતાં. જ્યારે મ્હેં એ વિવાહ ધર્મ પ્રમાણે છે એમ વારંવાર તેમને સ્હમજાવ્યું ત્યારે જ તેઓએ મ્હારા મતમાં સમ્મતિ આપી. એમની જ્ઞાતિનું કોઇ એવું મનુષ્ય કાશીમાં નહોતું કે જે મ્હારા વિવાહમાં અડચણ કરી શકે. મ્હારા બંધુ બાંધવોએ મ્હારો ઘણો તિરસ્કાર કર્યો. મ્હારી પાઠશાળા ભાંગી પડી. છેવટે હું નવવધૂ તથા તેની માતાને લઇને

કાશીથી ચાલ્યો જવાનો તૈયાર થયો. પરંતુ આ કાર્ય અયોગ્ય અને શાસ્ત્રવિરૂદ્ધ થયુ હોય એમ મ્હારૂં ધારવું નથી. હેમચંદ્રનો આ સંબંધી શું મત છે, તે જાણવાની મ્હને ઇચ્છા છે."

હેમચંદ્રઃ—"આપે નિરાશ્રય બાળિકાની સાથે વિવાહ કરીને આપનો પુરૂષાર્થ તથા આપની ધર્મપ્રિયતા દર્શાવી છે."

રમાનાથઃ—"તમારા જેવા સચ્ચરિત્ર આદર્શ પુરૂષના આવા વિચારો હોય એ સંભવિત છે. બિંદુ બ્હેન જ્યારે અનાથા હતી દરિદ્રાવસ્થામાં હતી ત્યારે તમે તેની સાથે વિવાહ કરીને તમારી ઉદારતા દર્શાવી હતી. બિંદુ બ્હેનને પૂછી જોજો—બાલ્યાવસ્થામાં રમાનાથ સરસ્વતીએ જ તેનો હાથ જોઈને ભવિષ્યકથન કહ્યું હતુ."

હેમચંદ્ર વિસ્મિત થઈ જઈ મનમાં ને મનમાં વિચાર કરવા લાગ્યો.—"રમાનાથ સરસ્વતી કોણ છે?"

કેટલાક સમય પછી રમાનાથ પુનઃ બોલવા લાગ્યો—"હેમચંદ્ર! તમે અનાથ બાળિકા સાથે વિવાહ કર્યો હતો, પરંતુ તે તમારી સ્વજાતિની કન્યા હતી, મ્હારી માફક બીજી કોઈ જાતિની કન્યા સાથે વિવાહ કરતાં તમારા મનમાં ગ્લાનિ ના થાત?"

હેમચંદ્ર.—"બિલકુલ નહિ."

રમાનાથ—"તમારા કુટુંબમાંથી જો કોઈ હવે ભિન્ન જાતિની કન્યા સાથે વિવાહ કરે તો તમે તેની નિંદા કરો કે?"

હેમચંદ્ર—"કદાપિ નહિં."

રમાનાથ—જ્યારે તમારી પોતાની આવી ઇચ્છા છે તો તમે એવું સાહસ કરવાને તૈયાર થઇ શકશો? તમારી શાન્તશીલા, સુલક્ષણા, સુશીલા નામની જે બાર વર્ષની કન્યા છે તેનો કોઈ અન્ય

જાતિના સત્પાત્ર વરની સાથે વિવાહ કરવામા શુ તમને લેશ માત્ર પણ સંકોચ નહિં થાય ?"

હેમચંદ્રને આ પ્રશ્નથી અતિ આશ્ચર્ય લાગ્યું. તેણે કહ્યું:—"ગુરૂદેવ ! જો કદાચ વર યોગ્ય હશે તો હું આ કાર્ય કરવામાં બિલકુલ સંકોચ રાખીશ નહિ."

રમાનાથે સ્મિત કરી કહ્યું:—" તમે ચિંતા કરશો નહિ. હમણા હુ તમારી પુત્રી સાથે મ્હારા પુત્રનો વિવાહ કરવાની વાત નથી કાઢતો. ફક્ત તમારૂ મન જાણવાને માટે જ મ્હે તમને આ પ્રશ્ન કર્યો હતો."

કેટલાક સમય સુધી સર્વે શાન્ત રહ્યા. ત્યાર પછીથી હેમચંદ્રે કહ્યું—"આપના જીવનવૃત્તાંતને સંપૂર્ણ રીતે શ્રવણ કરવાને અમને ઘણી જ જીજ્ઞાસા થઇ રહી છે. આપનાં ગૃહિણી તથા સાસુ હમણાં કયે સ્થળે છે ?"

રમાનાથે એક દીર્ઘ નિશ્વાસનો પરિત્યાગ કરી કહ્યુ.-"મ્હારૂં જીવનવૃત્તાંત તો હવે-લગભગ સમાપ્ત થઇ જવા આવ્યુ છે. હવે મ્હારા જીવનનું કોઇ વિશેષ અવલંબન રહ્યું નથી. મ્હારો વિવાહ થઇ ગયા પછી બે વર્ષે પૌત્રદર્શન કરીને મ્હારી સાસુએ આ અસાર સંસારનો ત્યાગ કર્યો; ત્યાર પછી હું મ્હારા પુત્ર તથા સહધર્મિણીને લેઇને પંદર વર્ષ સુધી મથુરામા રહ્યો. ત્યાં ઘણા જ આનંદમાં મ્હારો સમય વ્યતીત થતો હતો. પ્રતિદિન પ્રાતઃકાળે યમુનાના પવિત્ર જળમાં સ્નાન કરતો કરતો હું અનંત મહિમાપૂર્ણ ગાયત્રી મંત્રનો જપ કરી સૂર્યદેવની આરાધના કરતો હતો અને સાયંકાળે યમુનાના ઘાટ ઉપર બેસીને શિષ્યોને ઉપનિષદ્દના અર્થ સમજાવતો હતો. હું મ્હારા

પ્રિય પુત્રને ઘેર સંસ્કૃત શિક્ષણ આપી સંસ્કારી બનાવતો હતો અને ત્યાંની પાઠશાળામાં ઇંગ્રેજી અભ્યાસ કરવા મોકલતો હતો. સ્નેહમયી ભાર્યાંના સહવાસથી મ્હને મ્હારી ન્હાની પર્ણકુટીમાં સ્વર્ગીય સુખનો અનુભવ મળતો હતો. જ્યારથી તે દેવલોક પામી ગઈ છે ત્યારથી મ્હારૂં મન વિરક્ત બની ગયું છે. હું મ્હારા પુત્રને સાથે લેઈ દેશે દેશ ફરૂં છું. કોઇ પણ સ્થળે મ્હારા ચિત્તને શાંતિ મળતી નથી.”

રમાનાથના નેત્રોમાંથી અશ્રુજળ ટપકવા લાગ્યું હેમચંદ્ર અને શરતચંદ્ર તેમની આજ્ઞા લેઈ તાલપુખુર જઈ પહોંચ્યા.

સપ્તદશ પરિચ્છેદ.

ગામમાં ભારે ખળભળાટ.

રમાનાથ સરસ્વતીની નવી પ્રથા પ્રમાણે શાસ્ત્ર-પ્રચાર ઉપર ગામમાં ઘણો ખળભળાટ થવા લાગ્યો; જેટલાં મુખ હતાં તેટલાં વચનો નીકળવા લાગ્યાં. જેની જેવી સ્હમજ હતી તે તે પ્રમાણે રમાનાથના મત ઉપર સારી ખોટી સંમતિ પ્રકટ કરવા લાગ્યું જેઓ તત્વદર્શી વિદ્વાનો હતા તેઓ રમાનાથના પાંડિત્યની પ્રશંસા કરવા લાગ્યા. જેઓ મિથ્યાભિમાનમાં તણાઈ પોતાને મ્હોટા તત્વવિચારક સ્હમજતા હતા તેઓ રમાનાથને ગાળો દેવા લાગ્યા. બીજાને થોડો ઘણો ઉપકાર કરવાથી જેમને આનંદ થતો તેમણે રમાનાથને સહાયતા કરી, તથા જેમની વૃત્તિ ફક્ત બીજાઓની નિંદા કરીને પૈસા કમાવાની હતી તે લોકો રમાનાથ તથા તેના સહાયક મંડળની નિંદા કરી

પોતાનું પેટ ભરવા લાગ્યા. જેનો ઉદ્દેશ શાસ્ત્રશિક્ષણથી દેશીય લોકો ના હૃદયને ઉન્નત કરવાનો હતો, ચરિત્રમાં સુધારો કરવાનો અને કુનીતિનું નિવારણ કરવાનો હતો તેઓ સર્વ રમાનાથના પંથમાં ભળી તેના મતને પુષ્ટિ આપવા લાગ્યા. જે લોકો ગામની, દેશની તથા સમાજની ઉન્નતિ કરવાની ઇચ્છા રાખતા હતા તેઓ રમાનાથની ધર્મ સંબધીની ઉન્નતિ થવાથી એકાધિપત્ય ઉડી જશે એમ વિચારી મનમાને મનમાં બળી મરવા લાગ્યા, તથા રમાનાથને ગાળો દેવા લાગ્યા.

આ પ્રમાણે પ્રત્યેક મંડળમાં રમાનાથ સરસ્વતીના સંબધમા આદોલન થવા લાગ્યુ. હેમચદ્ર તથા શરતચદ્રને રમાનાથ સરસ્વતી સાથે જે વાતચીત થઈ હતી તે જમીનદારના ઘરમા કેટલાંકે છુપાઇને સાભળી હતી. આ છુપાઇને સાભળનારા મનુષ્યોએ એવી વાત પ્રકટમાં મૂકી દીધી કે—'પડિત રમાનાથ અન્ય જાતિની કન્યા સાથે લગ્ન કરી જાતિભ્રષ્ટ થઈ જઇ અહિંના નિવાસીઓનુ પણ સત્યાનાશ વાળવા આવ્યો છે. તાલપુખુરના હેમચદ્ર નામના યુવકની પુત્રી સાથે ને પોતાના પુત્રનો વિવાહ કરવાની ઇચ્છા રાખે છે.' ”

ઉપરોક્ત વાત સઘળી જનોના જાણવામા આવતાં જેમ કોઇ એક ગામમા રાત્રે એકાએક આગ લાગવાથી આકાશમંડળ રક્ત છટાથી દીપી ઉઠે છે તે જ પ્રમાણે તાલપુખુર તથા સનાતનપુર રમાનાથ સરસ્વતીની નિંદાથી પ્રજ્વલિત થઈ ઉઠયું. ઘેર ઘેર તેમના લોકવિરૂદ્ધ વ્યવહારની ચર્ચા થવા લાગી.

સનાતનપુરના સાધારણ બ્રાહ્મણ તથા પંડિતોએ તેને કપટાચારી તથા અધાર્મિક સંબોધનોથી સબોધી તેની પુષ્કળ નિંદા કરી. પ્રાચીન હિંદુ લોકો એમ કહેવા લાગ્યા કે:–'આપણા પ્રાચીન હિંદુ

ધર્મનો નાશ કરવાને આ કોઇ મ્લેચ્છ પુરૂષે હિંદુ જાતિમાં જન્મ ધારણ કર્યો છે.' નવીન સંપ્રદાયે આર્યધર્મના વિરૂદ્ધ આચાર ઉપર ઇંગ્રેજી ભાષામાં ઘણા જ તર્ક વિતર્ક કર્યા. જમીનદારના ઘરની સ્ત્રીઓ પ્રણયલોલુપ પંડિતની મશ્કરી કરવા લાગી. તાલપુખુરના દાદા મહાશયે હુક્કો પીતા પીતા કહ્યું કે—"સ્ત્રીઓ દિવસે દિવસે સ્વતંત્ર થતી જાય છે, તેનુ જ આ પરિણામ છે.!"

અભિમાનિની ગોપબાળા પોતાની વેણી બાંધતા બાંધતા બોલી—"મ્હેં એવું સાંભળ્યુ છે કે સુશીલાની માતા જાતિભ્રષ્ટ બ્રાહ્મણના પુત્ર સાથે પોતાની પુત્રી સુશીલાનો વિવાહ કરનાર છે! અરે! એ તો બ્રાહ્મણ નહિ પણ ચંડાળ છે. એ આવું કામ નહિં કરે તો બીજું કોણ કરશે? એ મંત્રને ધર્મ અધર્મનુ જ્ઞાન જ ક્યાં છે? જો સિંદુ હિંદુ ધર્મને જાણતી હોત તો શું તે પોતાની વિધવા ભગિનીનો કદાપિ પુનર્વિવાહ કરત કે?"

શાસ્ત્રીજીનો બુદ્ધિમાન્ પુત્ર મોહનલાલ વિવાહની વાતચીત કરનારી સ્ત્રી સાથે કાંઇક ગપ્પા હાંકતો હતો, તથા નવવધુને ઘરમાં લાવવાનો વિચાર કરતા કરતા તેનુ હૃદય આનંદધારાથી ઉભરાઇ જતું હતું. આવા સમયે પંડિત રમાનાથ સરસ્વતીની વાત સાંભળીને તે એકદમ દેશનું હિત સાધવાને માટે (!) તૈયાર થયો, તથા તે જ વખતે હુક્કાને હાથમાં લઇ "ગુડ ગુડ" અવાજ કરતો સમાજની રક્ષા કરવા માટે લોકોને એકત્ર કરવાને તે બહાર નીકળી પડ્યો.

ધીમે ધીમે આ સકળ પ્રકાર જમીનદાર કામિનીકાંતના કાન સુધી પહોંચી ગયો. જો કે હિંદુધર્મની રક્ષા કરવાની તો તેને બિલકુલ પરવા નહોતી, પરંતુ એ સનાતનપુરનો પ્રસિદ્ધ જમીનદાર હતો; આમ હોવાથી તે હિંદુ આચારનો પક્ષ ના લે તો બીજું કોણ લે?

તેણે પોતાના હાથ નીચેના નોકરોને હુકમ કર્યો કે:-
"પંડિતજીને જઇને કહી દ્યો કે તમારા અત્રે રહેવાથી ચારે દિશાએ ખળભળાટ ઉપસ્થિત થયો છે; એટલું જ નહિં પરંતુ અમારા ધર્મ-પરાયણ દેશાચાર પ્રચારક પવિત્ર વંશમાં પણ કલંક લાગે છે; આથી અહિંથી ચાલ્યા જાઓ"

તેજ:પૂર્ણ રમાનાથને આ વાત કહેવાનું કોઇથી સાહસ થઇ શક્યુ નહિં. જમીનદારના ગૃહનાં મનુષ્યો અરસપરસ અનેક પ્રકારની કલ્પનાના ઘોડાઓ દોડાવતાં હતાં અને રમાનાથની ગમે તેવી નિંદા કરતાં હતાં, પરંતુ રમાનાથના મ્હોં ઉપર કોઇથી એક શબ્દ સુદ્ધાં કહી શકાતો નહોતો. છેવટે કામિનીકાંતે પોતાના એક જૂના નોકરને રમાનાથ પાસે મોકલ્યો. અનેક પ્રકારની વાતચીત થઇ ગયા પછી મહા મુશિબતે એ નોકરે પોતાના સ્વામીની આજ્ઞા ત્રુટક શબ્દોદ્વારા રમાનાથને કહી સંભળાવી. એ આજ્ઞા સાંભળતાં જ રમાનાથ હસી પડયો, પરંતુ તેણે કામિનીકાંતના આશ્રયનો ત્યાગ કર્યો નહિં.

જમીનદાર કામિનીકાંત પોતાની આજ્ઞાને વ્યર્થ થતી જોઇ ક્રોધમાં આવી જઇ જેમ ફાવે તેમ બકવા લાગ્યો. તેની કઠોર આજ્ઞા મળતાં જ દુર્જયસિંહ, રૂદ્રસિંહ, અર્જુનસિંહ અને બળદેવસિંહ વગેરે સિપાઇઓ હાથમાં લાકડીઓ લેઇને રમાનાથના નિવાસસ્થાન આગળ જઇ ઘણોજ ઘોંઘાટ કરવા લાગ્યા. કોઇએ તેના ઓરડામાં પડેલી કામળને ખેંચી લેઇ ફેંકી દીધી. કોઇએ માટીનો ઘડો ઇંટ નાખીને ફોડી નાંખ્યો. કામિનીકાંતના નોકરો આવા પ્રકારની વીરતા(!) દર્શાવી ચાલ્યા ગયા. રમાનાથ પુનઃ કામળ પાથરી પોથી વાંચવા બેઠા. દેવીપ્રસાદ નવો ઘડો ખરીદી લાવ્યો.

યોગમાયા સંધ્યા સમયે આસન પાણી આપતાં રૂદન કરવા લાગી. તેણે પોતાના સમગ્ર દુઃખપૂર્ણ જીવનમાં આ મહાત્મા સિવાય બીજા કોઇને પણ મુખે એક પણ સાંત્વનાસૂચક શબ્દ સાંભળ્યો નહોતો. રમાનાથ સરસ્વતીના પુત્ર સિવાય તે અન્ય કોઈ બાળકના પ્રત્યે પુત્રના જેવો પ્રેમ રાખતી નહિં. મહાત્મા હવે વિના વિલંબે અહિંથી ચાલ્યા જશે એવો વિચાર આવતાં જ યોગમાયા પોતાના હૃદયના આવેગને રોકી શકતી નહિ

રમાનાથ તેના મનનો ભાવ સ્હમજી ગયો. તેણે કહ્યું—"યોગમાયા ! તું ઘણી દુઃખિણી છે. ત્હારો આવી દુઃખદાવસ્થામાં ત્યાગ કરી હું અહિંથી જનાર નથી, માટે નિશ્ચિંત રહે."

યોગમાયા—"આ ઘરની જે ધણિયાણી છે તેણે પોતાના નોકરોને એવો હુકમ કર્યો છે કે આવતી કાલે આપને અહિંથી કાઢી મૂકવા."

રમાનાથ—"હું તો તને જ આ ઘરની ધણિયાણી સ્હમજુ છું."

યોગમાયાઃ—"મહારાજ ! હું પણ એક સમયે આ પ્રશસ્ત ઘરની ધણિયાણી હતી, પરંતુ મ્હારા દુર્દૈવને લીધે અત્યારે હું અનાથા-અસહાયા થઇને મ્હારો સમય વ્યતીત કરૂં છું. મ્હારી યોગ્યતા ઘટી ગઈ છે. મ્હારી સંપત્તિ અત્યારે મ્હારા હાથમાંથી ચાલી ગઇ છે."

રમાનાથ—"આ ઘર ત્હારા શ્વસુરનું છે માટે જ તું આ ઘરની ધણિયાણી છે."

યોગમાયા કાંઈ બોલી નહિ. પોતાના કૃશ થઈ ગયેલા બે હસ્ત વડે તેણે પોતાનું મ્હો ઢાંકી દીધું. ઘણા સમય સુધી તે આ પ્રમાણે શાંત બેસી રહી. તેનું શરીર ધ્રૂજતું હતું. કોણ જાણે કે તેનામાં એક અપૂર્વ ભાવ ઉદય થતો હતો. તે કાંઈ બોલવા ઇચ્છતી

હતી, પરંતુ તેનાથી બોલી શકાયું નહિ. કેટલાક સમય પછી સાહસને એકઠું કરી તેણે કહ્યું.—" હું સંપત્તિની વાત શું જાણું ?"

રમાનાથ.—" હું ત્હારી સંપત્તિની વાત જાણું છું. હું જ ત્હારી એ સંપત્તિનું રક્ષણ કરીશ."

યોગમાયા—" કામિનીકાંત બાબુની પ્રભુતા તથા પ્રતાપની સીમા નથી. આપ તેમની વિરૂદ્ધ મ્હારી સંપત્તિનું રક્ષણ કેવી રીતે કરી શકશો ? મ્હારૂં રક્ષણ પણ આપનાથી કેવી રીતે થઈ શકશે ?"

રમાનાથ—" દુર્બળોની રક્ષા કરવી એ જ મ્હારો ધર્મ છે. ધર્મના કાર્યોમાં ઇશ્વર સહાયતા કરે છે. અનાથનો નાથ રંકનો બેલી શ્રી વ્રજવિહારી આપણા વ્હારે ચ્હડશે."

યોગમાયા—" ત્યારે પછી આપને જેમ યોગ્ય લાગે તેમ કરો હું અબળા છું, આપની આશ્રિતા છું આપ મ્હારા દેવતા છો "

રમાનાથ—"કાંઈ ફિકર નહિ. તું એક વખત કામિનિકાંતની ગૃહિણી પાસે જા, તથા તેને કહે કે પંડિતજી તમને એક વાત કહેવા ઇચ્છે છે કે જે વાતના ઉપર તમારા પતિના મંગળ અમંગળનો આધાર છે.'"

યોગમાયાએ આ સમાચાર કામિનીકાંતની ગૃહિણીને પહોંચાડ્યા આ સમાચાર શ્રવણે પડતાં જ તેના મનમાં કાંઈક ભયનો સંચાર થયો તેણે રમાનાથ પંડિતને પોતાની પાસે બોલાવ્યો.

રમાનાથે કામિનીકાંતની પત્ની તરંગિનીને કહ્યું:—"એક દરિદ્ર પંડિતે આ વિશાળ ભુવનમાં આશ્રય લીધો છે તેને કાઢી મકવો એ શું તમને યોગ્ય લાગે છે કે ?"

તરંગિની.—" બાબુજીએ એવું જ કરવું ઉચિત ધાર્યું છે."

રમાનાથ.—"ત્યારે શું આ વિશાળ ભુવનમાં આ દીન આશ્રિતને રહેવાને માટે એક ઓરડી પણ નથી ?"

તરંગિની—"જગ્યાની કાંઈ ખોટ નથી."

રમાનાથઃ—"શું આ અભ્યાગતોને બન્ને સમય ભોજન આપવાનુ કઠિન થઇ પડે છે ?"

તરંગિનીઃ—"ના, ના, એવું તો કશું નથી, ભંડાર અન્નથી ભરેલો છે."

રમાનાથઃ—"તો પછી આ ગરીબને શા માટે કાઢી મૂકો છો ?"

તરંગિની—"એનુ કારણ કાંઈ જૂદુ જ છે. આપ અત્રે રહો છો તેથી ગામમાં ઘણો જ ખળભળાટ થઇ રહ્યો છે. અમારી સર્વેની નિંદા થઇ રહી છે. અમે સર્વે દેશાચાર કુળવ્યવહારને અનુસરીને ચાલીએ છીએ. આપ અમારા ધર્મના વિરોધી છો તેથીજ બાપુજીએ આવી આજ્ઞા કરી છે."

રમાનાથઃ—"દેશાચાર મ્હેં બગાડ્યા કે મુન્નાજાને ?"

તરંગિની શાંત થઇ ગઈ. તે વેશ્યા મુન્નાજાન સંબંધીની સર્વ વાત જાણતી હતી, તથા પોતાના પતિ સાથે એ વેશ્યાનો કેવો સંબંધ હતો એ તે પણ સારી રીતે જાણતી હોવાથી એ વાતનુ સ્મરણ થતાં જ તેનાં નેત્રોમાં અશ્રુજળ ભરાઇ આવ્યું.

રમાનાથ—"આવો ઉપદ્રવ કરવાની કાંઈ જરૂર ?"

તરંગિની—"બાપુજીની આજ્ઞા."

રમાનાથ—દરિદ્રને સતાવવાથી શું બાપુજીનુ કલ્યાણ થશે કે?"

તરંગિની સંકુચિત થઇ જઈ બોલી—"મ્હેં પણ તેમને આ પ્રમાણે કહ્યું હતુ, પરંતુ તેમણે મ્હારી વાત સાંભળી નહિં."

રમાનાથ.—"પુનઃ તમે તેમને એક વખત સ્હમજાવીને કહો કે ગરીબ ઉપર અત્યાચાર કરવાથી ઘણું જ અમગળ પરિણામ આવે છે."

તરંગિની.—મ્હેં એક જ વખત નહિં, પણ વારંવાર કહ્યું હતું છતાં તેમણે મ્હારાં વચનો પ્રતિ દુર્લક્ષ્ય જ કર્યા કર્યું છે."

રમાનાથઃ—"ત્યારે તમે તેમને એક વાત પૂછી જોજો. રમણીમોહન નામનો એક ભાગીદાર જમીનદાર આ ઘરમાં રહેતો હતો તેને તેઓ ઓળખે છે કે નહિં ?"

તરંગિની કંપી ઉઠી. તે આ પ્રશ્નનો ઉત્તર આપી શકી નહિં.

રમાનાથ—"તમે તેને જોયો હતો ?'

તરંગિનીઃ—"હા, તે સમયે હું વિવાહિતા થઇને પ્રથમ જ અત્રે આવી હતી.'

રમાનાથઃ—"તે ક્યાં ગયો તેની કોઇને ખબર છે ?"

તરંગિની—"ઘણા દિવસથી તેમનો પરલોકવાસ થયો છે."

રમાનાથ—"તેનું મૃત્યુ કેવી રીતે થયું છે તે તમે જાણો છો?"

તરંગિની પુનઃ કંપી ઉઠી.

રમાનાથઃ—"તેનું મૃત્યુ કેવી રીતે થયું છે એ તો તમે સાંભળ્યું હશે ?'

તરંગિની.—"મૃત્યુ પામેલા મનુષ્યની ચર્ચા કરવાથી શું ફળ ?"

રમાનાથઃ—"ત્યારે બાબુજીને પણ કહેજો કે દરિદ્રને દુઃખ દેવાથી શું ફળ ? પાપનું પરિણામ વધી પડવાથી જ પ્રાયશ્ચિત્તની શરૂઆત થાય છે."

તરંગિની તથા રમાનાથ વચ્ચે જે જે વાતચીત થઇ તે સઘળી યોગમાયાએ એક ખુણામાં ઉભે ઉભે સાંભળી. તે દિવસે સાંજે રમાનાથના ભોજન સમયે યોગમાયા આવી નહિં. મધ્યરાત્રિએ ઉઠીને

જો રમાનાથે જોયું હોત તો તેને માલૂમ પડત કે તેના મસ્તક પાસે બેસીને યોગમાયા રૂદન કરી રહી છે.

પ્રાતઃકાળે જ્યારે યોગમાયા પાણી લઇને આવી ત્યારે રમાનાથે સ્મિત કરી કહ્યું:—" જમીનદાર બાબુના ઘરનાં લોક ઘણાં સજ્જન જણાય છે. કોણ જાણે કે રાત્રે કોઇએ આવીને આ ગરીબ બ્રાહ્મણની ઝોળી તથા પેટી ઉઘાડીને સઘળો સામાન ઉથો'છતો કરી નાખ્યો છે.'

યોગમાયા શિર નીચું નમાવી શાંત રહી. થોડા સમય પછી તેણે કહ્યુ —' આ ઘરના લોકોની તો કદાપિ એવી લુચ્ચાઇ સાંભળી નથી. આપની કોઇ દાસીએ જ સર્વે વસ્તુઓને ઉથી છતી કરીને જોઇ હશે"

અષ્ટાદશ પરિચ્છેદ.

મહિલામંડળ સમાલોચના '

Two women placod to-gethor mako cold weathei.

—Shapespeare

સકળ જનોનુ એમ ધારવુ હતું કે, રમાનાથ સરસ્વતી આવતી કાલે સ્હવારે અહિંથી અવશ્ય ચાલ્યો જશે, પરંતુ સ્હવાર થતા તો કાંઈ ઉલટું જ પરિણામ નજરે પડયું. પંડિત રમાનાથની સેવાને માટે, તથા તેની આજ્ઞાને વિના વિલંબે અમલમાં મુકવા માટે કામિનીકાંતનો મુખ્ય નોકર દોડાદોડ કરી રહ્યો છે. પંડિતને ખાવાને માટે દૂધ, માખણ, ખાંડ, મેવો વિગેરે પદાર્થો તૈયાર છે. દ્વાર ઉપર એક દરવાનને પણ આજ્ઞા ઉઠાવવા ઉભો રાખવામાં આવ્યો છે. તારંગિનીની મુખ્ય દાસી

આજે પંડિતના નિવાસસ્થાનમાં સાફસુફ કરી રહી છે, તથા તેની ખાસ પાચિકા (રસોઇયણ) આજે રમાનાથને માટે રસોઈ બનાવવામાં પ્રવૃત્ત થઇ છે.

જમીનદાર મહાશયના વિશાળ ભુવન પાસે આવેલા તળાવના ઘાટ પર આજે ઘણીજ ભીંડ થઇ રહી છે. સ્ત્રીઓ આપસઆપસમા અનેક પ્રકારનાં ગપ્પા હાંકે છે. આજના તેમના આલાપનો અંત જ આવતો નથી. અફસોસની વાત એજ છે કે, કોઈ સમાચાર પત્રનો સંવાદદાતા (Reporter) એ સ્થળે હાજર નહોતો, યા તો કોઇ નવીન લેખક ત્યા આગળની વાતચિતનો 'શૉર્ટ હૅન્ડ રિપોર્ટ' લખવાને તૈયાર નહોતો, જો તે તૈયાર હોત તો **'મહિલામંડળ સમાલોચના!'** નામની અપૂર્વ નવલકથા લખીને ભારતીય પાઠકવૃંદને તૃપ્ત કરી શકત.

પ્રથમ તો આ ઘાટ ઉપર એક નવીન યુવતીઓનું ટોળુ આવ્યુ. તેઓ સકળ પગમાંના અલંકારોને ખખડાવતી, સ્મિત કરતી કરતી, ઝમઝમ કરતી ઘાટ ઉપર આવીને એકઠી થઇ. એ સર્વેમા ફૂલકુમારી ઘણી રસિકા અને મુખ્ય હતી. તેણે પોતાના હાથમાના ઘડાને નીચે મકીને અભિનયની પ્રસ્તાવના કરીઃ-" ઓહો ! આટલા બધા દિવસ પછી આજે પંડિતજીનું નશીબ ફર્યુ છે. સ્વામિજી સ્વામિજી કહીને બોલાવતાં તરંગિની વહુનું મ્હોં પણ સુકાઈ જાય છે."

વસંતકુમારી-" સખી ! ચુપ રહે, ફરીથી આમ બોલીશ નહિ. મ્હોટી વહુની મસ્કરી કરે છે કે ? જો તેઓ સાંભળશે તો માથુ મુડાવડાવી તને અહિંથી કાઢી મૂકશે!"

ફૂલકુમારીઃ-" હું કંઇ મસ્કરી નહિં કરતાં સત્ય જ કહું છુ. તરંગિની વહુની દાસી પંડિતજીના ઘરનું કામ કરે છે, પાચિકા રસોઇ

બનાવે છે. મ્હને તો એમ લાગે છે કે તરંગિની વહુ પંડિતજીને જોતાં જ મુગ્ધા બની ગયાં છે!"

કુસુમકુમારી—" ના, ના, તેમ નથી. મ્હોટી વહુના ઉપર એક મહાન્ સંકટ આવવાનું હતું, તે પંડિતજીના પૂજા પાઠથી દૂર ચાલ્યું ગયું, તેથી જ એમનું આટલું બધું સન્માન થાય છે."

હેમકુમારી -" ના ના, તમારી ધારણા ભૂલ ભરેલી છે. તમે કાંઈ જાણતા નથી, તેમ કાંઈ સાંભળતા પણ નથી. જેમ તમારી કલ્પનામાં આવે છે તેમ કહો છો. જમીનદાર બાબુનો કોઈ ગ્રહ બગડયો હતો તેથી કરીને જ તેમની ગૃહિણીએ કાલે સંધ્યા સમયે પંડિતજીને પોતાની પાસે બોલાવ્યા હતા."

સ્વર્ણકુમારી—"સાંભળો સાંભળો, હું સત્ય વાત કહું છું તરંગની વહુએ પંડિતજીને ઔષધ કરવાને માટે બોલાવ્યા હતા."

કુસુમકુમારિ—" શાનું ઔષધ ? શું મ્હોટી વહુની આટલી ઉમરે પુત્ર પ્રાપ્ત કરવાની ઇચ્છા થઇ છે ? "

સ્વર્ણકુમારીઃ—"તું બહુ બોલી છે, ચુપ જ રહેતી નથી.' મ્હોટી વહુને કોઇ બીજી જાતની ઔષધિ જોઇએ છીએ.

સર્વેએ આશ્ચર્ય પામી પૂછ્યું —" કહો, શાની ઔષધિ ? "

સ્વર્ણકુમારીઃ—"મ્હોટી વહુનો એક શત્રુ છે, તેનો નાશ કરવાની ઔષધી ! હવે જાણ્યું ?"

સર્વે નવીનાઓએ પુનઃ પ્રશ્ન કર્યોઃ—" કોણ શત્રુ છે ? "

સ્વર્ણકુમારીઃ—" ઠીક, સાંભળો, મુન્નાજાન નામની એક વેશ્યા છે, તેને મારવાનો ઉપાય! મ્હારા પુત્રની ધાય છે તે છુપા-

ઇને સઘળું સાંભળી આવી છે. પંડિતજીએ કહ્યું છે કે તેઓ એ વેશ્યાના વિનાશનો ઉપાય જલદીથી જ અમલમાં મૂકશે. તેના ઉપર તેઓ પોતાનો મંત્ર પ્રયાગ અજમાવવાના છે."

નવ યુવતીઓના ચાલ્યા ગયા પછી તરુણીઓનું ટોળું આવીને તળાવ ઉપર ઉભું રહ્યું.

માતંગિનીઃ—"આજનો રંગ કાંઇ વિચિત્ર જ જોવામાં આવે છે. શું બન્યું છે એ કાંઇ સ્હમજાતું નથી!"

કલ્યાણીઃ—"બનવાનું શું હતું? આપણી યોગમાયાના ભાગ્યનો ઉદય થયો છે."

માતંગિની.—"એ વળી શું? શું થયું છે તે સ્પષ્ટ કહેને બ્હેન?"

કલ્યાણી.—"થાય શું? ગઇ કાલે યોગમાયા પંડિતજીને તરંગિની વહૂ પાસે લેઈ જઈ પુછવા ગઈ છે. તેણે હાથ જોડીને કહ્યું છે કે પંડિતને ઘરમાંથી જો બહાર હાંકી કાઢવામાં આવશે તો તે પોતે પણ ઝોળી ભેરવી, ભગવા વસ્ત્રો પહેરી વૈષ્ણવી બની જઈ તેમની સાથે સાથે ફર્યા કરશે."

માતંગિનીઃ—"બ્હેન! ત્હેં એવી વાત કહી કે જે સાભળતાં જ મ્હારૂં કાળજું કંપી ઉઠયું છે. આ તો ઘણા જ અનર્થની વાત કહેવાય. ચાળીસ વર્ષની ડચરી વૈષ્ણવી બની જઇને ગામે ગામ ફરશે? કળિયુગમાં જે ના બને તે ઓછું જ સ્હમજવું!"

સુભાષિણીઃ—"મ્હારી વાત તો સાંભળો, પેલા જે તાલપુકુરના બે યુવકો—હેમચંદ્ર અને શરત્ચંદ્ર આવે છે, તેમાંના શરત્ચંદ્રે વિધવાવિવાહ કર્યો છે; એ વિધવા હેમચંદ્રની સાળી છે. એ બન્ને યુવકોએ પંડિતજીને એમ કહ્યું છે કે, 'વિધવાવિવાહ શાસ્ત્ર સંમત છે.'

આ સાંભળીતા આપણી યોગમાયાના આનંદની સીમા રહી નથી. આથી કરીને જ તે પંડિતજીની આટલી બધી સેવા શુશ્રુષા કરી રહી છે. તેમનો ચોકો સાફ કરે છે, વાસણો અજવાળે છે, પાણી ભરી લાવે છે, તથા તે સિવાય પણ પુષ્કળ કામ કરે છે."

વિલાસિનીઃ—" ના ના, તું સત્ય વાત જાણુતી નથી '

સર્વે સ્ત્રીઓ એક સાથે બોલી ઉઠી—" ત્યારે તું જ કહેને કે શું થયું છે?"

વિલાસિની—" થાય શું ! આ પંડિતજીના પુત્ર સાથે હેમચંદ્રની પુત્રીનો વિવાહ થવાની વાત નક્કી થઇ ગઇ છે."

આ વાકય સાંભળતાં જ સર્વેને આશ્ચર્ય લાગ્યું. રામેશ્વરી બોલી ઉઠીઃ—" અરે એમ તે કેવી રીતે બને? પંડિતજી બ્રાહ્મણ છે અને હેમચંદ્ર કાયસ્થ છે એ બન્નેનો સબંધ કયાંથી સધાય ?"

સુભાષિણીઃ—" અરે ! એ પંડિતનું પૂછ્છું તો બ્રાહ્મણ નથી. તેણે પોતાના જાતિધર્મનો ત્યાગ કર્યો છે. એવા બ્રાહ્મણોના મુખના દેવતા જ મુકવો જોઇએ !"

સર્વે જણીઓ કહેવા લાગી—" અરે બાપ ! આ કળિયુગના પંડિતો પણ સાક્ષાત ઢોંગી ધુતારાઓના જ અવતાર હોય એમ લાગે છે પ્રભુ! પ્રભુ !"

આ પ્રમાણે તરૂણીઓ અરસ્પરસ ગપ્પાં મારતી મારતી પાણી ભરીને પોત પોતાને ઘેર ગઇ, ત્યાર પછી થોડા જ કાળના અંતરે વૃદ્ધા સ્ત્રીઓનું એક ટોળું ઘાટ ઉપર આવી પહોંચ્યું. તેઓ સર્વે પણ ઘડાઓને નીચે મૂકી ઉપરના વિષય સંબંધીની જ આલોચના કરવા લાગી.

શ્યામાસુંદરીઃ—" આજે કાંઇ પંડિતજીની ઘણી જ બરદાસ કેવાતી હોય એમ દેખાય છે !"

રમાસુંદરી—"અરે, હજુ તો શું દેખાય છે? દિવસે દિવસે કાંઈ અજબ પ્રકારના રંગ ઢંગ જોવામાં આવશે."

શ્યામાસુંદરી:—"એમ કેમ? કાંઈ કહો તો હું પણ સાંભળું?"

રમાસુંદરી—"તું કાંઈ નથી જાણતી તો સાંભળ; ગુપચુપ સાંભળ્યા કરજે. તરંગિની વહૂ જાણશે તો આપણને ઘરમાંથી હાંકી કાઢશે."

શ્યામાસુંદરી—"ઠીક, કહુંછું. જમીનદાર કામિનીકાંતના મકાનમાં એક છોકરાનું ખૂન થઇ ગયું હતું, એ શું તું નથી જાણતી? શું આ વાત ત્હેં કોઇ પણ દિવસે સાંભળી નથી?"

શ્યામાસુંદરી—"હા હા, એ વાતને તો આજકાલ કરતાં લગભગ ત્રીસ વર્ષ થયાં છે. મ્હારી પુત્રી વિલાસિનીનો વિવાહ એ જ વર્ષે થયો હતો. એ વાતને હું કેમ કરીને ભૂલી શકું? એ દિવસની વાત યાદ આવતા હજુ પણ મ્હારાં રૂવાં ઉભાં થઈ જાય છે. મ્હને તો એ સબબીનો મ્હોટો ભય હતો કે, હવે મ્હારી પુત્રીનો વિવાહ નહિં થાય. વિવાહની વાત પણ નહિ નિકળે. જો કે મ્હારા ભય પ્રમાણે વિવાહ બંધ તો ના રહ્યો, પરંતુ વાજાં વગડાવવાનો પ્રતિબંધ કરવામાં આવ્યો. ધામધૂમ બધ રખાવવામાં આવી. ચુપકીથી મ્હારી પુત્રીનો વિવાહ કરવામાં આવ્યો. વિવાહમાં કાંઇ દારૂખાના વિગેરેની વ્યવસ્થા સુદ્ધાં થઇ શકી નહિ. હુ હતભાગિણીની સઘળી આશા મનમાને મનમાં જ રહી ગઈ. બ્હેન! એ મ્હારા ફુટેલા નશીબનો જ દોષ હતો!"

હરસુંદરી—ઓ બાપ! એ વાત યાદ ના રહે એમ બને ખરૂં કે? વૈશાખ માસમાં એ હૃદયભેદક ઘટના ઘટી હતી. મ્હારા ગોપાળને તે જ મહિનામાં અન્નપ્રાશન કરાવવાનું મુહૂર્ત હતું. એ વાત હુ કદાપિ ભૂલી શકું ખરી કે? મ્હારા ગોપાળના અન્નપ્રાશનનો

ઉત્સવ બંધ થઇ ગયો. હું કોઇને સારી રીતે ભોજન સુદ્ધાં કરાવી શકી નહિં."

કૃષ્ણસુંદરી.—"સત્ય છે બ્હેન, એ વાત હજુ સુધી મ્હને પણ થોડી ઘણી યાદ છે. એ જ મહિનામાં મ્હારી મ્હોટી વહુનું શ્રીમંત હતું. એ મંગળ પ્રસંગે અમે અમારા કુટુંબની સર્વ સ્ત્રીઓને આમંત્રણ કર્યું હતું. અતિ ઉત્સાહથી સર્વે સ્ત્રીઓ મ્હારે ત્યાં આવી હતી; જે દિવસે ઉત્સવ હતો તે દિવસે જ વીરગ્રામથી એવી ભયંકર ખબર આવી કે રમણીમોહનનું ખૂન થયું છે. એ ખબર સાંભળતાં જ સર્વે કંપી ઉઠયા. આનંદને બદલે શોક ફેલાઇ ગયો મ્હારી મ્હોટી વહૂને તો વારંવાર મૂર્છા આવવા લાગી. મ્હારા સઘળા મનોરથ માટીમાં મળી ગયા! અરેરે! તે દિવસે મ્હને જે દુઃખ થયું હતું તે હજુ સુધી હુ ભૂલી ગઇ નથી. કોણે ખાધું, કોણ ભૂખ્યું રહ્યું તેનુ પણ મ્હને ભાન રહ્યું નહિં ઇશ્વર કોઇને પણ આવા દુઃખનું દર્શન ના કરાવશો."

રમાસુંદરીઃ—"હા સત્ય છે બ્હેન! એ છોકરાનું નામ રમણીમોહન હતું. અહા! દેખાવામાં પણ તે ઘણો જ ખૂબસુરત હતો. અનેક સ્ત્રીઓ તેને જોઇને મોહ પામે એવો તેનો દેખાવ હતો!"

દેવસુંદરી—"રામ રામ! એવા છોકરાનું તે વળી ખૂન થતુ હશે? અરેરે! એ તો છોકરાના સ્વરૂપમાં સાક્ષાત દેવતા હતો. મ્હારી પુત્રી ઉપર તે એક બગિની જેવો સ્નેહ રાખતો હતો."

હરસુંદરીઃ—"બ્હેન! એ વાત યાદ આવતા હજુ પણ આંખોમાં આંસુઓ ભરાઇ આવે છે. રમણીમોહન મ્હારા ન્હાના

ગોપાળને ઘણા સમય સુધી રમાડ્યા કરતો હતો, તેને સ્વાદિષ્ટ પદાર્થો ખાવાને આપતો હતો ! અરેરે ! એવા સુંદર બાળક ઉપર કયા હત્યારાએ પોતાની નિર્દય છૂરી ચલાવી ? "

કૃષ્ણસુંદરી—" અરે, મ્હારો તો પ્રાણ જ જતો રહે છે ! હવે એ વિષયની ચર્ચા કરવાનું માંડી વાળો. આ વાતને અહિં જ દાટી દો. રમણીમોહનને હું મ્હારા પુત્ર સમાન સમજતી હતી મ્હારી મ્હોટી વહૂ તેને 'દિયરજી, દિયરજી' કહેતી, તથા તેની ઘણી જ ઠઠ્ઠા મશ્કરી કરતી હતી. તે પણ મ્હારી મ્હોટી વહુને 'ભાભી ભાભી' કહ્યા કરતો હતો. તે વર્દ્ધમાનથી નવા નવા કપડાં, અલંકારો, મેવા તથા મીઠાઇ વિગેરે પુષ્કળ ચીજો તેની ભાભી માટે મોકલી આપતો હતો. વળી મ્હારી મ્હોટી વહૂને સંતાન થવાના સમાચાર સાંભળી તેને ઘણો આનંદ થયો હતો પરંતુ અરેરે ! તે બિચારો મ્હારા બચ્ચાનું મુખ જોઇ શકયો નહિ ! "

રમાસુંદરી.—" પોલિસ આ ખૂનનો બિલકુલ પત્તો મેળવી શકી નહિં. એવું સાંભળવામા આવ્યુ હતુ કે, લાશને રાત્રેને રાત્રે જ બા ળીને ભસ્મ કરી નાખવામાં આવી હતી. આટલા દિવસ સુધી તો આ સંબંધી કોઈ કાંઈ બોલ્યું નહિ, પરંતુ પંડિતજી પોતાના મંત્ર બળનું જોર આ પ્રકાર ઉપર અજમાવવાના હોય એવાં ચિહ્નો જણાય છે. કામિનીકાંત બાબુ પંડિતજીનો ઘણો ભય રાખે છે, તેથી જ તેઓ તેમની આટલી બધી સેવા ચાકરી કરવા લાગ્યા છે. "

આ પ્રમાણે આખો દિવસ સનાતનપુરના ઘર બહાર તથા ગલી કુંચીમાં કામિનીકાંત, તેની પત્ની, યોગમાયા અને પંડિતજીના ચારિત્ર સંબંધીની વાતો ઉપર વિસ્મૃત સમાલોચના થવા લાગી.

સંધ્યા સમયે દેવીપ્રસાદે પિતાને કહ્યું:—"મ્હને એમ લાગે-છે કે જમીનદાર મહાશયે આજે આપણા ઉપર કૃપા કરી છે. આજે આપણી સાથેનો તેમનો વ્યવહાર મિત્રધર્મને યોગ્ય ગણાય એવો છે."

રમાનાથ—"પુત્ર' તું ભૂલે છે. આજે જમીનદાર આપણો પરમશત્રુ થઇ બેઠા છે. ખૂબ સાવચેતીથી રહેજે."

દેવીપ્રસાદ:—"એમ કેમ? તેમણે આપણા ભોજનને માટે અનેક પ્રકારની સામગ્રી મોકલી છે. આપણી સેવા માટે નોકર ચાકરો મોકલ્યા છે."

રમાનાથ—"ખબરદાર' તેમણે મોકલાવેલા આહારને સ્પર્શ કરીશ નહિં. તેમના નોકર ચાકર આપણી સેવા કરવા માટે નથી આવ્યા, પરંતુ પહેરો ભરવાને—આપણને નજરકેદ રાખવાને—આવ્યા છે."

એકોનવિંશ પરિચ્છેદ.

તારિણીપ્રસાદનો પરલોકવાસ.

જે દિવસથી રમાનાથ તરંગિનીને મળી આવી મર્મની વાત કહી આવ્યો તે દિવસથી કામિનીકાંત બાબુનાં દર્શન લોકોને દુર્લભ થઇ પડ્યાં. કોણ જાણે કે આખો દિવસ અને રાત તે પોતાના દિવાનખાનામાં બેસી રહીને કોઈ પ્રકારના વિચારો કર્યા કરતો હતો.

પોતાના વિશ્વાસુ નોકરોને વારંવાર વર્દ્ધમાન અને કલકત્તા મોકલતો હતો. હર હમેશાં તેની પાસે અનેક ગુપ્ત પત્રો આવતા હતા અને તે પ્રત્યેક પત્રનો ઉત્તર કામિનીકાંત લખી મોકલતો હતો. તેના નોકરો જ્યાં જાય ત્યાં કહ્યા કરતા હતા કેઃ—"અમારા શેઠનો મિજાજ આજકાલ ઘણો બગડી ગયો છે. તેઓ વારવાર ક્રોધે ભરાય છે. કોણ જાણે કે આખો દિવસ અને રાત્રિ તેઓ કોઇ પ્રકારના વિચારો કર્યા કરે છે અને જો તેમની આ વિચારમાળા ગુથાતી કોઇ અટકાવવા જાય છે તો તેના પૂરા બાર જ વાગે છે; અર્થાત્ તેમનો સ્વભાવ ઘણો ચ્હડીયો થઇ ગયો છે. નહિં જેવી ભૂલ થઇ હોય તો પણ તેમના મુખમાંથી અપશબ્દો નીકળ્યા સિવાય રહેતા નથી. તેમનું શરીર પણ સુકાઇને અડધું થઇ ગયુ છે.'

આ પ્રમાણે બે ત્રણ માસ વીતી ગયા પછી તાલપુખુરથી એક દિવસે એવા વર્ત્તમાન આવ્યા કેઃ—"વૃદ્ધ તારિણીપ્રસાદનો પરલોકવાસ થયો છે." તથા તે સાથે એવા પણ સમાચાર આવ્યા કે—"તારિણીપ્રસાદે પોતાનો પરલોકવાસ થતાં પૂર્વે જ પંડિત રમાનાથ સરસ્વતીને પોતાની પાસે બોલાવ્યા હતા. પંડિત રમાનાથ વૃદ્ધના ઘરમા સમગ્ર રાત્રિ બેસી રહ્યા હતા. સુધા આ સમયે પોતાના પતિ શરત્ચંદ્ર સાથે ચાલી ગઇ હતી; કારણ શરત્‌ની એકાએક બદલી થઇ હતી. આથી કરીને બિચારી બિંદુ એકલી પોતાના વડિલ કાકાના અંતકાળ સમયે તેમની સેવામાં હાજર રહી હતી. તારિણીપ્રસાદના મૃત્યુકાળમાં રમાનાથ તેમની પાસે હાજર હતો. સાંભળવા પ્રમાણે તારિણીપ્રસાદે પોતાની નવવધૂના નામનું નવું વિલ કરીને એ બન્ને બ્હેનોને સકલ સંપત્તિની અધિકારિણી બનાવી છે.

આ વર્ત્તમાન સાંભળતાં જ કામિનીકાંતનો જીવ બળીને ખાખ થઈ ગયો. તે દિવસે તેણે ક્રોધને આધીન થઇ ખાનપાનનો પણ ત્યાગ કર્યો. સમગ્ર દિવસ તે પોતાના ગુપ્ત સલાહકારોની પાસે બેસી મસલત કરવા લાગ્યો. તારિણીપ્રસાદની સંપત્તિ હેમચંદ્ર તથા શરત્ચંદ્રને નહિં મળતાં હમણાં ગોપબાળાને જ મળે અને ત્યાર પછી તેને પોતાની સત્તામાં લેઇ લેવાનો, રમાનાથને તેના વૈરનો બદલો આપવાનો ઉદ્ધત હેમચંદ્રને કાંઇ શિક્ષા કરવાનો એટલું જ નહિં પણ દેવીપ્રસાદ સાથે સુશીલાનો વિવાહ નહિ થવા દેવાનો તથા તે ઉપરાત બીજી અનેક બાબતોનો તે વિચાર કરવા લાગ્યો કામિનીકાંતની ધારણા એવી હતી કે, આ સકળ વિચારોને અમલમાં મૂકવાથી પોતાના વૈરનો પ્રતિશોધ (બદલો) લેવાશે, એટલું જ નહિ પરંતુ ઉલટી લોકોમાં પોતાની સર્વપ્રિયતા તેમજ બહાદુરી પ્રકટ થશે.

આવા પ્રકારના વિચારોથી કામિનીકાંતનું મન અસ્તવ્યસ્ત થઇ ગયું. બે પ્રહરથી અઢી પ્રહર આવી રીતે વિચારમાળાની ગુંથણીમા ચાલ્યા ગયા. સ્નાનની વાત નથી, ભોજનનું નામ નથી. નોકરો બિચારા વારંવાર દેવતા સળગાવે છે અને હુક્કા ભરી આપે છે.

સંધ્યા સમયે વિકસિત મુખે કામિનીકાંત છજામા આવીને ઉભા રહ્યા. તેણે જોયું કે તાલપુકુરથી પંડિત રમાનાથ પાછો આવે છે. સહજ સ્મિત કરી તે મનમા ને મનમાં બોલ્યો:—"પંડિત મહાશય! તમે ઘણા ચાલાક છો તમે મ્હારી સાથે ઘણી સાવચેતીથી ચાલો છો ઠીક છે, તમારી ચાલાકીની બરોબર ચિકિત્સા હવે જ થશે. હું પણ કાંઇક ચાલાકી શીખેલો છું. જોઇએ છીએ કે હવે આપણે બન્નેમાંથી કોના પાસા પોબાર પડે છે."

બીજે દિવસે સ્હવારે કામિનીકાંત બાબુના ઘરની પાલખી તથા દાસ દાસીઓ તાલપુખુરમાં તારિણીપ્રસાદના ઘર આગળ આવીને ઉપસ્થિત થયાં. કામિનીકાંતની ગૃહિણી તરંગિનીએ ગોપબાળાને આમંત્રણ કર્યું છે. તારિણીપ્રસાદની પત્ની ગોપબાળા પતિશોકથી ઘણી વ્યાકુળ બની ગઇ છે. તાલપુખુરમાં તેને સાંત્વના આપનાર કોઇ નથી. સંપત્તિ રક્ષણની સલાહ આપનાર પણ કોઇ નથી. આથી તરંગિનીની એવી ઇચ્છા છે કે ગોપબાળા થોડા દિવસ સનાતનપુર આવીને રહે. શોક ઓછો થયા પછી તથા શત્રુઓના હાથમાંથી સંપત્તિ પ્રાપ્ત થયા પછી ગોપબાળા પુનઃ પોતાને ઘેર જશે. વળી જો કદાચિત્ તારિણીપ્રસાદ પોતાના અંતકાળ પ્રસંગે નવું વિલ કરી પોતાની સકળ સંપત્તિ ભત્રિજાઓને સોંપી ગયા હશે તો તે સંબંધીનો કેસ ન્યાય કચેરીમાં ચાલશે જ, કારણ નિરાધાર વિધવાને સહાય કરવા કામિનીકાંત તૈયાર થયો છે.

ગોપબાળા પગેપગાર્ગ જમીનદારના નિમંત્રણથી પોતાને ઘણું માન મળેલું સમજી કામિનીકાંતના વિશાળ પ્રાસાદમાં ગઇ, તથા ત્યા સુખમા પોતાના દિવસો કાઢવા લાગી,

લગભગ પંદર દિવસ સુધી કામિનીકાંતે પોતાના ગુપ્ત સલાહમંડળની સાથે બેસી રહી અનેક પ્રકારના વિચારો કર્યા. અનેક તર્ક વિતર્કો થઇ ગયા પછી એક પ્રકારનો નિશ્ચય કરવામાં આવ્યો. વર્દ્ધમાનથી ગોકુળચંદ્ર આવી પહોંચ્યો. કામિનીકાંતના બીજા સલાહકારો પણ આવી પહોંચ્યા. છેવટે પોતાનો નિશ્ચય સર્વે સલાહકારોને યોગ્ય જણાયાથી વર્દ્ધમાનમાં એક પછી એક અરજીઓ જવા લાગી. પોલિસ કચેરીમાં સિફારસો થવા લાગી. સકળ કાર્ય નક્કી થઇ ગયા

પછી ગોપબાળા પુનઃ સ્વગૃહે જઇ પહોંચી. જે દિવસે ગોપબાળા તાલપુખુર ગઇ તે જ દિવસે ઘણા ઠાઠમાઠથી પાલખીમાં બેસી કામિનીકાંત પણ સનાતનપુરથી ચાલી નીકળ્યો.

રમાનાથ તથા દેવીપ્રસાદ ભોજન કરવા બેઠા હતા, એવે સમયે કામિનીકાંતની સ્વારી ઘણાજ ઠાઠમાઠથી નીકળી પડી. દેવીપ્રસાદે પિતાને કહ્યું:—"જુઓ, જમીનદાર મહાશય કોઇ સ્થળે જાય છે. કેટલીક મુદ્દતથી તેમનું શરીર બગડયું છે. સાંભળ્યું છે કે હવાફેર કરવા માટે તેઓ પશ્ચિમ તરફ જાય છે."

રમાનાથઃ—"તેં જે વાત સાંભળી છે તે તદ્દન અસત્ય છે આપણને એક ભયંકર સંકટમાં નાખવા માટે બુદ્ધિમાન્ જમીનદાર સાહેબ કલકત્તા જાય છે.

વિંશ પરિચ્છેદ.

સુમતિચંદ્રનું દિવાનખાનું.

કલકત્તાના સુપ્રસિદ્ધ સલાહકાર સુમતિચંદ્રનું દિવાનખાનું ઘણું ભપકાદાર છે. આમ છતા પણ વિષયભોગી પુરૂષો જે વસ્તુઓદ્વારા પોતાના દિવાનખાનાને સુંદર કરે છે એવી વસ્તુઓ પૈકીની એક પણ વસ્તુ સુમતિચંદ્રના દિવાનખાનાને દેખાતી નથી. દીવાલ ઉપર નગ્ન સ્ત્રીઓનાં ચિત્ર કે અન્ય અશ્લીલ ચિત્રો નથી. માત્ર જંગલ, પહાડ, નદી, શહેર તથા સરોવર વગેરેના મનોહર દેખાવોનાં

એ ચાર ચિત્રો ટાંગેલાં છે. દિવાનખાનાનાં એક બાજુએ લખવાનુ ટેબલ પડ્યું છે, જેના ઉપર કેટલાંક કિંમતી કાયદાનાં પુસ્તકો પડયાં છે. ટેબલ ઉપર એક લેમ્પ પણ મૂકેલું છે. આ ટેબલની ચારે બાજુએ કેટલીક ખુરસીઓ, બે બેંચો અને એક આરામ ખુરસી વ્યવસ્થિત રીતે રાખવામાં આવી છે. અમીરોના દિવાનખાનાંની માફક ભોંય ઉપર કાર્પેટ કે ગાલીચો બિછાવેલો નથી, પરંતુ માત્ર નવીન જાતની ચટાઇઓથી જ દિવાનખાનાની જમીન ઢાંકી દેવામાં આવી છે. સુમતિચંદ્રના દિવાનખાનામા ગુણિકાઓ, ગવૈયાઓ તથા તાનસેનો બેઠા નથી, પરંતુ ત્યાં આગળ તેના બે ચાર સ્નેહીઓ તથા તેના અસીલો બેઠા છે. સુમતિચંદ્રનો દેખાવ પણ કાંઈ અમીર જેવો નહોતો, તથા તેની અમીર તરિકે જાહેર થવાની ઇચ્છા પણ નહોતી. તેને જોતાં એવી જ કલ્પના થતી હતી કે, તે એક બુદ્ધિમાન ચતુર મનુષ્ય છે.

સંધ્યા સમય થયો છે. દીપકનો પ્રકાશ દિવાનખાનામાં પ્રકાશી રહ્યો છે. સ્નેહીઓ વચ્ચે વાર્તાલાપ ચાલે છે. એ સર્વે પૈકી બેએક મનુષ્યોની ઓળખાણ નવીન પાઠકોને અત્રે આપવી આવશ્યક છે.

ધનપુરના ધનજયપ્રસાદ પાસે હવે પૂર્વના જેટલું ધન નથી. તેની ઘણી ખરી સંપત્તિ તેના દુર્દૈવે ચાલી ગઇ છે, તથા જે થોડી ઘણી રહેવા પામી છે તે પણ દેવાની જાળમાં જકડાયલી છે. કેટલાક લોકો ગુપ્ત રીતે એવી વાત કરે છે કે, ધનંજયપ્રસાદની ઘણી ખરી સંપત્તિ સુમતિચંદ્રે કળાકૌશલ્ય વાપરી પોતાને હસ્તગત કરી છે. ધનંજય પુનર્વિવાહ કરવાથી પણ સુખી થઇ શકયો નહિં. તેની નવી ભાર્યા કોઇ પણ પ્રકારે તેને તૃપ્ત કરી શકી નહિં. તેની ઉપપત્નીઓ ગીધોના ટોળાંની પ્રમાણે માંસ વિનાના અર્થાત્ સંપત્તિ વિનાના

શબનો ત્યાગ કરી બીજા મૃતકની શોધ કરવા લાગી. વિહાર કરવાનો બાગ વેચાઇ ગયો આથી કરીને ધનંજય કેટલાક દિવસથી સુમતિચંદ્રને ત્યાં રહીને જ પોતાના દિવસો વ્યતીત કરે છે. સુમતિચંદ્ર અભદ્ર પુરૂષ નથી તેણે જેનું સર્વસ્વ લૂંટી લીધું છે તેને એકદમ નિરાશ કરી દેવાનું તેને યોગ્ય લાગતું નથી દિવાનખાનાના એક ખુણામાં ધનંજયપ્રસાદ દયામણે બેસી રહે છે સુમતિચંદ્રની દયાથી કોઇ કોઇ સમયે એકાદ વ્હીસ્કીનો પ્યાલો પણ તેને પ્રાપ્ત થાય છે. સુમતિચંદ્રનાં મધુર વચનોથી તે પોતાને સન્માન મળતું હોય એમ ધારે છે. ધનંજયનું હવે પૂર્વના જેવું રૂપ નથી, રંગ નથી, દુર્બળતાને લીધે શરીરની ચામડીમા કરચલીઓ પડી ગઇ છે. નેત્રોનું તેજ હજુ પ્રકૃત સમય આવી પહોંચતા પૂર્વે જ કાંઇક ઓછું થઇ ગયું છે માથા ઉપરના કેશ અડધા ભાગ કરતા પણ અધિક પ્રમાણમા સફેદ થઇ ગયા છે. હાથમાંના મદિરાનો પ્યાલો થોડો થોડો કંપે છે. જે ધનંજયપ્રસાદ પૂર્વે ઘોડાગાડીમાં એક અમીરની માફક સ્વાર થઇ હવા ખાવા નીકળતો હતો તે જ ધનંજયપ્રસાદને હવે પોતાને જાતે ઘોડેસ્વાર થઇ ફરવા જવું પડે છે વળી જે ઘોડા ઉપર હમણાં તે સ્વાર થાય છે એ ઘોડો પણ અન્નજળના અભાવે ઘણો દુર્બળ થઇ પડ્યો છે, એટલે સ્વામી તથા સેવક બન્નેની શારીરિક સંપત્તિ સમાન જ છે. પૂર્વે જે છત્રીસ ગાડીવાન હતા તે એક પછી એક રાજીનામુ આપી ચાલ્યા ગયા છે અને જે એક બે રહ્યા છે તેઓ પણ નિયત સમય પર પગાર નહિ મળતો હોવાથી ચાલ્યા જવાની તૈયારીમાં છે ધનંજય જે દિશા પ્રતિ દષ્ટિ કરતો હતો તે દિશાએ તેને દરિદ્રતાનો ભયંકર દેખાવ નજરે પડતો હતો. આવા સમયે નાગિણીપ્રસાદના મૃત્યુના સમાચાર મળતાં જ તેના મન-

મા પોતાને નવી સંપત્તિ પ્રાપ્ત થાય એવી આશાનો ઉદય થયો. ને એ વિષય સબંધે સુમતિચંદ્રની સલાહ લેવા લાગ્યો. સુમતિચંદ્ર જેવી સલાહ આપનારા કલકત્તામાં હતા પણ કેટલા ? ઘણા થોડા.

આજે કેટલાક દિવસથી એક નવીન જમીનદાર સુમતિચંદ્રની પાસે આવ્યો છે. અનેક મનુષ્યો અનેક પ્રકારના કાર્યાર્થે સુમતિચંદ્ર પાસે આવે છે. કોઇ મૃત્યુ પામેલા જમાઇની મિલકત મેળવવા આતુર થઇ પડેલા છે કોઇ એક વસીઅતનામું (ખરૂં કે ખોટું તે ભાગયાગ જાણે') સુમતિચંદ્રને બનાવવા લાવ્યો છે કોઇ વિલાસપરાયણ પોતાના મનસ્વી સ્નેહ સમુદ્રમા ડુબકી મારી આનંદરૂપી મોતી મેળવવાની આશામાં બેઠો છે. કોઇ આવતા શનીવારે પાર્ટી આપનાના હોવાથી સુમતિચંદ્રને આમંત્રણ કરવા આવ્યો છે. કોઇ રસ્તેથી જતા જતાં માર્ગમાં સુમતિચંદ્રનુ ગૃહ આવવાથી ગાડીમાંથી ઉતરી બે પ્યાલા લાલ શરબત પીવાને માટે આવ્યો છે.

આ પ્રમાણે વિવિધ પ્રકારનાં પુષ્પોથી વિભુષિત થયેલા સુમતિચંદ્રના દિવાનખાનામા કલ્પવૃક્ષના એક પુષ્પ સમાન કામિનીકાંત બેઠો છે, પરંતુ કુસુમવિકાશપૂર્ણ દિવાનખાનામા આજે તેનું મુખ ઘણું નિસ્તેજ છે. અનેક પ્રકારના ગામ ગપાટા ચાલી રહ્યા છે; પરંતુ એ તો ગંભીરતાથી એક સ્થળે બેસી રહ્યો છે. તેની ગંભીર મુખમુદ્રા જોઇ ચપળ સુમતિચંદ્ર સમજી ગયો કે આજનો વિષય ગંભીર હોવો જોઇએ.

ઘણા સમય સુધી વાતચીત ચાલુ રહી, વારવાર મધુર હાસ્યધ્વનીથી દિવાનખાનુ ગાજી ઉઠતું હતુ. આ પ્રમાણે દશ વાગ્યા સુધી ગાલ્લા કર્યું ત્યાર પછી સઘળા જનો પોતપોતાને ઘેર જવાને ઉઠયા, તથા સુમતિચંદ્રને અભિવાદન કરી સ્વગૃહે ચાલ્યા ગયા. ફકત

ધનજય એકલો એક બાજુએ બેઠો બેઠો હાથમાં મધનો પ્યાલો લેઇને અર્દ્ધનિદ્રિત અવસ્થામાં ઝોકા ખાતો બેસી રહ્યો હતો. તેને નિદ્રાધીન જોઇ કામિનીકાતે ધીમેથી સક્ષિપ્ત પોતાની વાત સુમતિચંદ્રને કહી નાખી કે-"મ્હારા ગામમાં એક ભયકર અધર્માચારી જાતિભ્રષ્ટ પંડિત આવ્યો છે. તે કાયસ્થની પુત્રી સાથે એક બ્રાહ્મણના છોકરાનો વિવાહ કરવાની ઇચ્છા રાખે છે તારિણીપ્રસાદની વિધવાની સપત્તિ બીજાઓને અપાવવા ઇચ્છે છે. તેમના અંતકાળ સમયે એ પંડિતે જ તેમને દવા પાઇ હતી, તથા મૃત્યુ થયા પછી તરત જ ખોટુ વસીઅતનામુ બનાવવામાં આવ્યું હતુ. હિદુધર્મ તથા આચારનું રક્ષણ કરવું એ પ્રત્યેક હિદુનું કર્તવ્ય છે, તથા નિરાશ્રય વિધવા જમીનદારના ઘરની સ્ત્રીને સહાયતા કરવી એ પ્રત્યેક જમીનદારનુ કર્તવ્ય છે."

આ ઉપરાંત પડિત રમાનાથ સરસ્વતીને ફોજદારી ગુન્હામાં સપડાવવા માટે જે જે પ્રપચો કામિનીકાતે રચ્યા હતા તે સર્વ તે થોડા જ સમયમાં એક ભૂતની માફક બકી ગયો.

રાત્રિના અગીઆર વાગી ગયા. કોઇ પણ પ્રકારનો નિશ્ચય કરવાનો અવકાશ ના રહ્યો. આથી કરીને "પુનઃ બીજે દિવસ આવીશ." કહી કામિનીકાંત ઉભો થયો, જતી વખતે તેણે કહ્યું:—"સુમતિચંદ્ર! આ કેસમાં આપની સલાહની ખાસ જરૂર છે. આજે આ ખાસ આ કારણને લીધે જ હું આપની પાસે આવ્યો હતો, પરંતુ બરોબર વાતચીત કરવાનો વખત રહ્યો નહિં."

સુમતિચંદ્રઃ—"પુનઃ તમારી ઇચ્છા થાય ત્યારે બેલાશક પધારજો."

કામિનીકાંતઃ—" આવતી કાલે સાંજે આપને અવકાશ મળશે? વળી જો મ્હારે બંગલે પધારો તો કાંઇ ગાન તાન થાય, તથા તે સાથે એકાંતમાં સઘળી વાતચીત પણ સ્પષ્ટ રીતે થાય."

સુમતિચંદ્ર—" જરૂર આવીશ. આપની પેલી કોકિલા જેવા કંઠવાળી મૃગનયની મુન્નાજાનનાં ગાનતાન સાંભળવાને હું ઘણો જ ઉત્સુક છું. શુ કહું, ગાવામાં તો તે તાનસેન કરતાં પણ ચ્હડી જાય છે, તથા નાચવામાં તે ઇંદ્રની અપ્સરા કરતાં પણ અધિક ચાલાક છે."

કામિનીકાંત સ્મિત કરી પુન બોલ્યોઃ—" આપની ઇચ્છાને તે અંતઃકરણપૂર્વક માન આપશે. આપના આત્માને અધિક આનંદ થાય તેવા જ ગાયનો તે આપને ગાઇ સંભળાવશે આપ સાંજના છ વાગે પધારવાની કૃપા કરજો."

આ પ્રમાણે કહી કામિનીકાંત ચાલી નીકળ્યો. ધનંજયે શ્વસુરના વસીઅતનામાં સંબંધીની વાત શ્રવણ કરી કાન ઉભા કર્યા. તેણે પોતાનાં નેત્રોને મીંચેલાં જ રાખી સઘળી વાતચીત સાંભળી લીધી.

એકવિંશ પરીછેદ.

પ્રપંચ જાળ !

આજે કામિનીકાંતના બાગમાં આવેલા બંગલામાં નાચતાન છે. મુન્નાજાને એવા તો મનોહર કંઠથી અને આકર્ષક હાવભાવથી ગાયનો ગાયાં કે, જેથી કરીને કેટલાક ઉત્સુના પહોંચો તે સાંભળતાં

જ લોટપોટ થઇ ગયા. સુમતિચંદ્ર પણ પ્રસન્ન નયનથી એ નર્તકી તરફ જોઇ રહ્યો; પરંતુ આવા આનંદદાયક સમયે સુદ્ધાં કામિનીકાંતના મુખ ઉપર કાંઈક શોકની છાયા છવાયેલી જણાતી હતી.

ગાનતાન સમામ થઇ ગયા પછી ખાનપાનની વ્યવસ્થા થઈ આ સ્થળે અમારે એટલું કહેવું જોઇએ કે, ખાનપાન ઇંગ્રેજી રીત રીવાજનું હતુ. મુસલમાન બબરચીએ પુલાવ, બિરયાની મટનચૉપ, બટાટાચાપ વગેરે ખાદ્ય પાનની સામગ્રીઓ લાવીને મેજના ઉપર મૂકી દીધી. મુન્નાજાને મદ્યથી એક પ્યાલો ભરીને કામિનીકાંતના હાથમાં આપતાં લલકાર્યું કેઃ—"**ભર ભર જામ પીલા ગુલ લાલા બનાદે મતવાલા...**" પરંતુ કામિનીકાંતે હાથમાં લીધેલા મદ્યના પ્યાલાને પોતાના ઉદરમાં સ્થાન આપ્યું નહિં. પ્યાલો જેવો ને તેવો મેજ ઉપર પડ્યો રહ્યો.

એકત્ર થએલા પ્રેક્ષકોના વિદાય થઇ ગયા પછી કામિનીકાંત તથા સુમતિચંદ્ર સાથે બેસીને વાતચીત કરવા લાગ્યા.

કામિનીકાંતઃ—"હું લગભગ સર્વે વાતો ગઇ કાલે આપને કહી ચુક્યો છું. મ્હારા ગામમાં કેટલાક માસથી જે એક કપટાચારી પંડિતે આવીને ગરબડ મચાવી મૂકી છે તે હકીકત આપ સાંભળી ચુક્યા છો. તે લોકોને બનાવવાને માટે ઉપનિષદ્ ભણે છે, વેદમંત્રો ગાય છે, સાધારણ ભોળા પુરૂષોને બોલાવી શાસ્ત્રનુ શિક્ષણ આપે છે, તથા જાતિભ્રષ્ટ હેમચંદ્ર અને શરતચ્ચંદ્ર સાથે ખાનપાનનો વ્યવહાર રાખે છે. સાંભળ્યુ છે કે, તે કાયસ્થની પુત્રી સાથે પોતાના પુત્રનો વિવાહ કરવાની ઇચ્છા રાખે છે. અરેરે! આનાથી વિશેષ પાપપૂર્ણ અનાચાર બીજો કયો હોઇ શકે ? મ્હને તો એમ લાગે છે કે હવે સનાતનપુર ગામમાં હિંદુધર્મ તથા કુળાચારનુ રક્ષણ થશેનહિં."

સુમતિચંદ્રઃ—" આપ હિંદુઓના સ્તંભ સ્વરૂપ છો. આપની હાજરીમાં એક રખડના પંડિતની આટલી બધી ખટપટ ? આપ એક કાર્ય કરો."

કામિનીકાંતઃ—" શું ?"

સુમતિચંદ્રઃ—" આપે જે વેશ્યા પાસે અહિં નાચતાન કરાવ્યાં છે તે જ વેશ્યાને તમારા વિશાળ પ્રાસાદમાં લેઇ જાઓ અને ત્યાં આગળ તેની પાસે નાચતાન કરાવો; એટલે વેશ્યાના પગલા તમારે ત્યાં થવાથી એ કહેવાતો ધર્મધ્વજ નિરૂપાયે ગામનો ત્યાગ કરી 'બાપરે, બાપરે' કરતો ગચ્છતિ કરી જશે."

કામિનીકાંતઃ-" ના સાહેબ, આ ઉપાય યોગ્ય નથી. હજુ મ્હારા ગામના લોકોના મનમાં જે કુસંસ્કારો નિવાસ કરી રહ્યા છે તે દૂર થયા નથી. તે લોકો જીવનસુખને જાણતા નથી હજુ સુધી સર્વે અવિદ્યાના ઘોર અંધકારમાં પડ્યા છે. મુસલમાન વેશ્યાને ગામમાં લેઇ જવાથી નિંદા થવાની સંભાવના છે.'

સુમતિસુંદ્રઃ-" ઠીક ત્યારે બીજો ઉપાય કરો "

કામિનીકાંતઃ—" બીજો શું ઉપાય ?"

સુમતિચંદ્રઃ-" બળવંતસિંહ નામનો તમારો જે પહેલવાન નોકર છે તેને કહી દ્યો કે તે એ પંડિતજીની ચોટલી પકડી તેને બહાર હાંકી કાઢે આટલી સાધારણ વાત માટે આટલા બધા ચિંતાતુર રહેવાની કાંઈ જરૂર ?"

કામિનીકાંતઃ-" એવો ઉપાય મ્હેં કરી જોયો છે પરંતુ તેનું કાંઇ પરિણામ આવ્યું નહિં. ગઇ કાલે મ્હેં આપને કહ્યુ છે કે એ પંડિત મ્હારા ગામની કેટલીક પ્રાચીન હકીકત થોડી ઘણી જાણે

છે, તેને આવી રીતે કાઢી મૂકવાથી તો તે પૂર્વે ઘટેલી ઘટનાને પુનઃ નવીન કરીને અમને સર્વેને જરૂર સંકટમાં ફસાવે તેમ છે, હું તો ધારૂં-છું કે તે આ પ્રમાણે કરશે.”

સુમતિચંદ્રઃ—“જો આપ આપના ગામની પ્રાચીન ઘટનાઓ મ્હને કહી સંભળાવો તો હું બધી વાત સ્પષ્ટ રીતે સ્હમજી શકું, તથા તે ઉપર તમને યોગ્ય સલાહ આપું.”

કામિનીકાંત.—“ઠીક ત્યારે હું આપને પૂર્વની વાત કહી સંભળાવું છું સાંભળો, મ્હારા પિતા ઘણા બુદ્ધિમાન્ હતા. તેઓ અમારા અનેક ભાગીદારોની જમીનદારીના થોડા ઘણા ભાગો ખરીદ કરીને સ્વર્ગવાસી થયા, એ આપ જાણો જ છો પિતાશ્રીએ એકઠી કરેલી ચાર આની જમીનદારી મ્હેં મ્હારી સત્તામાં લેઈ લીધી, વળી રમણીમોહન નામનો મ્હારો એક પિત્રાઈ ભાઈ હતો, તે સમયે એ બાળક અવસ્થામાં હોવાથી તેનો ત્રણ આની ભાગ મ્હારી સત્તામાં હતો તથા હું જ તેની દેખરેખ રાખતો હતો. તે છોકરો ઘણો વિચિત્ર હતો તેની પોતાની ઇચ્છા મ્હારા હાથમાંથી પોતાનો ભાગ છોડાવવાની હતી તેણે ચુપકીથી વર્દ્ધમાન જઈને કલેકટર સાહેબને અરજી આપી કે, તેનો ભાગ ‘કોર્ટ ઑફ વૉર્ડસ’ની દેખરેખ નીચે રાખવામાં આવે, પરંતુ એ સમયે કલેકટર સાહેબ મ્હારી મુઠીમાં હતા એટલી એની અરજી નામંજુર થઈ—તેની જમીનદારી મ્હારા જ હાથમાં રહી. બેવકૂફ રમણીમોહને ‘કોર્ટ ઑફ વૉર્ડસ’ની અરજી નામંજુર થયા પછી વીરગ્રામ જઈને તેણે ત્યાંની પ્રજાને ઉંધું છતું સ્હમજાવ્યું. તેની જમીન જે જે ખેડુત લોકો ખેડતા હતા તે તે લોકોએ મ્હને દાણ નહિં આપવી એવું તેણે સ્હમજાવ્યું, તથા હાથમાં દંડો લેઈને

મ્હારા તહસિલદાર તથા અન્ય નોકરોને વીરગ્રામમાંથી કાઢી મુકી, મારામારી કરીને તે વીરગ્રામનો માલિક બની બેઠો. હાલમાં આવો પ્રકાર બને તો પોલિસને ખબર આપવી પડે છે પરંતુ તે સમયે ધણી બગી સત્તા મુખ્ય જમીનદારના હાથમાંજ રહેતી હતી. આવા ન્હાનાં ન્હાના કામ માટે અમારે કોઇને ન્યાયમંદિરમાં જવું પડતું નહોતું હું પણ તે સમયે કાંઇંક તોફાની સ્વભાવવાળો હતો. પાંચસે સાતસે માણસોને લેઇ મ્હેં વીરગ્રામ પર આક્રમણ કર્યું ત્યાર પછી જે પ્રકાર બનવા પામ્યો છે તે આપ સારી રીતે જાણતા હશો ''

સુમતિચંદ્રઃ-" હા, સાંભળ્યું છે. એ લ્હડાઇમાં રમણીમોહનનું ખૂન થઇ ગયું. આ વિષય સંબંધી પોલિસે ઘણા સમય સુધી તમારા ઉપર દેખરેખ રાખી હતી. "

કામિનીકાંતઃ—"ગરીબ લોકો જ પોલિસથી ડરે છે. ધનવાન લોકો તેનો લેશ માત્ર ભય રાખતા નથી. ભાઇ દામ આગળ રામનો પણ કાંઇ હિસાબ નથી તો પોલિસ બિચારીની શું તાકાત? દામના દમામથી બધું દબાઇ ગયું અને અમે જે દિવસે ખૂન થયું તે જ દિવસે રમણીમોહનની લાશને બાળીને ભસ્મ કરી નાખી આ પ્રસંગે હિરાસિંહ, લાલસિંહ, જવાહિરસિંહ વગેરે જે મ્હારા અંગત નોકરો છે તેમણે ઘણી ચાલાકી વાપરી હતી. તેઓ લાશને બાળીને ગચ્છંતિ કરી ગયા હતા. "

સુમતિચંદ્રઃ—" વ્યવસ્થા તો ઘણી સારી ! ત્યારે પછી હવે આપને ચિંતા કરવાનું કાંઈ કારણ? લ્હડાઇ થઇ તે પ્રસંગે તમે ત્યાં નહોતા એમ તો તમે સાબિત કરી ચુક્યા છો. જે લોકો અપરાધી ઠર્યા હતા તેઓ ભાડાની કોટડીમાં પૂરાયા હતા. હવે ચિંતા

કરશો નહિ. તમારા દામની સહાયતાથી તમે બચી ગયા છો. જો સાહેબ સિપાઇ તમારા પૈસાથી લુબ્ધ થયા ના હોત તો કદાચ તમારે માથે ગુન્હો આવત પરંતુ '**અણી ચુકયો સો વરસ જીવે.**' એ કહેવત શું તમે નથી જાણતા ? શુ પંડિત રમાનાથ આજે ત્રીસ વર્ષ પશ્ચાત્ આપની વિરૂદ્ધ એ કેસ ઉપસ્થિત કરવાની ઇચ્છા રાખે છે ?"

કામિનીકાંતઃ—" એ જટાધારી સત્ય ઘટના જાણે છે એવો મ્હારો નિશ્ચય થયો છે. અમારા ઘરમાંના કોઇ પણ મનુષ્યે જટાધારી આગળ સકળ સત્ય પ્રકાર નિવેદન કર્યો હોય એમ લાગે છે. જો કે તે સંબંધી હુ કાંઈ પરવા કરતો નથી. ત્રીસ વર્ષ પૂર્વનો કેસ તે અત્યારે પુનઃ ઉપસ્થિત કરે તો તે સંબધી ચિંતા કરવાનુ કાંઈ કારણ નથી."

સુમતિચંદ્રઃ—"તો પછી ચિંતાતુર રહેવાનું કાંઈ પ્રયોજન ! "

કામિનીકાંતઃ—"રમણીમોહનને જ્યારે મ્હારી સાથે વિરોધ થયો ત્યારે એ પાજી માણસે પોતાની પત્નીને પોષ્યપુત્ર લેવાનું આજ્ઞાપત્ર લખી આપ્યું હતું. એ ઉલ્લુને પોતાના પ્રાણ જશે એવી પહેલેથી જ ખબર પડી ગયેલી હોવી જોઇએ."

સુમતિચંદ્રઃ—"વાહ ! આપ હોશિયાર જમીનદાર થઇને એક વિધવા અબળાથી ડરો છો ? શુ આપની નજર આગળ રમણીમોહનની વિધવા કોઇને પોતાના ખોળામાં લેશે ? "

કામિનીકાંતઃ—"એ રસ્તો મ્હે બંધ કરી દીધો છે. રમણીમોહનનુ મૃત્યુ થયા પછી તેની વિધવા પત્ની યોગમાયા પાસેથી મ્હેં એ આજ્ઞાપત્ર કઢાવી લીધુ છે તથા તેની સકળ સંપત્તી તેની પાસેથી મ્હેં મ્હારા નામ ઉપર લખાવી લીધી છે.' પરંતું ગુપ્ત બાતમીથી

મ્હારા જાણવામાં એવું આવ્યું છે કે આ જટાધારી એ આજ્ઞાપત્રની વાત જાણે છે. હવે તે આ જ પ્રકારને ન્યાયમંદિરમાં સત્ય કરી બતાવશે અને પોતાનો પુત્ર યોગમાયાને પોષ્યપુત્ર તરીકે સોંપશે. ત્યાર પછી પુત્રના નામથી તે ત્રણ આની જમીનદારીનો તથા સંપત્તિનો માલિક થઇ બેસશે! વળી હાલના યોગમાયાના આચાર વ્યવહાર ઉપરથી એમ અનુમાન કરી શકાય છે કે, તે નિર્લજ્જ વિધવા પણ જટાધારીની ગૃહલક્ષ્મી બની જશે! જટાધારીના આચાર વ્યવહાર તેના રંગ ઢંગ—ફક્ત દુનિયાને ઝૂકાવવાના ઉદ્દેશવાળા હોય એમ લાગે છે. મ્હને તો એમ લાગે છે કે તેણે જમીનદાર બની જવાને માટેજ આવા ઢોંગ કરી ધર્મને નામે ધૂર્તતા ચલાવવા માંડી છે! અરેરે! અફસોસની વાત છે કે પૂર્વનો વખત પસાર થઇ ગયો છે, નહિં તો આવા વિધર્મી ભ્રષ્ટાચારી સ્ત્રી પુરૂષોને જીવતાં જ માટીમાં પૂરી દેત. હવે તો એ જમાનો પણ ગયો અને એ આચાર વ્યવહારો પણ ગયા."

ઘણા સમયથી વાત કરવાના કારણને લીધે કામિનીકાંતનો કંઠ સુકાઇ ગયો, તથા હિંદુધર્મની દુર્દશાનો વિચાર કરતાં કરતાં તેનો આત્મા પણ અતિ સંતપ્ત થયો; આથી કરીને એક પ્યાલો મદ્યપાન કરીને તેણે પોતાનું ગળું ભીંજાવ્યું અને તે સાથે હિંદુધર્મનું રક્ષણ કર્યું. ત્યાર પછી તે ધીમે ધીમે બોલવા લાગ્યોઃ—" આ જ મ્હારા ઉપર મહાન્ સંકટ આવી પડયું છે. આ સંકટમાંથી મુક્ત થવાને માટે મ્હેં જે વિચારો કર્યા છે તે કાલે આપને અવકાશના અભાવે જણાવી શકયો નહોતો તેથી આજે જણાવું છું. જુઓ, તાલપુકુરના તારિણીપ્રસાદનું મૃત્યુ થઇ ગયું છે. તેમણે પોતાની સઘળી સંપત્તિ હેમચંદ્ર તથા શરતચંદ્રને આપી છે. આ શું એક પ્રકારનો અનર્થ ના કહેવાય કે? શું અનાથ વિધવાને કોઇ આવા દુઃખના મહાસાગરમાં ડૂબાવીને ચાલ્યું જતું હશે કે? "

સુમતિચંદ્રઃ-" શું એ વિધવાને દુઃખના મહાસાગરમાં તણાતાં તણાતાં સન્મતનપુર આગળ આવી પહોંચતા કિનારો મળી ગયો કે?"

કામિનીકાંત—"ગોપબાળા નિરાશ થઇ જવાથી મ્હારી પાસે સલાહ લેવા આવી હતી. મ્હને જે યોગ્ય લાગ્યું તે પ્રમાણે કરવાને મ્હે તેને સલાહ આપી."

સુમતિચંદ્ર.—"આવી અવસ્થામાં આપે તેને સલાહ આપી તે કાંઇં વિશેષ કર્યું નથી. આપ એ નવા વિલને ખોટું ઠરાવી નિ-રાશ્રયા વિધવાની સંપત્તિની રક્ષા કરો, તથા યૌવનપીડિત વિધવાને સ્નેહદાન દેઇ તેનું દુ:ખ હરો!"

કામિનીકાંતઃ—"તમે મશ્કરી કરો છો, પરંતુ આ મશ્કરીની વાત નથી. આ વિષયમાં એક મુખ્ય રહસ્ય સમાયલું છે. પેલો પંડિત તારિણીપ્રસાદના મૃત્યુ સમયે તેમની પાસે હતો. વૃદ્ધ વિલ કરીને તુરત મરી ગયા. આમા કાંઈ સંદેહનું કારણ છે. પંડિત સાધા-રણ મનુષ્ય નથી. તેને તમે સરળ સ્વભાવનો, તથા ભોળો મનુષ્ય ધારશો નહિં."

સુમતિચંદ્રઃ—"વાહ! આપ ગામડામાં રહો છો છતાં આપની બુદ્ધિ એક શહેરી મનુષ્ય કરતાં પણ વધારે ચતુર જણાય છે. આપનો પંડિત ઉપર ખૂનનો ગુન્હો મૂકવાનો વિચાર છે? ધન્ય છે આપના બુદ્ધિ ચાતુર્યને! વીરમગ્રામના ખૂન સંબંધી તે આપને ખૂની તરિકે સાબિત કરે તે પૂર્વે આપ જ તેના ઉપર ખૂનનો આરોપ મૂકવા તૈયાર થઇ રહ્યા છો. ધન્ય છે!"

કામિનીકાંતઃ—"પરંતુ, આ સંબંધીની ફરિયાદ હું શા માટે કરૂં? આ વિષયમાં બોલવાનો મ્હને બિલકુલ હક્ક નથી. ગોપ-

બાળાએ જ જીલ્લાના ન્યાયાધીશને અરજી કરી છે કે, તેના પતિનું એકાએક મૃત્યુ થયુ છે તે સંદેહજનક છે, આથી એ સંબંધીની તપાસ થવાની ખાસ જરૂર છે. આ અરજી ઉપરથી પોલિસ એ સંબંધીની તપાસ ચલાવશે અને એ પોલિસ તો આપણા જ હાથમાં છે! જ્યારે એ જટાધારીને હુ જેલજાત્રા ના કરાવું તો પછી હુ જમીનદાર જ નહિ! મ્હેં મ્હારી આટલી ઉંમરમાં ઘણા ય કાવાદાવા કર્યા છે!! એ સબંધીની આ પ દિનના પૂછડાને ક્યાંથી ખબર હોય?"

સુમતિચંદ્રઃ—"આપ મ્હને હિતૈષી સ્હમજી મ્હારી સલાહ લેવા આવ્યા છો તો મ્હારે આપને મિત્રભાવે કહેવુ જોઇએ કે આપે આ કામમાં એક મ્હોટી ભૂલ કરી છે. હમણાંનો સમય એવો છે કે અસત્ય ખૂનનો કેસ નિષ્ફળ થઇ પડશે, પછીથી ઉલટું આપને જ વિપદની જાળમાં ફસાવુ થશે"

કામિનીકાંતઃ—આપ ભૂલો છો. કલકત્તામા શુ થાય છે તે હુ જાણતો નથી, પરંતુ ન્હાના તાલુકાઓમાં બાળકથી માંડીને વૃદ્ધ સુધી અને સ્ત્રીથી પુરૂષ સુધી સર્વે લોકો જે વાતને જાણે છે તે વાત ન્યાયાધીશના કાન સુધી પહોંચતી નથી. કોની સંપત્તિ કોણ પચાવી પડે છે તે ગામનાં પ્રત્યેક મનુષ્યો જાણતાં હોય છે, પરંતુ ન્યાયાધીશ સન્મુખ કોઇ ભાવી ભયની બ્હીકથી સત્ય વાત જણાવી શકતું નથી, અને આમ થાય છે એટલે અમારા પાસા પોબાર પડે છે, તથા દુશ્મન લાચાર થાય છે. ન્યાયનો કાંટો એવો વિચિત્ર છે કે તેનો બધો આધાર સત્ય ગુન્હેગાર ઉપર નહિ રહેતાં, શીખવાડેલા સાક્ષીદારો જે સાક્ષી આપે છે, કાર્યકુશળ પોલિસ જે રીપોર્ટ આપે છે તેના ઉપર જ આધાર રાખે છે. ન્યાયાધીશો સાક્ષીદારોની હકીકતને

તથા પોલિસના રિપોર્ટને કબૂલ રાખવો પડે છે. ભલે એ જટાધારીને સમગ્ર ગામ નિર્દોષી કહે, પરંતુ ન્યાયાધીશ આગળ તો તે દોષિત જ ઠરશે. તમે ક્યાં નથી જાણતા કેઃ—

"જુબાની ને પુરાવે ત્રાજવું જે ભારી થાયે છે,
ભલે અધો છતા એ ન્યાય સાચો તો ગણાયે છે."

સુમતિચંદ્રઃ—"એ વાત સત્ય છે, તો પણ કામિનીકાંત બાબુ! સાવધાન રહેજો! શું આપ ધર્મપ્રચારક પંડિતને ખૂની ઠરાવી શકશો?"

કામિનીકાંતઃ—"ખૂની નહિં ઠરાવી શકું તો થોડા દિવસ કાચી જેલના રોટલા તો ખવડાવીશ, વળી હું તેને મ્હારી દુશ્મનાવટનો એવો બદલો આપીશ કે તે પુનઃ મ્હારૂં નામ જ લેવાનું ભૂલી જાય!"

સુમતિચંદ્ર—"આ આપની ધારણા યોગ્ય નથી. કેસ માંડવાનું પરિણામ કાંઈ આવનાર નથી. ફક્ત બીજાને હેરાન કરવા માટે કેસ માંડવો એ બુદ્ધિમાન્ પુરૂષનું કર્ત્તવ્ય નથી.

કામિનીકાંતઃ—"ત્યારે શું કલકત્તાના લોકો ઘણા સરળ છે? શું તેઓ કોઇને હેરાન કરવાનો વિચાર કરતા જ નથી! તેઓ નીચી મુંડી રાખી બધું સહન જ કર્યા કરે છે કે?"

સુમતિચંદ્ર—"આપણે બધા હિંદુને ત્યાં 'જન્મ લેઇ બીજું શું કરી શકીએ છીએ? વારૂ એ તો ઠીક, પરંતુ હવે શું કરવાનું છે તે કહો.'

કામિનીકાંત—"આપ બાલ્યકાળથી જ મ્હારા મિત્ર છો, મ્હારા સુવિચાર દાતા છો, મ્હારા સુખ દુઃખના સાથી છો. આ કેસમાં આપે મ્હને સહાયતા કરવી પડશે. આપને વર્દ્ધમાન જવું પડશે.

આ ભયંકર કેસ સંબંધી આપે મ્હને સલાહ આપવી પડશે આપની બુદ્ધિ ઘણી તીક્ષ્ણ છે, આપની યોગ્યતા પણ અસાધારણ છે, આપને અસંખ્ય સ્થળોએ ઓળખાણ છે—આ સકળ પ્રકાર મ્હારાથી ગુપ્ત નથી. વળી કલકત્તામાં આપ એક અદ્વિતીય બુદ્ધિમાન્ પુરૂષ છો અને મ્હારા પરમમિત્ર છો. આથી કરીને જ હું આપની પાસે આવ્યો છું ”

ઘણા સમય સુધી કેસની વાત ચાલ્યા કરી. અનેક પ્રકારના તર્ક વિતર્કો તથા આલોચના થઇ ગયા પછી શુ કરવું તેનો નિશ્ચય કરવામાં આવ્યો. મધ્યરાત્રિ વીતી ગયા પછી સુમતિચંદ્ર વિદાય થયો. વિદાય થતી વખતે તેણે કામિનીકાંતને કહ્યુ.—“ આપ વર્દ્ધમાન જાઓ. હુ મ્હારા માથા ઉપરનું કાર્ય પૂર્ણ કરીને ત્યાં આવી પહોંચીશ. હવે આપ એ માટે બિલકુલ ચિંતા કરશો નહિ. ”

બુદ્ધિમાન્ સુમતિચન્દ્રે પોતાના મનમા વિચાર્યું :-“ કામિનીકાંતના આ કાર્યમાં એકાએક હાથ નાખી શકાશે નહિં. નિર્દોષી મનુષ્ય ઉપર એકાએક ખૂનનો આરોપ મૂકવો—એ કામ કરવાનું ક્ષુદ્રબુદ્ધિવાળા મનુષ્યને જ સૂઝે. આ પ્રમાણે કરવું કામિનીકાંતને યોગ્ય નથી. પ્રથમ જો વસીઅતનામું અમત્ય ઠરાવ્યું હોત તો પછી ખૂનનો આરોપ મૂકવાને વિલંબ લાગત નહિં. આ તો તેણે એક પ્રકારની મૂર્ખામી જ કરી છે. કામિનીકાંતનું શરીર જે પ્રમાણમાં મ્હોટું છે તે પ્રમાણે મ્હને તો એની બુદ્ધિ પણ મ્હોટી મ્હોટી લાગે છે. મ્હે ઘણું ય કહ્યું, પરંતુ આપણી વાત માને ત્યારેને ? સામા માણસની વાત સ્હમજવામાં પણ બુદ્ધિની જરૂર પડે છે; ઠીક હવે તો જે નારાયણ કરે તે ખરૂં ! ”

દ્વાવિંશ પરિચ્છેદ.

ગામડાના ખબરપત્રીઓ ?

કલકત્તામાં જ્યારે આ સઘળી ખટપટ ચાલતી હતી ત્યારે એ સમય દરમ્યાન સનાતનપુરમાં અનેક ઘટનાઓ ઘટી હતી. કોની પાસેથી આપણે એ સકળ ઘટનાઓના સમાચાર પ્રાપ્ત કરીશુ ? મહાશોકની વાત એ છે કે સનાતનપુરમાં આજકાલ એક પણ વર્ત્તમાનપત્ર નથી તેમજ રિપોર્ટર (ખબરપત્રી) પણ નથી. આમ હોવાથી આપણે પુનઃ એક વખત જમીનદાર મહાશયના તળાવના ઘાટ આગળ જઇએ; ત્યાં આગળથી આપણે ગામની સકળ ઘટના જાણી શકીએ તેમ છીએ કારણકે ગામની પ્રત્યેક વ્યક્તિની ત્યાં આગળ વિસ્તૃત '**સમાલોચના**' થાય છે।

પ્રાતઃકાળે સૂર્યોદય થતાં ના થતાંમા તો આપણું પૂર્વ પરિચિત નવયુવતીનું ટોળું ઝમઝમ્ અવાજ કરતું તળાવ ઉપર આવી પહોંચ્યુ, તથા એ ટોળાએ પોતાના રૂપની જ્યોતિથી ચારે દિશાને પ્રકાશિત કરી મૂકી। રસિકા સુંદરી ફૂલકુમારીએ ઘડાને જમીન ઉપર ગોઠવી સ્મિત હાસ્ય કરીને કાવ્ય જોડવાની શરૂઆત કરી—

" જમીનદાર મહાશયના ઘરના, નવા હાલ મ્હેં જાણ્યા છે.
રમાનાથ વૈરાગી બાવા, વર બનવાને આવ્યા છે।"

વસંતકુમારી—"શું કહ્યું ? કોણ વર બનશે ! ત્હારા રંગ ઢંગ તો આજે કાંઇ નવીન પ્રકારના માલમ પડે છે।"

ફુલકુમારીઃ—" મ્હારે હવે રંગ ઢંગ કેવા ? જેને રંગ ઢંગ કરવાનો સમય આવ્યો છે તે કરશે."

હેમકુમારી:—" સ્હમજી ગઇ, સ્હમજી ગઇ, તું વિદ્યાવારિધિ ઉપર વ્યંગ કરે છે. શું એ વાત સત્ય છે ? આપણી વિદ્યાદેવી શું વૈષ્ણવી બની જઇને દેશેદેશ ફરશે ?"

સ્વર્ણકુમારી—"હવે વિદ્યા વિદ્યા કહીને છુપાવવાથી શું થશે?"

હેમકુમારી:—" કોઇનું નામ શા માટે લે છે ? સાંભળશે તો વિશેષ કોલાહલ થશે "

સ્વર્ણકુમારીઃ—" કોલાહલ કેવો ? એક દિવસે સંધ્યા સમયે પંડિતજી '**માથું દુઃખે છે**' એવું બ્હાનું કાઢી સૂતા હતા, તથા યોગમાયા બ્હેન તેમની પાસે બેસી ઘુમટો ખેંચીને પંખો હલાવતી હતી. આ તે શું યોગ્ય કહેવાય કે ? આપણે સર્વે કાંઈ આંધળીઓ તો નથી?"

વસંતકુમારીઃ—" શું તું સાચું કહે છે બ્હેન ?"

ફુલકુમારી:—" સાચું નહિં ત્યારે શું જૂઠું કહું છું એમ ? યોગમાયા પંડિતજીને માટે હમેશાં શરબત બનાવે છે, પાન તૈયાર કરે છે, શું તું દેખતી નથી ? એ તો એ મહાત્માની ગૃહલક્ષ્મી થઈ બેઠી છે. મ્હને લાગે છે કે કોઈ દિવસે તે ભગવાં વસ્ત્રો પહેરીને એ પંડિતની સાથે પલાયન કરી જશે. મ્હારૂં કહેવું અસત્ય ઠરે તો પછી મને કહેજો."

હેમકુમારીઃ—" નારે ના, યોગમાયા યોગિની શા માટે બને ? જ્યારે તે જ ભગવાં વસ્ત્રો પહેરશે ત્યારે પછી રંગીન સાડી કોણ પહેરશે ? તમને સર્વેને નેત્રો હોય તો બધું સૂઝે ને !"

સર્વે જણીઓ એક સાથે બોલી ઉઠીઃ—" શું ? શું ?"

હેમકુમારીઃ—"તમે તમારે આંખો બંધ કરીને બેસી રહો તો પછી શું જોઇ શકો? મ્હેં એક દિવસે સંધ્યા સમયે યોગમાયાના ઓરડામાં દૃષ્ટિ કરી તો તે સમયે ત્યાં વળગણી ઉપર એ કાળા પહાડની સાડી લટકતી જોઇ હતી. મ્હને તો એ સાડી જોતા જ ઘણું આશ્ચર્ય લાગ્યું. તેને વિધવા થયાને આજકાલ કરતાં ત્રીસ વર્ષ થઇ ગયાં છતાં તેણે સફેદ વસ્ત્ર સિવાય અન્ય કોઇ પણ જાતનું રંગીન વસ્ત્ર પહેર્યું નહોતું અને હવે તો પહાડની સાડી પહેરવાનો શોક થઈ આવ્યો છે? હું નહોતી જાણતી કે યોગમાયા આવી હશે! વાહ! વિધવા થયા છતા પોતાની પ્રેમજાળમાં વિલાસી માણસોને કેવી રીતે ફસાવવાં એ કળા તે સારી રીતે જાણે છે."

સ્વર્ણકુમારીઃ—"અરેરે! એકલી સાડી તો શું પરંતુ હવે જેમ જેમ દિવસો જશે તેમ તેમ નવા નવા દેખાવો નજરે પડશે. કાનમાં આંગળીઓ ઘાલીને બેશી રહીએ અને નેત્રો બંધ કરી રાખીએ તો કાંઈ સંભળાય નહિ, તેમજ કાંઈ જોઇ પણ શકાય નહિં. હજુ તમે પુર્ણ પ્રકાર ક્યાં જાણો છો?"

સર્વેએ આશ્ચર્ય પામી પૂછ્યુંઃ—"ત્યારે તું જ કહેને એટલે અમે બધા સાંભળીએ?"

સ્વર્ણકુમારીઃ—"લ્યો ત્યારે સાંભળો; પેલી જે કાલિંદી વહુ આપણે સર્વેને ત્યાં આવે છે તેને પૂછી જોજો. યોગમાયાએ તેની દુકાનેથી માથામા નાખવાનો સુગંધિત મશાલો અને ખૂબસૂરત બનવાની દવા વેચાતી લીધી છે. એણે તો હવે હદ કરી નાખી છે શા માટે ના કરે? વૃદ્ધાવસ્થાના આગમનથી યુવાનીના ઉમળકા ઓછા જ જતા રહે છે!"

આ પ્રમાણે વિવિધ પ્રકારની આલોચના કરીને નવયુવતીઓ ચાલી ગઇ એટલે થોડીવાર પછીથી તરુણીઓનું એક ટોળું તળાવ ઉપર આવી પહોચ્યું, તથા તેમણે પણ ઉપરોક્ત વિષય સંબંધીની જ ચર્ચા ચલાવવાનું શરૂ કર્યું.

માતંગિનીઃ—"આજે તમારા સર્વના મુખ ઉપર આટલો બધો આનંદ કેમ જણાય છે? શું કોઇનો વિવાહ થનાર છે કે?"

કલ્યાણીઃ—" આમ જાણે પોતાને કાંઈ માલૂમ જ ના હોય તેમ શા માટે બોલે છે? હવે તો વિવાહ પ્રસંગ ઘણો પાસે આવતો જાય છે."

માતંગિનીઃ—" કોનો વિવાહ પ્રસંગ પાસે આવે છે?"

રાધારંગિનીઃ-" આમ છેક જ અજાણી શા માટે થઇ જાય છે? શું તું દિવસે દિવસે મ્હોટી થતી હોવાથી ત્હારાં નેત્રો પણ કોઇ પ્રકાર જોઈ શકતાં નથી કે? આજ સુધી ત્હે કાંઈ સાંભળ્યું જ નથી?"

માતંગિનીઃ-" ના બ્હેન! હું તને સત્ય જ કહું છું મ્હેં અદ્યાપિ કોઇના પણ વિવાહની વાત સાંભળી નથી."

કૃષ્ણસંગિની-" અરે! એવા વિવાહની વાત કાંઈ પૂર્વેથી જ ઓછી પ્રસિદ્ધિમા આવે છે? એ તો બધું ચોક્કસ થઇ ગયા પછીથી જ એટલે વિવાહ થઇ ગયા પછીથી જ લોક જાણી શકે છે. આ તાલપુખુરમાં મલ્લિકજીના ઘરમાં જે એક છોકરી વિધવા થઇ ગઇ હતી તેણે પુનર્વિવાહ કરી નાખ્યો ત્યાર પછીથી જ એ વાત લોકોના જાણવામાં આવી હતી, એ શું તું નથી જાણતી? મ્હને લાગે છે કે આ વખતે જમીનદાર મહાશયને ત્યાં પણ એ પ્રમાણે જ બનશે."

માતંગિનીઃ—" વળી વિધવા થયા પછીથી પુનર્વિવાહ કરી

શકાય કે? મ્હને તો લાગે છે કે આપણો સમાજ પુનર્વિવાહ નારને જાતિમાંથી બહિષ્કૃત કરે છે."

તરંગિની—"પરંતુ યોગમાયાને **સમાજ**ની કે જાતિની પરવા જ ક્યાં છે? તેને તો પેલા પંડિતજી મળ્યા એટલે સાક્ષાત નારાયણ મળ્યા સ્હમજવા. પંડિત એને સંસ્કૃત ભાષા શીખવાડી સંસ્કારી બનાવશે. ત્યાર પછી એ બન્ને જણાં કોઇ સ્થળે પલાયન કરી જશે. આમ **થશે** પછી **સમાજ** તેમને જાતિબહિષ્કૃત કરે તો પણ શું?"

માતંગિની:–"પંડિતજી સાથે કોનો વિવાહ થશે?"

રાધારંગિની:–"શું તું હજુ નાની કીકી છે? યોગમાયાના રંગઢંગ ત્હારાથી દેખી શકાતા નથી? હરિ! હરિ! એવી વિધવાના મ્હોંમાં ધૂળ પડો! અને સાથે પેલા પંડિતનું પણ સત્યાનાશ જાઓ!"

કૃષ્ણરંગિની:—"આપણી માતંગિની તો કાંઇ જાણતી જ નથી. ચાલો હું સકળ વાત સ્પષ્ટતાથી કહું છું. ધના સોનીનો છોકરો કાલે મ્હારે ત્યાં આવ્યો હતો તેને ત્હેં નહોતો દીઠો?"

માતંગિની—હા, હા, જોયો હતો. તે છોકરો શા માટે આવ્યો હતો?"

કૃષ્ણરંગિની—'શું તું એ જાણતી નથી કે? તે યોગમાયાને કાંઇ પૂછવા આવ્યો હતો. તેણે ઘણા સમય સુધી યોગમાયાની સાથે ધીમે સ્વરે ગુપચુપ વાતચીત કરી હતી. મ્હેં મ્હારી દાસીના હાથમાં મ્હારા પુત્રને સોંપીને કહ્યું –"જા જોઇએ, તેમને શંકા ના આવે એવું વર્તન રાખી બધી હકીકત સાંભળી આવ, કે બન્ને જણાં શું વાતચીત કરે છે?' દાસીએ છુપાઇ રહીને સકળ વાર્ત્તાલાપ સાંભળ્યો."

માતંગિનીઃ—"શું યોગમાયાએ ઘરેણા ગઢવા આપ્યા છે?"

કૃષ્ણસંગિની.—"હા એમ જ છે. એક જોડી સોનાની બંગડીઓ તૈયાર કરવાનુ કહ્યું છે. વિધવા થઇને તે પુનર્વિવાહ કરશે. ઘુમટો કાઢીને નવવધૂ બનશે, ઘરેણા પહેરશે અને તેની આ ઉત્તરાવસ્થામા તે બે ચાર સંતાનોને જન્મ આશે! પત્થર પડો એની બુદ્ધિ ઉપર! યમદૂત આવી વિધવાઓની ખબર લેવાનુ શા માટે ભુલી જાય છે? જુઓ તો ખરાં ગડનો શોક! ચાળીસ વર્ષ વીતી ગયા પછી પુનઃ તે નાકમા નથ પહેરશે પગમાં સાંકળાં પહેરશે. કાળા પહાડની સાડી પહેરશે. એટલુ જ નહિ પરંતુ પંડિતજીના ઘરની ગૃહિણી બનશે મોઢા ગઢ મરી પણ કેમ નથી જતી?"

રામરંગિની:—"શું સાંકળા પહેરશે, અને તે પણ વળી સોનાના પહેરશે કે? અરે! એ ગડના મનોરથ તો તેના મનમા જ પુરા થશે. કાલે સંધ્યા સમયે સાંકળા આવી ગયા છે હવે તો મ્હને લાગે છે કે એ પંડિતની સાથે તેને લોઢાના સાંકળા પહેરવા પડશે."

સર્વે જણીઓએ આશ્ચર્ય પામી પૂછ્યુ—"કોણ આવ્યું છે? કોણ આવ્યુ છે?"

રામરંગિની—"શુ તમે કોઇએ હજુ સુધી કાંઇ સાંભળ્યુ જ નથી? ફોજદાર આવ્યો છે, તેની સાથે બીજાં પણ ચાર પાંચ માણસો આવ્યા છે."

સર્વેએ ભય પામી પૂછ્યુ.—"ફોજદાર કેમ આવ્યો છે?"

રામરંગિની:—"એવું સાંભળવામા આવ્યુ છે કે, જમીનદાર કામિનીકાંત બાબુએ એ લોકોને બોલાવ્યા છે, એ પોલીસ અમલદારો પંડિત રમાનાથને બાંધીને વર્દ્ધમાન લેઇ જનારા છે. યોગમાયાના દુષિત આચાર વ્યવહાર જોઇ કામિનીકાંત બાબુ તેના ઉપર

ઘણા ગુસ્સે ભરાયા છે. આ વાત તેમણે ઠેઠ વર્દ્ધમાનના ન્યાયાધીશને કહી છે, તથા ન્યાયાધીશ સાહેબે પંડિત રમાનાથ અને યોગમાયાને પકડી લેઇ જવાને માટે આ પોલિસ અધિકારીઓને મોકલ્યા છે."

સકળ સ્ત્રીઓ બોલી:—'રામ ! રામ ! આવા મોટા કુટુમ્બના આવા હાલ ! યોગમાયાએ શું કર્યું ? જમીનદાર મહાશયના કુટુમ્બની આબરૂને ધૂળધાણી કરી નાખી કુળમાં કલંક લગાડ્યું ! અરેરે ! એ વાત છેક પોલિસ સુધી જઇ પહોંચી ત્યાં સુધી યોગમાયાની આંખો ઉઘડી નહિ ? એ યોગમાયા આખા ગામમાં હવે કુલટા તરીકે ઓળખાવા લાગી ! ધિક્કાર છે તેની બુદ્ધિને ! તે હવે સમાજને કયું મુખ દર્શાવશે ?"

આ પ્રમાણે યોગમાયા તથા પંડિત રમાનાથને ગાળો દેતું તરૂણીઓનું ટોળું ઘડાઓ ભરીને ચાલ્યું ગયું, તથા ત્યાર પછી થોડા સમયને અંતરે વૃદ્ધા સ્ત્રીઓનું પૂર્વ પરિચિત ટોળું આવી પહોચ્યું. તેઓ સર્વે પણ પ્રસ્તુત વિષયને લેઇ પરસ્પર વાતચીત કરવા લાગી. સનાતનપુરમાં પોલિસ આવી છે તેથી એ વિષય વિના આજે પુષ્કરિણી ઉપર તો શું પરંતુ સઘળા ગામમાં બીજી વાત જ ચાલતી નથી.

શ્યામાસુંદરી:—"રમા ! [illegible] ! તું કાંઇ જાણ્યું છે કે? તાલપુકુરમાં જે ફોજદાર પેલી નાવમાં સાથે આવ્યો હતો તે ગઇ કાલે સંધ્યા સમયે અત્રે આવ્યો છે."

રમાસુન્દરી.—"સાચું કહે બહેન ! પોલિસ શા માટે આવી છે ? તેના આગમનના સમાચાર સાંભળતાં જ મ્હારૂં શરીર ધ્રુજે છે.'

શ્યામાસુંદરી:—" પોલિસ કેમ ના આવે ? ગામની હવા ઘણી બગડી ગઇ છે એટલે તેમાં સુધારો કરવા પોલિસ આવી છે ।"

રમાસુંદરી:—" મને સ્પષ્ટ કહેને કે શું બન્યું છે ? હવા શું ને વાત શું ?"

શ્યામાસુંદરી:—" જો સાંભળ, હમણાં ગામમાં ઘણો અનર્થ ચાલે છે તેને દૂર કરવાને પોલિસ આવી છે. પૂર્વે એક વખત તાલપુખુરમાં રહેતા હેમચંદ્રે પોતાના ઘરમાં રહેતી એક વિધવા છોકરીને ઉત્તેજિત કરી શરતચંદ્ર સાથે તેનો પુનર્વિવાહ કર્યો હતો. સાંભળવામા આવ્યા પ્રમાણે જમીનદાર કામિનીકાંત બાબુને ત્યા પણ આવો અનર્થ થાય એવો સંભવ છે. પેલો જે જટાધારી પંડિત આવ્યો છે, તથા જે ધર્મોપદેશક હોવાનો ઢોંગ કરે છે તે વિધવા વિવાહ કરવાની શોધમાં ફરતો ફરે છે. જ્યારથી કામિનીકાન્ત બાબુ વર્દ્ધમાન ગયા છે ત્યારથી તેની આશા ઘણી દૃઢ થતી ગઇ છે. હવે તે કહે છે કે:—" યોગમાયાને વૈષ્ણવી બનાવીને મ્હારી સાથે લઇ જવાનો છું." કહે જોઇએ કે, આ કેવા કલંકની વાત કહેવાય ? કામિનાકાન્ત બાબુએ જાતે જઇ આ વાત હેઠ વર્દ્ધમાનના ન્યાયાધીશના કાન સુધી પહોંચાડી છે. આથી કરીને આ સબંધીની તપાસ કરવાને માટે પોલિસ અત્રે આવી છે."

રમાસુંદરી:—" ઓ બાપ ! કેવી શરમ ભરેલી વાત ! કોણ જાણે કે યોગમાયાને શું સૂઝયું છે ? તે હતી તો પવિત્ર સ્ત્રી, પરંતુ ખરી વાત છે કે, સોબતની અસર લાગ્યા સિવાય રહેતી નથી. ખરાબ મનુષ્યની સંગતિથી ઉત્કૃષ્ટ તેમ જ પવિત્ર મનુષ્ય વિના વિલંબે બગડે છે."

શ્યામાસુંદરીઃ—" અરે એમાં શરમ જેવુ શુ છે ? કળિયુગમાં જેટલું ના બને તેટલું ઓછુ જ સ્હમજવુ. હજુ તો શુ જોયું છે, દિવસે દિવસે નવું નવુ જોવામાં આવશે."

હરસુંદરીઃ—" ના, ના, પોલિસ કાંઇ એ માટે નથી આવી"

બંનેએ પ્રશ્ન કર્યો—" ત્યારે શા માટે આવી છે ? "

હરસુન્દરીઃ—" કામિનીકાંત બાબુએ એક દિવસે મ્હારા બાળગોપાળને કહ્યું હતું કે, ' પંડિત ઘણો લુચ્ચો માણસ છે તે પાપ કરવામા, લૂટ કરવામા તથા ખૂન કરવામા પણ પાછી પાની કરે એવો નથી તે ઔષધ કરવાના ઢોંગ કરી રોગીને ઔષધ અગર વિષ ખવડાવે છે. તેનુ ઔષધ ખાવાથી એક મનુષ્યનુ મૃત્યુ થયુ.' આ સંબધી તપાસ કરવાને માટે પોલિસ આવી છે "

કૃષ્ણસુંદરીઃ—" ના ના, એમ નથી. તાલપુખુરવાળા ચોડા દિવસ ઉપર તારિણીપ્રસાદની નવવધૂ ગોપબાળા અહિં કામિનીકાન્ત બાબુને ત્યાં આવી હતી તેનુ કપાળ ફૂટી ગયુ છે, તે પોતાની બાલ્યાવસ્થામા વિધવા થઇ છે. જ્યારે તે અત્રે આવી ત્યારે એક વખત કામિનીકાંતની પત્ની તરંગિની સાથે વાતચીત કરતી હતી કે જે સમયે મ્હારી મ્હોટી વહૂ ત્યા હાજર હતી. છેવટ મ્હારી મ્હોટી વહૂએ સ્વગૃહે આવીને મ્હને સકળ વાતચીત કહી સંભળાવી હતી અને તાત્પર્ય એ હતું કે હેમચંદ્રે બાળવિધવા ગોપબાળાની સકળ સંપત્તિ દગાઇ કરીને પોતાના નામ ઉપર લખાવી લીધી છે; આ કારણથી પોલિસ આવી છે."

ત્રિપુરાસુંદરીઃ—"ના ના, એ બધુ અસત્ય છે. હુ કહુ છુ તે સાંભળો. મ્હારી વિલાસિની એ સકળ હકીકત જાણે છે જે વર્ષે મ્હારી પુત્રી વિલાસિનીનો વિવાહ થયો હતો તે જ વર્ષે રમણી-

મોહનનું ખૂન થયું હતું. આ ખૂનનો પત્તો હમણાં પોલિસને લાગ્યો-છે અને તેથી તે તેની તપાસ માટે આવી છે. અહા ! રમણીમોહનનો મ્હારી વિલાસિની ઉપર અપાર પ્રેમ હતો, પરંતુ તે બિચારો મ્હારી પુત્રીના વિવાહના કાર્યમાં પણ તેના દુર્દૈવને લીધે ભાગ લેઇ શક્યો નહિં."

આ પ્રમાણે અરસ્પરસ વાતો કરીને રમણીમોહનના ખૂન માટે શોક પ્રકટ કરતી સર્વે વૃદ્ધા સ્ત્રીઓ પાણી ભરી પોતપોતાને ઘેર ચાલી ગઈ."

ત્રયોવિંશ પરિચ્છેદ.

પોલિસ તપાસ.

પુષ્કરિણી ઉપરની સ્ત્રીઓની વાતચીતથી આપણે એટલું તો જાણી શક્યા છીએ કે પૂર્વે તાલપુકુરમાં અને પછીથી સનાતનપુરમાં પોલિસનું આગમન થયું છે, આમ હોવાથી હવે પોલિસની તપાસ સંબંધી અત્રે એક બે વાત કહેવાની જરૂર છે.

તારિણીપ્રસાદના મૃત્યુ સંબંધી લોકોના મનમાં સન્દેહ ઉપસ્થિત થયો છે; એટલું જ નહિ પરંતુ તારિણીપ્રસાદની પત્ની ગોષબાળા સુદ્ધાંને એવો સંદેહ થયો છે કે તેના પતિનું મૃત્યુ કપટથી થયેલ છે. ઉન્નતચરિત્ર પંડિત રમાનાથ દોષિત છે કે નિર્દોષ છે એ સંબંધી તપાસ કરવાને જમાદાર પોતાની સાથે એક બે કોન્સ્ટેબલોને સાથે લેઇને આવ્યો છે.

આ જમાદાર પશ્ચિમ તરફનો રહેવાસી છે. તે ઇંગ્રેજી તથા બંગાળીનું માત્ર થોડું જ જ્ઞાન ધરાવે છે, આમ છતા તેનો અવાજ ઘણો જ બુલંદ તથા શરીર હૃષ્ટપુષ્ટ છે. લાંબી દાઢી છાતીની નીચેના ભાગ સુધી લટકી રહી છે એની આકૃતિ ઉપરથી તો એવું જ અનુમાન કરી શકાય છે કે તેના ભપકાબંધ ચહેરાથી પ્રસન્ન થઇને જ પોલિસ ખાતાના મુખ્ય અધિકારીએ તેને જમાદારી આપી હશે તેનો માસિક પગાર માત્ર પંદર રૂપિયા છે. તેણે તાલપુખુરમાં આવીને સાક્ષી લોકોની જુબાની લીધી, તથા ત્યાર પછી પંડિત રમાનાથને બે ચાર તિરસ્કારયુક્ત વચનો કહ્યાં. સંધ્યા સમયે જ્યારે તે પોતાના મુકામ ઉપર ગયો ત્યારે ફોજદારે તેને પૂછ્યું:-" કેમ શું થયું ? "

જમાદારઃ—" મૃત્યુ સંબંધી ઘણો સંદેહ રહે છે. "

ફોજદાર—" શાતો સંદેહ ? "

જમાદારઃ—" સંદેહ એ જ કે તારિણીપ્રસાદનું ખૂન કપટથી થયું છે. તેમને કોઇએ દવા પાઇને મારી નાખ્યા છે "

ફોજદારઃ—" દવા કોણે પીવડાવી છે ? "

જમાદારઃ—" તપાસ કરતા માલૂમ પડી આવ્યું છે કે, રમાનાથ નામનો કોઇ લુચ્ચો માણસ જણાય છે, સાહેબના ઉપર આપ રિપોર્ટ મોકલો કે લુચ્ચાઓના લીસ્ટમા પંડિત રમાનાથનું નામ વધારે "

ફોજદાર.—" તેણે શું લુચ્ચાઇ કરી છે ? "

જમાદારઃ—" એ પોલિસનો ભય બિલકુલ રાખતો નથી. તેણે મ્હારા દરેક પ્રશ્નોના ઉત્તર તો આપ્યા, પરંતુ ઉત્તરો આપતાં આપતા તે વારંવાર જાણે આપણી મશ્કરી કરતો હોય તેમ હસતો

હતો; એની એવી તે શુ તાકાત છે કે તે પોલિસની મશ્કરી કરી શકે ? '

ફોજદાર—"ઠીક, હવે આ વાતને મુલતવી રાખો અને પ્રથમ મ્હને એટલુ કહો કે આ ખુન થયેલુ છે તે સાચુ છે કે ખોટુ ?"

જમાદાર—"સાચુ કેવી રીતે સાબીત થઇ શકે ? ખૂની જો મ્હોટા પુરૂષ હોય તો શુ સહેલાઇથી ખુન સાબિત કરાવી શકાય છે કે ? ગરીબ માણસ હોય તો ઠીક બનાવી કે તુરત બિચારો કબુલ કરી દે. ખૂનીએ ખૂન કબુલ કર્યું અને પોલિસે રીપોર્ટ લખી તથા જુબાનીઓ લેઇ તેને કેદ કર્યો એટલે પોલિસનુ કાર્ય પૂર્ણ થયુ."

ફોજદાર—"હવે એવો જમાનો નથી કે માત્ર ખૂન કબુલ કરાવવાથી જ આસામી ઉપર ખુનનો કેસ સાબિત થઇ જાય."

જમાદારઃ—"કેમ નહિં ? ખુનના કેસમા પોતાના મ્હોડેથી ખુન કબુલ કરનાર આસામીને મેજીસ્ટ્રેટ સાહેબ કદાપિ છોડી શકે છે કે ?"

ફોજદારે વિચાર્યું કેઃ—"જમાદાર વિશેષ ભણ્યા ગણ્યા નથી; એટલુજ નહિ પરંતુ તેમને તથા અક્કલને બાર ગાઉનું છેટું છે." આમ વિચારી આ કેસમાં કોઇ મ્હોટુ સન્દેહનુ કારણ છે એમ મનમાં આવતાં જ ફોજદાર જાતે તપાસ કરવા ગયો.

જમાદાર જેવો હૃષ્ટપુષ્ટ પુરૂષ હતો તેવો ફોજદાર નહોતો. તેનું શરીર કૃશ હતું, છતા તેની બુદ્ધિ ઘણી તીક્ષ્ણ હતી. તેનું ગૃહ બાકરગજમા હતું. બાકરગજના કોઇ પોલિસ કામદારને ત્યાં નોકરી કરીને પોલિસના કામમાં તે હોશિયાર થયો છે. છેવટે પોતાનામાં કાંઈક હોશિ-

પારી આવેલી જોઇ તેણે પોલિસખાતામાં નોકરી મેળવી. કોન્સ્ટેબલ-માંથી જમાદાર થયો, તથા કેટલાક વર્ષ સુધી જમાદારી કરી હવે ફોજદાર થયો છે. તે પોતાના કાર્યથી ઉપરી અધિકારીઓને ઘણા ખુશી રાખતો હતો. બીજી બાજુએ પોતાના ગામમાં એક પાકું મકાન તૈયાર કરાવતો હતો. ફોજદારી કરતાં કરતાં તેણે પુષ્કળ પૈસા પ્રાપ્ત કર્યા છે કે જે પૈસામાંથી પાકું મકાન તૈયાર કરાવવા ઉપરાંત એક કુવો તથા બાગ બનાવવામાં આવ્યા. ગૃહિણીને અલંકારોની પણ ખોટ નથી. ઘેર કોથળીને કોથળી ભરીને રૂપિયા જવા લાગ્યા આળગચ્ચાં પણ રોજ નવાં નવા સુંદર કપડાં પહેરી અમીરોના બાળકોને લજાવવા લાગ્યા. આ સિવાય એક બીજી વાત એ છે કે કચેરીની પાસે એક નવયૌવના વિધવા સ્ત્રી રહેતી હતી, તેને માટે બાર તોલાનો ચંદ્રહાર તૈયાર થતો હતો. ફોજદાર પાસે એક ઉમદા ઘોડો છે. નોકર, ચાકર તથા રસોઇઆ છે. તેનો માસિક પગાર માત્ર રૂપિયા ત્રીસ છે '

ફોજદાર ખાસ ધ્યાનપૂર્વક ખૂન સંબંધીની તપાસ કરવા લાગ્યો તથા તપાસણીની સવિસ્તર હકીકત ડાયરીમાં લખી હમેશા ડાયરી પોતાના ઉપરી અધિકારીને મોકલી આપવા લાગ્યો. ડાયરીની ભાષા ઘણી સુંદર તથા સ્વચ્છ અને વિશ્વાસપાત્ર જણાતી હતી કે જે વાચી જોતાં ઉપરી અમલદારોના મનમાં બિલકુલ સંદેહ ઉપસ્થિત થતો નહિં. છેવટે ફોજદારે એવો નિશ્ચય કર્યો કે પંડિત રમાનાથે તારિણીપ્રસાદને ઔષધમાં વિષ પાયું છે અને તેથી જ વૃદ્ધ તારિણીપ્રસાદનું મૃત્યુ થયું છે. સાક્ષીઓનો જવાબ લેઇ રમાનાથના હાથમાં બેડીઓ નાખી ફોજદાર વર્દ્ધમાન ઉપડી જવાની તૈયારીમાં

હતો એવામા પોલિસ ઇન્સ્પેકટરની સ્વારી ત્યા જ આગળ આવી પહોંચી.

ઇન્સ્પેકટર એક શિક્ષિત યુવાન્ પુરૂષ છે. કોલેજમાંથી તેણે શિક્ષણ સપાદન કર્યું છે. ઉત્તમ કુળમા તેનો જન્મ થયો છે. ધર્માધર્મનું તેને સારૂં જ્ઞાન છે. વર્દ્ધમાનના સર્વ લોકો તેના પ્રત્યે પ્રેમદૃષ્ટિથી જુએ છે. તેની સલાહથી વાદી પ્રતિવાદીઓના કલહનો અત આવી જાય છે. તે કોઇનો પણ પક્ષપાત કરતો નથી, આથી કરીને સર્વે લોકોને ઇન્સ્પેકટરનો સ્વભાવ પસંદ પડે છે તેણે તાલપુખુરમાં પ્રવેશ કરતાં જ જોયું કે મલિક કુટુંબને ત્યા ફોજદાર આરામ ખુરસી ઉપર બેઠા બેઠા ધુમ્રપાન કરી રહ્યો છે. સ્હામે પડિત રમાનાથ ઉભા છે. તેના હાથમાં હાથકડી નાખેલી છે '

આનો પ્રકાર જોવામાં આવતાં જ ઇન્સ્પેકટરનું અંગ પ્રત્યગ ક્રોધાગ્નિથી સળગી ઉઠયુ. તેણે ફોજદારના મુખ ઉપર બૂટ મારવાનો વિચાર કર્યો, પરતુ પોતાની ઇચ્છાને મહા મુશિબતે રોકી રાખી તેણે ક્રોધપૂર્ણસ્વરે પૂછ્યુ —આ શુ ?"

ફોજદારે ઉભા થઇ અસ્પષ્ટ સ્વરે કહ્યુ:—" ખૂનના કેસમા હુ અપરાધીની તપાસ ચલાવતો હતો; ઠીક થયુ કે આપ હુજૂરની સ્વારી આવી પહોંચી. હવે હુ આપની આજ્ઞા હશે તે પ્રમાણે કરીશ

ઇન્સ્પેકટરે પૂર્વવત્ સ્વરે કહ્યું:—" શુ રમાનાથ સરસ્વતી ઉપર ખૂનનો આરોપ સાબિત કરવામા આવ્યો છે ? શુ તમારી તપાસમાં પણ તમને એમ માલૂમ પડે છે કે ? "

ફોજદાર સ્પષ્ટ ઉત્તર આપી શકયો નહિ.

ઇન્સ્પેકટરે જાતે પંડિત રમાનાથની હાથકડીઓ કાઢી નાખી કહ્યુઃ—" મહાશય ! ક્ષમા કરજો. આપના ઉપર વિના કારણ

આ જે અત્યાચાર કરવામા આવ્યો છે તે માટે હું આપના ઉદાર હૃદય પાસે ક્ષમા યાચું છું. ”

રમાનાથઃ–“ ક્ષમા યાચવાની કાંઇ જરૂર નથી. ફોજદાર સાહેબે પોતાનું કર્ત્તવ્ય બજાવ્યુ છે ! ”

ઇન્સ્પેકટરઃ—“ આપ આ શુ કહો છો ? આપ આવી વાત ના કરો. દેશના જેટલા ચોર, બદમાશ, જૂઠા અને ધૂર્ત્ત લોકો છે, તેમણે આજકાલ માત્ર **‘કર્તવ્ય સાધન’** શબ્દ શીખી લીધો છે. કર્તવ્યપાલન કરવાનુ બ્હાનુ કાઢી તેઓ સ્વદેશનુ સત્યાનાશ વાળવા બેઠા છે કોઈ પણ પોતાના સત્ય કર્ત્તવ્યનુ પાલન કરતા નથી. તેઓ તો હમેશા ઢોંગ કરી સ્વાર્થ સાધવાનું જ રટે છે. આવા સ્વાર્થી લોકોએ દેશની દુર્દશા કરી નાખી છે. ઠીક છે, આપ જામીન આપીને સ્વગૃહે પધારો. હુ કેસના કાગળપત્રો જોઉં છું. જરૂર પડયેથી આપને બોલાવીશ ”

ઇન્સ્પેકટરે ફોજદારને કચેરીમા મોકલી દીધો, તથા તપાસના બધા કાગળોનુ તેણે ખુબ ધ્યાન આપીને નિરિક્ષણ કર્યુ, પછીથી રિપોર્ટ કરીને તેણે પોલિસ સુપ્રિન્ટેન્ડેન્ટને પોતાનો મત લખી જણાવ્યો કે —“ વિષ પ્રયોગમાં જે સાક્ષીઓ છે તે બધી ખોટી છે, તથા એ બધું તરકટ આ ગામના જમીનદારે ઉપસ્થિત કરેલુ છે. તારિણી-પ્રસાદનું મૃત્યુ રોગથી થયુ છે. ”

સુપ્રિન્ટેન્ડેન્ટ સાહેબ તરફથી હુકમ આવ્યો કે–“ જ્યારે વિષ-પ્રયોગથી મૃત્યુ થયાની સાક્ષીઓ મળી આવી છે ત્યારે પછી તમારે હવે વિના વિલબે અપરાધીને નજરકેદમા રાખી અત્રે લાવવો જોઇએ. સાક્ષીઓ સાચી છે કે ખોટી તેનો વિચાર ન્યાયમંદિર કરશે. ”

ઇન્સ્પેક્ટરે અતિ દુઃખી થઇને અપરાધીને બેડીઓ નાખી તથા પોતાના તરફથી બળદગાડીનું ભાડું આપીને પંડિત રમાનાથને વર્દ્ધમાન તરફ રવાના કર્યો.

પોતાના માથા ઉપર આવું મહાન્ સંકટ આવી પડયાં છતાં પંડિત રમાનાથના મુખ ઉપર ચિંતાનું એક પણ ચિહ્ન જણાતું નથી. ભયથી તેનું પ્રસન્ન તથા શાંત મુખ કદાપિ મ્લાન થતું નથી. વર્દ્ધમાન જતી વખતે તેણે પુત્રને છાતી સરસો ચાંપી હસીને કહ્યું:– 'પુત્ર ! હું આનંદથી જેમ બને તેમ જલદી અત્રે પાછો આવી પહોંચીશ."

દેવીપ્રસાદનાં નેત્રોમાં આંસુ ભરાઇ આવ્યાં. તેણે પિતાના ચરણોમાં ઢળી પડી તેમને પ્રણામ કર્યા. રમાનાથે પિતૃભક્ત પુત્રને આશીર્વાદ આપ્યો. ત્યાર પછી તેણે હેમચંદ્રના નેત્રોમાં આંસુ જોઇ કહ્યું:– તમે આંસુ સાફ કરી નાખો. મનુષ્ય માત્રે ધૈર્યનો ત્યાગ કરવો જોઇએ નહિં. જે પ્રકારે શત્રુઓ આપણી અધીરતા જોઇ શકે નહિં તે પ્રમાણે આપણે આપણું વર્તન રાખવું જોઇએ પાપી લોકો ધૈર્યનો ત્યાગ કરી ભય ભાવનાથી ધ્રુજે છે, તથા રૂદન કરે છે. પાપ કર્યા સિવાય અંતઃકરણમાં ભયને સ્થાન આપવાનું કાંઈ કારણ નથી."

પંડિત રમાનાથ હેમચંદ્રનો હાથ પકડી તેને એક બાજુએ લઇ ગયો તથા આ કેસમાં જે કરવાનું હતું તે સ્પષ્ટતાથી સમજાવી દીધું.

તેજ દિવસે રાત્રે બિંદુની રજા લેઇ હેમચંદ્ર વર્દ્ધમાન ગયો અને બીજે દિવસે સવારની ગાડીમાં કલકત્તા તરફ રવાના થયો.

ચતુર્વિંશ પરિચ્છેદ.

ન્યાયમંદીર.

વર્દ્ધમાનનુ ન્યાયમંદિર આજે લોકની ભીડથી ભરાયલુ છે. આજે તારિણીપ્રસાદના મૃત્યુનો કેસ ચાલવાનો છે. જીલ્લાના મેજી-સ્ટ્રેટ સાહેબ તારિણીપ્રસાદને ઓળખતા હતા, તથા તેમના ઉપર તેમની સંપૂર્ણ કૃપા હતી. પેન્સનના રૂપિયા લેવાને માટે જ્યારે તા-રિણીપ્રસાદ વર્દ્ધમાન આવતા હતા ત્યારે મેજીસ્ટ્રેટ તેમને પોતાના ઓરડામાં લેઇ જતા હતા, તથા અતિ માન આપીને તેમની સાથે વાતચીત કરતા હતા. તારિણીપ્રસાદની પત્ની ગોપબાળાની દરખાસ્ત આવતાં તેમનો ક્ષોભ વિશેષ થઈ ગયો. તેઓ અર્દ્ધમાસ કરવા લાગ્યા કેઃ—" તાલપુખુરના એક પ્રસિદ્ધ જમીનદારનુ વિષથી મોત કરવામા આવ્યુ છે ! અરેરે ! એક પાશ્ચિમાત્ય સાધુએ દ્રવ્યના લોભથી આ ક્રૂર કામ કર્યું ! નિરાશ્રયા વિધવાને અપાર દુ:ખ સાગરમા ડૂબતી મૂકી બેહોશ અવસ્થામાં તેના પતિ માર્ફત બીજુ વસીઅતનામુ લખાવવામાં આવ્યું છે. તારિણીપ્રસાદનો પ્રાણ પરલોકે પહોચતા જ તેમની વિધવાને ગામમાંથી કાઢી મૂકી સનાતનપુર મોકલી દીધી. શુ આવું નૃશંસ, પાપી, નિર્દય મનુષ્યરૂપધારી હિંસ્ર પશુ પણ આ સંસારમા હશે કે ? ક્રોધથી સાહેબનુ સમગ્ર શરીર કંપવા લાગ્યુ તેમણે પોલિસને ચોક્કસ તપાસ કરવાની આજ્ઞા કરી.

ફોજદારે જે રિપોર્ટ મોકલ્યો હતો તે રિપોર્ટનું મેજીસ્ટ્રેટ

સાહેબે ખૂબ ધ્યાનથી અવલોકન કર્યું, તથા તેમ કરતાં તેમને સંતોષ થયો. ઇન્સપેક્ટરે જે રિપોર્ટ મોકલ્યો હતો તેણે તેમને ક્રોધથી ફરી દેતાં હુકમ કર્યો કેઃ—"આ કેસ સંબધી ત્વરાથી વિચાર થવો જરૂરનો છે, માટે જેમ બને તેમ આરોપીને અત્રે લેઇ આવો."

સધ્યા સમયે સુપ્રિન્ટેન્ડેન્ટની સાથે બીઝિક રમતાં રમતા મેજીસ્ટ્રેટ બોલ્યા-"આપણો જે ફોજદાર છે તે ખૂબ મહેનતુ અને ઉમંગી જણાય છે પરન્તુ જે ઇન્સ્પેક્ટર છે તે તો તદ્દન ગદ્ધા જેવો જ છે"

ગુડ ફ્રાયડેની રજામા કેસ આવી પહોચ્યો. ફોજદાર સાક્ષીઓને સાથે લેઇ હાજર થયો. તેણે મેજીસ્ટ્રેટ સાહેબની પાસે જઇને કહ્યું કે—"સાક્ષીદારોની સાક્ષી આજે જ લેવાવી જોઇએ, નહિં તો પછી તેઓ ફરી જાય એમા કાંઈ આશ્ચર્ય જેવું નથી આરોપી ઘણો જ બદમાશ અને ફરેબી મનુષ્ય છે, તેને જો સમય મળશે તો સાક્ષીદારો સાથે તે મળી ગયા સિવાય રહેશે નહિ."

મેજીસ્ટ્રેટ સાહેબની ઇચ્છા પણ જલદીથી તપાસ ચલાવવાની હતી પરંતુ તેઓ ન્યાય અન્યાયનું કાંઈક જ્ઞાન ધરાવતા હતા. રજાના કારણે વકિલો તથા મુખત્યાર સ્વગૃહે ચાલ્યા ગયા હતા, અને જો આવા સમયે કેસની તપાસ ચલાવવામાં આવે તો કહેવાતા અપરાધીને અન્યાય મળ્યા સિવાય રહે નહિં એમ વિચારી તેમણે કેસને બે ત્રણ દિવસ સુધી મુલતવી રાખ્યો

આરોપીને જામીન ઉપર છોડવાને માટે એક દુબળા કમજોર મુખત્યારે દરખાસ્ત કરી. તેણે કહ્યું કેઃ—"ગુન્હો સાબિત થયા સિવાય આરોપીને નજર કેદમા રાખવો એ અન્યાય ભરેલુ છે."

સાહેબે કડક થઇ જઇ પ્રશ્ન કર્યોઃ—"શું ? ખૂની આરોપીને જામીન પર છોડવાની દરખાસ્ત. એક મહાન્ પુરૂષનું ખૂન કરનાર

ખૂનીને યોગ્ય શિક્ષા કરવાનો વિચાર ચાલી રહ્યો છે. તમે તારિણી-પ્રસાદના મિત્ર તથા એકદેશીય થઇને તેમના ખૂનીની રક્ષા કરવાનો યત્ન કરો છો ?–તેને માટે જામીન ઇચ્છો છો ? તમારી મ્હનજ ઉપર મ્હને દિલગિરી થાય છે.”

માહેબના ક્રોધદર્શક મુખનુ દર્શન કરી મુખત્યારને ઘણું લાગી આવ્યુ. તે વિશેષ કાઈ ના બોલતાં સલામ કરીને ત્યાંથી ચાલ્યો ગયો

રજાના દિવસો વીતી ગયા. કોતવાલે આ રજાના દિવસો ઘણી જ ચિતામા વિતાડ્યા તેના મનમાં જૂદા જૂદા પ્રકારની ચિતા થતી હતી. કોઇ માક્ષીઓને મ્હમજાવે નહિ, તાલપુખુરનો કોઇ પણ સાક્ષીદાર માક્ષી આપતી વખતે ફરી જાય નહિ, રમાનાથનુ પવિત્ર આચરણ અને તેની નિર્દોષતા જોઇને માક્ષીદારોનો વિચાર પરિવર્તન પામે નહિ, એ વગેરે અનેક પ્રકારની ચિતાઓથી કોતવાલ ઘણો ચિતાતુર રહેતો હતો કોઇ સમયે એમ વિચારીને તેને હર્ષ પણ થતો કે, જે માછલીને મેં જાળમા ફસાવી છે તે જો હાથમા આવી ગઇ તો એક જ માસમા મ્હારા નશીબનુ ચક્કર ફરી જશે. પરતુ જ્યારથી પંડિતજીના ઉપર આ કેસ ચાલુ થયો છે ત્યારથી તેનો યશ તથા કીર્તિ ચારે દિશામા ફેલાતી જાય છે, તેથી કોતવાલના મનોરથ ફળિભૂત થાય એવુ એક પણ ચિહ્ન જણાતું નથી

રજાઓના દિવસોમા આ કેસ સબધી અનેક પ્રકારની ખટપટ ચાલતી હતી. તારિણીપ્રસાદને વર્દ્ધમાનના ન્યાયમદિરનો ઘણો ખરો અધિકારી વર્ગ સારી રીતે ઓળખતો હતો, તથા તેમના મૃત્યુથી સર્વે ચિતાતુર હતા. સર્વને એમ વિચાર થતો હતો કે, ‘અમારી સર્વની હયાતિમાં તારિણીપ્રસાદના ઉપર આવી ભયંકર વિપદ !

વર્દ્ધમાનમાં ઘેર ઘેર તથા ગલીએ ગલીએ આ ખૂન સંબંધીની

વાત ઉપર ઘણું આંદોલન થવા લાગ્યું. આવી રીતે તારિણી-પ્રસાદનું મૃત્યુ થયાની વાત સાંભળી પ્રથમ સર્વે લોકો વિસ્મિત તથા ક્રુદ્ધ થયા હતા પરંતુ પાછળથી ધીમે ધીમે જ્યારે સત્ય વાત પ્રકાશમાં આવવા લાગી ત્યારે લોકો કામિનીકાન્તનું નામ લેવા લાગ્યા. ફોજદારની ચાલાકી પકડાઈ ગઈ તેને બજારમાં પોતાનું મુખ બતાવવું પણ ભારે થઈ પડ્યું તે વારંવાર મેજીસ્ટ્રેટ સાહેબના બંગલે જઈને તેમને મળી આવતો હતો

જોતજોતામાં રજાના દિવસો વીતી ગયા. આજે મેજીસ્ટ્રેટ સાહેબ કેસ ચલાવવા બેઠા છે આજે ફોજદારી કચેરી લોકોથી ભરેલી છે. શહેરથી માંડીને ગામડાંઓના મનુષ્યો સુદ્ધાં તારિણીપ્રસાદના ખૂન સબંધીના કેસની હકીકત જાણવાને આવ્યા છે મેજીસ્ટ્રેટ સાહેબ કચેરીની અંદર મધ્યસ્થળે ગંભીર ભાવથી બેઠા છે. તેમની પાસે જ સુપ્રિન્ટેન્ડન્ટ સાહેબ બેઠા છે. કચેરીના અનેક કામદારો આજે પોતાનું કામ કરવાનું માંડી વાળી આ રહસ્યપૂર્ણ મ્હોટા કેસનું નિરીક્ષણ કરવા આવ્યા છે વકીલો, મુખત્યારો વિગેરે પણ હાજર થયા છે. મેજીસ્ટ્રેટ સાહેબની આજ્ઞા પ્રમાણે સરકારી વકીલ આ કેસ ચલાવવાને હાજર થયા છે તેના વિદ્વત્તાદર્શક આકૃતિ, પ્રકૃતિ, તેનું તેજઃપૂર્ણ સુંદર શરીર અને સૂક્ષ્મ બુદ્ધિ વર્દ્ધમાનમાં કોઈથી પણ છુપી નથી.

આ સરકારી વકીલ પાસે ઉમાપ્રસન્ન બાબુ બેઠા છે. વર્દ્ધમાનમાં તેમના સમાન યશસ્વી, વિચારવાન્ અને દીર્ઘદર્શી બાબુ કોણ છે? લક્ષ્મી તેમના ગૃહમાં તથા સરસ્વતી તેમના કંઠમાં નિવાસ કરે છે. માન, મર્યાદા, વિદ્યા, ધન અને ગૌરવ સર્વ વિષયોમાં ઉમાપ્રસન્ન બાબુ ઘણા ભાગ્યવાન્ છે. તેમના જેવા ભાગ્યવાન્ થવાનું

સર્વે વકિલો ઇચ્છે છે. ઉમાપ્રસન્ન બાબુને વકિલ કરવાનું સકળ-ધનિક જમીનદારો ઇચ્છે છે, આમ હોવાથી તેમની અપાર પ્રતીષ્ઠા છે તેમની સ્પર્ધા કરે એવો એક પણ અન્ય વકિલ વર્દ્ધમાનમાં નથી.

તેમની પાસે ક્ષીણ શરીરવાળા અત્યંત બુદ્ધિમાન્ પદ્મલોચન બાબુ બેઠા છે. કાર્યદક્ષતામાં, યોગ્યતામાં સાહેબ લોક આગળ પદ્મલોચન બાબુનું નામ નીકળ્યું છે સરકારમાં તેમની અપાર પ્રતીષ્ઠા છે. વર્ધમાનના સર્વે સજ્જનો તેમની આજ્ઞા શિર ઉપર ચઢાવે છે ગામડાના લોકો તેમની કૃપાના ભિક્ષુક બની રહે છે.

તેમની પાસે અત્યંત ચતુર, નિષ્કપટ, મિષ્ટ ભાષણ કરનાર જ્ઞાનલાલ બાબુ બેઠા છે તેઓ સર્વેના પ્રિયપાત્ર થઇ પડેલા છે સર્વે જનો તેમને સન્માન આપે છે તથા તેમના ઉપર હૃદયપૂર્વક પ્રેમ રાખે છે

આ સિવાય ઉત્તરોત્તર અનેક માનનીય વકિલો તથા મુખત્યાર બેઠા છે અમે તે કેટલાકના નામો ગણાવીએ? પદ્મ સરોવર પ્રમાણે આજે ન્યાયમંદિર શોભી રહ્યું છે

રમાનાથનું વિશાળ જટાથી શોભી રહેલું મસ્તક લાંબી દાઢી તથા પ્રભાવશાળી વિશાળ નેત્રો જોતાંને લોકો વિશેષ આશ્ચર્ય પામ્યા જેનું શાસ્ત્રીય જ્ઞાન અસાધારણ છે, વેદ વેદાંગ જેને કંઠસ્થ છે સરસ્વતી જેની જીભ ઉપર નાચે છે જેણે ઘણા દિવસ સુધી કાશી, પ્રયાગ તથા વૃંદાવન જેવા પવિત્ર તીર્થોની મુસાફરી કરી છે, જેનું શરીર પોતાની પચાસ વર્ષની ઉમર થઇ જવા છતા એક શક્તિમાન્ યુવાન્ કરતા પણ અધિક બળવાન્ છે, જેણે પોતાના જીવનનો અવશિષ્ટ સમય ધર્મ સબંધી શિક્ષણ આપવામાં વ્યતીત કરવા

માડ્યો છે, એવા પ્રાચીન ઋષિતુલ્ય મહાપુરૂષ શું તારિણીપ્રસાદના હત્યાકારી છે ? શું તેમના પ્રશસ્ત કપાળમા હત્યાનું કલંક અંકિત છે?

મોટા મોટા સર્વે વકિલો વાદીના પક્ષમાં છે. પ્રતિવાદીના પક્ષમાં એક ન્હાનો સરખો ક્ષીણ શરીરવાળો મુખત્યાર છે. તેણે મેજીસ્ટ્રેટનો મનોગત ભાવ જોઇને મહા કષ્ટથી એક દરખાસ્ત લખીને દાખલ કરી.

દરખાસ્ત એ હતી કે, "મેજીસ્ટ્રેટ સાહેબ પોતે તારિણીપ્રસાદની વિધવા અને કામિનીકાંત બાબુને પણ પિછાને છે. તારિણીપ્રસાદની વિધવા અને કામિનીકાંત બાબુ આ કેસમાં વાદી તરીકે છે, તેથી કરીને આ કેસ મેજીસ્ટ્રેટ સાહેબે અન્ય કોઇ વિચારપતિના હાથમાં સોંપવો જોઇએ. જો મેજીસ્ટ્રેટ સાહેબ તેમ કરી શકવાને અસમર્થ હોય તો તેઓ આરોપીને થોડા દિવસનો અવકાશ આપે, કારણ આ સંબંધમાં આરોપી હાઇકોર્ટમાં કામ ચલાવવાની ઇચ્છા રાખે છે."

ઉપરોક્ત પ્રમાણેની દરખાસ્ત સાંભળતાં જ મેજીસ્ટ્રેટ સાહેબનો મિજાજ ગરમ થઇ ગયો. સુપ્રિન્ટેન્ડેન્ટે થોડા સમય સુધી હસ્યા કર્યું. ફોજદાર ભયથી કંપી ઉઠયો. કેસ મુલતવી રહે યા તો બીજાના હાથમાં જાય તો ફોજદારની કરેલી સઘળી તપાસ વ્યર્થ થાય તેમ હતું. આ તરફ દુર્બળ મુખત્યાર પોતાના દોષ લાભની બિલકુલ ચિંતા રાખ્યા સિવાય કાયદાનું પુસ્તક ઉઘાડી બેઠો છે.

મેજીસ્ટ્રેટ સાહેબે રમાનાથને પ્રશ્ન કર્યો:—"આ કેસ ઘણો ભારે છે, તેથી કરીને જ મ્હેં મારા હાથમાં લીધો છે, તથા હું જ આ કેસનો નિર્ણય કરવાનું ઇચ્છું છું: આમાં તમને કોઇ પણ પ્રકારની હરકત છે ?"

રમાનાથે ઘણી જ ધીરતાથી ઉત્તર આપ્યોઃ–" આપ ન્યાયાધીશ છો, નિર્ણય કરવો એ આપનું નિત્યકર્મ છે. સત્ય ન્યાયમાં મને ભય નથી. આપ બેલાશક આ કેસનો નિર્ણય કરો."

રમાનાથનાં વચનો શ્રવણ કરી તેનો મુખત્યાર અવાક્ બની જઇ મેજીસ્ટ્રેટથી ડરી ગયો. વાદીના સાક્ષીઓની તપાસ કરવાનુ સાહસ પણ તેનાથી કરી શકાયુ નહિં, માત્ર કયો સાક્ષી શુ બોલે છે તે એક બાજુએ બેસીને એ લખવા લાગ્યો કેમ શાંત થઇ ગયો

પંચવિંશ પરિચ્છેદ.

સાક્ષીઓની જુબાની.

પહેલો સાક્ષી સનાતનપુરનો એક ડૉકટર હતો. તેણે એવી જુબાની આપી કે.–"હુ તારિણીપ્રસાદની બિમાર અવસ્થામાં કોઇ કોઇ સમયે તેમને ત્યા જઇ તેમની ચિકિત્સા કરતો હતો, તથા દવા આપતો હતો. તેમને કોઇ સાંઘાતિક રોગ નહોતો. ફક્ત વાયુની પીડા અને જ્વર હતો. તેમની ઉમર લગભગ પચાવન વર્ષની થઇ હતી. આટલી ઉમરમાં આવા સાધારણ રોગથી મૃત્યુ થવું અસંભવિત છે. હુ તેમનુ મૃત્યુ થતાં પૂર્વે એક દિવસે તેમની પાસે ગયો હતો. તે સમયે સંધ્યા થઇ હતી. તારિણીપ્રસાદનો તાવ કાંઈ વધી ગયો નહોતો મૃત્યુ થાય એવું કોઇ પણ લક્ષણ મ્હારા જોવામાં આવ્યુ નહોતુ. બીજે દિવસે તેમના મૃત્યુના સમાચાર સાંભળી મ્હને અતિ આશ્ચર્ય લાગ્યુ. મ્હારો વિચાર તેમની લાશ જોવાનો હતો, પરંતુ તપાસ કરતાં માલૂમ પડયું કે તેમની લાશને તે જ રાત્રે રમાનાથે બાળી દીધી હતી."

તારિણીપ્રસાદના સાધારણ રોગ સંબંધી તથા તેમનું અચાનક મૃત્યુ થયાના સંબંધી તેમનાં ઘરનાં બે ત્રણ મનુષ્યોએ સાક્ષી આપી. ત્યાર પછી સનાતનપુરની પાઠશાળાના એક શિક્ષકની જુબાની લેવામાં આવી. તેણે કહ્યું.—"મૃત્યુ થતાં પૂર્વે લગભગ સંધ્યા સમયે તારિણીપ્રસાદે પોતાનું જૂનું વસીઅતનામુ રદ કરી નવું વસીઅતનામુ કર્યું. આ વસીઅતનામુ લખીને તેમણે પોતાની સકળ સંપત્તિ પોતાની ભત્રિજીઓ બિંદુ તથા સુધાને આપી દીધી. તેમનું મૃત્યુ થતા પહેલાં થોડા દિવસથી પંડિત રમાનાથ સરસ્વતી આવું વિલ લખવાને માટે રાત્રિ દિવસ તારિણીપ્રસાદને કહ્યા કરતા હતા, તથા તેઓ કેટલાંક માણસો આગળ એમ પણ કહેતા હતા કે હવે આ વૃદ્ધ વિશેષ મુદત સુધી જીવશે નહિં. જે સમયે નવીન વીલ થયુ તે સમયે રમાનાથ ત્યાં આગળ હાજર હતા, તથા તેઓ વિલના એક સાક્ષી તરીકે છે, તે દિવસે રાત્રે તારિણીપ્રસાદ પાસે એકલા રમાનાથ જ રહ્યા અને એ જ રાત્રે તારિણીપ્રસાદનું મૃત્યુ થયું."

તારિણીપ્રસાદના નોકરોએ કહ્યું-"તારિણીપ્રસાદ નિદ્રાધીન હતા. રમાનાથ સરસ્વતી તેમના જ ઓરડામાં સૂતા હતા. બરોબર મધ્ય રાત્રિના સમયે તારિણીપ્રસાદના મૃત્યુની પોક પડી; અમે સર્વેએ એ વાત તારિણીપ્રસાદના પત્નીને કહી હતી, એટલુ જ નહિં પરંતુ અમારો વિચાર પોલિસને ખબર આપવાનો સુદ્ધાં હતો પરંતુ રમાનાથ પંડિતે અમને તેમ કરતાં અટકાવ્યા અને લાશને રાતોરાત બાળી મૂકી."

ગોપબાળાના પિતાના ઘરની એક જૂની દાસીએ જુબાની આપી કેઃ—"રમાનાથ તારિણીપ્રસાદની દવા કરતા હતા, તેઓ જાતે દવા ખવડાવતા હતા. જે રાત્રે આ ભયંકર બનાવ બન્યો છે તે જ રાત્રે

રમાનાથે મ્હને બોલાવીને કેટલાંક મૂળીઆ આપી તે વાટી લાવવાની મ્હને સૂચના કરી. મ્હેં તે પ્રમાણે કર્યું અને તેમાથી રસ નીચોવી કાઢ્યો એટલે બધો મળીને લગભગ બે રૂપિયા ભાર રસ નીકળ્યો હશે. એ રસ ઉપરથી મ્હને એમ લાગ્યુ કે જે મૂળીઆં વાટવામાં આવ્યા છે તે ઝેરી હોવા જોઇએ મ્હેં નીકળેલો રસ રમાનાથ આગળ જઇને આપ્યો, તથા હુ ત્યાંથી ચાલી ગઇ. એ રસ તેમણે તારિણીપ્રસાદને કયે વખતે પાયો એની મ્હને ખબર નથી તારિણીપ્રસાદનું મૃત્યુ થઇ ગયા પછી મ્હારો વ્હેમ દૃઢિભૂત થયો એટલે મ્હે નાખી દીધેલાં મૂળીઆં તથા રસનો પ્યાલો ફોજદાર સાહેબને સ્વાધીન કર્યો. રમાનાથ અનેક પ્રકારની જડીબુટ્ટીઓ જાણે છે. તેઓ રોગીને સારો પણ કરી શકે છે, તેમ જ તેને પરલોક પણ પહોચાડી દે છે. તેમની પાસે ઔષધો લેવા ઘણાં મનુષ્યો જાય છે. "

તરત જ એ વિષમય પ્યાલો અને મૂળીઆં તપાસને માટે ડૉકટર પાસે મોકલી આપવાની વાત ફોજદાર અને બે જમાદારે જાહેર કરી ત્યાર પછી ડૉકટરે કહ્યું:—" મ્હેં એ કટોરાના રસની ચિકિત્સા કરી હતી. એ રસ અધિક પ્રમાણમાં પીવામાં આવે છે તો મનુષ્યનું વિના વિલંબે મૃત્યુ થાય છે. "

છેલ્લી સાક્ષી સનાતનપુરના એક રહેવાસીની હતી, તેણે જણાવ્યુ :- " તારિણીપ્રસાદને જે વખતે અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો તે સમયે હું ત્યાં હાજર હતો. રમાનાથ તથા હેમચંદ્ર અરસ્પરસ ગુપ્ત વાતચીત કરી રહ્યા હતા. હેમચંદ્રને મ્હેં એવું કહેતાં સાંભળ્યો હતો કે:- "આવિષ કોઈ વિલક્ષણ પ્રકારનું ઔષધ હોય મને લાગે છે. એના પ્રયોગથી અનેક કાર્યો સિદ્ધ થઈ શકે એવો સંભવ છે. "

વાદી પક્ષની સાક્ષીઓની જુબાની લેવાઇ ગઇ. પાંચ વાગી ગયા. સંધ્યાનો સમય સમિપ આવી પહોંચ્યો. મેજીસ્ટ્રેટે વધુ તપાસ માટે કેસને બીજા દિવસ ઉપર મુલતવી રાખ્યો. આરોપી પંડિત રમાનાથને પુનઃ કાચી જેલમાં જવું પડયું.

ષડવિંશ પરિચ્છેદ.

સાક્ષીઓની ઉલટ તપાસનું પરિણામ !

બીજે દિવસે અગીઆર વાગે કચેરી પાછી લોકોથી ખીચોખીચ ભરાઇ ગઇ. પુનઃ સઘળા વકિલો તથા મુખત્યારો ઉપસ્થિત થયા. આરોપી પંડિત રમાનાથને પાંજરામાં લાવીને ઉભો રાખવામાં આવ્યો. મેજીસ્ટ્રેટ સાહેબ વિચારાસન ઉપર બેઠા છે. કેસનું કામ ચાલુ થયુ.

એવા સમયે કચેરીની બહાર કાંઈ કોલાહલ થવા લાગ્યો. એક ઘોડાગાડી કચેરી આગળ આવીને ઉભી રહી, તથા તેમાંથી બે પુરૂષોએ નીચે ઉતરીને ત્વરિત ગતિથી ન્યાયમંદિરમાં પ્રવેશ કર્યો. એ બન્ને વ્યક્તિઓ પૈકીના એકને વર્દ્ધમાનના સર્વે વકિલો પિછાનતા હતા. એ હાઇકોર્ટના પરમ યશસ્વી વકિલ ચંદ્રનાથ બાબુ હતા. મેજીસ્ટ્રેટ સાહેબે થોડા સમય સુધી કાયદાના પુસ્તકમાંથી કલમ શોધવાનું છોડી દેઇ ચંદ્રનાથ બાબુ તરફ જોઇ રહ્યા. ત્યાર પછી તેમણે મનમાં વિચાર્યું:—" વળી આ આફત કયાંથી આવી !"

વકિલ સાથે હેમચંદ્ર હતો. પંડિત રમાનાથ એ બન્નેનાં દર્શન કરતાં જ સ્વસ્થ થયો.

ચંદ્રનાથે મેજીસ્ટ્રેટ સાહેબને જણાવ્યું કે:—"હું આરોપીના તરફથી અરજ કરવાને આવ્યો છું. વાદીના સાક્ષીઓની ઉલટ તપાસ કરવામાં આવી નથી. જો ન્યાય મંદિર તરફથી આજ્ઞા મળે તો હું સાક્ષીઓને બોલાવીને તેમને ઉલટ પ્રશ્નો કરૂં ?"

મેજીસ્ટ્રેટ:-"સાક્ષીઓ ગઇ કાલે સાક્ષી આપી ચાલ્યા ગયા છે, તેઓને પુનઃ બોલાવી કેસના કાર્યમાં વિલંબ કરવાની આવશ્યક્તા નથી. આ કેસ હાઇકોર્ટમાં જનાર છે માટે તમારે સાક્ષીઓની તપાસ કરવી હોય તો હાઇકોર્ટમાં કરજો."

ચંદ્રનાથ:—"સાક્ષી લોકો ચાલ્યા ગયા નથી. તેઓ આ કચેરીની પાસે જ ઉભા છે. જો આપની આજ્ઞા હોય તો હું તેમને અત્રે બોલાવું ? ઉલટપાલટ તપાસ કરતાં મ્હને એક કલાક કરતાં વિશેષ વિલંબ થશે નહિં તપાસ થઇ ગયા પછી જો આપને યોગ્ય લાગે તો બેલાશક આ કેસ હાઇકોર્ટને સ્વાધીન કરજો."

મેજીસ્ટ્રેટ સાહેબે લાચારીથી રજા આપી. વાદીના સાક્ષીઓ હજી સુધી ચાલ્યા ગયા નહોતા. કચેરીની બહાર તેઓ સનાતનપુરના જમીનદાર કામિનીકાન્ત બાબુ સાથે ગુપચુપ વાતો કરી રહ્યા હતા, તથા ધુમ્રપાન કરતા હતા. ચંદ્રનાથ તેમને સર્વેને પુનઃ બોલાવી લાવ્યા.

પ્રથમ સાક્ષી ડૉકટરની તપાસ કરતાં માલૂમ પડી આવ્યું કે, એ ડૉકટર નથી, તેણે કદાપિ ડૉકટરીનો અભ્યાસ કર્યો નથી, અને કદાપિ કોઇ પરીક્ષા આપી નથી. એક હૉસ્પિટલમાં કેટલાક માસ સુધી તે કંપાઉંડર હતો. પછીથી વિશેષ મદ્યપાન કરવાની ટેવ પડી ગયેલી હોવાના કારણે તેને ત્યાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો; ત્યાર પછીથી તે સનાતનપુરમાં રહે છે, સાધારણ માણસોને જ્વર આવતાં તે બજાર બાવથી દોઢા ભાવ લઇને ક્વીનાઇન વેચે છે. અને કામિની-

કાંત બાબુ પણ તેને પ્રસંગોપાત સાહાય્ય કરે છે, કારણકે કામિનીકાંતબાબુને જો કોઇ કોઇ સમયે પોતાના નાચતાનના બંગલામાં વેસ્યા નચાવવાનો વિચાર થાય છે ત્યારે તે માણસ જઇને કલકત્તાથી મુજાજનને બોલાવી લાવે છે. વળી તેણે એમ પણ સ્વીકાર્યું કે "તારિણીપ્રસાદ ઘણા દિવસથી રોગગ્રસ્ત હતા. તેમના મૃત્યુમાં કોઇ પણ પ્રકારનો સંદેહ નહોતો. જો સંદેહ જેવું હોત તો મ્હેં અવસ્ય ન્યાયાલયમાં ખબર આપી હોત."

ત્યાર પછી વસીઅતનામાના સાક્ષીની ફ્લિટ તપાસ કરવામાં આવી તો તેણે જાહેર કર્યું કેઃ—"અમે સનાતનપુરમાં રહીએ છીએ. અમે કામિનીકાંત બાબુના આશ્રિત છીએ. તાલપુખુરમાં અમારૂ જવું આવવું ઘણું થોડું થાય છે. ફક્ત જે દિવસે વિલ લખવાનું હતું તે દિવસે અમે તાલપુખુર ગયા હતા. રમાનાથે તારિણીપ્રસાદને નવું વિલ કરવાનું કહ્યું હોય એવું અમારા સાંભળવામાં નથી આવ્યું; આ વાત તો અમે સનાતનપુરનાં કેટલાંક મનુષ્યોને મુખેથી સાંભળી છે. આ વિષયમાં અમે વિશેષ કાંઇ જાણતા નથી."

જે દાસીએ વિષમય મૂળીઆં વાટવાનું પ્રમાણ આપ્યું હતું તેણે ફ્લિટ તપાસમાં જણાવ્યું કેઃ—"હું તારિણીપ્રસાદના ઘરની દાસી નથી, તથા મ્હેં કોઇ પણ દિવસે તેમને ત્યાં દાસીનું કામ કર્યું નથી, હું ગોપબાળાના પિતાના ઘરની દાસી છું. તારિણીપ્રસાદના મૃત્યુને દિવસે હું ત્યાં ગઇ હતી, અને તે રાત્રે ત્યાં જ રહી ગઇ હતી. મધ્યરાત્રિએ દવા વાટવાની જરૂર પડવાથી પંડિતજીએ મને બોલાવી દવા વાટી લાવવાનું સૂચવ્યું હતું. શા માટે ના સૂચવે? હું ઘણી જ વિશ્વાસપાત્ર તથા જૂની દાસી છું. જે પ્યાલામાં તેનો રસ નીચોવવામાં આવ્યો હતો તે પ્યાલો કયો હતો એ હું જાણતી નથી.

તે વિષમય મૂળીઆંનો રસ હતો કે બીજાં કોઇ દવાનાં મૂળીઆંનો રસ હતો એ પણ હું બરોબર જાણતી નથી. વળી કચેરીમાં હાજર કરવામાં આવેલો પ્યાલો તે દવાનો જ પ્યાલો છે કે બીજો એ પણ હું બરોબર કહી શકતી નથી.”

ત્યાર પછી ફોજદારને કેટલાક પ્રશ્નો પૂછવામાં આવ્યા. તેના ઉત્તરો સાંભળવાને માટે કચેરીના સર્વે લોકો ઘણા આતુર થઇ રહ્યા હતા. ફોજદારે ઉલટ તપાસમાં જણાવ્યું કેઃ—“ મ્હારૂં ઘર આકરગંજ જીલ્લામાં આવેલાં એક ગામમાં છે. હું પૂર્વે આકરગંજના એક ફોજદારને ત્યાં નોકર હતો. પરંતુ એક દિવસે મ્હારે તેમની સાથે તકરાર થવાથી હું તેમની નોકરીનો ત્યાગ કરી કુલીઓનો કૉન્ટ્રાકટર થયો. આ કાર્યમાં મ્હને અધિક લાભ થયો, પરંતુ એક વિવાહિતા સ્ત્રીને બહેકાવીને કુલી બનાવી બીજે સ્થળે રવાના કરી દેતાં હું પકડાઇ ગયો, તથા આ સંબંધીનો મ્હારા ઉપર કેસ ચાલ્યો. છેવટ કેસમાંથી મ્હારો છુટકારો થયો અને હું કુલીના કૉન્ટ્રાકટરના કાર્યનો ત્યાગ કરી મહા મુશીબતે પોલિસ ખાતામાં એક સિપાહીની જગ્યા ઉપર ગોઠવાયો. ત્યાર પછીથી હું સત્યતાથી અને પ્રમાણિક-પણાથી પોલિસ ખાતાની નોકરી બજાવતો આવું છું. આ કેસની તપાસ મ્હેં સનાતનપુરમાં રહીને કરી છે, ત્યાંના પ્રસિદ્ધ જમીનદાર કામિનીકાંતે સાક્ષીઓને શોધી આપી આ કેસમાં ઘણી મદદ કરી છે. વિષમય મૂળીઆં તારિણીપ્રસાદનાં ઘરમાંથી જ મળી આવ્યાં છે. જે પ્યાલામાં તેનો રસ નીચોવવામા આવ્યો હતો તે પ્યાલો પણ ત્યાં પડયો હતો. એ બન્ને ચીજો દાસીદ્વારા મ્હને મળી છે કે કોઇ બીજાની દ્વારા તેનું મ્હને સ્મરણ નથી.”

છેલ્લી સાક્ષી જેણે લાશ બાળતી વખતે રમાનાથ અને હેમચંદ્રની વાતચીત સાંભળી હતી તેની હતી; પરંતુ તાલપુખુર ગામ કેવું છે, તારિણીપ્રસાદના ઘરથી કેટલે છેટે તેમને અગ્નિસંસ્કાર કરાવવામાં આવ્યો છે એ વગેરે કોઇ પણ પ્રશ્નનો ઉત્તર તે આપી શક્યો નહિ. છેવટે એમ માલૂમ પડી આવ્યું કે તે સનાતનપુરનો રહેવાસી નહોતો પરંતુ કામિનીકાંતનો કલકત્તામાં જે બાગ આવેલો હતો તે બાગનો એક નોકર હતો.

આ પ્રમાણે સઘળું રહસ્ય પ્રકાશમાં આવતાં મેજીસ્ટ્રેટ સાહેબે કાયદાના પુસ્તકને ફિંથલાવવુ છોડી દેઇ પોતાની લાંબી દાઢી ઉપર હાથ ફેરવવા માંડયો. તેઓ સ્વભાવે કાંઇક તીવ્ર હોવા છતાં બુદ્ધિહીન અગર હૃદયશૂન્ય નહોતા. કેસની સ્થિતિ પરિવર્તન પામેલી જોઇ તેમના મુખ ઉપર ચિંતાએ સ્થાન લીધું. તેઓ પંડિત રમાનાથની શાંત મૂર્તિ પ્રતિ વારંવાર જોવા લાગ્યા. મેજીસ્ટ્રેટના મનના ભાવ બદલાયલો જોઇને ફોજદારના તો હાંજા જ ગગડી ગયા. તે દૂર જઇને એક ખુણામાં ચિંતાતુર મુખે બેઠો. તેનું સમગ્ર શરીર સ્વેદાંબુઓથી ભીંજાઇ ગયું. તેણે દીનાનાથ નામના સિપાહીને એક ઘડો પાણી લઇ આવવાનું સૂચવ્યું.

ચંદ્રનાથ બાબુએ અદાલતને સંબોધન કરી કહ્યું:—"આરોપી બિનગુન્હેગાર છે એટલું જ નહિ પરંતુ તે મહા ધાર્મિક અને વિદ્વાન્ પુરૂષ છે. દુષ્ટ દુરાચારી લોકોની પ્રપંચજાળમાં ફસાઇ જવાથી તેમને આવા દારૂણ દુઃખ અને કલંકનો ભાર માથા ઉપર વેઠવો પડયો છે. જો કચેરી આજ્ઞા આપે તો હું કેટલાક સાચા સાક્ષીઓને બોલાવુ?"

આ સમયે પણ મેજીસ્ટ્રેટ સાહેબ ચિંતાતુર વદને દાઢી પંપાળ્યા કરતા હતા.

ચંદ્રનાથે પુનઃ કહ્યું:—"સર્વે સાક્ષીઓ સાથે કામિનીકાંત બાબુનો સંબંધ છે. તેમની પ્રેરણાથી જ આ કેસ રચવામાં આવ્યો છે. વિષ આપવાની વાત તદન અસત્ય છે. ફોજદારે આ ખોટી વાત બનાવીને નિરપરાધીને અપરાધી ઠરાવવાનો વિચાર કર્યો છે. જો આ સંબંધમાં કચેરીને સંદેહ રહેતો હોય તો હું કેટલાક પ્રતિષ્ઠિત સાક્ષીઓ બોલાવી કચેરીનો સંદેહ દૂર કરી શકવાને સમર્થ છું."

મેજીસ્ટ્રેટ સાહેબે દાઢી ખંજવાળતાં ખંજવાળતાં ઉત્તર આપ્યો:—"જ્યારે વાદીની સાક્ષીઓ જ સંદેહ ભરેલી છે તો પછી પ્રતિવાદીની સાક્ષીઓને બોલાવવાની શું આવશ્યકતા છે?"

ચંદ્રનાથે કહ્યું:—"આ કેસમાં પ્રતિવાદીની સાક્ષીઓને બોલાવવાની ખાસ જરૂર જેવું છે. આ કેસમાં એક ધર્મપરાયણ, સચ્ચરિત્ર, સજ્જન વ્યક્તિના ઉપર મિથ્યા અપરાધ મૂકવામાં આવ્યો છે. વૃદ્ધાવસ્થામાં રોગના કારણથી જે મનુષ્યનું મૃત્યુ થયું છે તેને વિષ ખવડાવી મારી નાખવાની એક આશ્ચર્યજનક ખોટી વાત ઉભી કરવામા આવી છે. જો કદાચિત્ આ અપરાધ આરોપીના ઉપર ઠરે તો બેલાશક તેને ફાંસીને લાકડે લટકાવો અને જો એ બધું તરકટ જણાય તો આવું અસત્ય તરકટ જે નૃશંસ, મિથ્યાવાદી પુરૂષે ઉભું કર્યું હોય તેને યોગ્ય શિક્ષા ફરમાવો. હું જ્યાં સુધી જાણું છું ત્યાં સુધી તો મ્હારે કહેવું જોઇએ કે, આવા નૃશંસ, કપટાચારી પોલિસ કામદારો આ દેશમાં આજકાલ અધિક સંખ્યામાં નથી, અને જો એવા પોલિસ કામદારો યદાકદાચિત્ આપણા દેશનાં અદાલતોમાં હજુ સુધી હોય તો તેમને દૂર કરી પ્રજાનું પાલન કરવું એ રાજાનો મુખ્ય ધર્મ છે. આપ માત્ર વિચારકર્તા જ છો, એટલું જ નહિં પરંતુ આ જીલ્લાના શાસનકર્તા પણ છો.

શાસનનો સઘળો ભાર આપના ઉપર છે. હું આપના સુવિચાર તથા ન્યાયપૂર્ણ શાસનની સહાયતાને માટે તથા આપણા સ્વદેશવાસી બંધુ-ઓના મંગળ માટે આપને અનુરોધ કરૂં છું કે, મ્હને માત્ર બે કલાકનો સમય આપો. હું જાણું છું કે, અદાલતનો સમય ઘણો મૂલ્યવાન્ છે, પરંતુ બે કલાકના પરિશ્રમથી મ્હને ખાત્રી છે કે આપનો સકળ સંદેહ દૂર થશે. આપ ત્યાર પછી આ કેસ સાચો છે કે બિલકુલ ખોટો છે તે સારી રીતે સ્હમજી શકશો. વળી સકળ સત્ય વાત આપની જાણમાં આવ્યાથી આપ આ કેસનો નિકાલ ન્યાય પ્રમાણે કરી શકશો અને તેથી કરીને આપના કર્તવ્ય પાલ-નથી આપને સંતોષ થશે. ત્યાર પછી આપ જે આજ્ઞા કરશો તે આરોપી પોતાના શિર ઉપર ચ્હડાવશે હું સાક્ષીઓને મ્હારી સાથે લાવ્યો છું. તેઓ બહાર ઉભા છે, જો આપનો હુકમ હોય તો અત્રે બોલાવું ?"

મેજીસ્ટ્રેટે ચંદ્રનાથને સાક્ષીઓ બોલાવવાથી આજ્ઞા આપી.

સપ્તવિંશ પરિચ્છેદ.

કેસની પૂર્ણાહુતિ.

કામિનીકાંતના જેવા જમીનદારો કેસનુ નિરિક્ષણ કરવાને કચે-રીમાં જતા નથી, પરંતુ આજે દુષ્ટ જટાધારી ગુન્હેગાર ઠરશે, તે એક જમીનદારનું મહત્વ જાણી શકશે; આવા વિચારથી કામિ-નીકાંત પોતાના વકિલો તથા મુખત્યારોની સાથે બેસીને આમ તેમની વાતો કરી રહ્યો હતો, તથા આજે તેના મનનો ઉમંગ ઉત્સાહ

જતો હતો. જયારે ચંદ્રનાથ બાબુએ હેમચંદ્રને સાથે લેઇ કચેરીમા પ્રવેશ કર્યો ત્યારે કામિનીકાંતની છાતી ધબકી ઉઠી. ચંદ્રનાથ બાબુએ જયારે સત્ય વાત પ્રકાશમાં લાવવા માંડી ત્યારે કામિનીકાંતના હોશ ઉડી ગયા. તેનું મસ્તક ભમવા લાગ્યું. તે વારંવાર બહાર જવા લાગ્યો. સુમતિચંદ્રે વર્દ્ધમાન આવવાનું વચન આપેલું હતું છતાં તેઓ ક્યાં છુપાઇ ગયા ? આનું કારણ એ હતું કે સુમતિચંદ્ર ઘણો જ ચતુર હતો. તેણે વિચાર્યું કેઃ—"જો કામિનીકાંતના આ મૂર્ખાઇ ભરેલા કેસમાં હુ હાથ નાંખીશ તો મ્હારૂં કાંઇ વળશે નહિં અને ઉલટું લુચ્ચાઇમાં સહાય કરવા બદલ મ્હારી આબરૂ ઉપર પાણી ફરી વળે તથા મ્હારો ધંધો પડી ભાગે. વળી ચંદ્રનાથ બાબુની સ્હામે આપણાથી એક ક્ષણ સુધી પણ ટકી શકાશે નહિં."

કેસનું છેવટનુ પરિણામ કેવું આવશે તે સુમતિચંદ્ર પ્રથમથી જ જાણતો હતો. કપટજાળથી ભરેલી નાવને ડૂબતી જોઇ સુમતિચંદ્ર તેને ત્વરાથી ડૂબાવી દેવાનું ઇચ્છતો હતો. તેણે હેમચંદ્ર તથા ચંદ્રનાથના સાચા સ્નેહી બની જઈ પંડિતજી તરફના સાક્ષીઓની ઉત્તમ પ્રકારની વ્યવસ્થા પરોક્ષ રીતે કરી આપી. બીજી તરફ તેણે કામિનીકાંત બાબુને તારથી ખબર મોકલી કેઃ—"એક ખાસ કામમાં રોકાઈ પડેલો હોવાથી હું વર્દ્ધમાન આવી શકયો નથી. આશા રાખું છું કે, તમારૂં કામ સિદ્ધ થશે."

પ્રતિવાદી તરફના સાક્ષીઓની તપાસ થવા લાગી. પહેલા સાક્ષી આવીને હાજર થયા. એ તારિણીપ્રસાદના ગુરૂ, સનાતનપુરના નિવાસી તથા એક મહા વિદ્વાન્ બ્રાહ્મણ હતા. તેઓ વિદ્યાર્થીઓને પોતનો

ત્યા વ્યાકરણ તથા ધર્મશાસ્ત્ર શીખવતા હતા. સર્વે જનો તેમના તરફ માનની દૃષ્ટિથી જોતા હતા; એટલુંજ નહિ પરંતુ તેમનો સત્કાર કરતા હતા. તેમની સીત્તેર વર્ષની ઉમર થઈ ગઇ છતા કદાપિ ન્યાયમંદિરને ઓટલે ચ્હડવાનો અવસર તેમને પ્રાપ્ત થયો નહોતો. આજે બિંદુ તથા યોગમાયાના રૂદનથી દ્રવિભૂત થઇને તેઓ નિરૂપાયે ન્યાયમંદિરમા આવ્યા છે. તેમણે જણાવ્યું:-'રમાનાથ કેટલાક માસથી સનાતનપુરમાં રહે છે. સનાતનપુરના જમીનદારે ક્રોધે ભરાઇ તેમને કાઢી મૂકવાની ઇચ્છા રાખી હતી. પરતુ પડિત રમાનાથે તેમને ઘણો ભય બતાવ્યો. કામિનીકાંતે ભયભીત થઇ પોતાના એક ખાસ સલાહકાર ઇષ્ટબધુને બોલાવી તેની આગળ તેમણે સોગન ખાઇને કહ્યું કે:- "જો હું રમાનાથને માટી ભેગો નહિં કરી દઉં તો પછી આ જમીનદારીનો ત્યાગ કરી સન્યાસી બની જઇશ." તારિણીપ્રસાદ પોતાનું મૃત્યુ થતાં પૂર્વે કેટલાક સમયથી પોતાની નવવધૂ સાથે વિશેષ વાતચીત કરતા નહોતા. નવવધુની સાથે વાતચીત કરવાનું તેમને પસંદ જ નહોતુ લાગતું. તેઓ માત્ર પોતાની પરલોકવાસ પામેલી પત્ની સબંધીના જ વિચારો કર્યા કરતા હતા, બિંદુ તથા સુધા સંબધીનો વિચાર કર્યા કરતા હતા, અને ચક્ષુજળને સાફ કરતા હતા. તારિણીપ્રસાદે કેટલીક વખત મ્હને પોતાની પાસે બોલાવીને એવી વાત કહી હતી કે:-"મ્હારી પાસે જે થોડી ઘણી સંપત્તિ છે તે બધી હું મ્હારી ભત્રિજીઓને આપી જનાર છું. મ્હારી નવવધુને આપી જનાર નથી." આ વાત સાંભળતાં જ હેમચંદ્ર તુરત કહેતા હતા કે:-"આપની સ્ત્રીની હયાતિમાં અમે આપની સંપત્તિ ગ્રહણ કરનાર નથી." સરતચંદ્રે મેમનસિંહ જતાં પૂર્વે પોતાના કાકા સસરાને કહી દીધું હતું કે:- " આપ આપનું સકળ ધન મ્હારાં કાકી સાસુને જ આપજો. અમે

તેનો સ્વીકાર કરનાર નથી." આમ છતાં વૃદ્ધનું મન રાજી થયું નહિં. તેમણે પોતાનું મૃત્યુ થયું તેને આગલે દિવસે એક નવીન વિલ લખીને પોતાની સકળ સંપત્તિ પોતાની બંને ભત્રીજીઓ બિંદુ તથા સુખદાને આપી. હું અને રમાનાથ એ વિલના સાક્ષીઓ છીએ. તારિણીપ્રસાદનું મૃત્યુ થયા પછી વિના વિઘ્ને તેમની વિધવા સનાતનપુરમાં ગઇ તથા ત્યાં રહેવા લાગી. જ્યારે ગોપબાળાએ સ્વામીના મૃત્યુ સંબંધી દરખાસ્ત આપી હતી ત્યારે તે કામિનીકાંત બાબુના ઘરમાં હતી.

સનાતનપુરની એક દાસી કે જે બાલ્યાવસ્થામાં યોગમાયાની સેવા શુશ્રુષા કરતી હતી અને તેના પવિત્ર સ્વભાવને ઉત્તમ પ્રકારે જાણતી હતી તેણે હાજર થઇ જણાવ્યું કે.—"હું ચાળીશ વર્ષથી સનાતનપુરના જમીનદારની હવેલીમાં રહીને કામ કરૂં છું. ત્રીસ વર્ષ પૂર્વે રમણીમોહન નામના એક ન્હાના ઉમરના અર્થાત્ બાળક જમીનદાર તથા કામિનીકાંત બાબુ વચ્ચે એક સમયે મ્હોટો ટંટો ઉપસ્થિત થયો કે જેમાં બાળક રમણીમોહન માર્યો ગયો. આ પ્રકાર બન્યાને ઘણાં વર્ષો થઇ ગયા છે; તેથી કરીને ઘણાંખરાં માણસો આ વાતને ભૂલી ગયાં છે. પરંતુ પંડિતજીએ આ બાબત સંબંધી કામિનીકાંતની પત્નીને જે ભય શબ્દોદ્વારા દર્શાવ્યો હતો તે મ્હારા જાણવામાં આવ્યો હતો, કારણ પંડિતજીના શબ્દો મ્હેં મ્હારે કાને સાંભળ્યા હતા. જ્યારથી પંડિતજીએ આવો ભય દર્શાવ્યો ત્યારથી કામિનીકાંત બાબુ તેમની ઘણી બરદાસ કરવા લાગ્યા. આમ છતાં પણ તેમના મનમાં કોઇ પણ પ્રકારનો ભય ઉપસ્થિત થવાથી તેઓ તુરત કલકત્તા ચાલ્યા ગયા."

ત્યાર પછીથી ધનપૂરનો ધનંજય હાજર થયો. તેને જોતાંની સાથે જ કામિનીકાંત કંપી ઉઠયો. ધનંજયે કહ્યું:—"તારિણીપ્રસાદ મ્હારા શ્વસુર થતા હતા. તેમનું મૃત્યુ થતાં પૂર્વે હું તેમને એક વખત જોવા ગયો હતો, તેમનાં પ્રથમ પત્ની પુત્ર શોકથી તથા રોગથી મૃત્યુ પામ્યા. તેમનાં બીજાં પત્ની ઘણાં ચીબાવલાં તથા ઉદ્ધત સ્વભાવનાં છે. તારિણીપ્રસાદ ઉપર તેમણે જુલમ ગુજારીને સઘળી સંપત્તિ પોતાના નામ ઉપર કરાવી લીધી હતી. તારિણીપ્રસાદનું મૃત્યુ થઇ ગયા પછી એક દિવસે કામિનીકાંત કલકત્તામાં રહેતા સુમતિચંદ્ર પાસે આવ્યા હતા. તે દિવસે હું પણ ત્યાં આગળ હતો. કામિનીકાંત બાબુને મ્હેં એવું કહેતાં સાભળ્યા હતા કે—" એક અથડાતો કુટાતો રમાનાથ સરસ્વતી નામનો જટાધારી પંડિત મ્હારે ત્યાં આવ્યો છે. મ્હે તેને રહેવાને માટે જગ્યા આપી છે. હવે તે મ્હને એક વીતી ગયેલી વાત સંબંધી ધમકી આપે છે, તથા તેણે તારિણીપ્રસાદની સઘળી સંપત્તિ એક નવીન વિલ લખાવીને તેમની ભત્રિજીઓને અપાવી દીધી-છે. આથી કરીને મ્હેં તારિણીપ્રસાદની વિધવાદ્વારા રમાનાથના ઉપર ખૂનનું તહોમત મૂકાવી રિપોર્ટ કરાવ્યો છે." મ્હેં આ વાત સ્પષ્ટ રીતે સાંભળી હતી. મ્હને થોડા દિવસ પૂર્વે શ્વસુરની સંપત્તિ મેળ-વવાની ઇચ્છા હતી. પરંતુ હવે તેમ નથી. હું મ્હારી મૂર્ખામીથી ઘણું ધન બરબાદ કરી ચુકયો છું. પતિવ્રતા, સાધ્વી પત્નીને પણ ગુમાવી બેઠો છું. આ હેમચંદ્ર કે જે મ્હારા સાળા થાય છે તેઓ પૂર્વે મ્હને ઘણી શિખામણ આપતા હતા! તેમનાં પત્નીએ પણ મ્હારે ત્યાં આ-વીને કેટલાક ઉપકારો કર્યા હતા, તથા સલાહ આપી હતી, પરંતુ મ્હેં દુર્ભાગ્ય દોષથી કોઇની સલાહનો સ્વીકાર કર્યો નહિં. હેમચંદ્ર તથા શરતચંદ્રને તારિણીપ્રસાદની સંપત્તિ પ્રાપ્ત થઇ છે એ જાણી હું પ્રસન્ન

થયો છું. મ્હારે હવે આ સસારમાં અધિક મુદત રહેવું નથી. ખરાબ લોકોની સોબતમાં રહીને હું બાલ્યાવસ્થાથી જ મદ્યપાન કરવાનુ શીખ્યો છું. આમ હોવાથી મ્હારૂં હવે ત્વરાથી જ મૃત્યુ થશે અને મ્હને મ્હારા પાપનું પ્રાયશ્ચિત્ત મળશે."

ધનંજયનાં અસરકારક વચનોથી સર્વે પ્રેક્ષકો તથા અધિકારીઓનાં નેત્રોમાં અશ્રુજળ ભરાઈ આવ્યું. મેજીસ્ટ્રેટ સાહેબનું હૃદય પણ દયાથી દ્રવિત થયુ.

ત્યાર પછી વેશ્યા મુન્નાજાનને હાજર કરવામાં આવી. તેને જોતાં જ કામિનીકાંતનુ ગળુ સુકાઈ ગયુ. મુન્નાજાન મુસલમાન જાતની હતી મુન્નાજાનને જણાવ્યુ કેઃ—"હુ કલકત્તાની એક વેસ્યા છુ. કામિનીકાંત બાબુને વેસ્યાનાં ગાનતાન તથા નાચ વગેરે ઘણું પસદ પડે છે. આથી કરીને તેઓ મ્હને વારંવાર ગાનતાન તથા નાચ કરવા બોલાવે છે અને હુ પણ વારવાર ગાનતાન કરવા તથા નાચ કરવા તેમને બગલે જાઉં છુ. હમણાં થોડા દિવસ પૂર્વે તેમણે મ્હને કલકત્તામાં આવેલા પોતાના બાગમા બોલાવી હતી. સુમતિચદ્ર પણ તે સમયે ત્યા હાજર હતા." આટલું કહી રહ્યા પછી કામિનીકાંત તથા સુમતિચંદ્ર વચ્ચે જે સઘળી વાતચીત થઈ હતી તે સઘળી તેણે અથેતિ કહી સંભળાવી. જે હકીકત સાંભળતા જ સર્વે લોકો તથા અધિકારી મડળ નિસ્તબ્ધ અને અવાક્ બની ગયું. મેજીસ્ટ્રેટ સાહેબના પશ્ચાત્તાપની પણ સીમા રહી

કામિનીકાંતના વકિલે મુન્નાજાનને પ્રશ્ન કર્યો—"તું મુસલમાન છે છતાં કામિનીકાંન્ત બાબુએ ત્હારે હાથે સરાબ પીધો છે એમ ત્હેં જણાવ્યું છે ને ?

મુન્નાજાન:—" હા જી."

વકિલ:—" કામિનીકાંત બાબુ જાતિ સુધારક સભાના અધ્યક્ષ છે એ તું જાણે છે ને ?"

મુન્નાજાન—" જી હા, જાણું છુ."

વકિલ:—" કામિનીકાંતે તાલપુખુરના હેમચંદ્ર અને શરતચંદને સમાજથી અલગ કરી દીધા છે એ પણ ત્હને માલૂમ છે ને ?"

મુન્નાજાન—" હા માલૂમ છે."

વકિલ—" કામિનીકાંત બાબુ જાતિરક્ષાના સંબંધમાં આટલા બધા ઉત્સાહી થઇને ત્હારા હાથનો મધ કેવી રીતે પી શકે ?"

મુન્નાજાન—" મ્હેં પણ એ સંબંધી બાબુ સાહેબને પ્રશ્ન કર્યો હતો."

વકિલ—" બાબુ સાહેબે શુ ઉત્તર આપ્યો હતો ?"

મુન્નાજાન:—"તેમણે કહ્યુ, હતું કે શુપાઇને કોઈ પણ કામ કરવાથી જાતિનો નાશ થતો નથી શુ આપ આ જાણતા નથી ?"

વકિલ આ ઉપર વિશેષ કાંઈ પણ બોલ્યા સિવાય ચુપચાપ બેસી ગયો.

છેવટની સાક્ષી મૈમનસિંહના જોઇન્ટ મેજીસ્ટ્રેટ શરતચંદ્રની હતી. તેને જોતાં જ ચંદ્રનાથ તથા હેમચંદ્રને આશ્ચર્ય લાગ્યુ. શરત્ચંદ્રને કોણે બોલાવ્યો ? તે મૈમનસિંહથી કયારે આવ્યો ?

હેમચંદ્રને તારિણીપ્રસાદની સંપતિ લેવાની ઘણી ઇચ્છા હતી, તેથી તેણે પંડિત રમાનાથને મળી જઇ નવીન વિલ લખાવ્યું છે એ વાતને અસત્ય ઠરાવવા માટે શરતચંદ્ર સાક્ષીની જગ્યાએ ઉપસ્થિત થયો. ચંદ્રનાથે એક પણ પ્રશ્ન કર્યો નહિ. શરત્ચંદ્ર જાતે જે જાણ-

તો હતો તે કહેવા લાગ્યો. તેણે હેમચંદ્રની ન્યાયપરાયણુતા, દયા વગેરેનું સજળ નયને વર્ણન કર્યું. તારિણીપ્રસાદ તથા તેમની પત્ની ઉપર બિંદુની શ્રદ્ધા-ભક્તિનુ વર્ણન કર્યું. રોગમાં શોકમાં તથા સંતાપમાં સેંકડો સમય તારિણીપ્રસાદને ત્યા જઇને બિંદુએ એક દાસીની પ્રમાણે સેવા કરી હતી તે પણ કહી સંભળાવ્યું. તારિણીપ્રસાદ પ્રકાશમાં હેમચંદ્ર અને બિંદુને જાતિચ્યુત કર્યાં હતા. તો પણ બિંદુ ગુપ્ત રીતે કકાને ત્યા જઈ તેમની તથા તેમની રોગાધીન પત્નીની સેવા શુશ્રુષા કરતી હતી તારિણીપ્રસાદની નવવધૂ ગોપબાળાએ જ્યારે બિંદુને પોતાને ત્યા આવવાની મના કરી દીધી ત્યારે પણ તે કાકા કાકીના દુખદ પ્રસગે તેમની સેવા ચાકરી કરવાને ગયા સિવાય રહેતી નહિ. તારિણીપ્રસાદની નવવધૂ ગોપબાળા જ્યારે બાળિકા હતી, ઘણી જ ગરીબ અવસ્થામાં હતી, દિવસમા એક વખત તેને પેટપૂરતુ અન્ન પણ મળતુ નહોતુ એવા વિપત્તિના સમયે બિંદુ તેને કોઇ કોઈ વખતે ચોખા, દાળ આપી આવતી હતી કપડા ખરીદી આપતી હતી. તે પોતાની પુત્રીને ખોળામાથી નીચે બેસાડી ગોપબાળાને પોતાના ખોળામા બેસાડતી, તથા તેને દૂધ ભાત ખવડાવતી હતી. એ જ ગોપબાળા જ્યારે તારિણીપ્રસાદની પત્ની થઇ ત્યારે તે અહંકારમા તણાઈ જઇ બિંદુનુ અપમાન કરતી હતી. એટલુ જ નહિ પરંતુ, તેને ગાળો સુદ્ધા દેતી હતી, આમ છતાં બિંદુ એક પણ દિવસે તેના ઉપર ગુસ્સે થઈ નહિં, તથા અનુચિત શબ્દો બોલી નહિ. ગોપબાળાને અજ્ઞાની સમજી માનાપમાનની વાતને ભૂલી જઈ રોગશય્યા ઉપર સૂતેલા કાકાની તે સેવા ચાકરી કરી આવતી હતી. સંપત્તિ પ્રાપ્ત કરવાને માટે હેમચંદ્રે તારિણીપ્રસાદ પાસે બીજું વિલ લખાવ્યું નહોતું, પરંતુ તારિણીપ્રસાદે જાતે જ પોતાની નવવધૂ ગોપબાળાના ખરાબ સ્વભાવથી

ક્રોધે ભરાઇ પોતાની ઇચ્છાથી જ બીજું વિલ લખ્યું હતું. હેમચંદ્ર તારિણીપ્રસાદની સંપત્તિ લેવાનું ઇચ્છતો જ નહોતો. આ સંબંધમાં તેણે શરત્ચંદ્રને જે બે ચાર પત્રો લખ્યા હતા તે સકળ પત્રો શરત્ચંદ્રે અદાલતમાં રજુ કર્યા.

ત્યાર પછી શરત્ચંદ્ર પંડિત રમાનાથ સરસ્વતીનો પરિચય આપવા લાગ્યો. તેનું દેવતુલ્ય ચરિત્ર, અસાધારણ ધર્મશિક્ષા, અપાર ઉત્સાહ તથા તેની દેશહિતૈષિતાનું વર્ણન કરવા લાગ્યો.–"રમાનાથ જાતિ, અવસ્થા તથા સમયની પ્રમાણે સર્વે હિંદુઓને બોલાવી પોતાના ધર્મનું શિક્ષણ આપે છે, દ્વેષ, હિંસા અને કુસંપથી દુષિત સમાજમાં ઐક્યતા વધે એવો યત્ન આદરે છે, જેથી તેઓ એક મહાપુરૂષ જેવા જ છે. હિંદુઓના મુખે પોતાની નિંદા તથા અપવાદ સાંભળીને તેઓ હસે છે. દ્વેષી તથા અભિમાનીઓની ભર્ત્સનાથી તેમનું હૃદય કદાપિ વિચળિત થતું નથી. સનાતનપુરના જમીનદારના ભયથી તેમણે કદાપિ પોતાના નિયમનું ઉલ્લંઘન કર્યું નથી. તે તો સ્થિરતાપૂર્વક સ્વદેશની ઉન્નતિ થાય એવા જ યત્નો આદરી રહ્યા છે. પોતાના ધર્મના ગૌરવમાં વૃદ્ધિ કરી રહ્યા છે. કુસંપથી અધોગતિ પામેલા સમાજને ઉન્નતિ ઉપર લાવવાના યત્નો આદરી રહ્યા છે. તેઓ પોતાના પવિત્ર જીવનના આવા પવિત્ર ઉદ્દેશોને પાર પાડવાના કારણને લીધે જ આજે દુષ્ટ જનોની પ્રપંચજાળમાં ફસાઈ પડયા છે, તથા તેમના શિર ઉપર અસત્ય કલંક લાગ્યું છે. પરંતુ તેમના જેવા મહાત્મા ઉપર અસત્ય કલંક મૂકવું એ સમગ્ર દેશ ઉપર કલંક મૂકવા સમાન છે."

આટલું સાંભળી રહેતાંની સાથે જ મેજીસ્ટ્રેટ સાહેબે ખૂબ જોરથી ટેબલ ઉપર પોતાનો હાથ પછાડયો. તેઓ ચંચળ પ્રકૃતિના

મનુષ્ય હતા, પરંતુ હૃદયશૂન્ય નહોતા. તેઓ રક્તવર્ણ નયનો કરી ક્રોધદર્શક સ્વરે બોલ્યા.—"શું આવા દેવતુલ્ય મનુષ્યને હત્યાકારી ઠરાવવાને માટે કામિનીકાંત બાબુએ આ ષડ્યંત્ર રચ્યું છે? શું આ ઉન્નત હૃદયવાળા દેશહિતૈષી પુરૂષને દુઃખના દાવાનળમાં હડસેલી મૂકવા માટે જ અજ્ઞાન ગોપબાળાએ અદાલતમાં આવી ખોટી દરખાસ્ત કરી છે? રમાનાથ! ગઈ કાલે હું તમને મહા અપરાધી સ્હમજતો હતો, પરંતુ મ્હારી ભૂલ સ્હમજમાં આવતાં જ હું ઘણો શરમાઉં છું. તમે નિર્દોષી, પરોપકારી, સચ્ચરિત્ર અને ધર્મપરાયણ છો. તમારા જેવા ઉચ્ચ વિચારના લોકો અધિક સંખ્યામાં હયાત હોત તો આજે ભરતના ભારતની આવી દુર્દશા ના થઈ ગઈ હોત ભારતને આવો હતભાગ્ય ગણવામાં ના આવત ! હું તમને નિર્દોષ ઠરાવું છું એટલું જ નહિં પરંતુ તમારા ઉપર જે જે માણસોએ આવો ખોટો ત્રાસજનક જુલમ ગુજાર્યો છે તે માણસો વિરૂદ્ધ તમારી ઇચ્છા હોય તો હું કામ ચલાવવા ખુશી છું."

સમગ્ર ન્યાયમંદિર નિસ્તબ્ધ હતું. સકળ લોકો ચિત્રવત્ ઉભા હતા. રમાનાથે પહાડી સ્વરે કહ્યું —"માનનીય મહાશય ! આપના આવા સુવિચાર માટે નારાયણ આપનું કલ્યાણ કરો. પરંતુ મ્હારે આ સ્થળે એક વાત કહેવાની છે."

મેજીસ્ટ્રેટ.—"શું ?"

રમાનાથઃ—"સાક્ષીઓએ પોતાની જુબાનીમાં જણાવ્યું છે કે, ત્રીસ વર્ષ પૂર્વે આ કામિનીકાંતે લ્હડાઇ ટંટો ઉપસ્થિત કરીને પોતાના ભાઇ રમણીમોહનનું ખૂન કર્યું છે. તો પછી હજુ સુધી આ સંબંધીનો કાંઇ ઇન્સાફ થયો નથી."

મેજીસ્ટ્રેટઃ—ત્રીસ વર્ષ પૂર્વે બનેલી ઘટનાનો આજે નિર્ણય કરી શકાય તેમ છે, પરંતુ તેની સાબિતી શું છે ? એ સંબંધીની ચોક્કસ સાક્ષી જોઇએ ને ?"

રમાનાથ—" એ સંબધીનાં સકળ પ્રમાણો મ્હારી પાસે તૈયાર છે; પરંતુ આ સ્થળે હવે મ્હને જણાવતાં આનંદ થાય છે કે, ભ્રાતૃ હત્યા જેવા ભયંકર પાપથી સ્વયં ઇશ્વરે જ કામિનીકાંત બાબુને બચાવી લીધા છે. રમણીમોહન એ લ્હડાઈ ટંટામાં ઘાયલ થયો હતો, પરંતુ મૃત્યુ પામ્યો નહોતો. ત્રણ બહાદુર સિપાઇઓ ઘવાયેલા રમણી મોહનને ઉંચકી જંગલમાં લેઇ ગયા. રમણીમોહનને ચૈતન્ય પ્રાપ્ત થતાં જ એ ત્રણે સિપાહી તેની સાથે પશ્ચિમ દેશ તરફ પલાયન કરી ગયા. આ ત્રણે સિપાહીઓ હિરાસિંહ, લાલસિંહ અને જોરાવરસિંહ પશ્ચિમ દેશથી આવ્યા છે અને અહિં જ ઉભા છે. મ્હારા ધારવા પ્રમાણે હજુ પણ કામિનીકાંત બાબુ તેમને ઓળખી શકશે. (કામિની-કાંત તરફ તીવ્ર દૃષ્ટિ કરી, માથા ઉપરની જટા ફેંકી દઈ રમાનાથ મ્હોટેથી બોલ્યો) એ રમણીમોહન અદ્યાપિ જીવે છે, કામિનીકાત બરોબર ધ્યાન આપવાની કૃપા કરે તો આ સ્થળે જ તેઓ પોતાના બધુને ઓળખી શકે તેમ છે."

કામિનીકાંતે જટાધારી પંડિત રમાનાથ સરસ્વતીના જટામુક્ત લલાટ પ્રતિ દૃષ્ટિ કરી. તેના રક્તવર્ણ નયન દ્વય નિહાળ્યાં. તેની તેજસ્વી પ્રચંડ મૂર્તિ જોઇ. જાણે કે આજે એ ક્રોધી સ્વભાવવાળો બાળક મહા શક્તિશાળી, બલિષ્ઠ અને વિદ્વાન્ વીર પુરૂષ થઇને એ વૈરનો બદલો–પ્રતિશોધ–લેવાને આવ્યો છે. કામિનીકાંતને એકદમ મુર્છા આવી ગઇ. તેનો નોકર તેને ઉંચકી બહાર લેઇ ગયો.

ન્યાયમંદિરમાં ભયંકર કોલાહલ થવા લાગ્યો. આ કોલાહલને મહા મુશિબતે રોકીને મેજીસ્ટ્રેટે રમાનાથને પૂછ્યું:—" તમે જ રમણી- મોહન છો? કામિનીકાંતે બાલ્યાવસ્થામાં તમારૂં જ ખૂન કરવાને લ્હડાઈ ટંટો કર્યો હતો? તમે તેના ઉપર ખૂનનો કેસ માંડો, સાક્ષીઓ લાવીને હાજર કરો, ન્યાયી ઇંગ્રેજ સરકારના રાજ્યમાં તમને યોગ્ય ન્યાય મળશે. હું જાતે જ તમારા આ કેસનો નિર્ણય કરીશ. !"

અષ્ટાવિંશ પરિચ્છેદ.

અપરિચિત સ્ત્રી !

એ દિવસે કચેરીની બહાર ઘણો કોલાહલ થઇ ઉઠયો. લોકોના મુખમાંથી વારંવાર "ધર્મનો જય, સરકાર બહાદુરનો જય, મ્હોટા એલજીન સાહેબનો જય" વિગેરે સંતોષસૂચક અવાજો થવા લાગ્યા. એનું વર્ણન કરવાને અમે અક્ષમ છીએ. જટાધારી, લાંબી દાઢીવાળા. રમણીમોહન જમીનદારનાં દર્શન કરવાને માટે લોકો ચારે દિશાએથી ઉછાળા મારવા લાગ્યા. ચંદ્રનાથ બાબુનાં દર્શન કરવાને માટે પણ અસંખ્ય મનુષ્યો આતુરતાથી એકત્ર થઇ ગયા હતાં. મૈમનસિંહના જોઇન્ટ મેજીસ્ટ્રેટ શરતચંદ્રનાં દર્શન કરવાને માટે અનેક માણસો દોડી આવ્યા. આવી સખ્ત ભીડમાં વાતચીત થવી અસંભવિત હતી. ચંદ્રનાથ, હેમચંદ્ર અને શરતચંદ્ર આગળ રમાનાથે માત્ર તેમને આલિંગન કરીને જ પોતાના હૃદયની કૃતજ્ઞતા પ્રકટ કરી. છેવટે એવો

નિશ્ચય થયો કે સર્વેએ મુખત્યારને ત્યાં જવું અને સંધ્યા સમયે આ વિષય સંબંધી વાતચીત કરવી. આ સમયે વર્દ્ધમાનના કેટલાક વકિલો ચંદ્રનાથ, શરતચંદ્ર તથા હેમચંદ્રને એક મુખ્ય વકિલને ત્યાં લઇ ગયા. હેમચંદ્ર એકલો આ વકિલને ત્યાંથી બહાર નીકળી પડયો તથા મુખત્યારનું ઘર પૂછતો પૂછતો તેને ત્યાં જઈ પહોંચ્યો. પરંતુ ન્યાયમંદિરમાંથી કોઇ ત્યાં આવ્યુ નહોતું. એટલે તે બહારના ઓરડામાં બેસીને વિશ્રામ લેવા લાગ્યો.

જે ઓરડામા હેમચંદ્ર બેઠા તે ઓરડાનો સબંધ અંદરના ઘર સાથે હતો. થોડા સમય પછી એક ન્હાની સરખી અધારી ઓરડીનું દ્વાર ખુલ્યું. એ ઓરડીમાં થઇને બહારથી અંદર જવાનો રસ્તો હતો, એ ઓરડીમાં એક સ્ત્રીના અલંકારોથી અલંકૃત થયેલો હસ્ત નજરે પડયો. એ સ્ત્રી યુવતી હતી. તેણે પોતાના મુખમંડળને ઘુમટાની અદર છુપાવ્યું હતું. હેમચંદ્રે ત્યાંથી પોતાની દૃષ્ટિ અન્ય દિશા પ્રતિ ફેરવી લીધી

અલંકારોનો મધુર અવાજે હેમચંદ્રને કાને પડયો. તેણે પુન એ દિશા પ્રતિ સાકાંક્ષ દૃષ્ટિથી જોયું તો એ સ્ત્રી પોતાની આંગળીદ્વારા હેમચંદ્રને અંદર આવવાની ઇશારત કરી રહી હતી.

હેમચંદ્ર ઘણો સજ્જન પુરૂષ હતો. એકદમ અંદર જવાનુ સાહસ તેનાથી થઈ શકયું નહિ. તે મનમાં વિચારવા લાગ્યો—"શુ વર્દ્ધમાનની સ્ત્રીઓ આવી ભ્રષ્ટાચારિણી હશે કે ? તેમના આચાર વ્યવહાર આવા અનીતિથી ભરેલા હશે કે ?"

આવો વિચાર છતાં એ યુવતી પોતાને શા માટે બોલાવે છે એ જાણવાની જીજ્ઞાસાથી તે ડરતો ડરતો એ ઓરડીમાં ગયો. યુવતીએ ત્વરાથી દ્વાર બંધ કરી તાળું વાસી દીધું.

હેમચંદ્ર ગામડામાં રહેનારો એક ભલો ભોળો પુરૂષ હતો. વર્દ્ધમનની સ્ત્રીના પંજામાં પડીને તે મહા વિપદમાં ફસાયો. સૂના ઘરમાં અપરિચિત યુવતીની સાથે ક્ષણભર પણ રહેવું એ ભલા પુરૂષને માટે ઉચિત નથી જો કદાચિત્ મુખત્યારના જાણવામાં આ પ્રકાર આવે તો તે હેમચંદ્રને શું કહે?"

હવેલીની અંદરનુ દ્વાર ઉઘાડી યુવતી ઓરડીમાંથી બહાર નીકળી ગઇ, તથા હેમચંદ્રને પુનઃ અંદર આવવાની ઇશારત કરવા લાગી. વર્દ્ધમાનની સ્ત્રીની આવી કુરીતિ ઉપર ક્રોધે ભરાઇ અનેક પ્રકારના વિચારો કરતો કરતો હેમચંદ્ર લાચાર બની જઈ યુવતીની પાછળ પાછળ ગયો. યુવતીએ આસન પાણી મૂક્યા, તથા એક બીજી સ્ત્રીએ થાળમાં ભોજન પીરસી આસન સામે થાળીને મૂકી. હેમચંદ્ર હાથ મ્હો ધોઇને ભોજન કરવા બેઠો ભોજન કરતાં કરતાં તેણે વિચાર્યું:—"વર્દ્ધમાનની સ્ત્રીઓના આચાર વ્યવહારો ગમે તેવા હોય પરંતુ તેમના હાથથી બનેલી રસોઇ તો ઘણીજ સ્વાદિષ્ટ હોય છે."

પરંતુ ભોજન પીરસનારી સ્ત્રી ઘણી વિચિત્ર હતી. તે હેમચંદ્રને ભોજન પીરસતાં પીરસતાં વારવાર વ્યંગ-હાસ્ય કરતી હતી. હેમચંદ્રને ગ્રામ્યજન જાણી તથા તેને આશ્ચર્યથી ભોજન કરતો જોઈ તે પોતાનું હાસ્ય રોકી શકી નહિં.

જ્યારે ભોજન સમાપ્ત થયું ત્યારે રસોઇયણે ચટણી લાવીને તેની આગળ મૂકી. હેમચંદ્રે કાચા કેરીની ચટણી ચાખી જોઇ ! વળી પુનઃ તેણે ચટણી ચાખી જોઇ ! ! રસોઇયણના મુખ તરફ દૃષ્ટિ કરી" તથા તેણે એકદમ તેનો હાથ પકડયો !

આ શું? હેમચંદ્ર ઘણો સજ્જન છે. પારકાના ઘરની રસોઇયણનો હાથ કેવી રીતે પકડી શકાય? રસોઇયણે "છિઃ છિઃ!"

કહીને પોતાનો હાથ ખેંચી લીધો. હેમચંદ્રે હસીને કહ્યું:-" હવે તું તને-પોતાને ક્યાં સુધી છુપાવી શકીશ. કેરીની ચટણી ખાઇને હું તને ઓળખી ગયો છુ. આ નાલપુરની બનાવેલી વસ્તુ છે. ઠીક હવે એ તો કહે કે તું અહિ ક્યારે આવી? કેવી રીતે આવી? "

તરત જ બિંદુએ પોતાનો ઘુમટો ઉંચો કર્યો તથા તે સ્વામી પાસે બેઠી. તેણે કહ્યુ—" યોગમાયા સનાતનપુરની જૂની દાસીને લઇ વર્દ્ધમાનમાં આવ્યાં છે. હું પણ તેમની સાથે આવી છુ. "

હેમચંદ્ર:—" શુ યોગમાયા તથા તેમની દાસી આ મકાનમાં છે? "

બિંદુ—" હા, તેઓ બન્ને આ મકાનમાં છે. મુખત્યાર સાહેબની પત્નીએ અમને સર્વેને પોતાને ત્યા રાખ્યાં છે. તેઓ ઘણા ભલાં છે. "

હેમચંદ્ર:—" ગમે તેમ હોય, પરંતુ મ્હને તો આ ઘરની સ્ત્રીઓની રીતભાત કાંઈક બગડેલી જણાય છે. જે સ્ત્રી મ્હને બહારથી બોલાવી લાવી તે ઘણી જ ચાલાક તથા નિર્લજ્જ માલૂમ પડે છે."

બિંદુ:—" ના, ના, તે સ્ત્રી ઘણી જ પવિત્ર છે. આમ છતા તમારો જે વિરૂદ્ધ મત બંધાયો છે તેનું કારણ એ છે કે હજુ સુધી તેના આચાર એક બાળકના જેવા છે જુઓ તે અત્રે જ આવે છે".

એટલામાં એક નવયુવતી વાડકામાં દહીં, ખાંડ તથા એક રકાબીમાં મીઠાઇ લેઇ ત્યાં આગળ આવી પહોચી તથા તેની આગળ મૂકી. મિઠાઈ જોતાંની સાથે જ હેમચંદ્રના મનમાં સંદેહ પેઠો: તેણે મુખમાં મીઠાઈ મુકતાં એ યુવતી પ્રતિ દષ્ટિ કરી હસીને કહ્યું -"સહમજી ગયો, હવે ઘુમટામાં મ્હોં છુપાવવાની શું જરૂર છે? ઘુમટો કાઢી નાખો,

જેના હાથે આ મીઠાઇ બની છે તેને હું સારી રીતે પિછાનું છું. આ મીઠાઇ ચખાડીને તમે જાતે જ તમારો પરિચય કરાવ્યો છે."

હસતા હસતાં સુધા બોલી.—"નહિં નહિ, ઘુમટો ઉંચો કરતાં મ્હને ભય લાગે છે; કારણ કે જ્યારે મ્હેં ઘુમટો ખેંચ્યો હતો ત્યારે તમે મ્હને બેશર્મ અને ચાલાક ધારી, ત્યારે પછી ઘુમટો ખોલી નાખવાથી તમે કોણ જાણે કેવીય કલ્પના કરો ?"

હેમચંદ્ર નિરૂત્તર રહ્યો. તેણે અનેક વિનય વચનોથી સુધાને પ્રસન્ન કરી, એટલે સુધાએ 'ખડ ખડ' હસી દેતાં ઘુમટો કાઢી નાખ્યો.

સુધા તથા શરતચંદ્રની વાત પૂછ્યા પછી બિંદુએ કહ્યું-"મ્હે વર્દ્ધમાનમાં આવીને સાંભળ્યુ કે, કેસ ચાલવાને હજુ બે ત્રણ દિવસનો વિલબ છે તે સાથે મ્હે એમ સાભળ્યું છે કે મૈમનસિંહ જઇ આવતાં માત્ર બે જ દિવસ લાગે છે. પંડિત રમાનાથના કેસમાં શરતચંદ્ર આવી શકે તો વિશેષ ઉત્તમ પરિણામ આવવાનો સંભવ હતો આમ વિચારી શરતચંદ્રને તાર કર્યો. શરતચંદ્ર તાર મળતાં જ દશ દિવસની રજા મેળવી સુધાની સાથે અત્રે આવ્યા છે."

બિંદુને મુખે ઉપરોક્ત વચનો શ્રવણ કરી હેમચંદ્રે પ્રસન્ન થઇ કહ્યુ —"તાલપુખુરમાં ત્હારા જેવા ચતુર વકિલો છે, એવી જો મ્હને ખબર હોત તો મ્હારે વકિલ લાવવાને માટે કલકત્તા જવું પડત નહિં. પંડિત રમાનાથ કોણ છે એ તુ જાણે છે ?"

બિંદુએ કહ્યું:—"હા, ઘણા દિવસથી જાણું છું."

હેમચંદ્રે વિસ્મિત થઇ પ્રશ્ન કર્યો:—"ત્હેં કેવી રીતે જાણ્યું ? ત્હને કોણે કહ્યું ? ત્રીસ વર્ષ પછી રમણીમોહનને ગામમાં કોણે ઓળખ્યા ?"

બિંદુએ સ્મિત કરી ઉત્તર આપ્યો:—" પુરૂષો કોઇને પિછાની શકતા નથી ! પુરૂષો પોતાની અર્ધાંગનાને ભૂલી જાય છે, પરંતુ સ્ત્રી તેમને ભૂલી જતી નથી. હમણુંની જ વાત પ્રતિ લક્ષ્ય આપો. મ્હેં ઘુમટો કાઢયો હતો, એટલે આપ મ્હને ઓળખી શક્યા નહિં. પુરૂષનું ચિત્ત માત્ર ખાનપાનમાં જ રહે છે. મ્હને ભૂલી જઈ આપ કેરીની ચટણીને તુરત પિછાની શક્યા. સ્ત્રી એવી નથી હોતી. ત્રીસ વર્ષ પછી પણ યોગમાયાએ રમણીમોહનને જોતાંની સાથે જ ઓળખી લીધા. શું સ્ત્રી પોતાના સ્વામીને કદાપિ ભૂલી શકે ખરી કે ?"

સુધા પોતાના પુત્રને ખોળામાં લઇ હેમચંદ્રની પાસે બેઠી હતી: તેણે પણ આ અવસરને પોતાના હાથથી જવા દીધો નહિં. હેમચંદ્ર તરફ દૃષ્ટિ કરી તે બોલી ઉઠી—" બ્હેન ! યોગમાયા રમણીમોહનને ઓળખીને જ તેમની સાથે વાતચીત કરતાં હતાં. તેમના ખાનપાનનો પ્રબંધ સારી રીતે કરતાં હતાં. તેમની સેવા ચાકરીમાં સદા તત્પર રહેતાં હતાં. આથી કરીને રમણીમોહન બાબુ યોગમાયા બ્હેનને નિર્લજ્જ તો નથી ધારતાને ?"

બન્ને બ્હેનો આગળ આજે હેમચંદ્રે પોતાની હાર સ્વીકારી.

એકોનત્રિંશત પરિચ્છેદ.

પતિપત્નીનું પુનર્મિલન.

યોગમાયા જ્યારે દશ વર્ષની હતી ત્યારે તેનો વિવાહ સનાતનપુરના જમીનદારને ત્યાં રમણીમોહન સાથે ઘણી ધામધૂમથી થયો

હતો. ચૌદ વર્ષની ઉમરે તે હતભાગિની પતિનો વિયોગ પામી. આટલી ન્હાની ઉમરમાં જ તે પોતાના પતિને ઓળખી શકી હતી. પતિના ઉપર અનુરાગ રાખતાં શીખી હતી. યૌવનના આરંભમાં જ તે બિચારીને પતિના વિયોગનું અસહ્ય દુ:ખ સહન કરવાનો કમનશીબ પ્રસંગ આવી પહોચ્યો. ત્યાર પછી સત્તાવીશ વર્ષ સુધી તે પતિની સુંદર છબી પોતાના હૃદયમાં ધારણ કરીને, અનેક પ્રકારના કષ્ટો, ચિંતા, અન્ય જનોનો અત્યાચાર તથા અપમાન સહન કરીને તે પતિ-પરાયણ સ્ત્રી કોઇ પણ પ્રકારે પોતાના પ્રાણને ધારણ કરી રાખી દુ:ખના દિવસો વ્યતીત કરતી હતી. જે વર્ષે તાલપુખુરમા બિંદુનો જન્મ થયો તે જ વર્ષે રમણીમોહન તાલપુખુરમાંથી અંતર્હિત થયો. આથી કરીને બિંદુ કરતાં યોગમાયા ચૌદ વર્ષે મ્હોટી હતી.

જે દિવસે સંધ્યા સમયે રમણીમોહને જટાધારીના વેશમા પુન કામિનીકાંતને ત્યાં આવીને આશ્રય લીધો તે દિવસે શાંતહૃદયા ચિરદુ:ખિની યોગમાયા પંડિતનાં દર્શન કરવા ગઈ. જ્યારે રાત્રે પડિત દીપક સળગાવી ઉચ્ચ સ્વરે ધર્મશાસ્ત્રનો અભ્યાસ કરતો હતો ત્યારે યોગમાયા તેના મધુર સ્વરથી મુગ્ધ થઇ પાસેના ઓર-ડામાં બેસી ઘણા જ ધ્યાનપૂર્વક પતિના મુખેથી નીકળતા બોધદાયક શબ્દો શ્રવણ કરતી હતી; તથા સાકાંક્ષ દૃષ્ટિથી પંડિતની દીવ્યમૂર્તિ પ્રતિ વારંવાર દૃષ્ટિ કરતી હતી. પંડિતને ગંભીર સ્વરમાં શાસ્ત્ર-પાઠ કરતો સાંભળીને તથા તેનુ સુંદર શરીર અને શાંતભાવ જોઈને યોગમાયાને પોતાની બાલ્યાવસ્થાનુ સ્મરણ થવા લાગ્યું. પોતાને પો-તાની બાલ્યાવસ્થાની વાતોનું સ્મરણ શા માટે થાય છે એ યોગ-માયા સ્હમજી શકી નહિં. બે પ્રહર રાત્રિ વ્યતીત થઇ ગઇ. પંડિત દીપકને હોલવી નાખી સૂઈ રહ્યો. યોગમાયા પણ પૂર્વની વાતોનું

સ્મરણ કરતી કરતી વ્યાકુળ ચિત્તે પોતાની દુઃખશય્યા ઉપર જઈ પડી રહી. નિદ્રા ના આવી. તેને યુવાવસ્થામાં પોતાના સ્વામીની પ્રતિમા કેવી હતી તે યાદ આવવા લાગ્યુ. યુવાવસ્થાના આરંભમાં જ આવેલી વૈધવ્ય દશાની અસહ્ય વેદના આજે સત્તાવીસ વર્ષ પછી પુનઃ આ વિધવાના હૃદયને વ્યથિત કરવા લાગી. રૂદન કરી કરીને ઉશીકું ભીંજવી નાખતાં ઘણા સમય પછીથી તેને નિદ્રા આવી; છતાં આ નિદ્રા તે નિદ્રા નહિં પણ સ્વપ્નનુ સામ્રાજ્ય હતુ. તેને એમ લાગ્યું કે તેનો યુવક પતિ તેજ પૂર્ણ: રમણીમોહન અગાસીમાં બેઠો બેઠો ઉચ્ચ સ્વરે ગીત ગાય છે. તે આશ્ચર્યથી ઉઠીને બેઠી થઈ જોયું તો પ્રભાત થઈ ગયું હતું. સૂર્યના કિરણોથી સર્વ સ્થાનોની શોભા વધી ગઇ હતી. એવા આકર્ષક સૂર્ય ભગવાનનાં કોમળ પ્રકાશમાં ઉભો ઉભો પંડિત રમાનાથ વેદગાન કરી રહ્યો હતો.

ત્યાર પછી જ્યારે જ્યારે એ વિધવા પંડિતના ઓરડામા કામ કરવા આવતી ત્યારે ત્યારે તેને માટે કાંઇ ખાનપાનની વસ્તુઓ લેઇ આવતી હતી. સંધ્યાકાળે તે જાતે જ પંડિતની ઓરડીમાં દીપક સળગાવતી હતી. તેનુ શાંત હૃદય ઉદ્વિગ્ન થઇ ઉઠતુ હતુ. તેના શાંત ચિત્તમાં અનેક પ્રકારની ચિંતાઓના તરંગો ઉપસ્થિત થતા હતા, તથા પ્રાતઃકાળે જ્યારે પંડિત પોતાના વિદ્યાર્થીઓને ઉપનિષદનું શિક્ષણ આપતો હતો ત્યારે તથા અર્દ્ધ રાત્રિ પર્યંત દીપકની રોશનીમાં એકલો બેસીને સંગીતપૂર્ણ સ્વરમાં મહાભારત તથા કોઇ પુરાણ વાંચતો હતો ત્યારે યોગમાયા બેશુદ્ધ બની જઇ પંડિત પ્રતિ અનિમેષ દૃષ્ટિથી જોતી હતી, તથા તન્મય બની જઈ તેની અમૃત વાણી સાંભળતી હતી; આથી કરીને તેનું વ્યથિત હૃદય ઘણું શાંત થતુ હતુ, તથા તે પોતાના જીવનને ધન્ય માનતી હતી. વાચનમાર્ગ

પૂર્ણ થઈ જતું ત્યારે એ અભાગિની એક ગાઢ નિઃશ્વાસ મૂકી વારંવાર યોગિરાજ તરફ જોઇ છેવટે છાતી ઉપર પત્થર મૂકી તે પોતાની ઓરડીમાં પ્રવેશ કરતી હતી. પ્રવેશ કરતાંની સાથે જ જાણે કે સેંકડો વિંછીઓ તેને એક જ સમયે ડંખ કરતા હોય એમ લાગતુ હતું. આવી અવસ્થામા આવો ઉદ્વેગ કેમ? યુવાનીને લીધે? ના યોગમાયાના શરીરમાંથી યૌવન તો ચાલ્યુ ગયુ હતુ. ત્યારે શુ આ નવીન પ્રેમનું જોશ છે? ના, તે પણ નથી. ઘણા દિવસથી યોગમાયા પ્રેમના પાઠ ભૂલી ગઇ છે. તેના મનમાં પ્રણયલતાનુ જે બીજ અંકુરિત થયું હતુ તે વૈધવ્ય દશા આવી પહોંચતા જ સૂકાઈ ગયુ. તો પછી યોગમાયાના હૃદયમાં પુન નવીન ભાવ ઉદય થવાનું શું કારણ છે તે અલ્પ સમયમા જ પાઠકો જાણી જશે. પડિતને જોતા જ યોગમાયાના હૃદયમાં પોતાની પૂર્વાવસ્થાનું સ્મરણ થઈ આવતુ હતુ. તેનુ મન આકુળ વ્યાકુળ બની જતુ હતું ને જાગ્રત અવસ્થામા પણ સ્વપ્નો જોઈ શકતી હતી

જે દિવસે પડિતે પોતાનુ જીવન-વૃત્તાન હેમચદ્રને કહ્યુ હતુ તે દિવસે યોગમાયાનુ હૃદય વિશેષ ચિતાતુર અને વ્યાકુળ બની ગયુ. ' પડિત પૈસાદારનો પુત્ર હતો. અઢાર વર્ષની ઉમરમા તેણે એક મહાસંકટમા ફસાઇ જવાથી પોતાનુ સર્વસ્વ ગુમાવ્યુ હતું. પુનઃ પશ્ચિમ તરફથી સનાતનપુરમાં આવી પહોંચ્યા છે. આ પડિત કોણ છે? શું પૂર્વે કદાપિ તે પોતાના જોવામાં આવ્યા નથી? ના ના, આ તો મ્હારા મનની એક કલ્પના જ છે! પ્રભુ આપ મ્હારૂં રક્ષણ કરો કે જેથી હુ મ્હારો ધર્મ ભૂલું નહિં, જેથી હુ માયામોહમાં મુગ્ધ થાઉં નહિં. હે પ્રભુ! આપ મ્હારા હૃદયમાં એવું

બળ આપો કે જેથી હું નિર્લોભ થઇ જઈ મ્હારા જીવનનો શેષ સમય પવિત્રતામાં વ્યતીત કરી શકું અને કદાપિ ધર્મ પંથથી વિચળિત થાઉં નહિં."

કેટલાક દિવસ સુધી યોગમાયાના હૃદયમાં વ્યાકુળતા રહી. પૂર્વકાળના સ્મરણ તથા નવીન આશાથી તેનું સુકાઇ ગયેલુ હૃદય કાંઈક શીતળ થવા લાગ્યું. ત્યાર પછી પંડિતે તરંગિનીને જે વચનો રમણીમોહન સંબંધી કહ્યાં હતા તે સાંભળવામાં આવતા યોગમાયાના મનમા સદેહ રહ્યો નહિ. તેને એવો પણ વિચાર થઈ આવ્યો કે તે તેજ વખતે સ્વામીના ચરણમા ઢળી પડી પોતાના ઉત્તમ આત્માને શીતળ કરે, પરંતુ સ્વામી શુ તેમ કરવાથી સતુષ્ટ થશે ? શુ તે હવે પોતાને ગ્રહણ નહિ કરે ? આટલા દિવસ સુધી તો તેણે પોતાની પત્નીને ઓળખવા છતા ગ્રહણ કરી નહિ ! તે સબધી કદાપિ કાંઈ કહ્યું પણ નહિં. શુ પતિને સ્ત્રીએ જ પ્રથમ પોતાનો પરિચય આપવો ? અનેક પ્રકારના વિચારો કરી તે દિવસે યોગમાયા અન્નજળ લીધા સિવાય સૂઇ રહી.

આખી રાત્રિ શય્યામાં આળોટયા કરી તેના નેત્રોમા બિલકુલ નિદ્રા આવી નહી. તેના નેત્રો આગળ સકળ વાતો સ્વરૂપ ધારણ કરીને નૃત્ય કરવા લાગી. પંડિતનું રૂપ તથા રંગ. તેનો વેદપાઠ, તેનો પરિચિત સ્વર તથા તેની ઝોળીની અંદર એક હતી ન્હાની પેટી એ પણ તેને યાદ આવી. પંડિત પેટીની કુંચીને ઉશીકા નીચે મૂકીને સૂઇ જાય છે, એ યોગમાયા જાણતી હતી. પેટીમાં શું છે તે જાણવાની તેને ઘણી જીજ્ઞાસા ઉત્પન્ન થઇ તેથી તેણે પેટી ઉઘાડી જોવાનો નિશ્ચય કર્યો.

મધ્યરાત્રિને સમયે યોગમાયા હાથમાં દીવો લઇ પંડિતના ઓરડામાં ગઇ, તથા ધીમેથી ઉશીકા નીચે મૂકેલી કુંચી કાઢી લેઇને તેણે પેટી ઉઘાડી. આ પેટી ઉઘાડતાંની સાથે જ જે વસ્તુ તેની નજરે પડી તે તેને વિશેષ સંતાપ થવાના કારણરૂપ થઇ પડી. તેના નેત્રોમાંથી આસુઓ ટપકવા લાગ્યાં. રમણીમોહનને વિવાહ થઇ ગયા પછી સોનાનો એક ચદ્રહાર કે જે તેની માતાના ગળાનો હતો તે પોતાની નવવધૂને આપ્યો હતો. યોગમાયાએ સ્વામીનો પ્રથમ ઉપહાર ઘણા પ્રેમથી તથા આનંદથી હૃદયમા ધારણ કર્યો. ત્યાર પછી તે ચદ્રહાર કોઇની પણ પાસે રાખવા આપવાનો વિશ્વાસ પડયો નહિ. તેથી કરીને તેણે એ ધન પોતાના પતિને રાખી મૂકવા આપ્યું. આજે સત્તાવીસ વર્ષ પછી પુનઃ તેણે એ ધન પોતાના સ્વામીની પેટીમાં જોયું. જોતાં જ તેના હર્ષ તથા વિષાદની સીમા રહી નહિ. આ સમય દરમ્યાન રમણીમોહન ઘાયલ થઇ દેશ ત્યાગી થયો, દેશાંતરમા ભિક્ષા માગી તેણે પોતાનું જીવન ટકાવી રાખ્યું, છતા યોગમાયાના હારને અન્યના હાથમાં જવા દીધો નહિ. પુનર્વિવાહ કર્યો, છતા પણ તેણે પોતાની નવી પત્નીને એ હાર આપ્યો નહિ. યોગમાયાએ સોપેલુ ધન અદ્યાપિ પૂર્વવત્ હયાત હતુ. યોગમાયાએ વિચાર્યું:—" પ્રાણનાથ તમે ધર્મપરાયણ છો, તેથી જ આ અભાગિનીના ધનને અનેક સંકટો આવી પડયા છતાં સાચવી રાખ્યું છે. આ સિવાય મ્હેં મ્હારૂં બીજુ એક રત્ન તમને સોંપ્યું હતું જે બીજુ કાંઈ જ નહિં પણ મ્હારો યૌવનાવસ્થાનો પ્રેમ. જે દિવસે મ્હને સમય મળશે, જે દિવસે તમે મ્હને કાંઈ માગવાની આજ્ઞા કરશો તે દિવસે હુ એ ધનની આપની પાસે યાચના કરીશ."

સમગ્ર રાત્રિ ઉપરોક્ત હારને પોતાની કોમળ છાતી સાથે દબાવી યોગમાયાએ રૂદન કર્યાં કર્યું. છેવટે એ હારને પુન: પેટીમાં મૂકી પેટી બંધ કરી; કુંચીને ઉશીકા નીચે ગોઠવી તે ધીમે પગલે પોતાના સૂવાના ઓરડામાં ચાલી ગઈ.

રમાનાથ યા તો રમણીમોહન યોગમાયાના રંગઢંગ જોઇને સહમજી ગયો કે તેની પતિપરાયણા હતભાગિની સ્ત્રી હજુ સુધી પોતાના ચિરવિયુક્ત પતિને ભૂલી ગઇ નથી. તેના હૃદયમાં પતિનુ પૂર્વકાળનું સ્વરૂપ હજી પૂર્વ પ્રમાણે જ અંકિત થઇ રહેલુ છે. લાંબી દાઢી તથા જટા બતાવીને હવે પત્નીને વિશેષ દુખી કરવાનું તેણે યોગ્ય ધાર્યું નહિં, તેથી એક દિવસે સંધ્યા સમયે એકાંત મળતા પંડિતે સકળ કથા પોતાની પત્નીને કહી સંભળાવી. સત્તાવીશ વર્ષ પછી પુનઃ તેણે પોત્તાની પ્રણયિનીને છાતી સાથે ચાપી તેનાં નેત્રોમાંનાં આંસુઓ સાફ કર્યાં. તેણે અપૂર્વ પ્રેમથી પત્નીના અધર પર ચુંબન કર્યું. ત્યાર પછી ગંભાર સ્વરે કહ્યુ –" યોગમાયા ! ઇશ્વરની કૃપાથી આપણે બન્ને એક દિવસે આપણા મનની વાત હૃદય ખોલીને એકબીજાને કરીશું. ઘણાં વર્ષથી ઉત્તપ્ત રહેલા આપણા ઉભયના આત્માને શીતળ કરીશું. હમણા જ્યાં સુધી હુ મ્હારૂ પૂર્વ નામ પ્રસિદ્ધ ના કરૂં ત્યા સુધી હું એક વિદેશી પંડિત અને તું જમીનદારના ઘરની એક વિધવા. જો હમણાં લોકો મ્હને ઓળખી જશે તો ફરીથી પુનઃ મ્હારે સંકટને આધીન થવું પડશે. કામિનીકાંતને હુ સારી રીતે ઓળખું છું. જોજે આ વાતને હાલ અહિં જ દાટી દેજે."

યોગમાયાને તો જાણે આકાશનો ચંદ્રમા પોતાના હાથમાં આવ્યો હોય એમ લાગ્યું. પુનઃ તે ચંદ્રમા વાદળામાં ઢંકાઈ ગયો.

પંડિતજીના ઉપર કેસ ચાલ્યો ત્યારથી તે કેસની પૂર્ણાહુતિ થતામા તો તે મરણપ્રાયઃ થઇ ગઇ. છેવટે તે દુઃખ સહન કરી શકી નહિં. તે તાલપુખુર જઈ બિંદુને મળી, તથા પોતાનુ દુઃખ તેણે તેને કહી સંભળાવ્યું. બિંદુએ તેને ઘણી સાંત્વના આપી. ત્યાર પછી યોગમાયા બિંદુને સાથે લેઇ વર્દ્ધમાન ગઇ.

કેસનો નિકાલ થઇ ગયો. યોગમાયાનો પતિ મુક્તિ પામ્યો. રમણીમોહનનું નામ ચારે દિશાએ જાહેર થવા લાગ્યું. સર્વ લોકો તેને ધર્માત્મા કહેવા લાગ્યા. ઘેર, બજાર તથા ઘાટ પર સર્વત્ર તેનો જય જયકાર થવા લાગ્યો. યોગમાયાનુ કોમળ હૃદય આનંદના ઉત્કટ આવેગથી ફાટી જવા લાગ્યુ. તેનાં નેત્રોમાથી હર્ષાશ્રુઓ નીકળી પડવા લાગ્યાં. તે ચંચળ ચિત્તથી પતિના આગમનની રાહ જોવા લાગી જ્યારે રમણીમોહન કચેરીએથી મુખત્યારના ઘેર આવી પહોંચ્યો તથા જેવો તેણે આંગણામાં પગ મકયો કે યોગમાયાથી રહી શકાયુ નહિં. તે પતિ પાસે જઇ તેમના ચરણોમાં ઢળી પડી. તેણે ઘણું રૂદન કરી આંસુથી પતિના ચરણોને ધોતાં ધોતાં પોતાના હૃદયનો વેગ શાંત કર્યો. તેણે પતિની ચરણરજ મસ્તક ઉપર મકી પોતાનુ સકળ દુઃખ દૂર કર્યું.

ચિરકાળ પછીથી પ્રણયીયુગ્મનુ મિલન થયેલું જોઇ ત્યા આગળથી સર્વે માણસો દૂર થઈ ગયાં. આનંદનું રૂદન શ્રવણ કરતાં જ સર્વેનાં હૃદય હર્ષથી વિહ્વળ થઇ ગયાં. સર્વેનાં નેત્રોમાંથી આનંદાશ્રુઓ ટપકવા લાગ્યાં. સુધા ઘરની અંદર જઇને વારંવાર પુત્રના મુખને ચુંબન કરતી હતી અને રૂદન કરતી હતી. બિંદુએ સ્વામીનો હાથ પકડી પોતાના વસ્ત્રના પાલવથી પતિનાં નેત્રો સાફ કર્યાં. ચંદ્ર-

નાથ બાબુ પણ બહાર ઉભા ઉભા હાથ ઉપર ગાલ રાખી આ અપૂર્વ ઘટના સંબંધી વિચાર કરવા લાગ્યા. તેમનાં નેત્રોમાં પણ જળ ભરાઇ આવ્યું. મુખત્યાર સાહેબ તથા તેમનાં ગૃહિણી જૂના જમાનાનાં મનુષ્યો હતાં; તેમણે પોતાના બન્ને હાથો ઉંચા કરી ઇશ્વરને સંબોધી યોગમાયા અને રમણીમોહનની કુશળ પ્રાર્થના કરી.

રમણીમોહને અનેક સાંત્વના-વાક્યોથી યોગમાયાને ધીરજ આપી તેને ઉભી કરી, તથા તેનું ચક્ષુજળ સાફ કરી તેણે પોતાનાં નેત્રો પણ સાફ કર્યાં. ત્યાર પછી તેણે કાંઈ પણ બોલ્યા સિવાય ચુપકીથી યોગમાયાનો પેલો પૂર્વનો ચંદ્રહાર તેના ગળામાં પહેરાવી દીધો !

ત્રિશંત્ પરિચ્છેદ.

શુભ—વિવાહ.

અમારી આ નવલકથા હવે લગભગ પૂર્ણ થઇ છે. અમે તાલપુખુર ગામનું સત્તાવીસ વર્ષનું વૃત્તાંત કહી સંભળાવ્યું.

દરિદ્રની પુત્રી તથા દરિદ્રની પત્ની, શાંત હૃદયા બિંદુ અમારી આ નવલકથાની મુખ્ય નાયિકા છે. બિંદુનો જન્મ થતાં આપણે જોયો છે. જ્યારે તે નવ વર્ષની હતી ત્યારે તેની માતાની સાથે એક દિવસે સાંજે આપણે તેને તળાવના ઘાટ ઉપર જોઇ હતી. બિંદુની

અઢાર વર્ષની ઉમરે તેની વિધવા બ્હેનના પુનર્વિવાહમાં આપણે કલકત્તા ગયા હતા. હવે તેની સત્તાવીસ વર્ષની અવસ્થામાં તેની પુત્રી સુશીલાના વિવાહમાં નિમંત્રિત થયા છીએ.

સુધા પણ દરિદ્ર બાળિકા હતી. તે પોતાની છેક જ બાલ્યાવસ્થામાં વિધવા થઇ હતી. આધુનિક પુનર્વિવાહની પ્રથા સંબંધી સમાજમાંના કેટલાક મુખ્ય ગણાતા ગૃહસ્થો પણ નાક મચકોડે છે, પુનર્વિવાહ કરનારની નિંદા કરે છે, પરંતુ આ આધુનિક ઉત્તમ પ્રથાથી જ સુધાનો પોતાની હતભાગ્ય અવસ્થામાંથી ઉદ્ધાર થયો. તે અત્યંત ઉદારચિત્ત વિદ્વાન્ પતિની પ્રેમાળ પત્ની બની. સુધા બાલ્યાવસ્થાથી જ ઘણી હસમુખી હતી. તેનાં બન્ને નેત્રો સદા સર્વદા આનંદથી વિકસિત રહેતાં હતાં. સુધા સ્વભાવથી જ રસિકા હતી. તાલપુખુર ગામમાં તેના જેવી સત્યવક્તા, સદ્‌ગુણવતી, દયાળુ તેમજ પરોપકારિણી બીજી કોઇ પણ બાળા નહોતી. તેની પતિભક્તિ સાક્ષાત્ સાવિત્રીની પતિભક્તિનો ખ્યાલ કરાવતી હતી.

ધનપુરની ધનવતી વધુ ઉમાતારાના અકાળ મૃત્યુથી આપણે સર્વ ઘણા શોકાતુર છીએ. પરંતુ **यद् भावि तद् भविष्यति** એ સૂત્રના આધારે અત્યારે આપણો શાંત થયા સિવાય અન્ય એક પણ રસ્તો નથી.

હેમચંદ્ર તથા શરત્‌ચંદ્રની સાથે કલકત્તા જઇને આપણે અનેક મ્હોટા પુરુષોના પરિચયમાં આવ્યા છીએ. અનેક મનુષ્યોનાં સુંદર દિવાનખાનાં જોઇને આપણે આપણું જીવન સાર્થક કર્યું છે. ધનંજય બાબુની પૂર્વની ધનાઢ્ય સ્થિતિનું અને અર્વાચીન ગરીબ

અવસ્થાનું અવલોકન કર્યું છે. તેના હાર્દિક મિત્ર તથા મિત્રવધૂઓને જોઈ તે સાથે દુરાચારના પરિણામને પણ નિહાળ્યુ છે. અત્યંત ચતુર તથા વખત સ્હમજનાર સુમતિચંદ્રની ક્રમશઃ ઉન્નતિ થતી જોઇ છે. તેઓ રાય બહાદુરની ઉપાધિ ક્યારે પ્રાપ્ત કરશે તેની જ આપણે રાહ જોઇએ છીએ. કલકત્તાનુ બડાબાજાર આપણે જોયુ છે. ત્યા યશ-માન, મહત્વ અને પાંડિત્યનો વિક્રય થતો જોયો છે. સુધાના વિવાહ પ્રસગે આપણે કલકત્તાનાં અનેક આર્ય સંતાનો અને સર્વ શાસ્ત્રજ્ઞ પડિતોનો પરિચય પ્રાપ્ત કરી કૃતાર્થ થયા છીએ.

આપણે સનાતનપુરમાં અપરિચિત પંડિત રમાનાથ સરસ્વતી-દ્વારા શાસ્ત્રનો ઉપદેશ સાભળીને ત્યાંના જમીનદાર વંશની કેટલીક માહિતી મેળવી છે; તેમ જ પ્રખ્યાત કામિનીકાંત બાબુને પણ જોયો છે એ વિપુલવંશીય જમીનદારના ઘરની નવીના અને પ્રાચીના સ્ત્રીઓનો સાથે કોઇ કોઈ સમે તળાવના ઘાટ ઉપર દેખાદેખી થઇ છે. આ નવલકથામા અમે ભયભીત થઇને એ સ્ત્રી સમાજની પણ બે ચાર વાતો લખી છે. આ સબંધી અમારો કાંઈ અપરાધ થયેલો જણાય તો સ્ત્રી સમાજે અમને ક્ષમા અર્પણ કરવી.

તાલપુખુરનાં 'માજી' અને 'દાદા મહાશય'દ્વારા અનેક પ્રકારની સાંસારિક શિક્ષા તથા ગભીર વિચારો સાંભળીને આપણા સમાજની બુદ્ધિમતી સ્ત્રીઓ અને બુદ્ધિમાન્ પુરૂષો ઉપકૃત થશે અને સંસારનો યથેષ્ટ વ્યવહાર શીખશે એમાં સદેહ નથી.

તાલપુખુરના તારિણીપ્રસાદના વિવાહથી આપણા આનંદની સીમા રહી નથી ! એમના મૃત્યુથી આપણો શોક દૂર થતો નથી. આપણે તેમના ચારિત્ર્યનું તથા તેમના ગૃહસંસારનુ અવલોકન સારી રીતે કરી ચુક્યા છીએ.

'સંસાર' તથા 'સમાજ' દોષ અને ગુણથી પરિપૂર્ણ છે. જેવું નજરે જોવામાં આવ્યું છે તેવું જ વર્ણન કરવાનો યત્ન કર્યો છે. સમાજમાં દોષ જો કે પુષ્કળ છે, તો પણ દોષ કરતાં ગુણ વધારે દેખાય છે. આથી જ ભવિષ્યની ઉન્નતિ સંબંધી કાંઈક આશા રાખી શકાય છે. જે સમાજમાં રમણીમોહન જેવા જમીનદારો છે, ચંદ્રનાથના જેવા વકિલો છે, હેમચંદ્ર જેવા ગ્રામ્યનિવાસી પુરૂષો છે, શરત્ચંદ્રના જેવા સરકારી નોકરો છે એવા સમાજનો ઉન્નતિપથ કોઈથી રોકી શકાય તેમ નથી.

યોગમાયા, બિંદુ અને સુધાના જેવી પતિવ્રતા સ્ત્રીઓ આપણા ભારતમા ઘેરઘેર નિવાસ કરી રહી છે. ભારતભૂમિ અદ્યાપિ ભારત લલનાઓના પુણ્યબળથી ઉજ્વળ છે. હેમચંદ્રે એક દિવસે ભોજન કરી રહ્યા પછી અમારા કાનમા કહ્યું છે કે:-" ભારતની પાકશાળાઓ પણ ભારત રમણીઓના પાક-કૌશલ્યથી ઉજ્વળ છે."

રમણીમોહને વર્દ્ધમાનમા કેટલાક દિવસ રહીને ત્યાના પ્રતિષ્ઠિત પુરૂષોને મળીને તથા તેમની સલાહ લઈને કેટલાંક મહાન્ કાર્યો કર્યા. કામિનીકાન્ત બાબુની સાથે જે જમીનદારીનો ઝઘડો ચાલતો હતો તેનો નિર્ણય થતાં વાર લાગી નહિં. કામિનીકાંતના વકિલોએ જહરના કેસ સમ્બન્ધી કામિનીકાંતની અતિ ભત્સના કરી કહ્યું—" તમારી પાસે હમણા રમણીમોહન બાબુની જમીનદારીનો જે થોડો ઘણો ભાગ છે તે તકરાર કર્યા સિવાય તમે તેમને સ્વાધીન નહિં કરો તો, તથા તેમની પાસે ક્ષમા પ્રાર્થના નહિં કરો તો આપણો અરસ્પરસનો સંબંધ આજથી જ પૂર્ણાહુતિ પામ્યો છે એમ સમજજો. આપનો કેસ હાથમાં લેવાથી વર્દ્ધમાનના વકિલો જેટલા કલંકિત થયા છે તેટલા પૂર્વે કોઈના પણ કેસમાં થયા નથી."

કામિનીકાંત ઘણો જ અભિમાની અને પરાક્રમી જમીનદાર હોવા છતાં આજે તે મહા સંકટમાં સપડાઈ ગયો છે. તેના સુચતુર સલાહકાર સુમતિચંદ્રે પણ તેનો ત્યાગ કર્યો છે. વર્દ્ધમાનના વકિલો તેનો ધિક્કાર કરી રહ્યા છે. જો રમણીમોહન ઇચ્છે તો તે તેની વિરૂદ્ધ જૂનો કેસ પુન ચલાવી શકે તેમ છે ! આવી હાલતમાં કામિનીકાંત શુ કરી શકે? પોતાની આંતર ઇચ્છા નહિં હોવા છતાં તેણે પોતાના ભાઇનો ભાગ કે જે લુચ્ચાઈ કરી પોતાની સત્તામા લઇ લીધો હતો તે પાછો આપી દીધો. ત્યાર પછી તે દ્વેષાગ્નિથી સળગતો સળગતો કલકત્તા ગયો અને ત્યાં તેણે **“ જાતિ સંરક્ષણ સમાજ ”** સ્થાપન કર્યો. પોતાના ઉત્તમ આત્માને શાંતિ મળે એ હેતુથી તેણે પુન નાચતાન થવા દેવાની ઇચ્છા પ્રકટ કરી. કલકત્તામા તેને માટે મુન્નાજાન જેવી કોઈ ઉત્તમ નાચતાન કરનારી નહિ હોવાથી પુન તેનેજ બોલાવવામાં આવી.

રમણીમોહનનું દ્વિતીય કામ—તારિણીપ્રસાદની સંપત્તિ સબંધીની વ્યવસ્થા કરવાનું હતું; જો કે તારિણીપ્રસાદની પોતાના અંતકાળ સમયે પોતાની સકળ સંપત્તિ સુધા તથા બિંદુને આપી ગયા હતા. પરંતુ તેમની બાળવિધવા ગોપબાળાનો આત્મા દુભાવીને એ સંપત્તિનો સ્વીકાર કરવા માટે હેમચંદ્ર તથા શરતચંદ્રે સ્પષ્ટ ના પાડી. હેમચંદ્રે કહ્યું—“ભલે એ બધી સંપત્તિ મ્હારી સાસુના હાથમાં રહે. અમે એ ધનને સ્પર્શ સુદ્ધાં કરવાના નથી.”

રમણીમોહને કહ્યું.—“ગોપબાળા પોતાની યુવાવસ્થાના આરંભમાં જ વિધવા થઇ ગઇ. હવે તેની સંભાળ રાખનાર કોઈ નથી. તેથી તેના હાથમાં સકળ સંપત્તિ આપવાથી પાપમાર્ગે પ્રયાણ કરતાં તેને બિલકુલ વિલંબ લાગશે નહિં. શુ આવો પ્રકાર ભવિષ્યમા તમારાથી જોઈ શકાશે ? ”

ઘણા સમય સુધી વાદવિવાદ થયા પછી એમ નક્કી થયું કે, હેમચંદ્ર અને શરતચંદ્ર જમીનદારીનુ સઘળુ કામ પોતાની દેખરેખમાં રાખે તથા તેમાંથી જે આવક થાય તે ગોપબાળાને આપ્યા કરે, છતા ગોપબાળા આમ કરવામા કબૂલ થઈ નહિં. તે ક્રોધથી વ્યાકુળ બની જઇ વિલાપ કરવા લાગી-" શુ હુ બિંદુ તથા સુધા પાસેથી ભિક્ષા તરિકે રૂપિયા મેળવુ ? આવો વિચાર આવતાં જ તે ઘણું આક્રંદ કરવા લાગી. તેને એટલો બધો ગુસ્સો ચ્હડયો કે તે બિંદુ તથા સુધા સાથે એક શબ્દ પણ બોલી નહિં. તે કોઇને પણ મળ્યા સિવાય ગુપચુપ પોતાના વડિલ બધુ ગોકુળચદ્રની સાથે પોતાના પતિની સપત્તિ પોતાને સ્વાધીન થાય એવા ઉપાયો યોજવા ચાલી ગઇ. કેટલાક દિવસ પછી ગોકુળચદ્ર પોતાના પ્રયત્નમા નિષ્ફળ થઇ પાછો આવ્યો. ગોપબાળાના બિલકુલ સમાચાર જ આવ્યા નહિ. બિંદુને કોઈ કોઇ કહેતું હતું કે—" ગોપબાળા સલાહ લેવાને માટે હમેશાં સુમતિચંદ્રને ત્યાં જાય છે ! "

રમણીમોહનનુ ત્રીજુ કાર્ય—પુત્રનો વિવાહ નક્કી કરવા સબધીનું હતું. ઘણા દિવસ પૂર્વે રમણીમોહને હેમચદ્રને પોતાનું જીવન-વૃત્તાન્ત કહેતી વખતે એક એવો પ્રશ્ન પૂછયો હતો કે ભિન્ન જાતિમા વિવાહ વિધેય છે કે નહિં? આ સબધી હેમચંદ્રનો મત શું મળ્યો હતો તે પાઠકો અગાઉ વાંચી ચુક્યા છે. હેમચંદ્ર હવે જ એ પ્રશ્નનું રહસ્ય સમજી ગયો. તેણે આનદથી પુલકિત થઇ નવયુવક દેવીપ્રસાદની સાથે પોતાની પુત્રી સુશીલાનો વિવાહ કરવાની ખુશી દર્શાવી. સુશીલાની માશી (સુધા)એ સુશીલાને ચુંબન કરી કહ્યુ:—"જો બ્હેન ! મ્હોટા ગૃહની કુળવધૂ બની અમને સર્વને ભૂલી જઇશ નહિં."

બ્રાહ્મણના પુત્ર સાથે કાયસ્થની પુત્રીનો વિવાહ થશે એવા વર્તમાન પ્રસરતાં વર્દ્ધમાનમાં ઘણી જ ધામધૂમ મચી ગઇ, પરંતુ હેમચંદ્ર અને રમણીમોહને જે કાર્ય કરવાનો મનમાં નિશ્ચય કર્યો હતો તે કાર્યથી તેઓ લોકનિંદાને લીધે કે સમાજભયને લીધે પાછા હઠે એમ નહોતું. વિવાહનો દિવસ નક્કી કરવામા આવ્યો. સગાં વ્હાલાંઓને નિમંત્રણપત્રો મોકલવામા આવ્યા. તાલપુખુરમા ઘણી જ ધામધૂમ સાથે વિવાહ કરવાનુ નક્કી થયુ.

શરતચંદ્ર મૈમનસિંહ ચાલ્યો ગયો, પરંતુ સુધા વિવાહકાર્ય સંપન્ન થઇ ગયા સિવાય જવાની નથી, તેથી તે બાળકને લેઇને હેમચંદ્ર અને બિંદુની સાથે તાલપુખુર આવી. આ તરફ યોગમાયા અને રમણીમોહને ઘણા સમારોહથી સ્વગૃહે આવી પોતાની જમીનદારીને પોતાની સત્તામા લીધી. આખા સનાતનપુર ગામમાં ધામધૂમ મચી રહી. આજે હાટ, બજાર, ગલી તથા સડકો ઉપર નવા જમીનદાર સંબધીની જ ચર્ચા ચાલી રહી હતી. તળાવના ઘાટ ઉપર એકત્ર થતી સ્રીઓમા આજે યોગમાયા સિવાય બીજી કોઇ પણ બીની વાત ચાલતી નથી.

કુસુમકુમારીઃ—"ભુંડ્રા બાબુનુ ભાગ્ય પ્રબળ છે! કાળા પહાડની રંગીન સાડી તથા કિમતી અલંકારો પહેરવાથી યોગમાયા કેટલી બધી સુદર દેખાય છે? હવે તેનું સૌંદર્ય ખૂબ ખીલી નીકળ્યું છે."

હેમકુમારી.—"વાહ, એ તો જાણે એમ બને જ. રતિને મદન મળે, પાર્વતીને શંકર મળે, લક્ષ્મીજી ને નારાયણ મળે એટલે પ્રણયીયુગ્મના અંગમા સુંદરતાની જે બહાર પ્રવેશ કરે છે તે બહાર કોઈ પણ મનુષ્યને પોતાના તરફ આકર્ષ્યા સિવાય સ્થિર રહી શકતી નથી. હમેશાં જેવી

રીતે ચુંબક લોઢાને પોતાના પ્રતિ આકર્ષે છે તે જ પ્રમાણે પ્રણયી-પાત્રોનું પણ અરસ્પરસ આકર્ષણ થાય છે અને તેના પરિણામે ઉભય આત્માઓ તદાકાર બની જઈ એકતાને પ્રાપ્ત કરે છે."

કુસુમકુમારીઃ—"હાં, પણ મ્હેં તો વળી એમ પણ સાંભળ્યું છે કે, રમણીમોહનના પુત્ર સાથે તાલપુખુરના હેમચંદ્રની પુત્રીનો વિવાહ થનાર છે."

ધનગર્વિતા સ્વર્ણકુમારીએ પોતાના હાથમાંના સુવર્ણ કંકણોને હલાવતાં હલાવતાં હસ્તાભિનય કરી કહ્યું—"તું શું કહે છે? એમ કદાપિ બને ખરૂં કે? અમે સર્વ બ્રાહ્મણ છીએ. દેવાંશી જાત કહે-વાઈએ છીએ! અમારી સાથે કદાપિ કાયસ્થ જાતનો સંબંધ થઇ શકે ખરો કે?"

બીજી બાજુએ રમણીમોહને ગામમાં આવીને ગામનાં ન્હાનાં મ્હોટાં સર્વે લોકોને ત્યાં કપડાં, મીઠાઇ વગેરે અનેક પ્રકારના ઉપ-કારની વસ્તુઓ મોકલી આપી. યોગમાયાએ પોતાની જ્ઞાતિની બા-ળકીઓને, વૃદ્ધાઓને તથા દાસીઓને સન્માનપૂર્વક કપડાં તથા અલંકારો આપ્યા. ગામના નવા જમીનદારનો સર્વત્ર જય જયકાર થવા લાગ્યો. બાબુ સાહેબના ઘરમા તથા તળાવના ઘાટ ઉપર થતી સ્ત્રીઓની સમાલોચના તથા જૂના જમાનાના ખબરપત્રીઓની ખબરો બંધ પડી ગઇ. વૃદ્ધા સ્ત્રીઓ કિંમતી સાડી પહેરી અનુગ્રહની સાથે બોલવા લાગીઃ-"કોઇ ગમે તેમ કહો, પરંતુ યોગમાયાના મનમાં દયા-ધર્મ છે. આપણા સર્વના ઉપર તેનો અપાર પ્રેમ છે. જો કે તેના પુત્રનો વિવાહ બીજી જાતિમાં થાય છે એ ઘણું ખોટું થાય છે પરંતુ ભાવિમાં જે બનવાકાળ હોય તે બન્યે જ જાય છે.

વળી આ સંબંધી તેમને દોષ દેવો ઉચિત નથી. ચંદ્રમાને પણ કલંક લાગેલું છે. આ બધો ભાગ્યનો જ દોષ છે."

ગામમાં પોતાને પંડિત તરીકે ઓળખાવવાનો ડોળદમામ કરતા જૂના વિચારના કેટલાક કહેવાતા વિદ્વાનોએ એક દિવસે રમણીમોહનની પાસે જઇને તેમણે દેવીપ્રસાદ તથા સુશીલાનો વિવાહ સંબંધ નહિં કરવાનું જણાવ્યું, તથા કહ્યું કે:—"શાસ્ત્રસંમત કાર્ય કરવું જોઇએ. સમાજ વિરૂદ્ધ કાર્ય કરવું તમારા જેવા સુજ્ઞ જમીનદારને યોગ્ય નથી." આ પ્રમાણે કહી તેમણે સર્વેએ અનેક લૌકિક તથા વૈદિક પ્રમાણો આપીને પોતાના મતને મજબુત કર્યો અને કહ્યું કે.—"સમાજની આજ્ઞા લેઇને આપ આ કામ કરજો."

રમણીમોહને સ્મિત કરી કહ્યું:—"કોની આજ્ઞા લઇને કામ કરૂં ? દેશનો રાજા જૂદા ધર્મનો હોવાથી તે આપણા શાસ્ત્રની વાત જાણતો જ નથી. તમે સર્વે શાસ્ત્રની વાતો જાણો છો, પરંતુ પોતાનુ પ્રભુત્વ કાયમ રાખવાને માટે તમે જૂદા પ્રકારની વ્યવસ્થા સબંધીની રચના કરો છો, તેથી જ લોકો એ વ્યવસ્થાને તુચ્છ ગણી પોતાના ધર્મજ્ઞાન પ્રમાણે સમાજની ઉન્નતિના પ્રયાસો કરી રહ્યા છે. જે લોકો હમણાં પરદેશગમન કરે છે તેમને તમે પોતે રજા આપી હતી? આજકાલ અનેક જાતિના વિદ્યાર્થીઓ એક જ નિશાળમાં સાથે બેસીને અભ્યાસ કરે છે, એક જ સ્થળે નિવાસ કરે છે, એકત્ર વ્યવસાય કરે છે કેટલેક સ્થળે એકત્ર થઇને સહભોજન કરે છે તે સંબંધી શું આપે પરવાનગી આપી હતી? લોકો હવે બહુ વિવાહની પ્રથાથી દૂર છે, બાળવિવાહને દૂર કરે છે સ્ત્રી શિક્ષણનો પ્રચાર કરે છે, બાળવિધવાનો પુનર્વિવાહ કરે છે, આ સંબં-

ધર્મમાં પણ તમે કદાપિ સંમતિ દર્શાવી છે? પ્રિય બંધુઓ! ધર્મ એજ મનુષ્યનો સાચો મિત્ર છે. ધર્મ એ જ ઉન્નતિનો મુખ્ય ઉપાય છે. જો આપ સર્વે ધર્મ પ્રત્યે આપની દૃષ્ટિ અચળ રાખીને, પ્રાચીન શાસ્ત્રના સિદ્ધાંતો ઉપર ધ્યાન આપીને **સમાજ**ને તેના ઉપરોક્ત શુભ કાર્યો બદલ આપની સમ્મતિ દર્શાવી હોત તો તો ક્યારનીય આપણા **સમાજ**ની ઉન્નતિ થઇ હોત આ પ્રમાણે નહિ કરતાં આપ જો આપની સ્વાર્થવૃત્તિનો ત્યાગ નહિ કરો તો હિંદુ સમાજ પોતાની ઉન્નતિનો ઉપાય પોતાની જાતે જ શોધી કાઢશે, પરંતુ તે તમારા મત પ્રમાણે ચાલીને કદાપિ અવનતિના ઉંડા ખાડામાં પડશે નહિ પંડિત મહાશયો! આપ સર્વે એક વખત પ્રકૃત ધર્મ તરફ દૃષ્ટિ કરી જુઓ પ્રાચીન શાસ્ત્રના સિદ્ધાંતો સબંધી કાંઇ વિચાર કરી જુઓ. અર્થ સહિત વેદવેદાંગનો પાઠ કરો. વેદની શિક્ષા પ્રાપ્ત કર્યા સિવાય ન્યાયશાસ્ત્રનું તત્વ સમજાવવું એ પાપ પૂર્ણ કાર્ય કર્યા સમાન છે અને તેથી દેશનુ અશુભ થાય છે.*

ગામના પંડિતો ચાલ્યા ગયા ત્યાર પછી થોડા સમયે કલકત્તાથી કામિનીકાંતે મોકલેલા કેટલાક મહાન્ પુરૂષો સલાહ આપવાને માટે આવ્યા તેમણે સર્વેએ કહ્યું:—"અમે સર્વે **જાતિ સંરક્ષક સમાજ**ના સભાસદો છીએ અને કામિનીકાંત બાબુ આ **સમાજ**ના નેતા છે. તેમણે અમને આપને એવુ કહેવાને મોકલ્યા છે કે આપ ભિન્ન જાતિની કન્યા સાથે આપના પુત્રનો વિવાહ કરશો નહિં; વળી તદુપરાંત તેમણે એવું પણ કહાવ્યું છે કે આપની અને તેમની વચ્ચે બનવાનુ હતું તે બની ગયું છે; હવે તેમને આપના

*वासिष्ठ धर्मसूत्र ३, ६, १२.

પ્રત્યે કોઇ પણ પ્રકારનો દ્વેષ ભાવ નથી. આપ સમાજ વિરૂદ્ધ કાર્ય કરી પાપમાં પડતા બચો એ શુભ હેતુને લીધે જ તેમણે અમને અત્રે મોકલ્યા છે !"

રમણીમોહને સ્મિત કરી કહ્યું:—"હું મ્હારી અલ્પ બુદ્ધિ પ્રમાણે તો એમ જ ધારૂં છું કે મ્હેં જે કાર્ય કરવાનો નિશ્ચય કર્યો છે તે કાર્ય પાપપૂર્ણ નહિં પરંતુ ધર્મસંમત છે. આપ મ્હારા તરફથી મ્હારા ભાઇને એટલુ કહેજો કે હવે જો આપ ધર્મ પ્રમાણે વર્તશો તો આપણો વંશ ઉજવળ થશે. જો તેઓ વારાંગનાનો ત્યાગ કરી ઘેર આવે તો તેમની સ્ત્રીના જીવનનુ સાર્થક થાય. નહિં તો અબળાની આંતરડીના નિશ્વાસોનું ઘણું જ અનિષ્ટ પરિણામ આવે છે. શાસ્ત્રમાં એવું લખેલું છે કે પતિવ્રતા સ્ત્રીનો પરિત્યાગ કરવાથી ગધેડાનુ ચામડું પહેરીને છ માસ સુધી પ્રાયશ્ચિત્ત કરવું પડે છે.*

કામિનીકાંતે મોકલેલા માણસો ચાલ્યા ગયા એટલે તાલપુખુર અને સનાતનપુરના સામાજિક મુખ્ય પુરૂષોએ એકત્ર થઇને આ વિવાહ બંધ રખાવવા માટે રમણીમોહન પાસે આવ્યા. આગંતુક મુખ્ય પુરૂષોમાંથી એક પુરૂષે ઘણા સમય સુધી પોતાનો કક્કો ખરો કરવાનું ભાષણ ભરડયા કર્યું, એટલે રમણીમોહને તેને ઉત્તર આપ્યો:— "ઉપદેશક મહાશય ! હું આપના ઉપદેશનો સારાંશ સ્હમજી ગયો છું. ભિન્ન જાતિમાં વિવાહ કરવો એ અધર્મ છે એવું મ્હારા માનવામાં નથી આવતું. મ્હારી માન્યતા તો એવી છે કે, વિવાહિતા સ્ત્રીના પ્રત્યે નિષ્ઠુર આચરણો આચરવા એમાં જ પાપ છે. મ્હે તમારી સાધ્વી સહધર્મિણીને તેની બાલ્યાવસ્થામાં મ્હારા ખોળામાં રમાડી

---

* આ૦ ... ૧ । ૧૦ । ૨૮ । ૬૯.

હતી, પરંતુ મ્હને દિલગિરી થાય છે કે આપનાં અતિશય કઠોર આચરણોથી આજે તે રોગને આધીન થઇ મૃત્યુશય્યા પર સૂતી છે; આથી જ મ્હારે કહેવું પડે છે કે ક્ષમા કરો. સતી સ્ત્રીને સતાવવાથી વંશ નિર્વંશ જાય છે, એવુ શાસ્ત્રનુ વચન છે.[1]

"જેવી રીતે અન્યને શાસ્ત્રનો ઉપદેશ આપવાની આપને ટેવ છે તેવી જ રીતે આપ શાસ્ત્રના ઉપદેશ પ્રમાણે વર્ત્તના હો એમ ધારી શકાતું નથી, આથી મ્હારે તમને એક સૂચના આપવી પડે છે. તમારી ગૃહિણી મ્હારી પુત્રી સમાન છે અને તમે મ્હારી પ્રજા છો, મ્હારી જમીનદારીમા રહો છો, તેથી જ હું કહુ છુ કે તેના ઉપર હવે વિશેષ જુલમ ગુજારશો નહિ."

ઉપદેશક મહાત્મા પોતાના મંડળને સાથે લેઇ ચાલ્યા ગયા, પરંતુ તે જ દિવસથી તેમણે પોતાની પત્નીની સેવા શુશ્રુષા માટે એક દાસી રાખી, તથા તેઓ પોતે પણ પત્નીને આરામ થાય એવા યત્નો કરવા લાગ્યા. તેમની પત્ની કે જે બિચારી ચિરરોગિણી હતી ને મૃત્યુના મુખમા જઇ પડેલી હોવા છતાં મુક્તિ પામી અને તેનું જીવન બચ્યુ.

વિરૂદ્ધદળના સર્વ બંધુઓ અને સલાહકારોના ચાલ્યા ગયા પછી સંધ્યા સમયે હેમચંદ્રે રમણીમોહન બાબુ પાસે આવીને કહ્યું:— "સર્વે સનાતનધર્મીઓ આ વિવાહને બંધ રખાવવા ઇચ્છે છે. જો આપને લોકોની તથા આપણા અશિક્ષિત સમાજની વિરૂદ્ધ થઇને આ કાર્ય કરવું હોય તો બેલાશક કરો. મ્હારૂ તો એમ માનવું છે કે

1 मनुसंहिता ३ । ५७.

મ્હારા એકલાની સાથે નિકટ સબંધ સાધી આપે બીજા બધાં મનુષ્યોથી શા માટે અપમાનિત થવું ? ”

રમણીમોહનઃ—“ આ કાર્ય સબંધી તમારા મનમાં શું સંદેહ ઉત્પન્ન થાય છે ? શું તમને કોઈ પણ પ્રકારની હરકત જણાય છે ? ”

હેમચંદ્રઃ—“ મ્હારા મનમાં લેશ પણ સંદેહ નથી. તેમણે મ્હને જાતિચ્યુત કરી દીધેલો જ છે. મારી સાથેના ખાનપાનના વ્યવહારનો ત્યાગ કર્યો છે. આપ ઉલટું મને આપનો સબંધી બનાવી મારૂ સન્માન કરવા ઇચ્છો છો, મ્હારી કન્યાનો પતિત દશામાંથી ઉદ્ધાર કરવાની ઇચ્છા રાખો છો આથી મ્હારે માટે વિશેષ સૌભાગ્યની વાત બીજી કઈ હોઈ શકે ? હું તો ફક્ત આપને માટે જ કહેતો હતો કે મારો ઉદ્ધાર કરવાને માટે આપે શા માટે કલંકિત થવું ? ”

રમણીમોહનઃ—“ ત્યારે પછી નિશ્ચંત રહો. તમારા જેવાની સાથે સંબંધ સંધાવાથી મારો આત્મા અતિ પ્રસન્ન થશે. સુશીલા જેવી સર્વગુણસંપન્ન સહધર્મિણી મેળવીને દેવીપ્રસાદ પણ પ્રસન્ન થશે. હું જ્યાં સુધી પાપ પુણ્યને પિછાની શકું છું, ત્યાં સુધી તો આ કાર્ય ધર્મ વિરૂદ્ધ નથી, તેમ જ કર્તવ્ય વિરૂધ પણ નથી. મ્હારૂં હૃદય જ્યારે મ્હને સારૂ કાર્ય કરવાનો આદેશ આપી રહ્યું છે. ત્યારે પછી તે કાર્ય કરવામાં વિમુખ થવાનો મારો સ્વભાવ નથી.”

* * * *

સનાતનપુરના જમીનદાર રમણીમોહન બાબુના એકના એક પુત્રના વિવાહ માટે ઘણી ધામધૂમ ચાલી રહી. મ્હોટો ઉત્સવ થયો. જો કે રમણીમોહનને વિશેષ ધામધૂમ તેમ જ આડંબર પસંદ નહોતો,

કારણ કે તેને સત્તાવીસ વર્ષ સુધી ભૂમિ ઉપર કામળ બીછાવી શયન કરવાની, તથા અતિ સાધારણ આહાર કરવાની ટેવ પડી હતી, આમ છતાં આજે મહાસમારંભ કર્યા સિવાય ચાલે તેમ નહોતું. આજે દેશ વિદેશમા અર્થાત્ સર્વ સ્થળે એવી વાત જાહેર થઇ ગઇ છે કે, પરમ પરાક્રમી જમીનદાર રમણીમોહને સનાતનપુરમાં આવી પોતાની સંપત્તિ પુન પોતાના હાથમાં લીધી છે. આજે ગામેગામ વર્તમાન ફેલાઇ ગયા છે કે શાસ્ત્રના તત્વવેત્તા બ્રાહ્મણ જમીનદાર પ્રાચીન હિંદુશાસ્ત્રની આજ્ઞા પ્રમાણે પોતાના પુત્રનો વિવાહ કાયસ્થની પુત્રી સાથે કરનાર છે આજે ઘેરે ઘેર એવી વાતની ચર્ચા ચાલી રહી છે કે સચ્ચરિત્ર દેવીપ્રસાદ સાથે લક્ષ્મીના જેવી સદશ સુલક્ષણા સુશીલાનો વિવાહ થશે ચારે તરફથી લોકોના ટોળેટોળા નવીન જમીનદારના પુત્રનો વિવાહ સમારોહ જોવા આવ્યાં છે જમીનદારનું જૂનું મકાન આજે રંગરોગાનથી જાણે નવું જીવન પ્રાપ્ત કરીને સ્મિત મુખે દહનાથી ઉભુ હોય એવો ભાસ થાય છે. આમ્રપલ્લવ તથા પુષ્પમાળાઓથી દ્વાર અલંકૃત થઇ રહ્યાં છે સડકની બન્ને બાજુએ લાલ, પીળા, ભૂરા વગેરે અનેક રંગના વાવટાઓ અને ધ્વજાઓ ઉડી રહી છે. આજે જ્યા જોઇએ ત્યા સર્વત્ર આનંદની રેલછેલ જણાય છે. જમીનદારના વિશાળ પ્રાસાદમા સ્ત્રીઓનો આનંદધ્વનિ શ્રવણે પડે છે અનેક નવયૌવનાઓ જૂદી જૂદી મંડળી બાંધી મંગળ ગાનો ગાઇ રહી છે. આજે સ્હવારથી જ લોકોની એટલી બધી ભીડ જામી ગઇ છે કે, ચાલવાની જગ્યા સુદ્ધાં જડતી નથી. અનેક પ્રકારનાં મંગળ વાદ્યોથી તથા મનુષ્યોના કોલાહલથી આકાશ પ્રતિધ્વનિત થઇ રહ્યું છે. આજનું પ્રભાત વિશેષ મંગળજનક માલુમ પડે છે !

સંધ્યા સમયે ઘણા ઠાઠમાઠ સાથે વરઘોડો નીકળ્યો. વરઘોડાની શોભા ખાસ જોવા લાયક હતી. સનાતનપુરથી તે તાલખપુર સુધી જે સડક જાય છે તે આજે રોશનીથી પ્રકાશમાન્ થઇ રહી છે. સેંકડો મશાલચીઓ હાથમા મશાલ લેઇને સડકની બન્ને બાજુએ ચાલે છે. પ્રેક્ષકોની ભીડની સીમા જ નથી થોડા થોડા સમયના અંતરે રંગબેરંગી દારૂખાનુ પ્રેક્ષકોને અતિ આશ્ચર્ય પમાડે છે. ઘણા જ બંધુ મંડળની વચ્ચે ધીમે ધીમે હ્રષ્ટપુષ્ટ તથા તેજસ્વી શરીરવાળો રમણીમોહન પગે ચાલતો જાય છે, તથા તેની પાછળ સુંદર પાલખી ઉપર ચ્હડેલા વરરાજાના વેષમાં દેવીપ્રસાદ દર્શન દે છે. લોકોનાં ટોળે ટોળાં નવા જમીનદાર રમણીમોહન અને તેના દર્શનીય પુત્ર દેવીપ્રસાદના દર્શન કરી આનંદથી જયજયકાર કરવા લાગ્યાં.

બીજી બાજુએ ધનહીન બિંદુની પર્ણકુટી પણ લોકોથી પરિપૂર્ણ હતી. બિંદુ બિચારી ઘણી ગરીબ હતી. સમાજે તેને જાતિચ્યુત કરી દીધેલી હોવાથી તેના ઘરમાં આજે જ્ઞાતિમંડળની સંખ્યા કાંઈ અધિક પ્રમાણમાં નહોતી; આમ છતાં બિંદુની પુત્રીનો સનાતનપુરના સુપ્રસિદ્ધ જમીનદારના પુત્ર સાથે વિવાહ થશે, બિંદુ બ્રાહ્મણ જમીનદારની કુટુંબિણી થશે, સુશીલા જમીનદારના ઘરની પુત્રવધૂ થશે, તેથી કરીને સમગ્ર ગામની સ્ત્રીઓએ આજે બિંદુને ત્યાં આવવાની કૃપા કરી. જૂના સ્વજન મંડળે આટલા દિવસ પછી તેને યાદ કરી. સ્નેહી જનો પણ ઉભરાઇ જવાં લાગ્યાં. અનેકે તેને ત્યાં સુંદર વસ્ત્રો તથા મીઠાઇ મોકલી આપી. પ્રાતઃકાલિક સૂર્યના પ્રકાશમાં જેવી રીતે જૂદાં જૂદાં વૃક્ષો પર નિવાસ કરતાં અનેક પક્ષીઓ બહાર નીકળી આકાશને ઘેરી નાખે છે તે જ પ્રમાણે બિંદુના

સૌભાગ્ય સૂર્યનો ઉદય થયેલો જોઇને જ્ઞાતિવર્ગનાં તથા સ્નેહીવર્ગનાં મનુષ્યોએ ચારે દિશાએથી આવીને તેના ન્હાના ગૃહને ઘેરી લીધું.

આજે બિંદુના ગૃહમાં સુધાના જેવી ઉમંગી તથા તેના જેવી પ્રસન્નહૃદયા બીજી કઇ સ્ત્રી હશે? તેના આનંદ તથા ઉલ્લાસનો અનુભવ કોણ કરી શકે તેમ છે? સુધાના વિવાહ સમયે ઘણા લોકોએ તેની નિંદા કરી હતી. વ્યભિચારિણી કહીને જેને સમાજથી બહિષ્કૃત કરવામાં આવી હતી તે જ સુધા મ્હોટા પુરૂષની ગૃહિણી થઇ છે, મ્હોટા પુરૂષની સંબંધી થવાની છે. આજે સર્વે લોક સુધાની તરફ પ્રેમપૂર્ણ દૃષ્ટિથી જુએ છે. મિષ્ટ વચનોદ્વારા સીમ ડળ તેને માન આપે છે, તથા તેને સંતુષ્ટ કરવાને માટે અનેક પ્રકારના યત્નો કરે છે. સુધાના સરળ તથા પવિત્ર હૃદયમાં લેશ પણ રોષ જણાતો નથી. જે સ્ત્રીઓ પૂર્વે તેને ગાળો દેતી હતી તે સર્વના તરફ આજે સુધાનું વર્ત્તન એક ભગિનીના જેવું હતું. જેમણે સુધાને કુલટા કહી સમાજથી અલગ કરી હતી, તેમને સર્વેને આજે તે માનપૂર્વક બેસાડે છે, તથા હાસ્યમુખે તેમની સાથે વાર્ત્તાલાપ કરે છે. ક્ષમા એ જ સમાજની બેડી છે, ક્ષમા જ મનુષ્યના હૃદયને સંતોષ આપનારી છે. રોષ, ઇર્ષ્યા, અભિમાન અને દંભે આપણા સમાજના ઉપર પોતાની સત્તા જમાવી છે; આમ હોવાથી જ આપણા સમાજમાં સંપ નથી. જે લોકો પોતાના દુશ્મનોનો દ્વેષ ભૂલી જઇ પ્રસંગાનુસાર દુશ્મન ઉપર પણ ક્ષમા કરવાની ઉદારતા દર્શાવે છે તેઓ જ સમાજમાં ઐક્ય સ્થાપન કરી શકે છે; હૃદયમાં શાંતિ સ્થાપન કરી શકે છે, તેઓ જ દેશના સાચા હિતૈષીઓ છે. તેઓ જ સર્વમાન્ય છે

સુધા આજે અતિ આનંદથી સુશીલાને વસ્ત્રાલંકારોથી વિભુષિત કરવા બેઠી છે, આ વિષયમાં સુધા કરતાં કોઇ પણ સ્ત્રી વિશેષ પ્રવીણ નહોતી.

આજથી આઠ વર્ષ પૂર્વે સુધા પોતાની વૈધવ્ય અવસ્થામાં ભગિનીના ઘરમાં રહીને રસોઇ બનાવતી હતી, વાસણો અજવાળતી હતી, ઘર સાફસુફ કરતી હતી, તથા ગૃહનાં સર્વે કાર્યો કરી પરવાર્યા પછી તે બિલાડીના બચ્ચાને રમાડતી હતી. સંસાર કોને કહે છે એ તે જાણતી નહોતી. પ્રણય કોને કહે છે એ તે સ્હમજતી નહોતી. આ આઠ વર્ષમાં જ તે પ્રેમનું રહસ્ય સ્હમજી છે સંસાર શું ચીજ છે ત્હેનુ જ્ઞાન તેને પ્રાપ્ત થયુ છે. નવવિકસિત પુષ્પ પ્રમાણે તેના હૃદયની કોમળ વૃત્તિઓ દિન પ્રતિદિન વિકસિત થતી ગઇ છે. એ મનોવૃત્તિના વિકાસ સાથે તેની દેહલતા પણ નવીન સૌંદર્યથી શોભાયમાન્ થઇ ગઇ છે. એ લાવણ્યમયી યુવતી આજે સ્વામીના ધનથી ધનવતી છે, સ્વામીના સૌભાગ્યથી ભાગ્યવતી છે, તથા પુત્રના સ્નેહથી સ્નેહમયી છે. સમાજે જે કળિને તેનો વિકાસ થતાં પૂર્વે જ ધુળમાં રગદોળી નાખવાની ઇચ્છા કરી હતી તે જ કળિ નવીન શિક્ષણના કોમળ પ્રકાશથી પ્રફુલ્લિત બની ગઇ છે. તે પોતાની સૌગંધથી સમાજને આમોદિત કરી રહી છે. સુશીલાને શ્રૃંગાર સજાવતાં સજાવતાં સુધાને પોતાના મનની વાત યાદ આવી. તેણે જે પ્રેમધન પ્રાપ્ત કર્યું છે, પોતાના પ્રિયતમની લાડકી બની જે જીવનસુખ મેળવ્યું છે, તેવું જ પ્રણયધન સુશીલા મેળવીને સૌભાગ્યવતી થાઓ એવો વિચાર કરતાં કરતાં તેનું હૃદય આનંદથી નૃત્ય કરવા લાગ્યું. સુધાએ પુષ્પો લેઇ સુશીલાનો કેશકલાપ એવો તો સુંદર ગુંથ્યો કે જેની સૌરભથી પ્રત્યેકનું મસ્તિષ્ક શાંત થતું હતું. હાથમાં નવીન ચુડીઓ

તથા કંકણ પહેરાવ્યાં, ગળામાં મોતીની માળા તથા ચંદ્રહાર પહેરાવ્યો. કાનમાં સુંદર એરીંગો પહેરાવ્યાં, પગમાં સોનાનાં સાંકળાં અને તોડા પહેરાવ્યા, તથા આ ઉપરાંત અનેક પ્રકારના સુવર્ણ અલંકારોથી સુધાએ સુશીલાના શરીરને સોનાથી મઢી નાખ્યું. દિવસના ત્રીજા પ્રહરથી શ્રૃંગાર કાર્ય સજાવવાનું શરૂ થયું હતું તે સંધ્યા સમય થઇ ગયો છતા પૂર્ણ થયુ નહિ સ્નેહમયી બિંદુ વારંવાર સુધા પાસે આવીને શ્રૃગાર કાર્ય ત્વરાથી પૂર્ણ કરી નાખવાની સૂચના આપે છે, પરંતુ રસિકહૃદયા સુધાએ આજે સુશીલાને સંપૂર્ણ રીતે શણગારવાનો નિશ્ચય કર્યો હતો, જેથી તેણે હસતાં હસતાં કહ્યું:-
" બ્હેન ! તમે જઇને ખાનપાનના પદાર્થોની વ્યવસ્થા કરો, હુ મ્હારૂ કામ કર્યા કરૂં છું."

બિંદુ હસતી હસતી રસોડા તરફ ભોજન સામગ્રી જોવાને માટે ગઈ. નવીન પાકશાળા બનાવવામાં આવી છે સનાતનપુરના નિપુણ રસોઇઆઓ અતિ આનંદપૂર્વક રસોઇ બનાવી રહ્યા છે. અનેક પ્રકારનાં પકવાન્નોથી પાકશાળા ભરાઇ ગઇ છે. વર્દ્ધમાનથી પણ કેટલીક જાતનો મેવો, મુરબ્બાઓ વગેરે મંગાવવામાં આવ્યું છે. બિંદુનું આંગણું આજે સ્ત્રી મંડળથી ભરાઇ ગયેલું છે. સકળ સ્ત્રીઓ ઉમંગપૂર્ણ સ્વરથી કન્યાની માતાને અવનવા પ્રશ્નો પૂછી રહી છે. વિવાહના વિધિવ્યવહાર કરીને પોતાની આત્મિયતાનું દર્શન કરાવી રહી છે, તથા આમતેમનું કાર્ય કરી બિંદુની ખુશામદ કરી રહી છે. આજે બિંદુ કરતાં વિશેષ સોભાગ્યવતી સ્ત્રી બીજી કઇ હશે ?

આ આનંદદાયક દિવસે બિંદુના મનમાં જૂની વાતોનું સ્મરણ થવા લાગ્યું.

પૂર્વેની પોતાની દુઃખદ અવસ્થાની સ્થિતિનાં ચિત્રો એક પછી એક તેની નજર આગળ ઉપસ્થિત થવા લાગ્યાં અઢાર વર્ષ પૂર્વે બિંદુની દુઃખમયી માતા બે બાળિકાઓને લેઇને આ ગામમા રહેતી હતી, તે પોતાને હાથે પાણી ભરી લાવતી હતી, પોતેજ વાસણ, અબોટ વગેરે કરતી હતી, તથા અતિ કષ્ટ સહન કરીને પોતાની બન્ને પુત્રીઓનું પ્રતિપાલન કરતી હતી.

અહા ! જો આજે એ મમતામયી માતા એક વખત પુનઃ પોતાની બન્ને પુત્રીઓના દર્શન કરવાને આવી શકે, અહા ! આજે જો તે હેમચંદ્ર તથા શરતચંદ્ર જેવા જમાઇનાં મુખમંડળ જોઇ શકે, જો આજે તે બિંદુ તથા સુધાને "આવો બ્હેનો ! મ્હારા ખોળામાં બેસો." કહીને બન્ને પુત્રીઓને પોતાની છાતી સાથે ચાંપે શકે, તથા પ્રેમાશ્રુપૂર્ણ નેત્રોએ આશીર્વાદ અર્પણ કરી શકે. જો આજે તે લક્ષ્મીસ્વરૂપા સુશીલાને પોતાને ખોળામાં બેસાડી તેના વિવાહોત્સવ જોઇ શકે તો આજે બિંદુના ઘરમાં કેટલો બધો આનંદ ફેલાઇ રહે ! બન્ને પુત્રીઓનુ હૃદય કેવુ પ્રેમપૂર્ણ બની જાય ! ! બિંદુએ એક ખુણામાં એકાંતનો યોગ મળતાં આંસુઓ પાડી હૃદયનો ભાર કાંઇક અંશે ઓછો કર્યો, ત્યાર પછી બહાર નીકળી આકાશ પ્રતિ દૃષ્ટિ કરી સ્વર્ગીય માતાના દીવ્ય સ્વરૂપનો અનુભવ કરીને પ્રણામ કર્યા, તથા આશીર્વાદ માટે તેણે પ્રાર્થના કરી.

વિવાહનો દિવસ શોક કરવાનો નથી. વાજાંવાળાઓ ખૂબ જોરથી વાજાં વગાડવા લાગ્યા. સ્ત્રીઓ મંગળગીતો ગાવા લાગી. બહાર કન્યાપક્ષવાળાઓનો હસવા બોલવાનો મધુર શબ્દ શ્રવણે પડવા લાગ્યો. એ સર્વમાં આજે હેમચંદ્ર શાંતભાવ ધારણ કરી પ્ર-

સન મનથી એઠો છે. પૂર્વે લોકો તેની અપાર નિંદા કરતા હતા. વિધવા સાળીનો પુનર્વિવાહ કરવાથી સમાજે તેને જાતિબહિષ્કૃત કર્યો હતો; પરંતુ તેનું ઉદાર ચરિત્ર જોઈને લોકો તેના ઉપર પ્રેમ રાખવા લાગ્યા છે. શ્રદ્ધા રાખવા લાગ્યા છે. સંસારમાં જે ગુણો વડે મનુષ્ય મહાન્ મનાય છે તેમાંનો એક પણ ગુણ હેમચંદ્રનામાં નથી. તેની પાસે ધન નથી, જમીનદારી નથી, વિશેષ વિદ્યા નથી, પ્રભુત્વ નથી, યશ નથી, નૃપતિની આપેલી કોઈ ઉપાધિ નથી; તો પણ તેની દૃઢતા તથા પવિત્રતા જોઈને શરતચંદ્ર તથા રમણીમોહન તેને આધીન થઈ રહ્યા છે. કર્તવ્ય બજાવવામાં તેનો દૃઢ સંકલ્પ તથા પ્રતિજ્ઞા જોઈને ગ્રામસ્થ લોકો તથા નગરવાસીઓ આશ્ચર્યથી ચકિત થઈ ગયા છે. કોઈ પણ દિવસે વિપત્તિના પ્રસંગે હેમચંદ્રને કોઈએ ગભરાયલો જોયો નહોતો અસત્ય નિંદા તથા અપવાદથી તેનું હૃદય વિચલિત થયું નહોતું કર્તવ્ય માર્ગ પરથી તેણે કદાપિ પોતાનો પગ પાછો ભર્યો નથી. અવનતિ તથા ઉન્નતિના સમયે તેનો હૃદયભાવ સમાન જ રહેતો હતો આવા વીર પુરુષ આગળ ધનની શું કિંમત છે? માન પ્રતિષ્ઠા શું છે? લક્ષ્મી જાતે જ આવા સાહસી તથા ધીર પુરુષને ત્યાં આવવાની કૃપા કરે છે. સનાતનપુરનો જમીનદાર રમણીમોહન આજે પોતાનો હેમચંદ્રની સાથે સબંધ સંધાવાથી પોતાને ભાગ્યશાળી સમજે છે. ધાર્મિક પુરુષો દરિદ્ર હેમચંદ્રનું નામ આજે અતિ ઉત્સાહથી સર્વત્ર લેતા માલુમ પડે છે.

થોડા સમયમાં જ વરઘોડો ગામની પાસે આવી પહોંચ્યો. દૂરથી રોશનીની અપૂર્વ બહાર જોવામાં આવી. વાદ્યધ્વનિ સંભળાવા લાગ્યો. મહાસમારોહ સાથે વરઘોડાના આગમનના સમાચાર મળતાં જ હેમ-

ચંદ્ર પોતાના બન્ધુ બાંધવોને સાથે લઇને પોતાના સંબધીઓને જઇ મળ્યો, તથા અતિ આદર સત્કારથી તેમને મંડપમાં લેઇ આવ્યો. મંડપની ચારે બાજુએ ઘણી સુંદર ઝાલરો લટકી રહી છે. ચારે બાજુએ લટકતી પુષ્પમાળાઓ પોતાની સૌરભ ચોદિશે ફેલાવી રહી છે. નોકર લોકો હારબંધ ઉભા રહીને પંખાઓ હલાવી રહ્યા છે. ગામના છોકરાઓ જાનૈયાઓના ઉપર ગુલાલ નાખવા લાગ્યા. કોઇ પાન વહેંચવા લાગ્યુ, કોઇ અત્તર આપવા લાગ્યું તો કોઇ ગુલાબજળ છાટવા લાગ્યું. ગવૈયા લોકો પોતાનાં ગાનતાનથી મંડપમાં બેઠેલાં મનુષ્યોને રંજિત કરી રહ્યા છે. વચ્ચે વચ્ચે પ્રજાજનોના જયજયકાર શબ્દથી આકાશ ગાજી ઉઠે છે. આ મંડપની અંદર લાલ વસ્ત્રો પહેરીને લાલરંગના આસન ઉપર બેઠેલો દેવીપ્રસાદ ઘણો સુંદર દેખાય છે. મંડપમાં બેઠેલા જનોએ જ્યારે આ દેવતુલ્ય મૂર્તિના પ્રતિ જોયું ત્યારે સર્વ આનંદથી પુલકિત થઇ એકકે અવાજે એ નવયુવકને આશીર્વાદ આપવા લાગ્યા. અનેક પ્રકારનાં વાદ્યોનો ધ્વનિ દિદ્દિગંતમાં પ્રતિધ્વનિત થવા લાગ્યો.

વરને પોંખીને સ્ત્રીઓ તેને ઘરમાં લેઇ ગઇ. સેંકડો સ્ત્રીઓના મધુર ગાન અને હાસ્યધ્વનિથી એ રાત્રિની શાંતિનો નાશ થયો. સોહાગણ સ્ત્રીઓએ અતિ ઉત્સાહથી આ શુભ કાર્યમાં યોગ આપ્યો. વરરાજાને ચારે બાજુએથી ઘેરા લેઇ તેઓ સર્વે વિવિધ પ્રકારના હાસ પરિહાસ અને ચાળા ચટકા કરતી હતી. ધીમે ધીમે કુળદેવતાની પૂજા પૂરી થઇ.

કુળદેવતાની પુજા પૂર્ણ થઇ ગયા પછી વરકન્યાને મંડપમાં લેઇ જવામાં આવ્યાં. એ બન્નેના આગમનથી મંડપની શોભામાં અધિક

વૃદ્ધિ થઇ. વરનું સુંદર સ્વરૂપ જોઇ લોકો તેને પ્રથમથી જ આશીર્વાદ આપી ચુકયા હતા. આ સમયે લક્ષ્મી સ્વરૂપા સુશીલાનુ અનુપમ સૌંદર્ય તથા તેની અપૂર્વ શોભા જોઇને સર્વે લોકો તેની પણ પ્રશંસા કરી વરકન્યા—ઉભયની—મંગળ કામના કરવા લાગ્યા. તેઓ બોલવા લાગ્યા કેઃ—"આજે વિધાતાએ યોગ્યની સાથે યોગ્ય પાત્રનુ સંમિલન કરી આપ્યું. પ્રણયીયુગ્મ ચિરંજીવી થાઓ ! સનાતનપુરનો વંશ ચિરંજીવી થાઓ !" આવા પ્રકારના આશીર્વાદો ચારે દિશાએથી સંભળાવા લાગ્યા.

વિવાહ થઇ ગયો કન્યા તથા વર અંતઃપુરમાં ગયા. ત્યાં શું થયું એ અમે જાણતા નથી, તેથી ત્યાના સમાચાર અમે કેવી રીતે પ્રકટ કરી શકીએ ? વળી એ સ્ત્રી સમાજમા અન્ય પુરૂષને જવાનો અધિકાર સુદ્ધાં નથી. જે કાંઈ પછીથી સાંભળવામાં આવ્યુ તેનો સારાંશ એ છે કે, તાલપુખુરની સ્ત્રીઓ ઘણી ચતુરા હતી દેવીપ્રસાદ ઘણો સરળ સ્વભાવનો હતો ઘણા દિવસ સુધી તે પરદેશમાં રહ્યો હતો. તે બિચારો વિલાસિની સ્ત્રીઓના રંગ રહસ્યને કયાંથી સમજી શકે ? દેવીપ્રસાદ પિતાની સાથે અનેક સ્થળોએ ફર્યો છે, અનેક સંકટો ઉપર તેણે વિજય મેળવ્યો છે, પરંતુ આજના સંકટ ઉપર તે વિજય મેળવી શકયો નહિં. સુશીલાની સરખી ઉંમરની સખીઓના વ્યંગપૂર્ણ વિચિત્ર પ્રશ્નોથી દેવીપ્રસાદને ઘણું આશ્ચર્ય લાગ્યું રાત્રે ત્રણ વાગી ગયા પછી તેણે પરિહાસિની સ્ત્રીઓના પગ પકડીને ક્ષમા માગી. સ્ત્રીઓએ પણ ક્ષમા પ્રદાન કરી એટલે દેવીપ્રસાદ એક દીર્ઘ શ્વાસનો પરિત્યાગ કરી પગ લાંબા કરી સુઇ ગયો. નિદ્રા આવતાં વિલંબ થયો નહિં. તેણે બે કલાક સુધી નિદ્રાના ખોળામાં સ્થાન લીધું.

બીજી બાજુએ જાનૈયાઓના ખાનપાનની ઘણી તૈયારી થઇ રહી હતી. રમણીમોહનના સ્નેહથી યા તો ભયથી અનેક બંધુ બાંધવો આ વિવાહમાં નિમંત્રિત થઇને આવ્યા હતા. સનાતનપુર, વર્દ્ધમાન તથા કલકત્તાથી અનેક ભદ્ર પુરૂષોએ આવીને મંડપની શોભામાં વધારો કર્યો હતો. કેટલાક સામાજિક પુરૂષો આ વિવાહમાં હાજરી આપવાને ડરી ગયા હતા, પરંતુ રમણીમોહન બાબુના કેટલાક વિશ્વાસપાત્ર અને સાચા મિત્રો ' સૌનુ થશે તેવું આપણુ થશે ' એમ વિચારી ભોજન કરવા બેઠા. કેટલાક વીર પુરૂષો કે જેઓ રમણીમોહનના ભયને લીધે આવ્યા હતા તેઓ સમાજના ભયથી, ભોજન સમય પૂર્વેજ ચાલ્યા ગયા **સમાજે** તેમની વીરતા અને ચતુરાઇની ઘણી પ્રશંસા કરી.

ભોજન થઇ ગયા પછી હેમચન્દ્રે રમણીમોહનને કહ્યુ:—“આપની કૃપાથી આજે હુ કૃતાર્થ થયો છુ, તથા મ્હને અપૂર્વ માન મળ્યુ છે. આપના અનુરોધથી આજે આપના બંધુ બાન્ધવોએ મ્હારે ત્યાં ભોજન કર્યું છે. દરિદ્ર હેમચદ્રના કહેવાથી એક પણ પુરૂષ આ વિવાહમાં આવત નહિં, તો પછી ખાવા પીવાની તો વાત જ શુ કરવી ? ”

રમણીમોહનઃ—“મ્હારા કેટલાક આત્મીય બંધુ બાંધવો બહાર ભોજન કરી રહ્યા છે. જો તેમનાં દર્શન કરવાની ઇચ્છા હોય તો મ્હારી સાથે બાગમાં પધારો. ”

બન્ને ધીમે ધીમે બહાર ગયા. સુંદર ચાંદની રાત્રિની શોભાથી **સમાજ** શોભાયમાન થઇ રહ્યો છે. વસંત ઋતુની ઠંડી હવા મંદમંદ વહન કરી રહી છે. ખીલી રહેલાં જંગલી પુષ્પોની સુગંધ દિક્દિગં-

તને અમોદિત કરી રહી છે. હેમચંદ્ર તથા રમણીમોહન જમવા બેઠેલી પંક્તિમાં ગયા. લગભગ દશ હજાર પુરૂષો અતિ આનંદથી ભોજન કરવા બેઠા છે. રમણીમોહનના જેટલા સ્નેહીઓ વિવાહ જોવા આવ્યા હતા તે સર્વેને ભોજન કરાવવાની વ્યવસ્થા આ બાગમાં કરાવવામાં આવી છે. રમણીમોહને સર્વે પ્રજાજનોને નવા કપડાં આપ્યાં છે, પુરૂષોને ધોતીઆં તથા સ્ત્રીઓને સાડીઓ આપી છે, તેમનાં બાળકોના હાથમાં એક એક રૂપિયો આપ્યો છે. આ સર્વ પ્રજાજનોએ ઘણા જ ઉલ્હાસથી ભોજન કરવા બેઠા છે એટલામાં રમણીમોહનને ત્યાં આવતો જોઇને સર્વે ઉઠી ઉભા થયા, તથા તેમણે પોતાના માલિકની ઉચ્ચ સ્વરથી જયઘોષણા કરી. સ્ત્રીઓએ પણ ઘુમટો કાઢી કેડમાં બાળકોને બેસાડી જમીનદાર મહાશયનાં ઘણાં વખાણ કર્યા ગરીબ પ્રજાનો આવો ઉલ્હાસ, ભક્તિ અને સ્નેહ જોતાં રમણીમોહનનાં નેત્રોમાંથી આંસુઓ ઉભરાઇ જવા લાગ્યાં.

રમણીમોહને ધીમે ધીમે હેમચંદ્રને એક બાજુએ લેઇ જઇ ગંભીર સ્વરે કહ્યું—" આ જય જય અવાજ અને આનંદ ઉલ્હાસનો અવાજ સાંભળો છો ને ? એ સકળ આપણા ધર્મના અનુયાયી છે, એક હિંદુજાતીય છે. પૂર્વ કાળમા સકળ હિંદુઓમાં પ્રીતિભોજનનો વ્યવહાર હતો. એક બીજા વચ્ચે કોઇ પણ પ્રકારનો ભિન્નભાવ નહોતો. જાત્યભિમાન બિલકુલ નહોતું, પરંતુ આજકાલના નિયમથી આપણા લોકો અલગ થઇને જાતીય દુર્બળતાને પ્રાપ્ત થઇ ગયા છે. હિંદુજાતિમા પરસ્પર વિભિન્નતા અને દુર્બળતાનો સંચાર કરવા કેટલાક કહેવાતા સનાતનધર્મીઓ યત્ન કરી પાપનાં પોટલાં બાંધી રહ્યા છે. જો આપણે સર્વે યત્ન કરીને એક બીજાથી

સંપ કરી શકીએ તો હિંદુજાતિના ગૌરવની સીમા રહે નહિં. જ્યાં સુધી આપણામાં સંપ નહિં થાય—ઐક્ય નહિં થાય ત્યાં સુધી આપણો ધર્મોપદેશ વૃથા છે, આપણે સર્વેનું રાજનૈતિક આંદોલન વૃથા છે. જ્યારે આપણા દેશબંધુઓ ઐક્ય બળથી બળવાન્ થશે ત્યારે આપણી સામાજિક તેમ જ રાજનૈતિક ઉન્નતિને કોણ રોકી શકશે ? આપણી ઉન્નતિ આપણા જ હાથમાં છે. બીજાના અનુગ્રહ ઉપર તે અવલંબીને રહેલી નથી. બીજા તરફ ટગર ટગર જોઈ રહેવાની આપણને કાંઈ આવસ્યકતા નથી.

પુનઃ આ જયજયકારનો અવાજ સાંભળો ! આ દશ હજાર મનુષ્યો આપણા આત્મીય છે. એ દશ હજાર આપણા સ્વજાતીય છે. તેઓ પણ હિંદુ છે તો પછી આપણે તેમને સ્વજાતીય શા માટે નહિં માનવા ? આપણા સર્વેનાથી જ્યાં સુધી બની શકે ત્યાં સુધી ઐક્ય કરવાના યત્ન કરવો જોઈએ. શ્રીનારાયણની કૃપાથી આપણે સર્વે હિંદુઓ પૂર્વકાળ પ્રમાણે ઐક્યબળથી બળવાન્ થઈએ કે જેથી આપણો **સમાજ** અન્ય દેશોના **સમાજ** કરતાં વિશેષ ઉન્નત, પ્રભાવશાળી અને વિદ્યાવિલાસી થાય ! બીજું શું ? અનાથનો નાથ રંકનો બેલી શ્રીવ્રજવિહારી આપણી મહદેચ્છા પૂર્ણ કરી આપણા '**સમાજ**'ને '**આદર્શ સમાજ**' બનાવો.

સમાપ્ત.

સત્કાર અને સમાલોચના.

(૧) સામાજિક સેવાના સન્માર્ગ. (અનુવાદક, રા. રા. ડાહ્યાભાઇ લ. પટેલ પ્રકાશક, સસ્તું સાહિત્ય વર્દ્ધક કાર્યાલય. વિવિધ ગ્રંથમાળા વર્ષ ૪ થું. પુસ્તક ૩૯, ૪૦.)

આ પુસ્તક રેવ. મિ ફ્લેમિંગ કૃત " Suggestions of Social Usefulness " નામના ઇંગ્રેજી પુસ્તકનો અનુવાદ છે. પ્રથમ આ અનુવાદ થી ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ બહાર પાડયો છે, પરંતુ પુસ્તકની અપ્રતિમ યોગ્યતાનો વિચાર કરી ઉત્તમ પ્રકારના સસ્તા સાહિત્યનો આપણી ગુજરાતી ભાષામાં પ્રચાર કરનાર સ્વામી શ્રી અખંડાનંદજીએ તેની પુનરાવૃત્તિ કઢાવી છે. અનુવાદમાં અનુવાદકે પોતાની બુદ્ધિમત્તાનો ઉત્તમ પ્રકારે પરિચય કરાવ્યો છે. સામાજિક સેવા માટે સૂચવવામાં આવેલી સૂચનાઓ મનન કરવા જેવી છે. આવા પુસ્તકોનો ફેલાવો અધિકાધિક પ્રમાણમાં થાય એવું જ અમે ઇચ્છીએ છીએ, તથા આવા ઉત્તમ પુસ્તકની સસ્તી કિંમતે પુનરાવૃત્તિ કઢાવવા માટે અમે સ્વામીશ્રી અખડાનદજીને અનેકધા ધન્યવાદ આપીએ છીએ.

(૨) ટુંકી વાર્તાઓ ભાગ ૨ જો. [અનુવાદક-રા. વ્રજલાલ જાદવજી ઠક્કર, પ્રકાશક સસ્તું સાહિત્ય વર્દ્ધક કાર્યાલય. વિવિધ ગ્રથમાળા વર્ષ ૪ થું. પુસ્તક ૪૧-૪૨-૪૩.] પુસ્તકમાં પ્રસિદ્ધ કરવામાં આવેલી વાર્ત્તાઓ કેટલીક હિંદી,

મરાઠી વગેરે ભાષાનાં સર્વોત્તમ પુસ્તકોમાંથી પસંદ કરવામાં આવી છે. સ્ત્રીઓ તથા બાળકોને આ પુસ્તક ખાસ વાચવા યોગ્ય છે, જો આવાં પુસ્તકોને ઇનામ લાઇબ્રેરીઓ ખાતે મંજૂર કરવામાં આવે તો તેથી કરીને ઘણું સારૂ પરિણામ આવવાનો સંભવ છે. આ પુસ્તકને માટે આ સ્થળે વિશેષ કાંઈ લખવું અમે વ્યાજબી ધારતા નથી.

(૩) સરયૂ—[લેખક—રા. કેશવલાલ હ. શેઠ.કિંમત ૦-૮-૦] નવલકથાની વસ્તુ માત્ર લેખકે બંગાળી ઉપરથી લીધી છે. છતાં લેખક એક સારાં કાવ્યો લખનાર તરિકે પ્રકટ છે. અને તેમનો આ પ્રથમ પ્રયાસ ઉત્તેજનને પાત્ર છે. આ વીરરસની નવલકથા ખાસ વાંચવા યોગ્ય છે. લેખક ઉત્સાહી યુવક છે અને અમે આશા રાખીએ છીએ કે તેઓ ભવિષ્યમાં પણ આવી સારી નવલકથાઓ લખી ગુજરાતી વાચકવર્ગને ઉન્નત વિચારો અર્પણ કરશે. અમે પ્રત્યેકને આ નવલકથા વાંચવાની ભલામણ કરીએ છીએ.

(૪) શ્રીયુત દાદાભાઇ નવરોજજીનું ચરિત્ર. (૫) શ્રી. મોહનલાલ કરમચંદ ગાંધીનું ચરિત્ર. (૬) શ્રી. ગોપાળ કૃષ્ણ ગોખલેનું ચરિત્ર.

ઉપરોક્ત ત્રણ ચરિત્રો અમને '**હિંદના મહાન પુત્રો અને મિત્રો**' નામની ચરિત્રમાળાના પ્રકાશક રા. પાંડુરાવ જીવણલાલ દેશાઇ તરફથી પ્રાપ્ત થયાં છે. આ પ્રત્યેક પુસ્તક વાંચવા લાયક છે. આપણા સાહિત્યમાં હાલ થોડા સમયથી જ શરૂ થયેલી આ માળાને ઉત્તેજન આપવું એ એક પ્રત્યેક ગુજરાતીનું કર્ત્તવ્ય છે. ચરિત્રોના વાચનથી ઘણું જ જોવા જાણવાનું તથા શીખવાનું મળે છે.

પુસ્તકોની ભાષા વગેરે ઠીક છે. ૧૨૦૦ પૃષ્ટનાં જીવનચરિત્રોનું મૂલ્ય પોષ્ટેજ સાથે માત્ર રૂ. ૨ છે.

આવી એક બીજી ચરિત્રમાળા સસ્તા સાહિત્ય તરફથી ચલાવવામાં આવે છે. એ માળા તરફથી કેટલાંક ઉત્તમ જીવનચરિત્રોની પ્રાપ્તિ થઈ છે, તેનું અવલોકન હવે પછીના પુસ્તકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

(૭) રાજપૂત કથાકુંજ અને **(૮) બાપારાવઃ**—આ બન્ને પુસ્તકો શ્રી સસ્તી વાર્તામાળાના તંત્રી શ્રીયુત્ ડાહ્યાભાઇ રામચંદ્ર મ્હેતા તરથી અવલોકનાર્થે મળ્યાં છે, અમને જણાવતાં આનંદ થાય છે ગુજગતી સાહિત્યમાં સસ્તી કિંમતે એટલે વાર્ષિક માત્ર રૂ. ૨–૦–૦ ના લવાજમમાં પંદરસો ઉપરાંત પૃષ્ટની નવલકથાઓ આપવાની યોજના શ્રીયુત્ મ્હેતાએ હાથમાં ધરી છે તે પ્રશસાપાત્ર છે. તેમની સસ્તીવાર્તામાળાની નવલકથાઓ વાચવા લાયક હોઇ બોધક હોય છે. ઉપરોક્ત બન્ને પુસ્તકો પૈકી 'રાજપૂત કથાકુંજ' માં ન્હાની ન્હાની વાર્તાઓ આપવામાં આવી છે. બોધક હેતૂ સારો છે. એ પુસ્તકના લેખક શ્રીયુત્ ડાહ્યાભાઇ જ છે, તથા તેમની લખેલી નવલકથાઓ જનસમાજમાં સારો પ્રચાર પામી છે. અને પ્રશંસા પાત્ર નીવડી છે તેથી તેમનો આ પ્રયાસ પણ ફત્તેહમંદ થશે એમ અમારૂં ધારવું છે.

બીજું પુસ્તક **બાપારાવ** છે, જેના લેખક પણ એક બાહોશ વિદ્વાન છે, એ પુસ્તકમાંથી ઐતિહાસિક માહિતી સારી રીતે મળે છે. આશા છે કે જનસમાજ શ્રીયુત્ મ્હેતાના આ પ્રયાસને ઉત્તેજન આપશે જ. પાકા સોનેરી પૂઠાનાં પુસ્તકોનું વાર્ષિક લવાજમ પોષ્ટેજ સાથે માત્ર રૂ. ૩–૦–૦

આ ઉપરાંત

(૯) બુકર ટી. વૉશિંગ્ટન (૧૦) કામિની કાંચન (૧૧) સનાતન ધર્મની ગર્જનાઓ-૧ થી ૫. [૧૨] છાલો પાલો મરી મસાલો ભાગ ૨ જો. (૧૩) ખલીફનાં અદ્ભુત પરાક્રમ વગેરે પુસ્તકો પ્રાપ્ત થયાં છે. જેનું અવલોકન હવે પછી પ્રસિદ્ધ કરવામાં આવશે.

નીચેનાં પત્રોનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

(૧) વિવિધ ગ્રંથમાળા, (૨) ચરિત્રમાળા, (૩) હિંદના મહાન પુત્રો અને મિત્રોનાં ચરિત્ર. (૪) સસ્તી વાર્તામાળા, (૫) સત્સગ (૬) ચંદ્રપ્રકાશ (૭) વિવેચક (૮) મેવાડા (૯) આર્યપ્રકાશ (૧૦) સયાજી વિજય (૧૧) રાજ્યમિત્ર (૧૨) કોરોનેશન એડવરટાઇઝર (૧૩) મુંબઇ ગુજરાતી (૧૪) સત્ય (૧૫) વાર્તાવારિધિ (૧૬) સુંદરી સુબોધ (૧૭) સ્ત્રીબોધ (૧૮) ગુલશન (૧૯) સુદર્શન (૨૦) સાહિત્ય.

સ્ત્રીઓ માટે ખાસ પ્રગટ થતું સચિત્ર માસીક પત્ર.

સુન્દરી સુબોધ

દશમું વર્ષ શરૂ થયું છે.

સન્નારીઓને હાથે લખાયલા વિદ્વત્તાભર્યાં લેખોવાળો અને અનેક ચિત્રોથી ભરપુર ખાસ અંક વાંચવાથી જ ભરેલું લવાજમ વસુલ થઈ જાય છે.

સ્ત્રીઓ, બાળકો અને કુટુમ્બી જનોને ઘણુંજ ઉપયોગી,

ઘણુંજ સસ્તું, સરળ મ્હોટું અને સુન્દર,

તથા ત્હેમની કેળવણી, સુધારણા, આરોગ્ય ઉન્નતિ અને કલ્યાણને માટે હમ્મેશાં ચાલુ પ્રયત્નો કરતું,—સુબોધક સચિત્ર માસિક પત્ર.

વાર્ષિક લવાજમ:—ફક્ત સવા રૂપિઓ: હિન્દુસ્થાનની બ્હાર માટે-દોઢ રૂપિઓ.

રસીલું, મનોરંજક અને ઉત્કર્ષક !

દરેક ગૃહસ્થ, જે પોતાનાં સ્ત્રી બાળકો કેળવવા, તથા ત્હેમને ઉન્નત કરી, પોતાને અને પોતાના કુટુમ્બને સુખી કરવા ઇચ્છા રાખે છે; પોતાના ઘરમાં, પાડોશમાં અને પોતાની ચારે તરફ સુખ, શાન્તિ, આબાદી અને સંતોષ, આનન્દ અને પ્રસન્નતા જોવા માગે છે; અને પોતાના દેશનો ઉદય અને કલ્યાણ થાય એમ આશાવાન છે; ત્હેણે **પોતે સુન્દરી સુબોધ** વાંચવું જોઈએ, એટલુંજ નહિ, પણ પોતાના સ્વજન-મિત્રોનાં કુટુંબની સ્ત્રીઓ પાસે તે વંચાવવું જોઈએ, એ ખાસ જરૂરનું છે. કારણ સ્ત્રી કેળવણીનું તે એક બહુ ઉત્તમ સાધન છે આ ઉપરાંત બાળકો માટેનો ખાસ વિભાગ ત્હેમને પણ દર માસે 'ગમ્મત સાથે જ્ઞાન' આપતો હોવાથી, તે બહુ ઉમંગથી વંચાય છે.

સુન્દરી સુબોધમાં શું આવે છે?—રમીલી વાર્તાઓ, અને નવલકથાઓ, મનોહર સતી ચરિત્રો, ઉપયોગી વૈદક, ભરતગૂંથણ, પાકશાસ્ત્ર, તથા વિદ્યાકળાના વિષયો, ઉત્કર્ષક ધર્મ નીતિનાં વખાણો, ખુશકારક ગમ્મતના ફકરા અને ટૂચકા, સ્ત્રી કેળવણી, સ્ત્રી સુધારણા અને સ્ત્રી ઉન્નતિની સુબોધક ચર્ચા, મધુરી કવિતા અને ગીત ગરબીઓ, તથા બાળકોને માટે ખાસ વિભાગ: આ ઉપરાંત એક અથવા વધુ મનમોહન અને આકર્ષક ચિત્રો પણ આ માસિકના દરેક અંકને સુશોભિત બનાવે છે. ફક્ત એકજવાર વાંચનાર પણ ત્હેના ગ્રાહક થાય છે અને ગ્રાહકોજ નવા ગ્રાહક વધારે છે એ વાત માસિકની લોકપ્રિયતા અને ઉપયોગીતાની ખાત્રી કરશે! ફક્ત સવા રૂપિયામાંજ આટલા બધા લાભ ઓછા છે?

સુન્દરી સુબોધના ગ્રાહકોને અનેક લાભ છે!—[૧] મ્હોટાં રોયલ બત્રીસ પાનાનું માસિક, [૨] મહિને એક અથવા વધુ ચિત્રો, [૩] ઉત્તમ રસીલું ભેટનું પુસ્તક, [૪] અનેક ચિત્રોવાળો મ્હોટો ખાસ અંક, અને [૫] સંખ્યાબંધ કીમતી સ્ત્રી ઉપયોગી પુસ્તકો ગ્રાહકોને ખાસ ઓછે ભાવે મળી શકે છે.

નવા ગ્રાહક—સપ્ટેમ્બર માસથી ગ્રાહક થવાય છે, અને દરેક નવીન ગ્રાહકને પાછલા અંક ખાસ અંક, તથા ભેટનું પુસ્તક મળે છે. નમૂનાનો અંક ફક્ત એક આનાની [પૈસાવાળી] ટપાલની ટીકીટો મોકલવાથી મળી શકે છે; અને તે મંગાવનાર ગ્રાહક થતાં તે પૈસા લવાજમમાં વસુલ ગણવામાં આવે છે. (એટલે તેમને નમૂનાનો અંક મંગાવવામાં ખર્ચેલા પૈસા બાદ જતાં ત્હેમની પાસેથી ફક્ત રૂ. ૧-૩-૦ મોકલવામાં આવશે.) નીચેને શીરનામે લખો:—

સુન્દરી સુબોધ મંદીર;—અમદાવાદ.

કાવ્ય કુસુમ.

જ્ઞાન, તત્વ વિચાર, અનુભવ તથા ભક્તિરસથી સંપૂર્ણ ભરેલાં ઉત્તમોત્તમ પદ્યોનો સંગ્રહ આ પુસ્તકમાં આપવામાં આવ્યો છે. વળી આધુનીક નાટકોના પ્રસિદ્ધ ગાયનોના રાહમાં તે બનાવેલાં છે. નાટકોનાં વિલાસપ્રિય શૃંગારી ગાયનો ગાવાથી જ્યારે નઠારી અસર થવાનો પ્રસંગ આવે છે, ત્યારે આ પુસ્તકમાં આપેલાં ગાયનો ગાવાથી વૃત્તિ શાતિ સરિતામાં ઝબકોળાઇ જાય છે. ઉછરતા યુવકોના હાથમાં મૂકવા લાયક આ પુસ્તક સર્વ રીતે શ્રેષ્ટ છે. કેમકે તેમા આવેલાં પદ્યોને શાંતિપૂર્વક ગાવાથી મનના સઘળા વિકારો અને પ્રતિકૂળ ભાવો સમી જાય છે. પુમ્તકને બહારથી તેમજ અંદરથી સુદર રીતે છપાવી શોભામાં ખાસ વૃદ્ધી કરી છે. મૂલ્ય આના આઠ પોષ્ટેજ ૦-૧-૦.

ચંદ્રપ્રકાશ.

આ માસિક પત્રમાં શારીરિક, વ્યવહારિક, માનસિક અને અધ્યાત્મિક ઉન્નતિના ઉપાયો, પાશ્ચાત્ય પ્રજામાં ચાલતી નવીન શોધો તથા આપણા આર્યતત્ત્વના જ્ઞાનના વિષયો ચર્ચવામાં આવે છે વિદ્યાર્થી, સ્ત્રીઉપયોગી લેખ ૧ ચાલુ વાર્તા વગેરે ઉપયોગી વિષયો તેમાં પ્રતિ માસે પ્રગટ થાય છે. પ્રત્યેક અંકમાં એક બે વિષય સચિત્ર આપવામાં આવે છે. દર વર્ષે દોઢસોથી બસેં પૃષ્ટનું પુસ્તક ભેટ અપાય છે. એક વખત આ માસિકના ગ્રાહક થવા તમને આગ્રહપૂર્વક ભલામણ કરવામાં આવે છે. તમે તેના ગ્રાહક થશો તો તમને તમારી ઉન્નતિના ઘણા ઘણા ઉપાયો જાણવામાં આવશે. વાર્ષિક લવાજમ માત્ર સવા રૂપૈયો.

નમુનાનો અંક મફત. 'ચંદ્રપ્રકાશ' ઓફીસ—સુરત.

જન સેવાર્થે પ્રગટ થતી ઘણીજ સસ્તી

સનાતન ધર્મની ગર્જનાઓ.

વાર્ષિક મુલ્ય ફક્ત રૂ. ૦-૮-૦. (પોસ્ટેજ સાથે.)

આ સંસ્થા તરફથી સનાતન ધર્મની ગર્જનાનાં ફક્ત રૂ. ૦-૮-૦ માં જનસમુહને ૫૦ રતલી ઉંચા ગ્લેઝડ કાગળ ઉપર બાર માસનાં પૃષ્ટો પૂરાં પાડવામા આવે છે. બીજા વર્ષની શરૂઆતમાં નીકળેલી પ્રથમ ગર્જના કે જેનું નામ "સાસરે જતી પુત્રીને પિતાનો પ્રબોધ" છે તે ગર્જના તો ખાસ દરેક ગૃહસ્થના ઘરમાં રાખવા લાયક છે. આ ગર્જનાના પુત્રી પ્રતિ માતા-પિતાનું કર્તવ્ય અને પુત્રીઓનાં કર્તવ્ય તથા તેમને લગ્ન કર્યા પછી પાળવાના પતિવ્રત ધર્મનું સવિસ્તર નિરૂપણ, સતીનાં આચરણોને તેથી થતાં શુભ પરિણામો, દુરાચારથી થતાં અશુભ પરિણામો, કન્યાવિક્રય નિષેધ, નિર્મળા નામે એક સતીનું અદ્ભુત ચરિત્ર તથા જાનકી હરણ, શાકુંતલ અને બીજા કાવ્યોમાં સ્ત્રીઓને માટે જે જે સુબોધનું વર્ણન કર્યું છે તેના સારાંશોનો આ વિષયમાં સમાવેશ કરેલો છે. આ લેખ એકલી સ્ત્રીઓનેજ ઉપયોગી છે એમ નથી, પરંતુ આ લેખ તો સર્વ આબાળ, વૃદ્ધ, સ્ત્રીઓ તથા પુરૂષો અને અન્યાશ્રમીઓને પણ અવલોકન કરવા યોગ્ય છે, અને સૌભાગ્યવતી સ્ત્રીઓને તો તે મોટામાં મોટું કંઠાભરણ કે ચૂડામણિ સમાન છે. આ સિવાય હવે પછીના ગર્જનાઓમાં ઘણાં રસિક આખ્યાનો સાથે બ્રહ્મચર્યવ્રતનું દૌર્લભ્ય, બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ તથા સંન્યાસી એ નામના નામ પ્રમાણે આશ્રમ ધર્મનું સંપૂર્ણ નિરૂપણ કરનારા ઉંચા વિષયો પ્રગટ કરવામાં આવશે. આ વિષયો પૈકી

'બ્રહ્મચારીવ્રતનું દૌર્લભ્ય" એ વિષય "સાસરે જતી પુત્રીને પિતાનો પ્રબોધ" એ પ્રકટ થયેલી ગર્જના પછી આવશે " બ્રહ્મચર્યવ્રતના દૌર્લભ્યમાં" પણ જે લાલદાસ સાધુનું ચરિત્ર લખાયું છે તે પણ જ રસિક અને હાસ્ય ઉપજાવે તેવું છે. એ વિના સ્ત્રીઓએ પુરૂષો સાથે, ને પુરૂષોએ સ્ત્રીઓ સાથે સહવાસ કે એકાંત સેવન કરવા નહીં તથા પોતાનુ તે મોટામાં મોટું તપરૂપી મહાવ્રતરૂપ ધન ચોરાઇ જાય નહીં તેને સારૂં નિરંતર જાગ્રતિ સેવવાનો બોધ અને તેનું મહદ્ પુણ્ય સનાતન ધર્મની ગર્જનાઓના ગ્રાહકો કરી આપને મળશે એમ અમારૂં માનવુ છે.

મણીલાલ મગનલાલ ત્રિવેદી.

મંત્રી, શ્રીસનાતન ધર્મપ્રસારક કાર્યાલય.

રાયપુર—અમદાવાદ,

કથાકુંજ કાર્યાલયમાં વેચાતી લોકપ્રિય નવલકથાઓ.

૧ પ્રેમની પ્રતિજ્ઞા—(એક કરૂણાજનક પ્રેમ-કહાણી)કીંમત રૂ. ૦–૩–૦

૨ નિર્ભાગી કુસુમ—(એક વિધવાનું કરૂણા-જનક જીવન) કીં. રૂ. ૦–૪–૦

૩ ગૃહિણી કે દેવી?—(સ્ત્રીનું આદર્શ જીવન) કીં. રૂ. ૧–૦–૦

૪ નવીન સંન્યાસી—(એક સર્વશ્રેષ્ઠ સાંસા-રિક નવલકથા) કીં. રૂ. ૦–૮–૦

૫ ચિત્તોડ પર ચ્હડાઈ—(એક ઉત્તમ ઐતિ-હાસિક નવલકથા) કીં. રૂ. ૧–૦–૦

કાગળ, છપાઈ, બંધાઈ સર્વે સર્વોત્તમ. વી૦ પી૦ પોષ્ટેજ જૂદું. માત્ર થોડીજ નકલો સિલ્લકે છે. તાકીદે લખો; વધુ માહિતી માટે અમારા કાર્ય વેચાતાં પુસ્તકોનું પ્રાઈસલિસ્ટ મંગાવવા ... મળ છે. લખોઃ—

મેનેજર, 'કથાકુંજ' કાર્યાલય.
અમદાવાદ.